ગુણાનુરાગી શ્રી કર્પૂરવિજયજી

# લેખ સંગ્રહ

## ભાગ નવમો

પ્રકાશક

શ્રી આત્માનંદ [illegible] સભા—મુંબઈ

મૂલ્ય રૂા. ૧-૮-૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રત ૧૦૦૦

: પ્રકાશક :

શ્રી આત્માનંદ જૈન સભા

: શ્રીઓ :

વાડીલાલ ટોકરશી શાહ
કાંન્તિલાલ ડ્રીમલાલ શાહ
૪૧ ધનજી સ્ટ્રીટ–મુંબઇ ૩

: મુદ્રક :
શાહ ગુલાબચંદ લલ્લુભાઇ
શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ
દાણાપીઠ–ભાવનગર.

P. P. Ac. Gunratansuriji M.S.		Jin Gun Aaradhak Trust

સ્વર્ગસ્થ

## શાંતમૂર્તિ મુનિરાજશ્રી



## શ્રી કર્પૂરવિજયજી મહારાજ

*

જન્મ : વિ. સં. ૧૯૨૫ વલ્લભીપુર

દીક્ષા : વિ. સં. ૧૯૪૭ વૈ. શુ. ૬ ભાવનગર

સ્વર્ગવાસ : વિ. સં. ૧૯૯૩ આસો વદિ ૮ પાલીતાણા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રસ્તાવના.

## ગ્રંથ અને ગ્રંથકાર વિષે કાંઇક.

શાંતમૂર્તિ પૂ૦ કર્પૂરવિજયજી દાદાનાં લેખ સંગ્રહના આ નવમા ભાગની પ્રસ્તાવના લખવાનું આમંત્રણ જયારે શ્રી મોહનભાઇ ચોકસી તરફથી મળ્યું ત્યારે આશ્ચર્ય અને આનંદની લાગણી ઉદ્ભવી, અને ચૌદ વર્ષ પૂર્વે પૂ. શાંતમૂર્તિની સાન્નિધ્યમાં ગાળેલા આઠ માસનાં પ્રસંગોનું સ્મરણ દિવસભર રહ્યું.

સ્મારક સમિતિની રચનામાં આ લખનાર પણ શરૂમાં હતો, પણ પછી તો કાર્યવશાત્ મુંબઈથી દૂર રહેવાનું બનતાં, એ પ્રવૃત્તિમાં સક્રિય ભાગ લેવાનું ન રહ્યું. આજે એ પૂજ્ય વ્યક્તિ અને તેમનાં પ્રગટ થતાં આ લખાણ અંગે "કાંઇક" લખવાનું પ્રાપ્ત થતાં, હર્ષમિશ્રિત સંતોષની લાગણી અનુભવું છું.

ભારતનાં જાણીતા તત્ત્વજ્ઞ એસ. રાધાકૃષ્ણને મર્હુમ બર્નાર્ડ શૉને એક વાર લખેલું કે "ગાંધીજીનાં જીવન વિષે આપ કાંઇક ન લખો ?" શૉએ તેનો બીજી રીતે જવાબ આપ્યોઃ "અરે ભાઈ, ગાંધી વિષે તમે કે હું શું કહીએ છીએ તેની જગતને દરકાર નથી. જગતને તો ગાંધી પોતે શું કહે છે તે જાણવાની જ દરકાર છે!" શૉનાં અનેક જવાબોની જેમ આ જવાબ પણ ખરેખર વિચારણીય છે. પૂ. કર્પૂરવિજયજી મહારાજ જેવા પરમ ચારિત્રસંપન્ન અને ઉચ્ચ ભૂમિકા પર આરૂઢ થયેલ પુરુષ વિષે આપણે શું કહેવાનાં હતા ? સારું તો એ છે કે–સ્મૃતિએ સંઘરેલા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેમનાં જીવનપ્રસંગો અને તેમના લખાણોને કશા રંગરોગાન વિના યથાતથ્ય રજૂ કરવા જોઇએ.

તેઓ જીવનભર સત્યશોધક રહ્યા છે. પરિણામે તેમનાં લખાણો પણ જ્યાંથી સારું જણાય ત્યાંથી હંસદૃષ્ટિએ ગ્રહણ થયેલા છે. એમાં અધિકાંશ ભાગ મૌલિક નથી પણ સારદૃષ્ટિએ થયેલો સંગ્રહ છે. એ વિષે આ લેખકે એક વાર તેઓશ્રીને સીધો પ્રશ્ન કરેલો: "હમણાંનું આપનું લેખનકાર્ય મહદ્અંશે સંગ્રહ-શીલ જણાય છે. એ કરતાં, વાચન મનનને પરિણામે પરિપક્વ થયેલા મૌલિક વિચારોનો ફાલ આપ ન આપી શકો ?"

તુરત તેમણે સરળભાવે જવાબ આપ્યો: "રાજપાલ, તમારું કહેવું ખરૂં છે. અગાઉ ઘણું ખરું લખાણ સ્વતંત્ર જેવું લખાતું હતું, પણ એક બનાવ એવો બન્યો જેથી સ્વતંત્ર લેખનશક્તિ કુંઠિત થઇ ગઈ."

"એ શું ?" આ લખનારથી સહસા પ્રશ્ન પૂછાઈ ગયો. તેમના જવાબની શાંત ધારા ચાલી: "એક દિવસ એક ઠેકાણે ગોચરી વહોરવા ગયો. ઘરનું બારણું વધુ પડતું નીચું હતું. અસાવધાનીથી બારસાખનો ભાગ માથામાં સખ્ત જોરથી લાગ્યો. તમ્મર આવવા જેવી ચોટ લાગી. જ્ઞાનતંતુનાં કોઇક કોમળ ભાગ ઉપર એટલો આઘાત લાગ્યો કે ત્યારથી સ્વતંત્ર લખવાની શક્તિ ગુમાવી બેઠો છું. હવે જુદે જુદે સ્થળેથી આ જ્ઞાન માધુ-કરી એકત્ર કરી રજૂ કર્યા કરું છું." આ ભાવાર્થનું પૂજ્ય શાંતમૂર્તિ બોલ્યા અને અંતરથી નમન કરી હું મૌન રહ્યો.

તેઓ સત્યશોધક અને ગુણગ્રાહી મહાત્મા હતા એ હું અગાઉ લખી ગયો છું. શ્રીમદ્ રાજચંદ્રમાંથી તેમને સારું લાગે તો તે પણ તેઓ ગ્રહણ કરી રજૂ કરતાં. આ પુસ્તકના પૃષ્ઠ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૨૫-૨૬ ઉપર તેમનાં દ્વારા રજૂ થયેલા શ્રીમદ્દનાં "અમૂલ્ય તત્ત્વવિચાર" અને "વીતરાગભક્તિ" કાવ્યો આ વાતનાં સાક્ષીભૂત છે. એટલે કે મતાવલંબિતા તેમને મંજૂર ન હતી. હું સાધુ થઈ એક ગૃહસ્થની કૃતિને કેમ પસંદગી આપું ? આ ભાવ તેમનામાં આવેલો જણ્યો નથી.

યોગિરાજ આનંદઘન અને ચિદાનંદજી મહારાજ પ્રત્યે તેમને ભારે પ્રેમ હતો. ચિદાનંદજીનાં સર્વ પદો તેઓશ્રીએ અગાઉ પ્રસિદ્ધ કરાવેલ છે પ્રસ્તુત ગ્રંથમાં પણ એ મહાપુરુષની એક કૃતિ "પુદ્ગલગીતા" અંતર્ગતનો અંતિમભાગ તેઓશ્રીએ લીધેલો છે.

આ ગ્રંથમાં બે વિભાગ છે. એક તો અત્યાર સુધી અપ્રગટ રહેલા તેમનાં હસ્તલિખિત લેખોનો સંગ્રહ અને બીજો સ્વર્ગવાસ પછીનાં પ્રગટ થઈ ગયેલા લેખોનો વિભાગ. પ્રથમ વિભાગનાં છેલ્લા લેખ **સાધુનું સાચું સુખ: સમતાભાવ** એ જાણે પોતે આચરી બતાવેલો ભાગ ન હોય એવું જ લાગ્યા કરે છે. એ લેખનું છેલ્લું વાક્ય **"સમ પરિણામી સાધુ સદા સમાધિરસમાં ઝીલે છે."** આ ભાવ તેમનાં સમગ્ર જીવનને અવલોકનાર સ્પષ્ટપણે જોઈ શકશે.

આ સર્વ લેખોમાં તેમને પ્રિય એવા જુદા જુદા ઘણાં પ્રકારના વિષયો યત્રતત્ર વેરાયેલા પડ્યા છે. એ સર્વ "સુધાબિન્દુ" ઓ વાંચકોનાં આત્માનંદ માટે થાઓ એમ ઇચ્છી, નીચેનો એક સત્ય જાતિઅનુભવ રજૂ કરી મારું આ નિવેદન પૂર્ણ કરીશ.

વિક્રમ સંવત્ ૧૯૯૩ના આસો વદ ૮નાં દિવસે હું મારા ગામ ખાખરેચીમાં હતો, સામાન્ય રીતે ગ્રીષ્મનાં દિવસો આળસુ ગણાય છે, પણ શરદ-હેમંતની સંધીનાં દિવસોમાં દિવસે સૂવું ભાગ્યે જ ફાવે. મને તેવી ટેવ પણ ન હતી, પણ ન માલૂમ શાથી,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે દિવસે બપોરનાં ભોજન પછી હું સૂઈ ગયો. આંખ મીંચાણી હશે અને સ્વપ્નદશાનો અનુભવ થયો. સ્વપ્નમાં પૂ. કર્પૂરવિજયજી દાદાનાં દર્શન થયા! આહ્‌લાદનો પાર ન રહ્યો. પણ આ શું જોઉં છું? શ્રીવાથી વળી ગયેલ અને કૃશ દેહવાળા આ શાંતમૂર્તિ નથી!! આ તો સુંદર દેહસંપન્ન સદ્‌ગુણાનુરાગી શાંતમૂર્તિ કર્પૂરવિજયજી મહારાજને જોઉં છું!!! આ દિવા–સ્વપ્ન ભાગ્યેજ બે ચાર ક્ષણ ટકયું હશે અને આ લખનારની આંખો ઉઘડી ગઈ. મન વિચારને હિંડોળે ચડયું: શું ખરેખર શાંતમૂર્તિ સ્વર્ગવાસી થયા હશે–દેવગતિ પામ્યા હશે? આસ્તિક મન હકાર વિના બીજો શો ઉત્તર આપે?

એ દિવસોમાં અમારે ત્યાં બપોરનાં બે વાગે રેલગાડી આવતી. ટ્રેન આવી ગઇ હતી. મોરબીથી આવનાર મુસાફરોને મોઢેથી સાંભળેલા સમાચાર મારા પિતાશ્રીએ મને સંભળાવ્યા "આજ પરોઢનાં પાલીતાણાખાતે પૂ. શાંતમૂર્તિએ કાળ કર્યાનાં સમાચાર મોરબી તારથી છે. તે અંગે મોરબીમાં આપણા વિભાગમાં આજે પાખી છે. હું આ સમાચારની સાથે મારા તાજા આવેલા સ્વપ્નાને સરખાવી રહ્યો હતો...ખરેખર શાંતમૂર્તિ દેવ થયા...

શ્રી ઇશ્વરલાલ જૈન બોર્ડિંગ,
રાધનપુર. ફાલ્ગુન શુકલાષ્ટમી
સં. ૨૦૦૭.

લી૦
સદ્‌ગુણાનુરાગીનો નમ્ર સેવક,
**રાજપાલ મગનલાલ વ્હોરા**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# નિવેદન

શ્રી કર્પૂરવિજય સ્મારક સમિતિ તરફથી લેખસંગ્રહ ભા. ૮ ની કેટલીક ચોપડીઓ તેમજ સીલીકમાં રહેલી રોકડ રકમ અમારી સભાને સમિતિના મંત્રી શ્રીયુત્ નરોત્તમદાસ બી. શાહ તરફથી સોંપવામાં આવી ત્યારે સભા નવમો ભાગ પ્રગટ કરવા ભાગ્યશાળી થશે એવો સ્વપ્ને પણ ખ્યાલ નહોતો. ભાગ આઠમો વેચાઇ જતાં પણ રકમ કંઇ ઝાઝી થઇ નહીં. દરમીયાન સદ્‌ગત શાંતમૂર્તિ શ્રીકર્પૂરવિજયજી મહારાજ સાહેબના પરિચયમાં બાળવયે આવેલ અને તેઓશ્રી દ્વારા ધાર્મિક સંસ્કાર પામેલ તેમજ અવારનવાર તેઓશ્રીના લેખો વાંચવાના વ્યસનવાળા અને લેખસંગ્રહના આઠ ભાગોના પ્રકાશનથી હર્ષિત થયેલ શ્રીયુત **જશરાજ દીયાલચંદનો** પત્ર મળવાથી નવમા ભાગની તૈયારી કરવાનો ઉત્સાહ સહજ જન્મ્યો.

શ્રીયુત જશરાજ દીયાલચંદ દેશાઈ મૂળ તો સૌરાષ્ટ્રમાં આવેલા સોનગઢ નજિકનાં ગામ પાલડીના વતની. તેમનો જન્મ વિક્રમ સંવત ૧૯૨૦ લગભગમાં. મુનિશ્રીના સંપર્કમાં પંદરેક વર્ષની વયમાં આવેલ. પછી તો તેઓશ્રીને લગભગ સંવત ૧૯૫૦ માં બેંગલોર જવાનું થયું. બેંગલોરમાં જીવનની આખર સુધી સહકુટુંબ વસવાટ રહ્યો. સૌરાષ્ટ્રથી દૂર વસવાટ છતાં તેઓ ધાર્મિક વાંચન ભૂલ્યા નહોતા. સમય પ્રાપ્ત થતાં રૂ. ૫૦૦ ની રકમ તેઓશ્રીએ ભાવનગરમાં **શ્રી જૈન ધર્મ પ્રસારક સભા** પાસે સાહિત્ય પ્રકાશન માટે જુદી રાખેલી. મારી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાથે પ્રત્યક્ષ પરિચય જરા પણ ન હોવા છતાં લેખસંગ્રહ માટે એ રકમ ઉપયોગ કરવા સારું પત્ર લખ્યો. અચાનક આવો ટેકો મળતાં મેં પત્રવ્યવહાર ચાલુ રાખ્યો અને ભાગ નવમા માટે એ રકમ વાપરવાનો નિશ્ચય થયો. સભાએ પણ ભાગ નવમો પ્રગટ કરવાનો ઠરાવ કર્યો અને કામ મને સોંપ્યું. સામગ્રી એકઠી કરવાનું કાર્ય **શ્રી બાલુભાઈ રૂગનાથ** મારફત શરૂ કરવામાં આવ્યું. શ્રી જશરાજભાઈને લગભગ ૮૫ વર્ષ થયેલા. તબિયત નાદુરસ્ત રહેતી છતાં પ્રકાશન જલ્દી થાય એ જોવા ઉત્સુક થઈ વારંવાર પત્ર લખતા, પણ ભાવિ જુદું હોવાથી તેઓશ્રી નવમા ભાગને નજરે જોવા આજ હૈયાત નથી. સંતોષી જીવન ગાળતાં એ વયોવૃદ્ધ ગૃહસ્થ સં. ૨૦૦૬ ના જેઠ શુદી ૧૫ પોતાની પાછળ બે દીકરીઓ અને એક દીકરો મૂકી બેંગલોરમાં પંચત્વ પામ્યા. તેમના ચિરંજીવી શાંતિલાલ દેશાઈ માયસોર સાયકલ કું. માં છે. તે પણ ધર્મપ્રેમી અને લાગણીવાળા છે. અણધારી રીતે પાંચસોની રકમ મળી અને અચાનક ભાવનગર જતાં ખબર મળી કે મુનિશ્રીનું જે કંઈ લખાણ પ્રગટ–અપ્રગટ હતું તે આ ભાગમાં પૂર્ણ થાય છે. અંતમાં પ્રસ્તાવના લેખક **શ્રી રાજપાલ વોરા** તેમજ પ્રૂફ જોવામાં ખાસ કાળજી રાખનાર **શ્રી બાલુભાઈ** તથા સુંદર છપાઈ માટે શ્રી મહોદય પ્રીન્ટીંગ પ્રેસના માલિક **શ્રીયુત્ ગુલાબચંદ લલ્લુભાઈનો** સદ્ભાવતી આભાર માની કલમને વિરામ આપું છું.

મુંબઇ.
ફાગણ કૃષ્ણા એકાદશી

**મોહનલાલ દીપચંદ ચોકસી**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# વિષયાનુક્રમ.

## વિભાગ ૧ લો : : અપ્રકટ લેખો


| | |
|---|---|
| ૧ સુધા–બિંદુ | ૩ |
| ૨ બ્રહ્મચર્યની નવ વાડ | ૧૭ |
| ૩ પાંચ ઇંદ્રિયના ૨૩ વિષયોના બસો બાવન વિકાર | ૧૮ |
| ૪ શ્રી જિનેશ્વરની ભાવવાહક સ્તુતિ | ૧૯ |
| ૫ તપ વિષે સજ્ઝાય | ૧૯ |
| ૬ આત્મસાધન માટે પ્રેરક પદ | ૨૧ |
| ૭ આધ્યાત્મિક પદ ( ૨ ) | ૨૨ |
| ૮ પુદ્ગલ–ગીતા અંતર્ગત અંતિમ ભાગ | ૨૩ |
| ૯ અમૂલ્ય તત્ત્વવિચાર | ૨૫ |
| ૧૦ વીતરાગ–ભક્તિ | ૨૬ |
| ૧૧ ભાવના–ચતુષ્ટય | ૨૭ |
| ૧૨ સાધુનું સાચું સુખ :: સમતાભાવ | ૨૮ |


## વિભાગ ૨ જો : : સ્વર્ગવાસ પછી


| | |
|---|---|
| ૧૩ મદ્ય–માંસનિષેધ | ૩૪ |
| ૧૪ અમૂલ્ય વાક્યામૃતો | ૩૭ |
| ૧૫ ઉત્તરાધ્યયન સૂત્રનું દશમું અધ્યયન | ૪૪ |
| ૧૬ „ „ અગિયારમું „ | ૪૫ |
| ૧૭ શ્રી ઉત્તરાધ્યયનના આઠમા અધ્યયનનો બોધ | ૪૭ |
| ૧૮ અમૃત–બિંદુઓ | ૪૯ |
| ૧૯ શ્રાવક–શ્રાવિકાને સૂચનાઓ | ૫૫ |
| ૨૦ દર્શન–વંદનાદિ પ્રસંગની સૂચનાઓ | ૫૮ |
| ૨૧ પુણ્ય કર્મની સમજ | ૬૧ |


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૨૨ પાપકર્મની સમજ ૬૨
૨૩ જીવન ઉજ્જવળ બનાવો ૬૪
૨૪ સ્વજીવનની સફળતા કેમ થાય ? ૭૮
૨૫ સંવર ભાવના ૮૦
૨૬ એક અવિચળ લક્ષ્ય ૮૨
૨૭ નવ તત્ત્વનું સંક્ષિપ્ત સ્વરૂપ ૮૩
૨૮ સ્વાશ્રય ૮૫
૨૯ ધૈર્ય અને ખંત ૮૬

## વિભાગ ૩ જો : : કુલકાદિ સંગ્રહ

૩૦ સંવિગ્ન સાધુ યોગ્ય નિયમ કુલક ૮૯
૩૧ ગુરુ પ્રદક્ષિણા કુલક :: વ્યાખ્યા ૯૭
૩૨ ગુણાનુરાગ કુલક ૧૦૨
૩૩ સંજ્ઞા કુલક ૧૦૩
૩૪ ધર્મોપદેશ કુલક ૧૦૫
૩૫ ઉપદેશ કુલક ૧૦૮
૩૬ પ્રવ્રજ્યા વિધાન કુલક ૧૧૧
૩૭ ઉપદેશ સપ્તતિકા ૧૧૫
૩૮ મૃત્યુ-મહોત્સવ ૧૨૮
૩૯ શ્રાવક વિધિ-વ્યાખ્યા ૧૩૩
૪૦ પ્રશ્નોત્તરમાળા ૧૩૭
૪૧ ઉપદેશમાળા ૧૪૭
૪૨ સિદ્ધિસોપાન ૧૭૩
૪૩ પંચમ પંચાશક વ્યાખ્યા ૧૭૮
૪૪ પંચ સૂત્ર-અનુવાદ ૧૮૧
૪૫ સૂક્ત વચનો ૨૦૯

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સદ્ગુણાનુરાગી સન્મિત્ર શાન્તમૂર્તિ
મુનિમહારાજશ્રી કર્પૂરવિજયજીનો

# લેખ સંગ્રહ

## ભાગ ૯ મો.

## અપ્રગટ લેખો

[ વિભાગ ૨ લો ]

[ સદ્ગુણાનુરાગી શાંતમૂર્તિ મુનિરાજશ્રી કર્પૂરવિજયજીના હસ્ત-લિખિત લેખો, જે હજી સુધી અપ્રગટ જ રહ્યા છે તેનો સંગ્રહ ]

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# સુધા–બિંદુ.

૧. જ્ઞાની પુરુષની ઓળખાણ નહીં થવા દેવામાં બે મોટા દોષ ઘણે ભાગે જીવને નડતાં રહે છે. એક તો 'હું જાણું છું, સમજું છું' એવા પ્રકારનું મિથ્યાભિમાન જીવને રહ્યા કરે છે. બીજો દોષ પરિગ્રહાદિકમાં જ્ઞાની પુરુષ કરતાં વિશેષ રાગ–મોહ–મમતા વર્તે છે.

૨. પરની ઇચ્છા–સ્પૃહા, આશીભાવ, દીનતા, કર્માધીનતા, જન્મ, મરણ અને અજ્ઞાન એ જ પરમ–મોટાં દુઃખનાં કારણ છે.

૩. આત્માને સાચો રસ્તો બતાવે, આત્માને ઓળખાવે, આત્માનો ધર્મ બતાવે અને કર્મજાળથી મૂકાવે તે સદ્ગુરુ જાણવા.

૪. તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવો ને મમત્વનો ત્યાગ કરવો.

૫. પરિગ્રહ–મૂર્છા પાપનું મૂળ છે, તેથી ન્યારા રહેવામાં જ મઝા છે.

૬. પરમાત્માની ભક્તિમાં ગુંથાવું ને ઉદયાગત કર્મ સમભાવે વેદવાં.

૭. પૌદ્ગલિક સુખમાં આનંદ માને તે **પુદ્ગલાનંદી**, ભવ–સંસારમાં આનંદ માને તે **ભવાભિનંદી** જીવો સંસારમાં પરિભ્રમણ કરનારા છે. અને આત્માના જ્ઞાનાદિક ગુણોમાં જ રીજ–પ્રીતને ધારણ કરનારા **આત્માનંદી** જીવો ભવભ્રમણથી મૂકાય છે ને મુક્તિ પામે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૮. પોતાથી વયમાં, જ્ઞાનમાં અને આચારવિચારમાં ઊંચાઓનો અવિનય-તિરસ્કાર કરનાર, અસમાધિ ઉપજાવનાર, ને નિન્દાદિક કરનારાને કુદરત-કર્મથી શુભ સખ્ત શિક્ષા મળી રહે છે ને સખ્ત ફટકા પડે છે.

૯. વૃક્ષના કોતરમાં રહેલો અગ્નિ જેમ વૃક્ષને નવપલ્લવ થવા દેતો નથી તેમ રાગ-દ્વેષ, ઈર્ષા-અદેખાઈ વિગેરે દોષાગ્નિ જેમના ભિતરમાં વાસ કરે છે તેઓને વિનય, વિવેક, સમકિતાદિક ગુણો વધી શકતા નથી.

૧૦. ચેતન ! આ મૃત્યુ સ્વભાવવાળા દેહમાં શા સારુ અતિ આસક્તિ ધારણ કરે છે ? તેનો અવશ્ય ત્યાગ કરવો પડશે ને અન્ય સ્થળે અનેરો દેહ ધારવો પડશે. દેહના નાશથી તારા ચેતનનો નાશ થવાનો જ નથી. ચેતન તો અજર-અમર-અવિનાશી છે એવો નિશ્ચય મનમાં રાખ.

૧૧. આત્મા-પરમાત્માની વાતોનો વિસ્તાર કરનારા કઇંક પંડિતો પડ્યા છે, પરંતુ આત્માના સ્વરૂપમાં રમનારા તો કોઈ વિરલા જ હોય છે.

૧૨. તું પૈસાપાત્ર ન હો તેની ચિન્તા કરીશ નહીં, પણ પ્રામાણિકતા તજીશ નહીં.

૧૩. વખત સારો નથી એમ કહેવા કરતાં આચરણ સારું નથી એમ કહેવું ઘટે.

૧૪. વિદ્યાભ્યાસ એ આજીવિકા માટે નહીં પણ સદ્ગુણ-વિકાસ માટે છે, એવી ઊંડી સમજણથી તેમાં ખૂબ રસપૂર્વક સફળ પ્રવૃત્તિ થઈ શકે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૫ કાર્ય કરવામાં હંમેશ કુશળ–પ્રવીણ થવું, પણ દીર્ઘસૂત્રી–બેદરકાર થવું નહીં. નાની નાની પણ હિતકર બાબતોની ઉપેક્ષા કરવી નહીં.

૧૬ પ્રકૃતિવશ કદાચ તારાથી સારું કામ ન થાય તેની ચિન્તા નહીં પણ લોકમાં નિંદા થાય ને લોકો હસે એવું કંઇ માઠું કામ તો ન જ કરીશ.

૧૭ મારે આ દુનિયામાંથી સર્વ પરિવાર તજીને જવું છે જ એટલું ઠીક સમજાય તો તે થોડું નથી, કારણ કે જે મૂકવું છે તેના ઉપર મોહ રહેતો નથી.

૧૮ તને અનુકૂળ સમય મળ્યો છે એનો લાભ લેવો ચૂકીશ મા, કારણ કે મનુષ્ય જન્મ, શાસ્ત્રશ્રવણ, નિર્મળ તત્ત્વશ્રદ્ધા અને પુરુષાતન એ સુદુર્લભ કહ્યાં છે.

૧૯ દેહમાં પ્રાણ છે ત્યાં સુધીમાં અનુકૂળ સમયનો લાભ લઇ લેવા જરૂર વિચારવું.

૨૦ **છે, છે ને છે; નથી, નથી ને નથી; છે ને નથી; નથી ને છે** આ ચાર વાત સમજી જવાય તો બસ છે. જેણે પૂર્વજન્મમાં શુભ કર્યું છે તે તેનું ફળ પામ્યો છે અને હાલ કરે છે તેનું ફળ ભવિષ્યમાં પામશે.

૨૧ જેણે પૂર્વ ભવમાં શુભ કર્યું નથી તે તેનું શુભ ફળ પામ્યો નથી અને હવે કર્યા વગર ભવિષ્યમાં પણ પામશે નહીં. **જેવું વાવે તેવું જ લણે.**

૨૨ જેણે પૂર્વે કંઇ સુકૃત-પુન્ય કરેલ છે તે તેથી શુભ ફળરૂપે કંઇક પામ્યો છે પરંતુ અત્યારે વખત આળસમાં ગુમાવે છે–સુકૃત કરતો નથી તે આગળ પામવાનો નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૨૩ પૂર્વે કર્યું નથી તેથી પામ્યો નથી પણ હવે કરે છે તેથી આગળ ફળ પામશે, ઉક્ત ખુલાસાથી હિતસાધનમાં બેદરકારીપણું તજી, ઉજમાળ થવું જોઇએ.

૨૪ કેમ કે દુનિયાની સર્વ વસ્તુ જ્યારે અસાર છે ત્યારે **ધર્મ જ સારરૂપ છે.**

૨૫ આત્મહિતેચ્છુ સર્વ ભાઈ બ્હેનોને ધર્મ-સેવનની અવશ્ય જરૂર છે.

૨૬ પહેલી વયમાં એવું કુશળ કામ કર કે જેથી વૃદ્ધ-પણામાં સુખી થવાય.

૨૭ આખી જિંદગીમાં એવું હિતકાર્ય કર કે જેથી પરલોકમાં સહેજે સુખી થવાય.

૨૮ જે હિત કાર્ય કાલે કરવાનું હોય તે આજે કર, અને આજે કરવાનું હોય તે અબઘડી કર; કેમકે આનું કામ અધૂરું રહ્યું છે એમ મૃત્યુ જોતું નથી.

૨૯ જગતની તમામ ચીજો નાશવંત જાણ્યા છતાં તેમાં વિશ્વાસ રાખી બેસવું-મુંઝાઈ રહેવું એના જેવી બીજી કઈ મૂર્ખાઈ લેખાય ?

૩૦ અંતસમયે ધર્મ સિવાય કોઇ સખાઈ થવાનું નથી, એ લક્ષમાં રાખ.

૩૧ આ દેખીતા ક્ષણિક સુખમાં મુંઝાવું ન ઘટે. ખરૂં સુખ તો મોક્ષમાં જ છે.

૩૨ તે માટે પરમ ઉપકારી પુરુષોએ અનિત્ય, અશરણા-દિક બાર ભાવનાઓનો વારંવાર વિચાર કરી મૈત્રી, કરુણા,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મુદિતા ને માધ્યસ્થરૂપ ચાર રસાયણ જેવી સદ્‌ભાવનાઓનો આશ્રય લેવા ઉપદેશેલું છે.

૩૩ મૈત્રી પ્રમુખ ભાવના ઉગ્યા વગર કરાતી ધર્મકરણી સાર્થક થતી નથી.

૩૪. આ અપાર સંસારમાં તું એકલો આવ્યો છે અને એકલો જઇશ. તારું કોઈ નથી અને તું કોઇનો નથી એમ તત્ત્વદૃષ્ટિથી વિચારી તારે યોગ્ય ધર્મસાધનથી કંઈ હિત-માર્ગનો આદર કરી લે.

૩૫. આ પૃથ્વી ઉપર જેટલી વસ્તુ તું જોવે છે તેમાં તારું શું છે ? તેનો વિચાર કર. તારા આત્મા સિવાય બીજું કંઇ પણ તારું નથી.

૩૬. આ દેહ, મળ, મૂત્ર, માંસ, રુધિર, ચરબી, પરું વિગેરે કંઇક અશુચિથી ભરેલું હાડપિંજરરૂપ છે. તેમાં મમત્વ રાખવો એ આત્માર્થી ઉત્તમ પુરુષને ઘટિત નથી.

૩૭. આ દુનિયામાં અનેક પાપ, આરંભ–સમારંભ થયાં કરે છે. તેમાં ઇચ્છા શિવાય પણ કર્મ બંધાય છે. તે તારે રોકવાં જોઇએ.

૩૮. ધર્મસાધન, શક્તિ અનુસારે, યોગ્યતા પ્રમાણે કરતો રહીશ તો તો ધર્મ તને દુર્ગતિમાં પડતાં ધારી રાખશે, બચાવશે.

૩૯. આ ચૌદ રાજલોકમાં એવી કઈ જગા બાકી રહી છે કે જ્યાં તેં જન્મ મરણ ધારણ કર્યાં ન હોય ? હવે એવી જન્મ-મરણની દુઃખપરંપરાથકી વહેલા છૂટાય એવો પુરુષાર્થ કર.

૪૦. સમકિત સમો બીજો કયો મોટો લાભ છે ? તેને માટે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉદ્યમ કર. સમકિત સહિત કરી કમાણી સફળ ( મોક્ષદાયક ) થઇ શકે છે.

૪૧. ગુણગ્રાહી, ચતુર નરને કહેલું હિતવચન સફળ થાય છે.

૪૨. વિવેકવિકળ જીવને જુવાનીનું પૂર વિમાર્ગે ખેંચી જાય છે.

૪૩. લક્ષ્મીનો મદ પણ અનર્થકારી છે. તેનાથી બચવું જોઇએ.

૪૪. કેટલાક મુગ્ધ માણસો જુગારને વિનોદ, પરસ્ત્રી-ગમનને ચતુરાઈ, વેશ્યાગમનમાં રસિકતા, ભાંગભુરકીમાં મોજ-શોખ અને નૃત્યગીતને શોખીનતા માને છે; પણ એ બધો મોહ-વિલાસ છે.

૪૫. તું કોણ છે ? શા માટે આવ્યો છે ? તેં શું કર્યું છે ? શા માટે ભમે છે ? અંતરદષ્ટિ ખોલી જો. સત્સંગમાં રહે. આત્મસ્વરૂપે જોતો રહે. ઉકત વાતનો દરેક મુમુક્ષુ જીવે મન સાથે વિચાર કરવો જોઇએ.

૪૬. જ્યાં લઘુતા ત્યાં પ્રભુતા, સંજોગને અંતે વિજોગ, હરખને અંતે શોક, ચઢતીના અંતે પડતી, સુખને અંતે દુઃખ, ઉદય પછી અસ્ત, ખીલે તે કરમાય, જન્મે તે મરે એ વાત લક્ષમાં રાખી વિવેકથી વર્તવું.

૪૭. નિરંતર નમ્રતા રાખ, સ્વચ્છતા ને સાદાઇ રાખ, તેમજ યથાપ્રાપ્તમાં સંતોષ રાખ, હિતવચનોને બરાબર હૈયે રાખ.

૪૮. મન અને વાણીને વશ કર. ગુરુશ્રીનાં હિતવચનનો આદર કર. સર્વનો યથાયોગ્ય વિનય કર. સ્વપરનું હિત થાય તેમ કરતો રહે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૪૯. સુખ માત્ર સમજણમાં છે. સુખ દુઃખનો મન સાથે સંબંધ છે.

૫૦. માન ને અપમાનની વાત બીજા પાસે કરીશ મા. અતિ હાસ્ય કરીશ મા. લેશમાત્ર અભિમાન કરીશ મા. ઉદ્ભટ વસ્ત્રને ધારણ કરીશ મા. ગુણગ્રાહી–ગુણરાગી થા. નકામો કાળક્ષેપ કરીશ મા.

૫૧. આળસ જેવો મોટો દુશ્મન નથી અને ઉદ્યમ સમો બંધુ નથી.

૫૨. જ્યાં જેની પ્રીતિ લાગે છે ત્યાં તેની ઉત્પત્તિ સંભવે છે.

૫૩. ૐ અર્હં નમઃનો અખંડ જાપ મનને શુદ્ધ કરવા માટે હમેશ કરવો.

૫૪. સજ્જનોની જ સોબત કરવી. દુર્જનથી સમજીને દૂર રહેવું સારું.

૫૫. સજ્જનોની નિંદા કરનારા પોતાના આત્માને જ દોષિત કરે છે. સજ્જનને કશી હાનિ થતી નથી. ઊલટા તે વધારે સાવધાન બને છે.

૫૬. સર્પ દુર્જન કરતાં સારો. તે કવચિત ડસે ને દુર્જન પગલે પગલે ડસે છે.

૫૭. સંસારી જીવોનાં દુઃખને નાશ કરનારી ધર્મદેશના દેવા જેવો બીજો કોઇ મોટો ઉપગાર નથી. તેથી યોગ્યતા પ્રમાણે હિતઉપદેશ અવશ્ય આપવો.

૫૮. જેથી અપયશ થાય ને દુર્ગતિ મળે એવું અહિતાચરણ કોઇએ કદાપિ કરવું નહીં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

५९. क्षमा-समता समान એક પણ બીજો ઉત્તમ તપ નથી.

૬૦. વિદ્યાસમાન એક પણ ચક્ષુ નથી, સત્ય સમાન તપ નથી, રાગ સમાન દુઃખ નથી અને ત્યાગ સમાન સુખ નથી.

૬૧. ગુણો રૂપને શોભાવે છે, શિયલ કુળને શોભાવે છે, સિદ્ધિ વિદ્યાને શોભાવે છે અને ભોગ ધનને શોભાવે છે.

૬૨. પક્ષીઓમાં કાગડો ચંડાલ અને પશુઓમાં કૂતરો ચંડાલ લેખાય છે; પરંતુ **નિંદક** સહુ કરતાં ભારે મોટો ભાવ ચંડાલ છે. નિંદાની ટેવ બહુ બૂરી છે.

૬૩. મૂર્ખ શિષ્યને બોધ કરવાથી, દુષ્ટ સ્ત્રીનું ભરણપોષણ કરવાથી તથા વિરોધીઓના સંયોગથી પંડિત પુરુષ પણ સીદાય છે-ખેદાય છે.

૬૪. ક્રોધ સર્વ અનર્થનું મૂળ છે. ક્રોધ સંસારની વૃદ્ધિ કરનાર અને ક્ષમાદિક દશવિધ ઉત્તમ યતિધર્મનો લોપ કરનાર હોવાથી જેમ બને તેમ તેને ટાળવો જોઈએ.

૬૫. આદર-સંભ્રમથી સ્નેહ, ભોજન ગ્રહણથી શરીર, વિનય ગુણથી તથાવિધ ઉત્તમ કુળમાં જન્માદિ અને ભાષા-વાણીવડે દેશ જણાઈ આવે છે.

૬૬. સ્વબુદ્ધિબળ ઉપર ચાલવાથી સુખ થાય છે. ગુરુ-દેવની બુદ્ધિથી ચાલતાં અધિક સુખ થાય છે. પણ જેવા તેવાની બુદ્ધિ ઉપર ચાલવાથી વિનાશ થાય છે. દુષ્ટ સ્ત્રીની સલાહે ચાલવાથી ભારે અનર્થ થાય છે માટે વિચારીને ચાલવું.

૬૭, સમ્યક્ત્વ રહિત જ્ઞાન તે જ અજ્ઞાન, સમ્યક્ત્વ રહિત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચારિત્ર તે જ કષાય અને સમ્યક્ત્વ વિનાનું તપ તે જ કાય-ક્લેશ છે.

૬૮. જ્યાં ઇચ્છા છે ત્યાં જ આર્ત્તધ્યાન છે.

૬૯. જ્યાં અજ્ઞાન છે ત્યાં સંયમ–ચારિત્ર નથી. જ્યાં દ્રવ્ય કે દ્રવ્યના ગુણોનું કે ગુણોની મહત્તાનું જે જીવને તથારૂપ ભાન નથી તે જીવ અન્ય ઇચ્છાની બળતરામાં જ બાહ્ય સંયમાદિમાં તણાય છે, એ અજ્ઞાન તપ સંયમાદિ જીવને દેવાદિ પર્યાય આપી પ્રાયે નિષ્ફળ થઇ જાય છે અર્થાત્ બાહ્ય દેખાવથી રહ્યો-સહ્યો તપ અજ્ઞાનયોગે અંતે નષ્ટ થાય છે.

૭૦. તપ સંયમ અફળ નથી પરંતુ અજ્ઞાનયોગે અંધપણે કરતાં અફળરૂપ થાય છે, એવા અમૂલ્ય સંયમને ધારણ કરી તેને માત્ર મોક્ષાર્થે જ પ્રવર્તાવવો એ જ સુવિલક્ષણ દૃષ્ટિ છે.

૭૧. ઐહિક કાર્યો સિદ્ધ કરતાં ઘણું ઘણું કષ્ટ ઉઠાવવું પડે છે તો પછી થોડુંઘણું કષ્ટ સહીને માનવ જિંદગીમાં મોક્ષ–પુરુષાર્થની સિદ્ધિ કરી લેવી તે જ યોગ્ય છે.

૭૨. દોષ દેખવામાં પ્રવીણ અને સમ્યગ્ ગુણોને ગ્રહણ કરાવવામાં નિરંતર દક્ષ હોય તે જ સાચા ગુરુ છે.

૭૩. દોષયુક્ત ઊંચી પદવી કરતાં નીચી પદવી શ્રેષ્ઠ છે પણ દોષયુક્ત થઈ સર્વોત્કૃષ્ટ પદને મલિન કરવું યોગ્ય નથી.

૭૪. જે ગુરુમાત્ર સંપ્રદાય વધારવાના અને સાચવવાના લોભથી યત્નપરંપરા ચાલુ રાખવા અર્થે શિષ્યના છતા દોષ કહે નહિ તે કદી શિષ્યનું હિત કરી શકતા નથી. ( અહીં સદ્ગુરુ સદ્વિવેકવાન શિષ્યને તેના દોષ કહી શકે છે. અયોગ્ય શિષ્યને તો ઊલટો બોધ અરુચિકર થઈ આર્ત્તધ્યાનનું કારણ થાય છે. )

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૭૫. અમુક કારણોથી દોષ અને અમુક કારણો સેવવાથી ગુણ ઉત્પન્ન થાય છે એમ સમ્યક્ પ્રકારે જાણીને જે પુરુષ દોષના ઉત્પાદક કારણોનો તુરત ત્યાગ કરે એ જ હિતરૂપ ગુણોના ઉત્પાદક કારણોને તુરત ગ્રહણ કરે તે જ પુરુષ જ્ઞાની, તે જ ચારિત્રવાન અને તે જ સુખ અને યશનું નિધાન છે.

૭૬. ગ્રહણ ત્યાગરૂપ પ્રવૃત્તિ જગતવાસી સર્વે જીવો અનાદિકાળથી કરી જ રહ્યા છે પરંતુ સમ્યગ્દર્શનાદિક ગુણો પ્રાપ્ત કરવા તે જ ખરો વિવેક છે.

૭૭. ઈર્ષાપૂર્વક દ્વેષબુદ્ધિથી બીજાને ઉતારી પાડવાના દુરાશયથી કોઈની નિંદા કરવી યોગ્ય નથી પરંતુ દોષને છોડાવવાથી હેતુપુરસ્સર દોષને દર્શાવતા નિંદા ગણાતી નથી.

૭૮. પૂર્વોપાર્જિત શુભાશુભ કર્મસંયોગથી શરીરાદિ પર પદાર્થોની હાનિ વૃદ્ધિ તો સર્વે સંસારી જીવોને થાય છે, એમાં જીવનું નાના મોટાપણું ખરી રીતે જરાય નથી, પરંતુ બુદ્ધિમાન્ પુરુષ તો એ જ છે કે સુગતિના કારણોની વૃદ્ધિ અને દુર્ગતિના કારણોની હાનિ કરવાનાં પ્રયત્નમાં નિરંતર સાવધાનપણે પ્રવર્તે છે.

૭૯. કષાયની વૃદ્ધિ અર્થે કોઇ કષાય ઘટાડે તો ત્યાં કષાયની વૃદ્ધિરૂપ અંતરંગ હેતુ હોવાથી ધર્મ નથી પરંતુ સાથે સાથે માયારૂપ પાપને પણ સેવે છે. જેમ લોભ કષાયની તીવ્રતાઓના કારણે યાચક જન માનાદિને આઘું કરે છે પરંતુ વાસ્તવિક તેને કષાયનો અભાવ નથી.

૮૦. સ્વાભિમાની પુરુષમાં સર્વ કષાય ઘટવા છતાં કોઇ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અવસ્થા તને ભ્રમથી કષાયી જેવી ભાસે છતાં ત્યાં ધર્મ જ છે એટલે જે પુરુષ આત્મગૌરવના રક્ષણને અર્થે યાચના નહિ કરતાં અદીનવૃત્તિને અનુસરે તે અભિમાની નથી.

૮૧. સર્વ કષાય મંદ થયા હોય એવો પુરુષ અવ્રતી જનોને નમે નહિ, કારણ તેને નમવાનું કોઇ પ્રયોજન નથી. જ્યાં લોભ નથી ત્યાં જગતની તુચ્છ અને ક્ષણિક વસ્તુઓને અર્થે તે બીજાને કેમ નમે ? જેથી તે કોઇ વેળા બીજાને અભિમાની જેવા ભ્રમથી ભાસે પરંતુ તે ખરેખર અભિમાની નથી.

૮૨. આત્મગુણરસિક જનો આત્મગુણવિકાસી મુનિજનોને તેમના વિના યાચે પણ ભક્તિ, વિનયાદિ સદ્‌ભાવપૂર્વક આહારાદિ દાન આપે અને તે મહાપુરુષ લોભ કે આસક્તિ રહિત ગ્રહણ કરે તો તેથી તે દીનપણાને અનુભવતા નથી એવી નિઃસ્પૃહ વૃત્તિ જે મહાપુરુષમાં વર્તે છે તે જ મહાન્ છે.

૮૩. ત્રાજવાના બંને પલ્લાં પ્રથમ સમાન હોય છે. ત્યાં જે પલ્લું અન્ય વસ્તુને ગ્રહણ કરે છે તે સ્વયં નીચું જાય છે તથા જે પલ્લું અન્ય વસ્તુને ગ્રહણ કરતું નથી તે સ્વાભાવિક ઊંચું જાય છે. એ બંને પલ્લાં તેના પ્રેક્ષકને સ્પષ્ટ દર્શાવી રહ્યા છે કે–" એ પરવસ્તુના ગ્રહણ ત્યાગના યોગે જેવી હમારી દશા થઇ રહી છે તેમ જે જીવો લોભાદિ પરિણામે પરવસ્તુને ગ્રહણ કરશે તે તત્કાળ અધોગતિને પામશે તથા જે જીવો પરવસ્તુને લોભાદિ પરિણામ રહિત ગ્રહણ નહિ કરે તે સ્વયં ઊર્ધ્વગતિને પ્રાપ્ત થશે. દીનતા ત્યાં હીનતા અને દુર્ગતિનો વાસ છે, જેથી મુમુક્ષુને કોઈ પ્રકારે દીનતા કર્ત્તવ્ય નથી. "

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૮૪ દીનતામાં નથી હિંસા કે નથી ચોરી છતાં ત્યાં લોભ કષાયની એટલી બધી તીવ્રતા છે કે જેથી અન્ય કષાયો તેને નિબળ કરવા પડે છે, લોક લજ્જા મૂકવી પડે છે, ધર્માદિ અનુષ્ઠાનો કિંચિત્ કરે છે તો અંતરંગમાં લોભ હેતુ ઊભો રાખીને કરે છે. લોભાદિને અર્થે વિવેક કે હિતાહિત હેયોપાદેયને ભૂલી ચૈતન્ય જેવા ચૈતન્યને જડવત્ બનાવી મૂકે છે અને એ જ મહાપાપ છે.

૮૫ દાતાર થવાની ઇચ્છાથી પણ ધનવાન થવા ચાહવું એ જીવની માત્ર અણસમજણ છે, લોભ અને માનની તીવ્રતા છે, કોઈ પ્રારબ્ધ યોગથી લાભાંતરાય કર્મના ક્ષયોપશમથી સ્હેજે સ્વયમેવ ધનવાનપણું પ્રાપ્ત થયું હોય અને સર્વ સંગ-પરિત્યાગ કરી ન શકે તો તેવા જીવને દાન દેવામાં જેટલો ત્યાગ અવિષયભાવે તે કરી શકે તેટલો ત્યાગ કરવા પૂર્વમહા-પુરુષોએ ઉપદેશ્યું અર્થાત્ દાન ધર્મનું પ્રતિપાદન કર્યું પણ એનો અર્થ એ નથી કે દાન દેવાના બહાને પણ લોભ અને માનના વેગે તણાઇ માત્ર ધન જ રળ્યા કરી જિંદગીને પૂરી કરવી.

૮૬ ધન પ્રાપ્ત કરી તેનો વળી દાન દઇ ત્યાગ કરવો તે પણ લોભ કષાયને ઉપશમાવવા અર્થે જ છે તો પછી પ્રથમથી જ તેને પ્રાપ્ત કરવાની કડાકૂટ કરવા કરતાં નિર્લોભ પરિણામને કાં ન દૃઢ કરવો ?

૮૭ સંતોષવૃત્તિથી કોઈ કાળે યાચનારૂપ હલકાપણું જીવને થતું નથી અને એ જ સ્વાભિમાન છે, જે વડે એ અનાદિ આશારૂપ ગંભીર ખાણ સહજ માત્રમાં ભરાઇ જાય છે અર્થાત્

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આત્મગૌરવ જાગૃત થતાં આશાની અધિકતાનો સહજ માત્રમાં અભાવ થાય છે.

૮૮ આશારૂપ ગંભીર ખાણમાં અનેક પદાર્થોની વાંછા ભરેલી છે પણ સત્પુરુષો ત્યાગભાવવડે સમ્યગ્જ્ઞાન–બળે સર્વ વાંછાને છોડી અનાદિ આશાને મટાડી વીતરાગ ભાવરૂપ પ્રવર્તે છે. નિર્ગ્રંથ મુનિજનો પરિગ્રહાદિનો ત્યાગ કરી અનાદિ આશાનો અભાવ કરે છે.

૮૯ આ નિકૃષ્ટ કલિકાળમાં રાજા પણ ઉત્તમ જનોને ન્યાય માર્ગમાં પ્રવર્તાવી શકે નહિ તેમ આચાર્ય પણ તેમને ( મુનિજનોને ) ન્યાય માર્ગમાં પ્રવર્તાવી શકે નહિ અને તેથી જ આ કાળમાં મુનિજનોમાં ઉત્તમ આચરણના ધારક ઉત્કૃષ્ટ મુનિરૂપ રત્નો બહુ થોડા છે. ( આચાર્યો વિનય, માન, પૂજા, સત્કારાદિના લોભી થયા તેથી તેઓ પોતાના લોભરૂપ પ્રયોજનવશે મુનિજનોને ન્યાયમાર્ગમાં પ્રવર્તાવી શકતા નથી. )

૯૦ શરીર અને જીવ એ બંનેમાં જ્યાં સુધી ભેદબુદ્ધિ થઈને શરીરથી ભિન્ન યથાવત્ આત્મસ્વરૂપ પ્રતીતિમાં ન આવે ત્યાં સુધીનું જ્ઞાન અજ્ઞાન હોય છે. એક ક્ષેત્ર અવગાહપણે પરિણમેલા અનાદિ સંબંધવાળા એ બંને પદાર્થોમાં ભેદ ભાસવો એ જ જ્ઞાનનો મહિમા છે.

૯૧ જીવ અનાદિ સંસાર દશામાં જગતના સઘળા બનાવો ભાવો અને પ્રવૃત્તિઓને નિર્ણય કર્યા કરતો છતાં પણ માત્ર પોતાના વાસ્તવ્ય સ્વરૂપ સંબંધી અનિર્ણય અર્થાત્ વિપરીત શ્રદ્ધાનવડે દુઃખી જ થઈ રહ્યો છે અને એ જ અનંત સંસાર-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કારાનું બીજ છે. સર્વ દુઃખનું મૂળ છે, જેને મિથ્યા કહેવામાં આવે છે.

૯૨ જીવાદિ પદાર્થોમાં યથાર્થ નિશ્ચય વિના જગતના સ્થાવર જંગમાદિ સર્વ ચર, અચર પદાર્થો ઇષ્ટ અનિષ્ટરૂપ ભાસ્યા કરે છે. પદાર્થો પ્રત્યે ઇષ્ટાનિષ્ટ ભાવના.એ જ રાગ દ્વેષ છે તે વાસ્તવિક પદાર્થ શ્રદ્ધાન વિના ટળતું નથી.

૯૩ કોઈ પણ વસ્તુને અપનાવવી અથવા પોતાની તરફ ખેંચવી તેને આવૃતિ કહે છે તથા કોઇ પણ વસ્તુને દૂર કરવી અથવા મનને તેથી હઠાવવું તેને પરાવૃત્તિ કહે છે. પ્રથમના પ્રકારને રાગ કહે છે, અને બીજા પ્રકારને દ્વેષ કહે છે. એ બંને પ્રકારના રાગ દ્વેષ સમ્યક્ પ્રકારે જ્યાં સુધી છૂટતા નથી ત્યાં સુધી વસ્તુઓના ગ્રહણ કરવાથી તથા તેના ત્યાગ કરવાથી એમ બંને પ્રકારે કર્મોનો બાધ તથા તેના યથાકાલે ઉદય થયા જ કરે છે કારણ અજ્ઞાન અને બુદ્ધિના વિભ્રમયોગે વસ્તુઓના ગ્રહણ અને ત્યાગ બંનેમાં રાગ દ્વેષ જાજ્વલ્યમાન બનેલો પ્રવર્તી રહ્યો છે.

૯૪ મોહી જીવો પદાર્થોને દેખે છે તેમાં તુરત જ તેમની પરિણતી પ્રીતિ અપ્રીતિપણાને પામી જાય છે અને મોહના ચકડોળે ચડેલા આત્મવીર્યના ચંચળપણાના યોગે આત્મપ્રદેશ નિકટવર્તી કાર્મણ વર્ગણાઓ કર્મત્વપણાને અર્થાત્ કોઇ તથારૂપ શુભાશુભ શકિતને ધારણ કરી આત્મપ્રદેશો સાથે ક્ષીરનીરવત્ તત્કાળ નિબદ્ધ થાય છે.

૯૫ ચિત્તની સમ્યક્ સ્થિરતા કોઈ શુદ્ધાત્મવેદી વીતરાગ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પુરુષના ચરણકમળની વિનયોપાસના વા તેની વિશુદ્ધ આશ્રય ભાવના વિના થતી નથી.

---

## બ્રહ્મચર્યની નવ વાડ વિષે

### ભુજંગી છંદ

ખીલ્યું ધર્મ ઉદ્યાનમાં વૃક્ષવર્યં,[૧] સદા જાણવું શ્રેષ્ઠ તે બ્રહ્મચર્ય;
નવે ગુપ્તિની વાડ તેને બચાવા, રચે સંયમી ધર્મ પૂરો નિભાવા. ૧
પશુ નારીઓ [૨]કલીબ જ્યાં નિત્ય છે, મુનિવાસ ત્યાં નહિ કદાપિ કરે છે;
કરે નહિ કથા સુંદરી સાથ હેતે, ન વાંચે [૩]વિકારોતણા ગ્રંથ પ્રીતે. ૨
સ્ત્રીઓ સાથ નહિ આસને એક બેસે, વિચારે સદા તે વિકારી વિશેષે;
નહિ નીરખે નારીનાં અંગ સારા, બને તેથી કામી વિકારો નઠારા. ૩
બંને ભીંતને આંતરે જ્યાં વિલાસ, કરે નહિ મુનિ ત્યાં જરાએ નિવાસ;
કરી પૂર્વે જે કામક્રીડા રસેથી, સ્મરે નહિ ઋષિ ચિત્તમાં તે મિષેથી. ૪
ન ખાયે કદી [૪]સ્નિગ્ધ ઉન્માદકારી, પદાર્થો બને જે થકી વીર્યભારી;
ગ્રહે નહિ અતિ રૂક્ષ આહાર ભારે, અતિ વીર્યને જે વપુમાં વધારે. ૫
સુવસ્ત્રો સુગંધી ગણીને નકારા, ધરે દોષ તે પુદ્ગલોના અપારા;
ન ધારે મુનિ અંગ શૃંગાર સારા, કરે ભ્રષ્ટ ચારિત્રને તે નઠારા. ૬
નવે ગુપ્તિઓ એ ધરી ધર્મભાવી, ગુરુ ગાજરા તે ગુણોને ગજાવી;
બની ભક્ત તેના ભલી ભક્તિ ભાવો, ગુરુના ગુણી ગીતને નિત્ય ગાવો. ૭

---

૧. શ્રેષ્ઠ–પ્રધાન. ૨ નપુંસક. ૩ કામવિકાર ઉપજાવે તેવા. ૪ રસકસવાળા–માદક.

૨

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ચાર કષાયો જીતવા વિષે

કષાય એટલે સંસારતણો જે આય-લાભને આપે જેહ,
ચાર કષાય કહ્યા જિનરાજે, જન્મ મરણના કારણ તેહ;
શબ્દતણો જે મર્મ વિચારે, કર્મ વિદારે ધારી ઉજાસ,
તે ગુરુભકિત કરો ભવિ ભાવે, હર્ષ ધરી હરવા ભવવાસ. ૧
ક્રોધ કષાય કરે નહિ ક્યારે, તપે નહીં તલમાત્ર લગાર,
શાન્ત સુધારસ નિર્મળ ઝરતો, સ્મિત વદને શુભ વચન ઉચ્ચાર;
માન ધરે મનમાં ન કદાપિ, નહી મદનો પણ લેશ વિકાર-તે ગુરુ. ૨
માયાજાળ રચી નવ સાધે, સ્વાર્થ કદી કરી નીચ વિચાર,
લોભ ધરી લોલુપતા સાથે, રાખે નહીં આસકિત લગાર;
જે આચાર કષાય નિવારી, ચઉ ગુણ ધરતા પૂર્ણ પ્રકાશ,
તે ગુરુ ભકિત કરો ભવિ ભાવે, હર્ષ ધરી હરવા ભવવાસ. ૩

---

## પાંચે ઇન્દ્રિયોના ૨૩ વિષયોના ૨૫૨ વિકાર.

( મનહર છંદ )

સ્પર્શના વિષય આઠ, છન્નુ છે વિકાર તેના;
રસના વિષય પાંચ, બોંતેર વિકાર છે;
ઘ્રાણના છે બે વિષય, બાર છે વિકાર તેના,
ચક્ષુના વિષય પાંચ, સાઠ તો વિકાર છે. ૧
ત્રિ વિષય શ્રવણના, તેના છે વિકાર બાર,
મળી બસો બાવન તે, વિકાર ગણાય છે;
ત્રેવીશ વિષયતણા, ભોગવાય તે વિકાર,
તેમાં કઇક સારા ને, નઠારા તો મનાય છે. ૨

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સારા પર રાગ ને, નઠારા પર દ્વેષ નહીં,
સમભાવ સમતાથી, સરવમાં ધારે છે;
ઉપયોગ ધરી ઉપકાર, ઉપદેશ ( દાન ) થકી,
કરી જિનશાસનનો, ઉદ્યોત વધારે છે. ૩
નિજ મન વશ કરી, દુર્ગુણ પરિહરી,
ઇન્દ્રિયનિરોધ કરી, સંયમ નિભાવે છે;
એવા અવિકારી ભારી, અબાધિત વ્રત ધારી,
પાંચ ગુણવાન ગુરુ, નિત્ય મન ભાવે છે. ૪

## શ્રી જિનેશ્વર ભગવાનની ભાવવાહક ગુણ-સ્તુતિ.

( ચોપાઇ. )

પરમેશ્વર ઐશ્વર્યના ઠામ, શ્રી અરિહંત જિનેશ્વર નામ;
સંઘ તીર્થને સ્થાપે જેહ, તીર્થંકર કહેવાયે તેહ. ૧
તે પ્રભુ પૂર્ણ કૃપાના ધામ, નાથ નિરંજન તે નિષ્કામ;
રાગ દ્વેષ ધરે નહિ આપ, ધારે સદ્ગુણ સર્વ અમાપ. ૨
પૂર્ણાનંદથી નિત્ય વિલાસ, કેવળજ્ઞાને જગત પ્રકાશ;
નિર્મલ આત્મતણા તે રૂપ, સમતા રસના સાગર ભૂપ. ૩
એ છે સર્વ દેવાધિદેવ, કરવી તેની નિત્યે સેવ;
શ્રી જિનવરનું પૂજન થાય, તેથી સઘળાં કર્મ ખપાય. ૪

## તપ વિષે સજ્ઝાય.

તપ વડો રે સંસારમાં, જીવ ઉજ્વળ થાય;
કરમ રૂપ ઇન્ધન બળે, શિવપુર નગર સધાય. તપ૦ ૧

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તપથી રૂપ પાવે ઘણું, તપથી સુર અવતાર;
ઋદ્ધિ–વૃદ્ધિ સુખસંપદા, પામે લબ્ધિ જ ભારી. તપ૦ ૨
તપશું રોગ દૂરે ટળે, વિઘન સહુ ટળ જાવે;
દેવતા સહાય તપે કરે, ઘર લક્ષ્મી પણ આવે. તપ૦ ૩
અજ્ઞાનપણે તપસ્યા કરે, તોહિ નિષ્ફળ ન જાવે;
જ્ઞાન સહિત તપસ્યા કરે, તેનો પાર ન આવે. તપ૦ ૪
કરે એક નવકારશી, સો વરસ નરકના તૂટે;
બાંધે આયુષ્ય દેવનું, શ્રી જિનવર એમ ભાખે. તપ૦ ૫
ખરો ખજાનો તપ માલકો, કોઈ પુણ્યવંત ઝાલે;
ચાલ્યો જાય દેવલોકમાં, જાતાં કોઈ ન વારે. તપ૦ ૬
પોતે તો તપ પૂરો હુવે, સદા વર્તે આનંદ;
સેવક આણ માને સહુ, તેજ ના પડે મંદ. તપ૦ ૭
તપસ્યા કીધી મહાવીરજી, કર્મ કઠણ ભેદે;
ધન્ના અણગારે તપ કર્યો, પહોંચશે મોક્ષ મોઝારે. તપ૦ ૮
બેલે બેલે કીધો પારણે, ગણધર ગૌતમસ્વામી;
મંત્રી ખંધકજી તપ તપ્યા, હુવા મોક્ષના કામી. તપ૦ ૯
અર્જુનમાળી ઉદ્ધર્યો, મુનિવર મેઘકુમાર;
રાય પ્રદેશી તપ તપ્યા, જાશે મોક્ષ મોઝાર. તપ૦ ૧૦
આઠ રાણી શ્રી કૃષ્ણની, બ્રાહ્મી ચંદનબાળ;
તેવીશ શ્રેણિકની સુંદરી, કાપે કર્મની જાળ. તપ૦ ૧૧
ઇત્યાદિક બહુ તપ તપ્યા, કહેતાં ન આવે પાર;
કર્મ–કટક દળ જીતીને, પામ્યા અવિચળ ઠામ. તપ૦ ૧૨

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મુગત સારુ તપ કરો, સુખ નિશ્ચે પામો;
આશકરણ મુનિવર ભણે, જોધપુર રહી ચોમાસ. તપ૦ ૧૩

## આત્મ સાધન કરી લેવા પ્રેરકપદ.

કે'ને જગમાં કોણ? ચેતન તારું રે,
મૂરખ માનીને મૂક મારું તારું રે. એ ટેક.
સ્વારથ સારુ સૌ તુજ સંગે, રંગે આવી રમતાં રે;
સરે અરથ પર કે પોતાનાં, વેગે વેગે વળતાં. ચેતન૦ ૧
નિજ અર્થે જંપે જનનીજી, બેટા આવી બેસો રે;
'જીજી!' કહીને કે'શે જુવતી, 'સ્વામી' બીડલું લેશો. ચેતન૦ ૨
'બેટા'! કહી બોલાવે બાપા, 'ભાઈ'! ભાખે ભગિની રે;
સ્વારથ સરતાં અળગાં સૌ જન, જોજો માયા જગની. ચેતન૦ ૩
હાથી હય કે હેમ હવેલી, વનિતા વિષની વેલી રે;
સાથી થાવા ધનને સારુ, ધાતી આવે વે'લી. ચેતન૦ ૪
તર જો હોશે જરથી ઘર તો, વળગ્યા રે'શે વા'લાં રે;
ચોમાસે નદીઓની પાસે, આશે વળતાં નાળાં. ચેતન૦ ૫
નહિ કંઇ સાથે આવે દમડા, જમડા જ્યારે ઝાલે;
કરવું ધારે કરજે હમણાં, સમણા આખર સાલે. ચેતન૦ ૬
રડારોળ ઘર એક કરાવે, એક ઘર મંગળ નામ રે;
હા હા કપટી કામણગારો, કેડે લાગ્યો કાળ. ચેતન૦ ૭
ઈન્દ્રજાળ સમ જગને જાણી, સંતચરણ જન સેવે રે;
જૈન હિતેચ્છક સેવન જન સૌ, માગે મુક્તિ મેવો. ચેતન૦ ૮

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## આધ્યાત્મિક પદ

( કુંવર કુંવરી મારા લાડકા—એ રાહ. )

ડાકડમાક છોડી ચાલવું, ઢોલ વાગશે સહી;
હાડ જશે રે તૂટી જીવડા, લાગ મળશે રે નહિ. ડાક૦ ૧.
ભાર વહી વહી વૈતરા, સાર ભેગું રે કીધ;
ઇજ્જત ખોઈ ઘડી એકમાં, જો હાથે નવ દીધ. ડાક૦ ૨.
જાણુ જરૂર રે જીવડા, નથી તારું રે કોઈ;
દેહ નથી તારી તાહરી, માટે ચાલજે જોઇ. ડાક૦ ૩.
માત પિતા બંધવ વળી, મામા મામી ને ફોઇ;
મુખ વિકાસીને બેસશે, રહેશે બે ઘડી રોઇ. ડાક૦ ૪.
કાકા કાકી કુવા ફાલતું, મિત્ર પુત્ર પરિવાર;
હા ! હા ! હું હું કરી નાચશે, માટે રહે ખબરદાર. ડાક૦ ૫.

## ( ૨ )

( લેલી લેલી પુકારૂં મેં બનમેં—એ રાહ. )

જોયા જેવી જીવ તમારી, ગતિ અંતે નિશ્ચે થનારી. ટેક.
ચતુરાઈ ચૂલામાં પડી, પ્રભુને સમર્યા નહિ ઘડી;
જન્મી લાભ તમે શો લીધો, ધંધો ખોટતણો ભાઇ કીધો. જોયા. ૧
વિષયે ઘણો ઘણો તું મહાલ્યો, આપે અવળો મારગ ચાલ્યો;
પરનારી પેખીને મોહ્યો, ભેદ કદીએ તપાસી ન જોયો. જોયા. ૨
ઊંચા ઊંચા મંદિર ને મેઢી, ચાલે નામ તાહરાની પેઢી;
લાખે લેખા વળી તું કરતો, જિનનામ તે મનમાં ન ધરતો. જોયા. ૩

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દેવ ગુરુની ભક્તિ ન કીધી, દાન દીનને પાઇ ન દીધી;
આવ્યો એવો તું છે રે જવાનો, ખરેખાત નથી તું રહેવાનો. જોયા. ૪
જોને ગયા લખેશરી લાખો, હોય પત્તો તો કોઇનો ભાખો;
મેઠી માળ ને મોટા ઝરૂખા, મૂકી ચાલ્યા માનના ભૂખ્યા. જોયા. ૫
સાથે ગયું ન કોઇથી જવાનું, એ તો થાય છે તેજ થવાનું;
ચેતી લેજે ચેતન મારા પ્યારા, હાલ નહિ તો બૂરા છે થવાના. જોયા. ૬
જગદીશને ચરણે નમજે, રૂડી રીતે ઇન્દ્રિયોને દમજે;
ડાહ્યો થઇને ભજ પરમેશ, થાશે અંતે પછી ખાસ બેશ. જોયા. ૭

સારઃ—જેમને હૃદયમાં વૈરાગ્ય જાગ્યો છે અને આત્મ-પ્રભુની ધૂન લાગી છે તેમણે પોતાના માનવબંધુઓના એકાંત હિત માટે માર્ગદર્શક જે ઉદ્‌ગાર કાઢેલા છે તેનું વાંચન-શ્રવણ-મનન કરી, વિષયાસક્તિને તજી, શીઘ્ર સ્વહિતસાધન તરફ વળી, આત્મશ્રેય સાધી લેવું.

---

## શ્રી ચિદાનંદજીકૃત પુદ્‌ગલ ગીતા
## અંતર્ગત અંતિમ ભાગ.

જો ઉપજે સો તું નહિ અરૂ, વિણસે સો તું નાહિં;
તું તો અચલ અકલ અવિનાશી, સમજ દેખ દિલમાંહિ. સંતો ૮૯
તન મન વચનપણે જે પુદ્‌ગલ, વાર અનંતી ધાર્યા;
વમ્યા આહાર અજ્ઞાન ગહલથી, ફિર ફિર લાગત પ્યારા. સંતો ૯૦
ધન્ય ધન્ય જગમેં તે પ્રાણી, જે નિત્ય રહત ઉદાસ;
શુદ્ધ વિવેક હિયેમેં ધારી, કરે ન પરકી આશ. સંતો ૯૧
ધન્ય ધન્ય જગમાં તે પ્રાણી, જે ઘટ સમતા આણે;
વાદવિવાદ હિયે નવિ ધારે, પરમારથ પંથ જાણે. સંતો ૯૨

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધન્ય ધન્ય જગમાં તે પ્રાણી, જે ગુરુ વચન વિચારે;
અષ્ટ [1]દયાના મર્મ લહીને, આતમ કાજ સુધારે. સંતો ૯૩
ધન્ય ધન્ય જગમાં તે પ્રાણી, જેહ પ્રતિજ્ઞા ધારે;
પ્રાણુ જાય પણ ધર્મ ન ચૂકે, શુદ્ધ વચન અનુસારે. સંતો ૯૪
ઇમ વિવેક હિરદેમેં ધારી, સ્વપર ભાવ વિચારો;
કાયા જીવ જ્ઞાન દૃગ દેખત, [2]અહિ-કંચુકી જિમ ન્યારો. સંતો ૯૫
ગર્ભાદિક દુઃખ વાર અનંતી, પુદ્ગલ સંગે પાયે;
પુદ્ગલ સંગ નિવાર પલકમેં, અજરામર કહવાયે. સંતો ૯૬
રાગ ભાવ ધારત પુદ્ગલથી, જે અવિવેકી જીવ;
પાય વિવેક રાગ તજી ચેતન, બંધન-વિગત[3] સદીવ. સંતો ૯૭
કર્મબંધનો હેતુ જીવકું, રાગ દ્વેષ જિન ભાખે;
તજી રાગ અરુ રોષ હિયેથી, અનુભવ રસ કોઉ ચાખે. સંતો ૯૮
પુદ્ગલ સંગ વિના ચેતનમેં, કર્મ કલંક ન હોય;
જિમ વાયુ સંયોગ વિના જલ,-માંહિ તરંગ ન હોય. સંતો ૯૯
જીવ અજીવ તત્ત્વ ત્રિભુવનમેં, યુગલ[4] જિનેશ્વર ભાખે;
અપર તત્ત્વ જે સપ્ત રહે તે, સંયોગિક[5] જિન દાખે. સં૦ ૧૦૦
ગુણ પર્યાય દ્રવ્ય હોઉ કે, જુએ જુએ દરસાયે;
એ સમજણ જિણુકે હિયે ઉતરી, તે તો નિજ[6]ઘર આયે. સં૦ ૧૦૧
ભેદ પંચશત અધિક[7] તિરેશઠ, જીવતણા જે કહીયે;
તે પુદ્ગલ સંયોગથકી સહુ, વ્યવહારે સદ્દહિયે. સં૦ ૧૦૨

૧ આઠ પ્રકારની દયાનું રહસ્ય ૨ સાપ-કાંચળીથાં. ૩ બંધન રહિત. ૪ બે-જોડલું. ૫ એક બીજાના સંયોગજનિત. ૬ આત્મ. ૭. ૫૬૩

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નિહચૈનય ચિદ્રુપ દ્રવ્યમેં, ભેદભાવ નહિ કોય;
બંધ અબંધકતા નય પખથી, ઇણ વિધ જાણો હોય. સં૦ ૧૦૩
ભેદ પંચશત ત્રીશ અધિક, રૂપી પુદ્ગલકે જાણો;
ત્રીશ અરૂપી દ્રવ્યતણે જિન,–આગમથી મન આણો. સં૦ ૧૦૪
પુદ્ગલ ભેદભાવ ઇમ જાણી, પરપખ[1] રાગ નિવારો;
શુદ્ધ રમણતારૂપ બોધ, અંતર્ગત સદા વિચારો. સં૦ ૧૦૫
રૂપ રૂપ રૂપાંતર જાણી, આણી અતુલ વિવેક;
તદગત લેશ લીનતા ધારે, સો જ્ઞાતા [2]અતિરેક. સં૦ ૧૦૬
ધાર લીનતા લવ લવ લાઇ, ચપલભાવ વિસરાઇ;
આવાગમન નહિ જિણ [3]થાનકે, રહિયે તિહાં સમાઇ. સં૦ ૧૦૭
બાલ ખ્યાલ ચરિયો એ અનુપમ, અલ્પમતિ અનુસાર;
બાલજીવકું અતિ ઉપગારી, **ચિદાનંદ** સુખકાર. સં૦ ૧૦૮

---

## શ્રીમદે બોધેલો અમૂલ્ય તત્ત્વવિચાર.

( હરિગીત છંદ )

બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે ! ભવચક્રનો આંટો નહિ એકે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે રહો,
ક્ષણ ક્ષણ ભયંકર [4]ભાવ મરણે કાં અહો ! રાચી રહો. ૧

---

૧ પરવસ્તુ–જડરૂપ દેહગેહાદિક સંબંધી. ૨ ઉત્તમ–પ્રધાન. ૩ મોક્ષ.
૪ અવીચિ મરણ–ક્ષણે ક્ષણે આવખું ઓછું થતું જાય છે તે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું ? તે તો કહો?,
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો;
વધવાપણું સંસારનું નરદેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો ! એક પળ તમને હવો. ૨
નિર્દોષ સુખ નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
એ [1]દિવ્ય શક્તિમાન્ જેથી [2]જંજીરેથી નીકળે;
પરવસ્તુમાં નહિ મુંઝવો, એની દયા[3] મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાન્ત કે, પશ્ચાત્ દુઃખ તે સુખ નહીં. ૩
હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ?
કોના સંબંધે [4]વળગણા છે ? રાખું કે એ પરિહરું ?
એના વિચાર વિવેકપૂર્વક શાન્તભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાન્ત તત્ત્વ અનુભવ્યાં. ૪
તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું ?,
નિર્દોષ[5] નરનું કથન માનો તેહ જેણે અનુભવ્યું;
રે! આત્મ તારો ! આત્મ તારો ! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો. ૫

## વીતરાગ-ભક્તિ

( તોટક છંદ )

શુભ શીતળતામય છાંય રહી, મનવાંછિત જ્યાં ફળપંક્તિ કહી;
જિનભક્તિ ગ્રહો તરુ કલ્પ અહો, ભજીને ભગવંત ભવંત લહો. ૧

૧ અનંત શક્તિનો સ્વામી—નિજ આત્મા. ૨ ચાર ગતિના બંધનથકી.
૩ ખરી ભાવ દયા. ૪ કર્મ-ઉપાધિ. ૫ વીતરાગી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નિજ આત્મ-સ્વરૂપ મુદ્રા પ્રગટે, મનતાપ ઉતાપ તમામ મટે;
અતિ નિર્જરતા પણ દામ ગ્રહો, ભજીને ભગવંત ભવંત લહો. ૨
સમભાવી સદા પરિણામ થશે, જડ મંદ અધોગતિ જન્મ જશે;
શુભ મંગળ આ પરિપૂર્ણ ચહો, ભજીને ભગવંત ભવંત લહો. ૩
શુભ ભાવવડે મન શુદ્ધ કરો, નવકાર મહાપદને સમરો;
નહિ એહ સમાન સુમંત્ર અહો, ભજીને ભગવંત ભવંત લહો. ૪
કરશો ક્ષય કેવળ રાગ-કથા, ધરશો શુભ તત્ત્વસ્વરૂપ યથા;
નૃપચંદ્ર પ્રપંચ અનંત દહો, ભજીને ભગવંત ભવંત લહો. ૫

## ભાવના-ચતુષ્ટય

આપણા આત્માની જેમ અન્ય આત્માઓનું હિતચિંતવન કરવું તે **મૈત્રી** ભાવના. તેમને દુઃખી દેખી, તેમનું દુઃખ નિવારણ કરવા યોગ્ય ઉપાય ચિંતવી, તેમની ઘટતી સેવા-બરદાસ કરવી તે **કરુણા** ભાવના. અન્ય આત્માઓને સુખ-શાન્તિ અનુભવતા જાણી-દેખી રાજીરાજી થવું, તેમની સ્થિતિ યોગ્ય કરણી જોઇ સંતોષ ધરવો, મનમાં પ્રસન્નતા વેદવી તે **પ્રમોદ** ભાવના. અન્ય કોઇ નિષ્ઠુર કે નિંદક જીવોને જોઇ-જાણી, રાગ-દ્વેષપણે તેમને સુધારી ન જ શકાય એવી અસાધ્ય સ્થિતિમાં તેમના તે તે દોષની ઉપેક્ષા કરવી તેને જ્ઞાની પુરુષો **માધ્યસ્થ** ભાવના કહે છે.

**વિશેષ સ્પષ્ટતા**—૧. કોઇ પણ આત્મા પ્રસિદ્ધ એવા હિંસાદિક પાપકાર્યો ન કરો ! તેવા પાપસ્થાનકોથી પોતે સમજી પાછા ઓસરો. એવી નિષ્પાપ પ્રવૃત્તિ સેવી-આદરી કોઇપણ ક્યારેય દુઃખી ન થાવ ! અને જગતવાસી સહુ કોઇ સર્વથા દુઃખબંધનોથી મુક્ત થાવ ! આવી ઉદાર મતિને **મૈત્રી** ભાવના કહી છે.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

૨. જેમના સમસ્ત દોષો દૂર થઇ ગયા છે અને વસ્તુ-તત્ત્વને યથાર્થ જાણી–જોઈ શકનારા એવા અરિહંતોના, સિદ્ધોના તથા સદ્ગુરુઓના અદ્ભૂત ગુણો પ્રત્યે હાર્દિક પ્રેમ જગાડી તેમજ ઉચિત સેવા–ભક્તિ કરવી તે **પ્રમોદ** ભાવના.

૩. દીન, દુઃખી, ભયભીત અને જીવિત–શરણ યાચતાં જનો પર બને તેટલો ઉપકાર કરી તેમને સહાયભૂત થવું તે **કરુણા** ભાવના

૪. પાપ કે પરભવની લગારે દરકાર કર્યા વગર હિંસા-દિક ક્રૂર કર્મ કરનાર, નિષ્પાપ એવા દેવ, ગુરુની પણ નિંદા–અવગણના કરનાર ઉપર અને કોઇ કલ્યાણકામી ગુણની પોતામાં પ્રાપ્તિ વગર જ ફોગટ આત્મશ્લાઘા, આત્મબડાઈ, સ્વપ્રશંસા કરવા ટેવાયેલા મૂઢ જનો ઉપર પણ રાગ–દ્વેષજનિત કલુષિત ભાવ નહીં લાવતા, તેમને તેવા અસાધ્ય કોટિના જાણી નહીં પોષવા તે **માધ્યસ્થ** ભાવના છે.

## સાધુનું સાચું સુખ : : સમતાભાવ

**માષતુષ** મુનિનું આખ્યાન અને શ્રુતજ્ઞાનના ભેદની પ્રરૂ-પણા, તેમજ શ્રી સ્થૂલભદ્ર મુનિની અતિ વિસ્મયકારી વિક્રિયા સાંભળીને સત્સંગ અને અભ્યાસવડે સુલભ તથા ચરણકરણનું સાધક એવું સર્વ મદને હરનારું શ્રુતજ્ઞાન મેળવીને તે જ શ્રુતજ્ઞાનવડે મદ કેમ કરાય? ન જ કરાય. ઉપર કહેલાં મદ સ્થાનકોમાં વાસ્તવિક રીતે જોતાં કોઈ પણ ગુણ જણાતો નથી પરન્તુ સ્વહૃદયનો કેવળ ઉન્માદ અને સંસારવૃદ્ધિરૂપ ફળ જ માલૂમ પડે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જાતિ–કુળાદિકથી મદોન્મત્ત થયેલો જીવ આ ભવને વિષે પિશાચની પેરે દુઃખી થાય છે અને પરભવને વિષે જરૂર હીન જાત્યાદિકને પામે છે.

તેથી શું કરવું ઘટે ? સર્વ મદસ્થાનકોને મૂળથી ઉખેડી નાખવાના અભિલાષી મુનિજનોએ સ્વાત્મગુણવડે ઉત્કર્ષ (ગર્વ) અને પુરુષાર્થ (પરની હેલના) સર્વથા તજવાં જોઇએ.

**શા માટે ?** પરનો પરાભવ, પરની નિંદા તેમજ સ્વોત્કર્ષ કરવાથી અનેક કોટી ભવે છૂટી ન શકે એવું નીચ ગોત્રકર્મ ભવે ભવે બંધાય છે.

કર્મોદયથી નિર્માણ થયેલું મનુષ્યોનું હીન, ઉત્તમ અને મધ્યમપણું તેમજ અનેક યોનિગત ભેદોવાળું તિર્યંચોનું તેવું જ 'હીનોત્તમ' અને મધ્યમપણું સંભવે છે.

દેશ, કુળ, દેહ, વિજ્ઞાન, આયુષ્ય, બળ, ભોગ અને લક્ષ્મીગત વિષયપણું જોઇ વિદ્વાન પુરુષોને આ ભવ–સંસારમાં રતિ–પ્રીતિ કેમ થઇ શકે ?

કારણ કે પાંચે ઇન્દ્રિયોના બળ આગળ નિર્બળ થયેલાં અને રાગદ્વેષના ઉદયથી નિયંત્રિત બનેલો, ગુણ–દોષ (હિતાહિત)-ને નહીં સમજતો જીવ સ્વપર ઉભયને હાનિ કરે છે. તે માટે રાગ દ્વેષનો ત્યાગ કરવાને અને પાંચે ઇન્દ્રિયોના બળને નિર્બળ કરવાને તેમજ શુભ પરિણામને ટકાવી રાખવાને આત્માર્થીએ યત્ન કરવો જોઇએ.

અનિષ્ટ વિષય–ભોગને અભિલષતા–ભોગવતા ભોગી જીવે તેવા વિષયોનો આત્યંતિક વિયોગ થાય–થઇ શકે તેટલા માટે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પોતાનું હૃદય ગમે તેવું વ્યગ્ર હોય તો પણ તે શબ્દાદિક વિષયો આ લોકમાં તેમજ પરલોકમાં અત્યંત હાનિકારક છે એમ યથાર્થ નિશ્ચય કરી લઈને સર્વજ્ઞપ્રણીત આગમ–શાસ્ત્રનો અભ્યાસ–પરિચય કરવો જોઈએ, જેથી ઉક્ત ઉપાસના આલંબનવડે પૂર્વોકત વિષયાસક્તિ વિલય પામી જાય–નષ્ટ થઈ નિર્મૂળ થઈ જાય.

પ્રારંભમાં અતિ અભ્યુદયવાળા અર્થાત્ કુતુહલથી ઉત્સુકતાવડે ભોગવતાં મધુરા ઉત્સવભૂત લાગે છે, મધ્યમાં વિષયપ્રાપ્તિસમયે શૃંગાર, હાસ્ય અને દીપ્તરસવાળા લાગે છે અને અંતમાં વિશિષ્ટ ભોગ સંયોગ થયા બાદ વસ્ત્ર રહિત હોવાથી પ્રગટ ગુહ્યદ્વારાદિક અંગવિકૃતિ દેખાવાથી તે જ સ્પર્શાદિક વિષયો બિભત્સ બિહામણા તેમજ વિલાપાદિક સ્વરના શ્રવણથી કરુણાપાત્ર હોવાથી કરુણા ભય અને લજ્જાદિકથી ભરેલા જણાય છે. જો કે બહુ પેરે સેવ્યાથકી વિષયો મનને તુષ્ટિકારક લાગે પણ કિંપાક ફળના ભક્ષણની પેઠે પાછળથી અતિદુઃખદાયક નિવડે છે.

જેમ અઢાર જાતના શાક સંયુકત અન્ન મિષ્ટાનપાનની પેઠે મધુર છતાં વિષ સંયુકત ખાધું છતું તે છેવટ પરિણામે વિનાશકારી થાય છે, તેમ સામગ્રી યુકત રમ્ય રાગરસથી સેવેલા વિષયો સેંકડો ભવપરંપરામાં પણ દુઃખના અનુભવની પરંપરાને વધારે છે.

અનિશ્ચિત એવું પણ મરણ જોતજોતામાં ડગલે નિશ્ચિત થતું જોઈને જેમને વિષયોને વિષે રતિ–આસક્તિ થાય છે તેમને મનુષ્ય જ ન ગણવા. મનને અનુકૂળ વિષયોને વિષે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભ્રમણો અનુગ્રહકારી અને નિષ્પાપ એવો વિષય પરિણામ નિયમ નિત્ય પ્રતિ સારી રીતે ચિન્તવવો.

ગુણદોષના વિપર્યાસથી વિષય મૂર્ચ્છિત થયેલા આત્માનું ભવભ્રમણ ભય પામેલા ભવ્ય જીવોએ આચારચિન્તનવડે સમસ્ત પ્રકારે રક્ષણ કરવું.

દર્શન, જ્ઞાન, ચરિત્ર, તપ અને વીર્યરૂપ પાંચ પ્રકારનો સાધુનો આચાર જિનેશ્વરોએ કહેલો રૂડી રીતે અનુસરવો.

આચાર અધ્યયનરૂપ આચારાંગ સૂત્રમાં કહેલા અર્થની ભાવના મુજબ આચરણ કરવામાં સાવચેત રહેતા મુનિનો કોઇ કાળે પણ પરાભવ થઇ શકતો નથી. પૈશાચિક આખ્યાન (ભૂતવાર્તા) અને કુળવધૂનું રક્ષણ થયેલું સાંભળીને સંયમ-વ્યાપારથી આત્માને સદાય સાવધાન (ઉદ્યમી) રાખવો.

મનુષ્યોની સર્વ ઋદ્ધિઓ ક્ષણમાં બદલાઇ જાય તેવી છે અને સર્વે સંયોગો અંતે વિયોગવાળા હોવાથી શોકજનક છે. અતઃ અનિત્ય, બહુ ભયભરેલાં, ઇચ્છેલાં એવાં પરાધીન વિષય-સુખોથી સર્યું. નિત્ય ટકે એવા નિર્ભય અને સ્વાધીન શાન્ત-રસને માટે જ પ્રયત્ન કરવો ઉચિત છે.

પોતાના વિષયને મેળવવા આતુરતાવાળી ઇન્દ્રિયોને સંતુષ્ટ કરવા માટે જેટલો પ્રયત્ન કરાય છે તેટલો પ્રયત્ન કપટ રહિત તેનો જય કરવાને સેવવો શ્રેષ્ઠ છે. સર્વ વિષયની સ્પૃહાથી ઉત્પન્ન થયું જે સુખ રાગાતુર મેળવે છે તેથી અનંત કોટિગણું સુખ વિરાગી આત્મા સહજમાં મેળવે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઇષ્ટવિયોગ અને અનિષ્ટસંયોગની ચિન્તાથી ઉત્પન્ન થતું જે દુઃખ સરાગી જીવ પામે છે તેનો સ્પર્શમાત્ર પણ વિરાગીને થતો નથી.

વિષય કષાય રહિત, હાસ્ય-રતિ-અરતિ અને શોકથી નિરાળો તેમજ ભય અને દુગંછાથી દૂર રહેલો આત્મા જે સુખ અનુભવે છે તે અન્યને ક્યાંથી મળે ? સમ્યગ્દૃષ્ટિ, જ્ઞાન-ધ્યાન અને તપોબળ યુક્ત છતાં પણ ક્ષમા, ઉપશમ રહિત સાધુ જેવો ગુણ ઉપશમવંત સાધુ પામે છે તેવો પામી શકતો નથી.

રાજાધિરાજને તેમજ દેવના દેવ(ઇન્દ્ર)ને પણ એવું સુખ સાંપડતું નથી કે જેવું સુખ અહીં જ લોકવ્યાપાર રહિત સાધુને સાક્ષાત્ અનુભવાય છે. લોકચિન્તાને સમગ્ર રીતે તજીને આત્મજ્ઞાન-અધ્યાત્મચિન્તનમાં લયલીન અને લોભ-રોષ તથા કામક્રીડાવર્જિત એવા **સમપરિણામી સાધુ સદા સમાધિરસમાં ઝીલે છે.**

P. P. Ac. Gunratansuriji M.S.  Jin Gun Aaradhak Trust

# સ્વર્ગવાસ પછી—

[ સદ્ગુણાનુરાગી શાંતમૂર્તિ મુનિરાજશ્રી કર્પૂરવિજયજી સિદ્ધક્ષેત્ર(પાલીતાણા)ખાતે સ્વર્ગવાસી થયા પછી પ્રકટ થયેલા તેમના લેખોનો સંગ્રહ. ]

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# મદ્ય–માંસનિષેધ

## મદ્યપાનનિષેધ.

મદ્યપાનથી મદોન્મત્ત બની શેરીમાં (ખાડમાં) બેભાન થઇ પડેલા મદ્યપાન કરનારના મુખમાં કૂતરા મૂતરી જાય છે, ચોરો વસ્ત્ર ચોરી જાય છે, છતાં એવા નીચ વ્યસનવશ બની કઇંક જીવો બેહાલ થાય છે તેમની દયા ચિંતવી, જ્યારે તેનો નીશો ઉતરી જાય ત્યારે તેમની ખરાબ સ્થિતિ થયેલી ને હજી વધારે થવાની તે જો અંતરના પ્રેમથી તેને સમજાવવામાં આવે તો તેવા જીવનું આખું જીવન સુધરી જવા પામે છે. એવો સ્તુત્ય પ્રયાસ કેવળ કરુણાદૃષ્ટિથી ઉપકારાર્થે કરવો યોગ્ય છે. કુમારપાળ મહારાજાએ પોતાના વિશાળ રાજ્યમાંથી મદ્યાદિક સાતે વ્યસનો દૂર કરી પોતાના બીજા મિત્રરાજ્યો સાથે તેવો ગાઢ સંબંધ જોડી તેના રાજ્યમાંથી પણ એવા પાપ–કર્મો પ્રેમથી દૂર કરાવ્યા હતા, તેમ થોડા વર્ષો પહેલાં પિકેટીંગ પ્રસંગે કઇંક દિલસોજ સ્વદેશપ્રેમી સજ્જન ભાઈબહેનોએ પોતે પુષ્કળ કષ્ટ સહન કરીને આવા કઇંક વ્યસની જીવોને પ્રેમથી સમજાવી યોગ્ય રસ્તે લાવવા ભારે જહેમત ઉઠાવી હતી, તો પછી આવા કંઇક વધારે શાન્તિના સમયે જો એવા વ્યસનમાં ગ્રસ્ત જીવોને પ્રેમથી વ્યક્તિગત કે સમુદાયે મીઠાશવડે તેમની થતી દુર્દશાનું ભાન કરાવી તેમની શુદ્ધબુદ્ધ ઠેકાણે લાવવા પ્રયત્ન સેવાય તો તેથી સારો આર્થિક લાભ દેશને તથા સમાજ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ને થવા ઉપરાંત કઇક જીવો સારી નીતિ-રીતિ આદરી, પોતાનું જીવન સુધારી પોતાની પાછળની પ્રજાને પણ દાખલારૂપ બને.

**" કલ્પિત યજ્ઞમાં કે દેવીની પાસે અંધશ્રદ્ધાળુ ભકતો તરફથી અપાતો પામર પશુઓનો ત્રાસદાયક ભોગ થતો અટકાવવા અનુકંપાશીલ જનોની ભારે ફરજ. "**

આ ફરજ જેમને ઠીક ઠીક સમજાઈ છે તેવી જીવદયાની સંસ્થાઓ તેમજ મંડળીઓ દ્વારા યોગ્ય પ્રયાસ કરી, દેશની તેમજ સમાજની ઉપયોગી સેવા બજાવી તેમાં પ્રયાસાદિકના પ્રમાણમાં સફળતા મેળવતા જણાય છે. ધર્મના નામે એવી અઘોર પ્રાણીહિંસા કરનારા, કરાવનારા તેમજ તેમાં સહાય કરી ઉત્તેજન આપનારા પાપી જનો તેના મહાપાપરૂપ કહો કે જેના પરિણામે નરકાદિકની ભારે યાતનાઓ લાંબે વખતે ભોગવી અનંતું સંસારભ્રમણ કરતા રહે છે, તેમને શાંતિથી વિવેકસર સમજાવવાથી કઇક જીવો એવા અઘોર પાપથી પાછા ઓસરતા સંભળાય છે, તેથી સ્વપરને ભારે ફાયદો ઘણા લાંબા વખત માટે થવા પામે છે. આવી ફાયદાકારી હિત પ્રવૃત્તિ બને તેટલી શકિત ફોરવીને પણ કરવી ઉચિત છે. કસાઇઓ પાસે જઇ તેમને મોં-માંગ્યા પૈસા આપી, થોડા ઘણા જાનવરોને કઈક ભોળા જનો ધર્મબુદ્ધિથી છોડાવવાનું કરતા રહે છે, તેથી તે કસાઈઓ તેવા વધારા પડતા પૈસા કમાવાથી ઊલટા પોતાનો નીચ વ્યાપાર ઘટાડવાને બદલે વધારતા સંભળાય છે. તે કરતાં ભાવી પરિણામનો ખ્યાલ લાવી ઘોર હિંસા જ અટકે એમ ડહાપણથી વ્યવહાર કરવામાં અધિક લાભ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## માંસસેવન ને શિકાર

**માંસભોજન** તથા **શિકાર**ના ભૂંડા નાદ–શોખવાળા કુવ્યસનથી કેટલા **અનર્થો ને કિંમતી પ્રાણોની હાનિ** થાય છે તે વિચારવા યોગ્ય છે. તેને બદલે સાદો, સાત્વિક વનસ્પતિવાળો ખોરાક વધારે ઉત્તમ ફાયદાકારક અને સ્વપરના કિંમતી પ્રાણોને પોષનારો છે તેનો જેમને સારો અનુભવ મળતાં તેની ખાત્રી યા પ્રતીતિ થયેલી છે તેમણે કેવળ નિઃસ્વાર્થપણે પોતાને જાત-અનુભવ થયેલો પુસ્તકો કે વર્તમાન પત્રો કે લેખો યા ઉપદેશ-દ્વારા કઇક વખત જાહેર કરેલો જણાય છે, તે ઉપરથી કઇક જીવોને પોતાની ગંભીર ભૂલો આ કુવ્યસનથી થતી જણાતા તેને સુધારીને પોતે સુખી થવા પામે છે. અને અન્ય જનોને પણ વ્યાજબી પ્રયત્નો સેવી સાચા હિતકારી માર્ગે દોરી શકે છે. ઘણાં વખત પહેલાં **શ્રી જૈનધર્મ પ્રસારક સભા—ભાવનગર** તરફથી એવો એક ઈનામી નિબંધ પ્રસિદ્ધ થયેલો મારા હાથમાં આવેલો. તેમાં ઉપરની બાબતનો સ્પષ્ટ ખુલાસો મળી શકે છે. તે ઉપરાંત જુદી જુદી જીવદયાની સંસ્થાઓ મારફત પણ જીવદયાની દૃષ્ટિથી નાનાં મોટાં પુસ્તકો ને હેન્ડબીલો બહાર પડતાં રહે છે તે વાંચી–વિચારી દયાળુ દિલો ઉપર સારી અસર થવા પામી છે અને તેમાંનાં કઇક ઉદાર સજ્જનો તેવી જીવદયાની મંડળીઓને બનતી મદદ કરી–કરાવી તેના કાર્યમાં ઉત્તેજન આપી જનસેવા બજાવતા રહે છે. જેમના હૃદયમાં સાચી દયા વસી હોય તેમને બહુ લાંબું કહેવાની, સમજાવવાની ભાગ્યે જ જરૂર હોય છે. તેઓ પોતાના અંતરની પ્રેરણાથી જ તેવા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રમાણિક જીવદયાના કામમાં ડહાપણ વાપરી અને તેટલી સહાય કરતાં–કરાવતાં રહે છે.

આવા જરૂરી ને ઉપયોગી કાર્યમાં સર્વથા અહિંસાવ્રતને પાળવા પ્રતિજ્ઞા લીધેલા અને તેને સંપૂર્ણ વફાદાર રહેનારા ત્યાગી સંત–સાધુજનો જહેમત ઉઠાવી પુરુષાતનને ફોરવી, સમયોચિત સદુપદેશાદિદ્વારા પણ ભારે લાભ આપી અનેક જીવો જે તેવા કુછંદમાં ફસાયેલા હોવાથી અધોગતિમાં પટકાવવા તૈયાર થયેલા હોય છે તેમને બચાવી ઠેકાણે લાવી શકે છે, અને એ રીતે અનેકાનેક પ્રાણીઓની ખરી દુઆ મેળવી પોતાના જીવનને સફળ કરે છે. સહુ કોઇ ખરા દયાળુ ભાઇબ્હેનો તેવા પવિત્ર માર્ગમાં બનતો ફાળો આપી પોત-પોતાની ફરજ બજાવે તો ઘણો લાભ થાય એ નિઃસંશય છે.

( જૈ. ધ પ્ર. પુ. ૫૪, પૃ. ૨૮૭ )

## અમૂલ્ય વાકયામૃતો—

તમે જો તમારી આત્મોન્નતિને ઇચ્છતા હો તો તમારે તમારા આત્મવિકાસને આચ્છાદિત કરનારા અનેક સંકટોનો સામનો કરવો પડશે, અને તે સંકટો કે આપત્તિઓમાં મુંઝાયા સિવાય બહાદૂરીથી ક્ષમા તથા સંતોષ રાખી તેને જીતશો તો જ તમે તમારું ધ્યેય( સાધ્ય )બિંદુ સાધી શકશો.

તમારે પરમાત્મા બનવું હોય તો અપકારીના ઉપર પણ ઉપકાર કરતાં શીખો, તમારું અનિષ્ટ કરનાર યા તમને દુઃખમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નાખનાર કોઈ પણ વ્યકિત ઉપર રોષ ન કરતાં, મીઠી નજર રાખો. આખરે તે જરૂર થાકશે. ખરી રીતે તો તમારો અપકાર કરનારા તમારા સાધ્યબિંદુના ખરા મદદગાર છે.

**ચેતવણી**–જાગો ! તમે કેમ સમજતા નથી ? પાછળથી બોધિબીજની પ્રાપ્તિ થવી મુશ્કેલ છે, કારણ કે જેમ વીતી ગયેલી રાત પાછી આવતી નથી તેમ આ મનુષ્યભવ ફરીથી સહેલાઇથી સાંપડી શકતો નથી; માટે પ્રમાદ–સ્વચ્છંદવશ બધું ખોઈ ન નાંખો. સાવધાન બની આવેલી અમૂલ્ય તકને લેખે કરો.

**કર્તવ્ય**–અંતઃકરણપૂર્વક સત્યની અન્વેષણા(શોધ) કરો, અને સર્વ જીવો પર મૈત્રીભાવ ધારણ કરો, એમ કરવાથી ખરી યોગ્યતા પામી શકાશે.

**અમરતાને પંથે**–સત્યની આજ્ઞાથી ઊભો થયેલો એવો બુદ્ધિશાળી પુરુષ સંસારને તરી જાય છે અને અખંડ સુખ–શાન્તિ મેળવી શકે છે.

**પ્રમાદત્યાગ**–હે ગૌતમ ! એક સમય માત્ર પણ પ્રમાદ કરીશ નહીં; કારણ કે પ્રમાદીને દરેક પ્રકારે ભય હોય છે, જ્યારે પ્રમાદ રહિતને કોઈ પણ પ્રકારે ભય હોતો નથી.

**સત્યનો મહિમા**–સત્યને વિષે મનની સ્થિરતા કરો, કારણ સત્યમાં મગ્ન થયેલો બુદ્ધિમાન પુરુષ તમામ પાપકર્મને નષ્ટ કરે છે–કરી શકે છે.

**વિચિત્રતા**–કામો પૂર્ણ થવા અશક્ય છે, અને જીવિત વધારી શકાતું નથી, અર્થ ને વિષયનો કામી–લોલુપી મનુષ્ય શોક કર્યા જ કરે છે તથા ઝુર્યા કરે છે. ( આચારાંગ સૂત્ર )

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**કલ્યાણની સાધના**–તારા સગા–સંબંધી, વિષયભોગો, દ્રવ્ય–સંપત્તિ તારું રક્ષણ કરી શકતા નથી કે તને બચાવી શકતા નથી, તેમજ તું પણ તેમનું રક્ષણ કરી શકતો નથી કે તેમને બચાવી શકતો નથી. દરેકને પોતાનાં સુખ દુઃખ જાતે જ ભોગવવાં પડે છે, માટે જ્યાં સુધી પોતાની ઉંમર મૃત્યુથી ઘેરાઈ નથી, તથા શ્રોત્રાદિ ઇંદ્રિયોનું બળ તેમજ પ્રજ્ઞા–સ્મૃતિ-મેધા વિગેરે કાયમ છે ત્યાંસુધીમાં અવસર ઓળખી શાણા પુરુષે પોતાનું કલ્યાણ સાધી લેવું જોઇએ. (શ્રી આચારાંગ સૂત્ર)

**સાચો ત્યાગી**–જે સરળ હોય, મુમુક્ષુ હોય અને અદંભી હોય તે જ સાચો અનગાર છે, જે શ્રદ્ધાથી માણસ ગૃહત્યાગ કરે, તે જ શ્રદ્ધાને ( શંકાઓ–આસક્તિ છોડી ) હંમેશા ટકાવી રાખવી જોઇએ, વીરપુરુષો એ માર્ગે જ ચાલેલા છે.

( શ્રી આચારાંગ સૂત્ર. )

**અહિંસકનો આચાર**–જેને તું હણવાનો વિચાર કરે છે તે તું પોતે જ છે; જેને તું આજ્ઞા આપવા માંગે છે તે તું પોતે જ છે; જેને તું સંતાપ આપવા ચાહે છે તે તું પોતે જ છે; જેને તું દબાવવા ઇચ્છે છે તે તું પોતે જ છે અને જેને તું ઉપદ્રવ કરવા માંગે છે તે પણ તું પોતે જ છે. એમ સર્વત્ર પોતાપણું માનતો સજ્જન માણસ એ પ્રમાણે સમજીને પોતાનું જીવન વીતાવતો છતો કોઈ પણ જીવને મારતો નથી, મરાવતો નથી અને પોતાને–આત્માને પાછળથી ભોગવવું પડશે એમ સમજી તેને અનુમોદતો કે ચાહતો પણ નથી.

( શ્રીસૂયગડાંગ સૂત્ર )

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હે ભાઇ! તારી જાત સાથે જ યુદ્ધ કર, બહાર યુદ્ધ કરવાથી શું? એના જેવી યુદ્ધને યોગ્ય બીજી વસ્તુ મળવી દુર્લભ છે. હે ભાઇ! તું જ તારો મિત્ર છે, બહાર કયાં મિત્ર શોધે છે? તારી પોતાની જાતને જ નિગ્રહમાં રાખ, તો બધાં દુઃખોથી મુક્ત થઇશ. ( શ્રીઆચારાંગ સૂત્ર )

**વિવેકી ભાષા**–ક્રોધથી બોલવું, માનથી બોલવું, માયાથી બોલવું, લોભથી બોલવું, જાણતાં–અજાણતાં કઠોર બોલવું વિગેરે બહુ દોષયુક્ત વાક્પ્રયોગનો વિવેકી પુરુષે ત્યાગ કરવો જોઇએ. ( શ્રીઆચારાંગ સૂત્ર )

**દાનપ્રશંસા**—દાનધર્મના પ્રભાવે પ્રાણીઓને વૈરી વશ થઇ જાય છે, વૈર–વિરોધ પણ શમી જાય છે અને શત્રુ પણ મિત્ર–બંધુરૂપ બની જાય છે, તેથી દુનિયામાં દાન જ શ્રેષ્ઠ-પ્રધાન લેખાય છે.

**ધર્મસેવાની મહત્તા**—ડાહ્યો માણસ પોતાને અજરામર જેવો લેખી વિદ્યા અને લક્ષ્મીને ઉપાર્જવા પ્રયત્ન સેવે અને મૃત્યુએ જાણે બરાબર પકડી લીધો હોય તેમાંથી છૂટી જવા શુદ્ધ અહિંસા, સંયમ ને તપલક્ષણ ધર્મનું ખૂબ સાવધાનપણે સેવન–આરાધન કરે; કેમકે ધર્મ જ એનો ખરો અકસીર ઉપાય છે.

**વિદ્યાપ્રશંસા**—શાણા માણસોએ મોટી–વૃદ્ધાવસ્થામાં પણ બહુ કાળજીથી હિતકારી વિદ્યા ગ્રહણ કરવી. કદાચ આ ભવમાં સુલભ્ય ન થાય તો પણ તે અન્ય જન્મમાં સારા સંસ્કારયોગે સહેજે પ્રાપ્ત થવા પામે.

**ધર્મહીન પશુતુલ્ય**—આહાર, નિદ્રા, ભય અને મૈથુન.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ ચાર સંજ્ઞા તો મનુષ્યોને અને પશુઓને તુલ્ય હોય છે, તે કરતાં એક ધર્મ જ મનુષ્યને વિશેષ અધિક હોઈ શકે છે; તેથી ધર્મ વિનાના મનુષ્યોને પશુ સમાન સમજવા.

**કામ-ભોગની શાન્તિ**—કામભોગની શાન્તિ વિષયોના ઉપભોગથી કદાપિ થવા પામતી નથી. ઘીથી અગ્નિની જેમ ઊલટી આસક્તિ વૃદ્ધિ પામે છે. સંતોષવૃત્તિ સેવવાથી જ ખરી શાન્તિ થવા પામે છે.

**વીર કોણ?**—સંપત્તિ સમયે જેને હર્ષ થતો નથી અને વિપત્તિ સમયે જેને ખેદ થતો નથી એવા ત્રણ ભુવનમાં તિલક સમાન કોઈ વિરલ પુત્રને માતા જન્મ આપે છે. એવા વીર પુરુષો કોઈ વિરલા જ જન્મે છે.

**કર્તવ્યનિષ્ઠા**—કંઠગત પ્રાણ હોય ત્યારે પણ કર્તવ્ય-કર્મ જ કરવું યોગ્ય છે. પ્રાણાન્તે પણ નહીં કરવા યોગ્ય અકૃત્ય કરવું નહીં.

**ખરો બ્રહ્મચારી**—મન-વચન-કાયાથી શુદ્ધ બ્રહ્મચર્ય પાળનારા નૈષ્ઠિક બ્રહ્મચારીની હોડ જગતમાં કોણ કરી શકે? તેની ઉત્તમ ગતિ જ થાય છે.

**નાસ્તિ ભાવ**—ઉદ્યમે દારિદ્ર નાશે છે, જાપ કરવાથી પાતક નાશે છે, મૌન ધારવાવડે કલહ નાશે છે અને અપ્રમાદીને ભય નાશે છે-નાશ પામે છે.

**જાતિમાત્ર ગુણનું કારણ નથી**—શીલસંપન્ન ગુણવાન શૂદ્ર પણ બ્રાહ્મણ લેખાય અને શીલગુણહીન બ્રાહ્મણ પણ શૂદ્રના સંતાન સમો લેખાય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**સર્વથા મલિનની શુદ્ધિ કયાંથી ?**—જેનું ચિત્ત રાગ-દ્વેષ-મોહવડે ક્લિષ્ટ ( મલિન ) રહે છે, અસત્ય વચનો વદવાવડે જેનું મુખ મલિન રહે છે અને જીવ-ઘાતવડે જેની કાયા મલિન વર્તે છે તેને ગંગા પણ પવિત્ર કરી શકતી નથી. એવા મલિન જીવો ધર્મને લાયક નથી અને ધર્મ સેવ્યા વગર શુદ્ધિ નથી.

**ક્રોધ-કષાયથી થતી હાનિ**—તાવ એક દિવસમાં છ માસના તન-તેજને હરી લે છે. તેમ ક્રોધ કષાય એક ક્ષણમાં ક્રોડ પૂર્વથી સંચિત કરેલ સુકૃતનો ક્ષય કરે છે.

**મુક્તિ શાથી ?**—દેહરૂપ જેલમાં ચાર કષાયો દુષ્ટ ચોકીદાર જેવા જ્યાં સુધી જાગતા રહે છે ત્યાંસુધી જનોને મોક્ષ શી રીતે મળે ? કષાયના ક્ષયથી જ મુક્તિ મળે છે.

**ભાવમાં ભગવાન**—ભાવમાં ભગવાન વસે છે. પાષાણમાં, માટીમાં, રત્નમાં કે સુવર્ણમાં દેવ વસતા નથી; તેથી ભાવ જ પ્રધાન કારણ છે.

**જન્મની નિષ્ફળતા**—દીન( દુઃખી )જનોને યથોચિત સહાય આપી ઉદ્ધર્યા નહીં, સમાનધર્મસેવી સાધર્મી જનોની સેવા-ભક્તિ બજાવી નહીં અને હૃદયમાં વીતરાગ દેવને ધાર્યા નહીં તો અમૂલ્ય માનવ ભવ હારી ગયા પછી આવી ધર્મ-સામગ્રી સાંપડવી મુશ્કેલ સમજવી.

**પાત્રનું માપ**—ઉત્તમ પાત્રરૂપ સંત-સાધુજનોને, મધ્યમ પાત્રરૂપ સુશ્રાવકજનોને અને જઘન્ય પાત્રરૂપ અવિરતિ સમ્યગ્-દૃષ્ટિ જનોને જાણવા અને તેમની યથાયોગ્ય સેવાભક્તિનો સપ્રેમ લાભ લેવો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**પ્રભુપૂજાથી પુન્ય ફળ**—દેવનિર્માલ્ય (પુષ્પાદિક) જયણાયુક્ત ઉતારવામાં સોગણું પુન્ય, ચંદનાદિક શીતળ દ્રવ્યોથી વિલેપન કરવામાં હજારગણું, વિધિયુક્ત જયણાથી ગૂંથેલી પુષ્પમાળા કંઠે આરોપવામાં લક્ષગણું અને ગીત વાજીંત્રયુક્ત સંગીત પૂજા એકતાનથી કરતાં અનંતગણું પુન્યફળ ઉપાર્જન થાય છે.

**વીતરાગનું ધ્યાન સ્મરણ**—રાગ-દ્વેષ-મોહથી સર્વથા મુક્ત થયેલા શ્રી વીતરાગનું ધ્યાન-સ્મરણ કરનાર વીતરાગ દશાને પામી શકે છે. જેમ ભમરીના ડંસથી તેનું જ ધ્યાન કરનારી ઈળ ભમરી બની જાય છે.

**પ્રભુપૂજાનો પ્રભાવ**—પોતાની યોગ્યતા અનુસાર પ્રભુની દ્રવ્ય-ભાવ પૂજા કરનારા ભાવિક જનો સ્વર્ગાદિ સંપદા ને મોક્ષલક્ષ્મી પામી શકે છે. ગૃહસ્થો દ્રવ્યપૂજાના અને સંયમી સાધુઓ ભાવપૂજાના અધિકારી કહ્યા છે. દ્રવ્યપૂજાથી પાપ-મળ ટળી, અનુક્રમે ભાવપૂજાને લાયક બને છે. એમ સમજીને તેનો યથાયોગ્ય લાભ લેવો, ઉપેક્ષા કરવી નહીં. દ્રવ્યપૂજામાં અંગ-વસ્ત્ર-મનશુદ્ધિ પ્રમુખ સાતે શુદ્ધિનો બરાબર ખપ કરવો અને ભક્તિભર ઉલ્લસિત ભાવે બને તેટલી નિષ્કામ સેવા કરવી.

**કરણી એવી પાર ઉતરણી**—વિવિધ તપ-નિયમયોગે મોક્ષપ્રાપ્તિ, અભય-અનુકંપાદિ દાનવડે સ્વર્ગાદિકનાં ઉત્તમ સુખ-ભોગની પ્રાપ્તિ, દેવાર્ચનવડે રાજ્યાદિની પ્રાપ્તિ અને અનશન આરાધનવડે ઈન્દ્રપણાની પ્રાપ્તિ થાય છે. ધર્મ-શાસનની નિષ્કામ-સેવા-ભક્તિયોગે જીવ જલ્દી કર્મથી મુક્ત થવા પામે છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૪, પૃ. ૪૧ તથા પૃ. ૭૮ ]

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## શ્રી ઉત્તરાધ્યયનસૂત્રનું દ્રુમપત્રક નામનું દશમું અધ્યયન

શ્રી ગૌતમ ગણધરને સંબોધી ભગવાને આપેલો અમૂલ્ય અમૃત ઉપદેશ, તે ઉપરથી સહુ ભવ્યાત્માઓએ ગ્રહણ કરી લેવા યોગ્ય સાર-બોધ.

વૃક્ષનું પાંદડું ખરી જાય છે તેમ શરીર માત્ર જીર્ણ-ક્ષીણ થઈ અંતે ખરી પડી જાય છે. મનુષ્યદેહનું પણ એમ જ સમજવું. અનંત સંસારચક્રભ્રમણમાં ક્રમપૂર્વક-ઉન્નતિ-ક્રમે માનવ દેહ મળે છે. તે માનવદેહ મળ્યા પછી પણ સુંદર સાધનો-આર્યભૂમિ અને સાચો ધર્મમાર્ગ પણ બહુ બહુ કષ્ટે પ્રાપ્ત થઈ શકે છે. પંચવિધ વિષયભોગ ભોગવવાની લાલસા તો પ્રાયે દરેક જન્મમાં પૂર્વના તેવા સંસ્કારવશ રહ્યા કરે છે, તેમાંથી મુક્ત થઇ, પ્રમાદ તજી, પુરુષાર્થ કરવાની સૌને ભારે જરૂર રહે છે. તેથી અલ્પ પ્રાપ્ત કાળમાં ખૂબ સાવધાનપણે યોગ્ય ધર્મસાધના કરી, સદ્ધર્મની સેવના-આરાધના કરી લેવા ભવ્યાત્માઓ કેમ ચૂકે ? પ્રમાદ એ કારમા( આકરા ) રોગ કે શત્રુરૂપ છે તે અવશ્ય ટાળવા યોગ્ય છે. તેનો પ્રતિકાર કરવા આ માનવદેહમાં સારી અનુકૂળતા મળી છે, તેથી વિષય-કષાય-વિકથાદિક પ્રમાદ તજી, સાચી દિશામાં બની શકે તેટલો પુરુષાર્થ કરવો એ જ જન્મ-મરણજન્ય અનંતા દુઃખોને ટાળવા અપૂર્વ અમૃત તુલ્ય છે. એથી જ જીવને સાચું સુખ સાંપડે છે. ભગવાન મહાવીરે સંપૂર્ણ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય-શક્તિ, અહિંસા-સંયમ-તપલક્ષણ ધર્મનું યથાર્થ આરાધન કરીને જ પ્રગટ કરી છે. દરેક આત્મામાં સત્તારૂપે રહેલી એવી અનંતગુણ-સંપદાને નિજ નિજ યોગ્યતાનુસારે પુરુષાતન ફોરવી,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રગટાવવા માટે શ્રી ગૌતમ ગણધરને સંબોધી આપેલો સદ્બોધ ખરેખર દરેક આત્માર્થી સજ્જનોએ બરાબર હૃદયમાં ધારી લઇ અનાદિ પ્રમાદદોષને તેમજ સ્વચ્છંદ આચરણને દૂર કરી, ખરો સુખદાયક ધર્મમાર્ગના આરાધન માટે દૃઢ નિશ્ચયપૂર્વક ખૂબ પ્રયત્ન કરવો જોઇએ. પ્રભુએ કહેલો એકાન્ત હિતકારી ઉપદેશ ગૌતમ–ગણધરાદિકને બહુ રુચ્યો, તેથી પ્રમાદ માત્રને દૂર કરી, સાવધાનપણે શુદ્ધ ચારિત્રનું આરાધન કરી, તેઓ મોક્ષગામી બન્યા. તેમ આપણે પણ અનેકવિધ પ્રમાદાચરણ તજી, સાવધાનપણે નિજયોગ્યતાનુસારે સદ્ગુરુનું સાચું શરણું લહી, ઉકત ધર્મ–માર્ગનું આરાધન કરી લેવા કચાશ રાખવી ન જોઇએ. આવી આત્મપ્રેરણાથી અહિંસારૂપ અમૃતનું સેવન કરી ખરા સુખી થઈ શકાશે.

## અગિયારમું બહુશ્રુત અધ્યયન.

સત્ય–સમ્યગ્ જ્ઞાન એટલે આત્મ–પ્રકાશ. આ પ્રકાશ તો દરેક આત્મામાં ભર્યો પડ્યો છે, ફક્ત તેની ઉપર પ્રમાદ કહો કે સ્વચ્છંદવશ આવી પડેલાં આવરણો કહો તે દૂર કરવા આપણે સહુએ ખરા જ્ઞાની ગુરુનું શરણ મેળવી, તેમની સાચી ભક્તિ કરી, ધન્વંતરી વૈદ્ય સમા તેમના એકાન્ત હિતકારી ઉપદેશને અનુસરી સત્ય ધર્મમાર્ગે સંચરવું જોઇએ. તેમ કરવા જતાં અનેક વખત જીવને આળસ–પ્રમાદાદિક તેર કાઠીયા નડે છે. તેનું સવિસ્તર વર્ણન સાચા ઉપદેશદ્વારા જાણી, તેમજ સદ્ગ્રંથોદ્વારા બરાબર સમજી, મોહ–અજ્ઞાનવશ રહેલી આપણી ભ્રમણા દૂર કરીને ચાલવા ખરો દૃઢ પ્રયત્ન કરશું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તો જન્મ-મરણજનિત અનંત દુઃખોથી મુક્ત થઇ, આપણે પણ પૂર્વ મહાપુરુષો પેઠે અજરામર ને અવ્યાબાધ એવું શાશ્વત મોક્ષસુખ પ્રાપ્ત કરી શકશું. અહંકારાદિક કાઠિયાને વશ પડનારા પામર જીવો સાચા જ્ઞાની ઉપદેશક સદ્‌ગુરુનું શરણ લઈ શકતા નથી. તેમને તે ભારે અંતરાયરૂપ બને છે, તેથી એ અહંકારાદિ કાઠિયાને જેમ બને તેમ ત્યાગી જ્ઞાની ગુરુથી સદ્‌બોધ મેળવી જલ્દી દૂર કરવા ઘટે. અહંકારાદિક દોષ-દુર્ગુણ ટળ્યા એટલે આત્માનો ખરો ખજાનો ખુલ્યો સમજવો, ખરા જ્ઞાનીની પરીક્ષા શીલ-સદાચારથી થાય છે, કેવળ શાસ્ત્રાભ્યાસ માત્રથી થતી નથી.

નીચે કહેલાં પંદર સ્થાનોવડે સાધુ સુવિનીત કહેવાય છે.

૧ અહંકાર વર્જી, નમ્રવૃત્તિ ધારનાર, ૨ અચપળ-સ્થિર સ્વભાવી. ૩ અમાયી-સરલ સ્વભાવી, ૪ અકુતૂહલી ( ક્રીડા-કૌતુક રહિત ), ૫ પોતાની નાની ભૂલને પણ સમજીને દૂર કરનાર, ૬ ક્રોધ-કષાયની વૃદ્ધિ થાય તેવો દુષ્ટ પ્રબંધ નહીં કરનાર, ૭ સર્વ સાથે મૈત્રીભાવને ભજનાર, ૮ શાસ્ત્ર ભણીને તેને જીરવી જાણનાર, ૯ પાપ-કર્મનો પ્રતીકાર કરનાર, ૧૦ મિત્રો ઉપર કોપ નહીં કરનાર, ૧૧ અપ્રિય એવા શત્રુનું પણ ભૂરું નહીં બોલનાર, હિત કરનાર, ૧૨ કલેશ-કંકાસથી દૂર રહેનાર, ૧૩ જ્ઞાન યુક્ત, ૧૪ ખાનદાન-ઉદાર, તથા ૧૫ સંયમ-મર્યાદા યથાસ્થિત પાળનાર સુવિનીત કહેવાય છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૪, પૃ. ૮૦ ]

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## કપિલ મુનિના આઠમા અધ્યયનમાંથી નીતરતો ઉત્તમ બોધ.

મન એ જ બંધ અને મોક્ષનું કારણ છે. મનનો દુષ્ટ વેગ બંધન કરે છે અને મનની નિર્મળતા મુમુક્ષુતા જગાડે છે. ચિત્તનું વિવશપણું જીવને કયાંસુધી અવળો ઘસડી જાય છે અને અંતરાત્માનો એક જ અવાજ લક્ષ આપવાથી કેવી રીતે જીવને અધઃપતનથી બચાવી લે છે, તેનો બોધપાઠ કપિલ મુનીશ્વર કે જે આખરે અનંત સુખ પામી મુક્ત થયા છે, તેના પૂર્વજીવનમાંથી મળી શકે છે.

' કપિલ કૌશાંબી નગરીમાં એક ઉત્તમ બ્રાહ્મણકુળમાં જન્મ્યા હતા. યુવાન વયમાં માતાની આજ્ઞાથી શ્રાવસ્તી નગરીમાં આવીને એક પ્રખ્યાત પંડિતને ત્યાં વિદ્યાધ્યયન માટે સ્થિત થયા. યૌવનવય એક પ્રકારનો નશો છે. તે નશાને વશ થઈ કેંક યુવાનો માર્ગને ભૂલે છે. કપિલ પોતાનો માર્ગ ભૂલ્યા. વિષય-ભોગની પ્રબળ વાંછના જાગી. વિષયની આસક્તિથી તેની પરિચર્યા કરતી એક દાસીના સ્નેહ-પાસમાં પડ્યા. દાસીએ પ્રસૂતિપ્રસંગ માટે પૈસાની માગણી કર્યાથી પોતે મુંઝાયા, પણ તેની જ પ્રેરણાથી તે ધન પ્રાપ્ત કરવા રાત્રિમાં વહેલા ઊઠીને રાજા પાસે જવા ચાલ્યા, પણ ચોરની શંકાથી સપડાયા. રાજાએ ખરી હકીકત પૂછી, તેને વિનંતિ કરવાથી છૂટ્યા અને ઇચ્છિત દાન માગવા રાજાએ તેને છૂટ આપી એટલે કપિલ વિચારમાં પડ્યા કે ' આ માગું કે તે માગું ? ' તેની લાલસાઓ કોઇ રીતે તૃપ્ત થઇ નહીં. આખરે આખું રાજ્ય માગવા મન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લલચાયું. જેવું તે વચન બહાર કાઢવા જાય છે તે જ ક્ષણે અચાનક અંતઃકરણનો અવાજ આવે છે, કે રાજ્ય મળ્યા પછી પણ તૃપ્તિ ક્યાં છે ? બે માસા સુવર્ણ માગવા આવેલો હું લોભ–તૃષ્ણાવડે કેટલો તણાયો ? કપિલનું હૃદય નિર્મળ હતું તેથી એકાએક તેનો વિચારવેગ બદલાયો અને તેના પૂર્વ સંસ્કાર જાગૃત થયા. તેને સાચા સુખનો માર્ગ સમજાયો અને તે જ વખતે તેણે બધો મોહ તજી દીધો, નિઃસ્પૃહ બન્યો અને રાજા પ્રમુખ સૌને વિસ્મિત કરી દીધા. પોતાના અંતઃકરણને જાગૃત કરી દીધું. સંતોષ સમાન સુખ નથી. તૃષ્ણા એ જ દુઃખને પેદા કરનારી–દુઃખની ખાણ છે. તે તૃષ્ણા શમાવી દીધાથી કપિલનાં અનેક કર્મ–આવરણો ક્ષય પામ્યા. તેનું અંતઃકરણ પ્રફુલ્લિત બન્યું, સંવેગરંગથી રંગાઇ ગયું અને ઉત્તરોત્તર ઉત્તમ ચિન્તનના પરિણામે આત્મધ્યાન કરતાં કરતાં કપિલ મુનિ કેવળજ્ઞાન પામ્યા. **આમાંથી ગ્રહણ કરવા યોગ્ય રહસ્ય નીચે પ્રમાણે—**

૧. જેમ લાભ થતો જાય તેમ લોભ વધતો જાય છે, બે માસા માટે કરેલું કાર્ય કરોડોથી પણ પૂરું ન થયું, એમ સમજી સંતોષવૃત્તિનું સેવન કરી સુખી થવું ઘટે.

૨. ઘરને તજી સંયમી થયેલો સાધુ સ્ત્રી પર આસક્ત ન થાય, સ્ત્રીસંગ તજીને તેનાથી દૂર જ રહે અને ચારિત્ર-ધર્મને સુંદર જાણીને તેમાં જ પોતાના ચિત્તને સ્થિર–એકાગ્ર કરે.

૩. આ ચારિત્રધર્મ વિશુદ્ધ મતિવાળા કપિલમુનિએ વર્ણવ્યો છે. તેને જે આચરશે તે જરૂર તરી જશે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૪, પૃ. ૧૪૩ ]

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# અમૃત-બિંદુઓ

**ક્રોધ**—ક્રોધ અનર્થોનું મૂળ કારણ છે, સંસારભ્રમણને વધારનાર છે અને ધર્મ-પુન્યનો ક્ષય કરનાર છે, એમ જાણીને તેને તજવો તે જ યોગ્ય છે.

**સુમતિ**—પરસ્ત્રીમાં અને પરદ્રવ્યમાં માઠી મતિ થવી ન જોઇએ, તેમ પરના અપવાદ બોલવામાં-નિન્દા કરવામાં પણ મતિ ન જ થવી જોઇએ.

**વિરલા**—પરાયા ગુણને જાણનાર વિરલા, દુઃખી-નિર્ધન સાથે સ્નેહ નિભાવનાર વિરલા, પરોપકારરસિયા વિરલા તેમ પારકા દુઃખે દુઃખિયા થઇ તેમનાં દુઃખ ફેડવા તત્પર રહેનારા **વીર**-વિરલા હોય છે.

**સજ્જન**—પરોપકાર કરવામાં તત્પર રહેનાર સજ્જન કદાપિ ક્રોધ-કષાયાદિ વિકારને પામતા નથી. ચંદન વૃક્ષ છેદાતાં પણ કુહાડાના પાનાને સુગંધી કરે છે. સુવર્ણને તપાવ્યા છતાં ફીક્કું નહીં પડતાં તેનો વાન વધતો જાય છે.

**વિચક્ષણ**—ગઇ વાતનો હર્ષશોક ન કરે, ભવિષ્ય કાળની ચિન્તા ન કરે, પણ વર્તમાન કાળને વિચારીને વર્તે તેને વિચક્ષણ જાણવો.

**કર્મફળ**—રાગાદિકને વશ થઈ જીવ જેવું કર્મ કરે છે તેવાં ફળ પામે છે. અધ્યવસાય-પરિણામ સુધરતાં ફળમાં પણ પરિવર્તન થઈ જાય છે.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**ભાગ્ય કેમ ફળે ?**—પૂર્વ તપના સંસ્કારવડે સંચિત ભાગ્ય પણ ખરેખર વૃક્ષોની પેઠે જીવોને અહીં યથાસમયે ફળે છે–ફળ આપે છે.

**લોભાન્ધ**—અતિ લોભવશ જીવ મમ્મણ શેઠની પેઠે અહીં પણ માઠાં સાહસ ખેડતો મરણાંત કષ્ટ પામી અંતે દુર્ગતિગામી થાય છે.

**વિધિના લેખ**—કર્મના કાયદા મુજબ સહુને સુખ–દુઃખાદિ સાંપડે છે, એમ જાણી ધીર–વીર સંકટ સમયે પણ કાયર થતા નથી–પુરુષાર્થ સેવે છે.

**અજ્ઞાની જનો** જ્ઞાનીને નિંદે છે, ચોરો ચંદ્રમાને નિંદે છે, નીચ જનો ધર્મને નિંદે છે અને મૂર્ખ જનો સુવિવેકી પંડિતોને નિંદે છે.

**ધર્મબુદ્ધિ**—વીતરાગ દેવ પ્રત્યે પ્રેમ–ભક્તિ, સહુ જીવો પ્રત્યે મૈત્રીભાવ, સુગુરુના હિતવચનોમાં સંતોષ, શીલગુણવાળા સજ્જનો વિષે ખરી પ્રીતિ, તેમ શુદ્ધ ધર્મશ્રવણમાં અંતરંગ રુચિ–પ્રીતિ બની રહેવી જોઇએ.

**મુગ્ધ** જીવોના મનમાં એકાએક ધર્મબોધ અસર કરતો નથી તેથી પ્રથમ કામ ને અર્થના કથનથી તેમનાં મન ધીમે ધીમે ધર્મપ્રત્યે આકર્ષવાં. એમ કરવાથી બોધશ્રમ સફળ થાય છે. એટલે સમયોચિત કથનવડે પ્રથમ તેમનામાં તત્ત્વજિજ્ઞાસા જાગે છે, પછી તેઓ ધર્મોપદેશને લાયક બની અંતે મુક્તિના સાચા માર્ગનો આદર કરી શકે છે.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

**ભાવ વગરનું બધું ફીક્કું**—જેમ ગુરુ વગર યથાર્થ જ્ઞાન ન થાય, ઝાડ વગર ફળ ન થાય, નાવ વગર સમુદ્ર પાર ન પમાય તેમ **ભાવ** વગર ધર્મ ન જ થાય.

**ધર્મસેવન શ્રેષ્ઠ છે**—વ્યાધિ-વેદનાથી ભરપૂર આ અસાર સંસારમાં સાચું સુખ નથી એમ જાણતાં છતાં, મોહવિકળ મુગ્ધ જનો જિનોક્ત શુદ્ધ ધર્મનું સેવન કરતા નથી, તેમને પાછળથી ઘણું પસ્તાવું પડે છે.

**સંસારભ્રમણ**—એવી કોઇ જાતિ કે યોનિ નથી, તેમ જ એવું કોઇ સ્થાન કે કુળ નથી કે જ્યાં સર્વે જીવો અનંતી વાર જન્મ્યા ને મરણ પામ્યા ન હોય.

**શરણ**—રાગાદિક સર્વે દોષ રહિત વીતરાગને ઓળખી તેનું જ શરણ લેવું યોગ્ય છે.

**વચનમાં દરિદ્રતા ન જોઇએ**—પ્રિય વાકયના પ્રભાવે સર્વે જીવો સંતોષાય છે, તેથી પ્રિય અને હિત, મિત, મિષ્ટ વચન જ વદવું. તેમાં ઉપેક્ષા ન કરવી.

**રક્ષક જ ભક્ષક બને તો**—જો માતા થઇ પુત્રને ઝેર દે, પિતા થઇ તેને વેચે, રાજા થઈ તેનું સર્વસ્વ હરી લે તો પછી કયાં જઇને પોકાર કરવો ?

**રોગી** ને મનના **નબળા** લોકો જલ્દી ઉશ્કેરાઇ સ્વપરનું બગાડી દે છે.

**ઉદારદિલના** સજ્જનો તો સારા વિશ્વને કુટુંબવત્ લેખે છે. તેઓ બને ત્યાં સુધી કોઇને દુઃખ કે પ્રતિકૂળતા ઉપજાવતા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નથી, પરંતુ સહુને સુખની સાનુકૂળતા થાય તેવા પરોપકાર કરે છે.

**કૃતકર્મનું જબરું કારણપણું**—જ્યારે તનમનમાં વિકૃતિ પેદા થાય ત્યારે વૈદ્યો વાત, પિત્ત કે કફનો વિકાર થયેલો જણાવે છે, જ્યોતિષીઓ ગ્રહ–ગણાદિ નિમિત્તનો દોષ જણાવે છે અને મંત્રવાદીઓ ભૂત–પિશાચકૃત ઉપદ્રવ જણાવે છે, પરંતુ શુદ્ધ મતિવાળા સાધુજનો તો તેને કર્મોદયરૂપ નિમિત્ત જ કહે છે.

**જે રસિક જનો** શાસ્ત્રોક્ત સુભાષિત–અમૃત રસવડે કાનને સદા પવિત્ર કરતા રહે છે, તેમનાં જન્મ ને જીવિત સફળ છે. તેમના વડે જ આ ભૂમિ ભૂષિત છે. બાકી પશુ પેઠે વિવેકવિકળ અને પૃથ્વીને ભારભૂત એવા મુગ્ધ અવિવેકી જનોવડે શું ?

**નિઃસ્પૃહીને** કોઈની આશા નહી હોવાથી તે સારા જગતથી ઉદાસીન બને છે.

**જીવતાં છતાં** પાંચ પ્રકારના માણસોને વ્યાસજીએ મૃતપ્રાય કહ્યા છે. ૧ દરિદ્રી–નિર્ધન, ૨ રોગી–વ્યાધિગ્રસ્ત, ૩ મૂઢ–વિવેકહીન, ૪ સદા પ્રવાસી અને ૫ નિત્ય પરાઇ નોકરી કરી જીવિત ગાળનાર.

**અતિ લોભને માથે કાળચક્ર** ભમે છે, તે વાત મોહ–માયાવશ જીવો ભૂલી જાય છે.

**માયા–કપટ,** નિર્દયતા, ચંચળતા ને કુશીલતા એવા દોષો જેનામાં સ્વાભાવિક જ હોય છે તેવી સ્ત્રીઓમાં રમણ–કામચેષ્ટાદિક કોણ સુજ્ઞ કરે ?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**મર્મમાં** વાગે એવું વચન, નોકર ઉપર વિશ્વાસ, સ્વજનો સાથે ક્લેશ, મૂર્ખની સાથે સંગત અને બળીયા સાથ બાથ–એ પાંચે અનર્થકારી છે.

**હિંસા**—પાંચે ઈન્દ્રિયો, મન–વચન–કાયબળ, ઉચ્છ્વાસ નિઃશ્વાસ અને આયુષ્ય એ દશ પ્રકાર ભગવંતે ભાખ્યાં છે. ઉક્ત પ્રાણોનો વિનાશ ( જીવથી જુદા પાડવારૂપ ) કરવો, કરાવવો કે અનુમોદવો તે **હિંસા** કહેવાય છે.

**જિનની વ્યાખ્યા**—રાગ, દ્વેષ અને મોહ જેમણે સર્વથા જીતી લીધા હોવાથી સ્ત્રી–શસ્ત્ર–જપમાળા રહિત શાંત ને નિર્દોષ મુદ્રાવડે સ્પષ્ટ જિન–અર્હન્ ઓળખાય છે.

**ભિન્ન ભિન્ન રસ**—કાવ્યરસજ્ઞોને સુમધુર–અલંકારિક કાવ્ય અમૃતસમું મિષ્ટ લાગે છે, કામભોગી જનોને કામિની–સ્ત્રીઓ અમૃતસમી મીઠી લાગે છે, લોભી જનોને ધન મીઠું લાગે છે અને ત્યાગી–સંયમી સાધુજનોને તો આધ્યાત્મિક શાન્તિ જ પ્રિય લાગે છે.

**સ્વશ્લાઘા** સાથે પરનિંદાનો સ્વભાવ એ નિર્ગુણી જીવોનું લક્ષણ છે અને પરગુણપ્રશંસા સાથે સ્વદોષનિંદા એ સદ્ગુણીનું લક્ષણ છે.

**ઉત્તમતા**—સદ્ગુણોવડે ઉત્તમતા આવે છે; જાતિપ્રભાવથી ઉત્તમતા આવતી નથી. ક્ષીરસમુદ્રથી મળેલું કાળકૂટ–વિષ શું ઉત્તમ છે ?

**સમાન** ગુણ ને દોષવાળાઓની મિત્રતા હોઈ શકે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**કાગડો** પણ અન્ય કાગડાઓને અન્નાદિક આપી પોતાનું પોષણ કરે છે. છતે યોગે દાન દેતો નથી તે કાગડાથી પણ હીન લેખાય છે.

**પ્રભુને નમસ્કાર**—હે જગન્નાથ ! સમસ્ત જગતનો ઉપકાર કરનાર, જન્મપર્યંત આત્મનિષ્ઠ, દાનવીર અને રક્ષક એવા આપને નમસ્કાર

**એ સાતે ઘાતક છે**—જીવો મારી માંસ તૈયાર કરનાર, વેચનાર, રાંધનાર, ભક્ષણ કરનાર, વેચાતું લેનાર, અનુમતિ આપનાર અને વેચનાર એ સાતે જનોને શાસ્ત્રકારો ઘાતક (હિંસક) લેખે છે.

**મહાત્માઓને દુભવવાનું ફળ**—મહાત્મા ગુરુદેવોને દુભવીને જો ભૂમિ પર અશ્રુપાત કરાવવામાં આવે તો તે તે દેશોનો નાશ, મહાદુઃખ, આપત્તિ અને મરણ-ફળ નિશ્ચે થવા પામે એ વાત ભૂલવી નહીં.

**વિષયોનું** દુસ્તરપણું સમજી આત્માર્થી મુમુક્ષુ જનોએ તેનાથી દૂર રહેવું.

**ગુણપક્ષપાત**—મહાવીર વિષે મારે અનુરાગ (પક્ષપાત) નથી તેમજ કપિલાદિક અન્ય દર્શનીઓ પ્રત્યે દ્વેષ નથી; સુવર્ણની પેઠે ખરી પરીક્ષા કરતાં જેનું વચન યુક્તિયુક્ત લાગે તેનો સર્વાંશે સ્વીકાર કરવો જોઇએ, તે હું કરું છું.

**નાસ્તિ**—ચિન્તાતુરોને સુખ કે નિદ્રા હોતી નથી, કામાતુરને ભય કે લજ્જા હોતા નથી. અતિલોભી–લાલચીઓને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્વજન કે બંધુ સંભવતા નથી તેમજ ક્ષુધાતુરોને બળ કે તેજ સાંપડતાં નથી. તે તે દુષ્ટ–વિકારોને ટાળવાથી જ જીવોને ખરી સુખ-શાન્તિ મળે છે અને સદ્ગુણો વધે છે.

( જૈ. ધ. પ્ર પુ ૫૪, પૃ ૧૪૪-૧૪૫ )

## શ્રાવક શ્રાવિકાઓને ઉપયોગી સૂચનાઓ

( ૧ ) જે કંઈ કરણી શ્રી દેવગુરુને અવલંબી કરવામાં આવે તે કેવળ દેખાદેખી કરવા કરતાં તેનો હેતુ સમજવાનો જરૂર ખપ કરવો, જેથી આપણી ભૂલ સુધરવા પામે અને અન્યને પણ ખરો માર્ગ જડે.

( ૨ ) એક બીજાને ધર્મકરણી કરવામાં ખલેલ પડે એમ વર્તવું નહીં.

( ૩ ) ઘંટ વગાડતાં બીજાને કંટાળો ન ઉપજે એમ ધીમે રહી એકાદ વાર વગાડવો. વારંવાર ઘંટ વગાડી બીજાને પૂજન-કાર્યમાં ખલેલ ઉપજાવવી નહીં.

( ૪ ) દેરાસરમાં પૈસા મૂકવા હોય તો તે ચોરાઈ ન જાય તેમ ભંડારમાં જ જાતે નાખવા, જેથી બીજા પણ તેમ કરવાનું શિખે. એ રીતે બીજી પણ અર્પણ કરાતી ચીજો માટે સમજવું.

( ૫ ) પ્રભુભક્તિ પ્રસંગે મુખ્યપણે સરસ ચંદનનો ઉપયોગ કરવો. શુદ્ધ કેશર વિગેરે સુગંધી દ્રવ્યનો જોગ મળે તો તેનો જોઇતા પ્રમાણમાં ઉપયોગ કરવો. ગમે તેવી સોંઘી કે મોંઘી અશુદ્ધ વસ્તુનો તેવે પ્રસંગે ઉપયોગ કરવો નહીં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

( ૬ ) દેરાસર કે ઉપાશ્રય વિગેરે ધર્મસ્થાનકની ભીંતોને કંઇક સમજ વગરના સજ્જનો કોલસા કે પેન્સીલથી ચીતરી ખરાબ કરે છે તેમ સમજુએ ન કરવું અને તેમ કરનારને હિતબુદ્ધિથી મીઠા વચને સમજાવવું.

( ૭ ) પ્રભુભક્તિ અર્થે જો જયણાથી વિવેકપૂર્વક સ્નાન કરાય તો તેવું સ્નાન કરનારને ફાયદાકારક થઈ શકે છે. જયણા વિના પુષ્કળ પાણી ઢોળવું તે અયોગ્ય છે.

( ૮ ) જ્યાં લીલ-ફુલ જામે એવે સ્થળે સ્નાન કરવું નહીં.

( ૯ ) શરીરશુદ્ધિ સાથે વસ્ત્રાદિકની શુદ્ધિ પણ સાચવવી.

( ૧૦ ) પ્રભુપૂજા-ભક્તિનો લાભ ઇન્દ્રાદિકની પેઠે જાતે લેવો, નોકરો ઉપર તેવું કિંમતી કામ મૂકી-ભળાવી બેફીકર રહેવું યોગ્ય નથી.

( ૧૧ ) પૂજાપ્રસંગમાં ધૂપ, દીપ કરવાને પ્રસંગે પણ બનતી જયણા રાખવા ભૂલવું નહીં. ઘરમાં પણ દીવો ઉઘાડો મૂકવો ન જોઈએ તો પ્રભુના દ્વારે પ્રભુ સન્મુખ તો હરેક પ્રસંગે જયણાનો મંગળ ઉપદેશ યાદ રાખી વિવેક સાચવવા ભૂલવું નહીં.

( ૧૨ ) થોડાં કે ઘણાં ફૂલ શુદ્ધ મળી શકે તેને કિલામણા ન ઉપજે એમ વિવેકપૂર્વક તેનો ભક્તિપ્રસંગે ઉપયોગ કરવો. ફૂલોને સોયથી વિંધી બનાવેલી માળાદિક ચઢાવવાથી ફૂલની થતી વિરાધનામાં ઉત્તેજન મળે છે તે વ્યાજબી નથી, એમાં થતો અવિવેક દૂર કરવો.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

(૧૩) ધર્મસ્થાનકમાં લાભ લેવા આવનારને દર્શન પૂજાદિક કરતાં ગ્લાનિ ન ઉપજે પણ હર્ષ-પ્રમોદ વધે તેમ તેની દેખરેખ રાખનારે જોઈતી સઘળી વ્યવસ્થા જાળવવી.

(૧૪) ભાવિક જનોએ સમજ મેળવી, કાયમ ચાલતો અવિધિ દોષ ટાળી, સારા વિધિરસિકનો સમાગમ કરી, પોતે વિધિનો ખપ કરવો અને અન્ય ખપી જનોને પણ તેવો વિધિનો ખપ કરવા યોગ્ય પ્રેરણા કરવી.

(૧૫) જેમ આપણામાં શાન્તિ આવે-વધે તેમ વર્તવું.

(૧૬) સ્તવનાદિ પ્રસંગે નકામો ઘોંઘાટ થવા ન પામે તેમ પ્રેરણા કરવી.

(૧૭) સ્તુતિ શ્લોકાદિક બોલવા તે અર્થની સમજ સાથે ઉપયોગ રાખીને બોલવા, જેથી ઠીક લાભ થવા પામે.

(૧૮) જેને ચૈત્યવંદનાદિક ન આવડે તે નવકારવાળીવડે ૧૦૮ નવકાર મંત્રનો શાન્તિથી જાપ કરીને પણ તેવો લાભ મેળવી શકે.

(૧૯) દરેક ભાઈબહેને હમેશાં સામાયિક કરવા કે શાસ્ત્ર-અભ્યાસરૂપ સ્વાધ્યાય કરવા જરૂર લક્ષ રાખવું. છેવટે દેવગુરુ સમીપે જઈ સ્થિરતાથી દર્શન-વંદનાદિક કરી આત્માને વધારે પવિત્ર બનાવવા પ્રયાસ સેવવો.

(૨૦) વધારે નહીં તો થોડો વખત પણ સત્સમાગમ સેવી આપણા જીવનમાં સારા સદ્ગુણો પ્રગટે-ખીલે તેવો સફળ પ્રયાસ સેવવા ભૂલવું નહીં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૨૧) મનુષ્ય જન્મની દુર્લભતા સાથે ક્ષણુ લાખેણો જાય વિગેરે એકાન્ત હિતવચનોને સફળ કરવા દરેક ભાઈ બહેને બનતી કાળજી રાખવી.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૪, પૃ. ૧૮૧ ]

## શ્રી દેવ–ગુરુના દર્શન-વંદન--પૂજનાદિ પ્રસંગે ભાવિક ભાઇ બહેનોને લક્ષમાં રાખવા યોગ્ય અગત્યની સૂચનાઓ

૧ સાંસારિક વાતો નહીં કરવાની નિશ્ચયવાળી **નિસ્સિહી** મુખથી ઉચ્ચારીને પછી જેમાં પ્રવેશ કરીએ એવા જિનમંદિર અને ઉપાશ્રય જેવા ધર્મસ્થાનમાં સંસારી વાતો ન જ કરવી.

૨ જિનભુવને ૮૪ અને ગુરુ પ્રત્યે ૩૩ આશાતના સમજીને તજવી.

૩ સળગતી અગરબત્તી જ્યાં ત્યાં નહીં મૂકતાં ધૂપદાનમાં જ મૂકવી.

૪ પ્રભુને પ્રક્ષાલન કરવાનું ચોખ્ખું જળભરેલું શુદ્ધ વાસણ કાગડા વિગેરે પંખીઓ બોટી જાય એમ ઊઘાડું ન મૂકવું.

૫ અભિષેક ( સ્નાન ) કરવાના કલશ વિગેરેમાં ચિકાશ ન રહે તેમ જ તેમાં લીલફૂલ ન બાઝે તેવી ચોખ્ખાઈ રાખતા રહેવું.

૬ પ્રભુના શરીરે અંગલુંછણુ માટે શુદ્ધ–પવિત્ર વસ્ત્ર વાપરવું.

૭ પ્રભુની પૂજા–ભક્તિ કરનાર ભાઈ–બહેનોએ પોતાનાં પહેરવા–ઓઢવાનાં વસ્ત્ર પણ શુદ્ધ ને સફેદ જ વાપરવાં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૮ સ્નાન કરતાં વિશેષ જળ ઢોળવાથી નાહક ત્રસાદિક જીવોની વિરાધના થવા ન પામે એવી રીતે જયણાનું લક્ષ રાખવું.

૯ પોતે સ્નાન કરી જેવા તેવા અશુદ્ધ વસ્ત્રથી શરીર લૂવું નહીં.

૧૦ દેવગુરુને વંદન પૂજન કરવાનાં વસ્ત્ર સર્વસાધારણ ( પંચાઉ ) નહીં વાપરતાં પોતાનાં અલાયદાં રાખીને વાપરવાં.

૧૧ વંદન–પૂજન–ચૈત્યવંદનાદિક પ્રસંગે નિસ્સિહી પ્રમુખ દશ ત્રિક જાળવી અને સારું ઉત્તરાસન રાખી, મનની એકાગ્રતા સાચવી દેવગુરુની સેવાભક્તિ કરવી.

૧૨ પુરુષોએ પ્રભુની જમણી બાજુ અને સ્ત્રીઓએ ડાબી બાજુ રહી દર્શન, વંદન, પૂજન, ચૈત્યવંદનાદિ વિધિ સાચવવો.

૧૩ પ્રથમ શરીરશુદ્ધિ કરી, શુદ્ધ વસ્ત્ર પહેરી, મન સ્થિર કરી, ભૂમિ પ્રમાર્જનવડે શુદ્ધ કરી, શ્રેષ્ઠ પૂજાનાં ઉપગરણોની સામગ્રીથી, ન્યાયદ્રવ્ય ખર્ચી દેવગુરુની ભક્તિનો યથાયોગ્ય લાભ લેવો.

૧૪ પંચપ્રકારી કે અષ્ટપ્રકારી પૂજા તેના હેતુ સમજીને કરવી.

૧૫ દ્રવ્યપૂજાપૂર્વક ભાવપૂજા–સ્તુતિ સ્તવનાદિકનો લાભ લેવા ચૂકવું નહીં. ગંભીર અને મધુર સ્વરથી ચૈત્યવંદનાદિક કરવું.

૧૬ જ્ઞાની ગુરુ વિગેરે વડીલ જો ચૈત્યવંદન પ્રસંગે વિદ્યમાન હોય તો વિનય–બહુમાનપૂર્વક તેમની સાથે જ ચૈત્યવંદન કરવું.

૧૭ **પંચાશકાદિકમાં** કહેલો વિધિ યથાયોગ્ય આદરવા ખપ કરવો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૮ અર્થ ને રહસ્યની સમજ મેળવી સ્થિર ઉપયોગથી ધર્મકરણી કરવી.

૧૯ ચૈત્યવંદનવિધિ પૂર્ણ થાય ત્યાં સુધીના દરેક સૂત્રપાઠ વિગેરે શુદ્ધ બોલવા, જેથી અર્થનો ફેરફાર થવા ન પામે.

૨૦ બીજા ભાઇબ્હેનો પ્રભુભક્તિનો અપૂર્વ લાભ લેતા હોય તેમાં તેમને સ્ખલના ન થાય એવો વિવેક રાખવાનું ભૂલવું નહીં.

૨૧ બીજા ભાવિક ભાઇબ્હેનો તેવે પ્રસંગે કંઇ ભૂલ કરતા હોય, અવિધિદોષ સેવતા હોય તો પ્રસંગ પામીને તેમને નમ્રભાવે તેનું નિવેદન કરી સુધારી લેવાનું કહેવું.

૨૨ મુખ્યપણે ચંદનાદિક શીતળ દ્રવ્યોવડે પ્રભુની વિલેપન પૂજા આપણો અનાદિ કષાયતાપ શમાવવા માટે પ્રથમ કર્યા પછી બીજી પુષ્પાદિક પૂજા યથાયોગ્ય કરવાનો વિવેક રાખવો. વિલેપન પૂજા પ્રભુના મસ્તકથી શરૂ કરી આખે અંગે કરી શકાય.

૨૩ પૂજાપ્રસંગે જીવજયણાનું લક્ષ ભૂલી જવું નહીં.

૨૪ વીતરાગ પ્રભુના દર્શનાદિક આપણામાં એવી વીતરાગતા પ્રગટાવવા માટે જ કરવાનાં છે તે લક્ષમાં રાખી, વિષય, વિકથાદિક પ્રમાદને સાવધાનતાથી દૂર કરવા.

૨૫ જે દ્રવ્યભાવપૂજાદિક કરણી કરવી તે સફળ થાય તેવા ઉપયોગ–ભાવોલ્લાસ સહિત પ્રેમપૂર્વક કરવી.

૨૬ આપણા કામમાં ખલેલ પડે એવું કંઇ વિપરીત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આચરણ થતું જણાય તો તે શાન્તિથી સહન કરવું અને સામાને નમ્રભાવે હિતોપદેશ આપી અનુકૂળ રહેવા સમજાવવું.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૫, પૃ. ૨૬ ]

## પુણ્ય કર્મની સમજ.

મન વચ કાયાએ કરી, જે જે જીવથી થાય;
કર્મ કહે છે તેહને, જેથી જીવ બંધાય. ૧
શુભ કર્મ સારાં હોયે, અશુભ નઠારાં હોય;
તે માટે શુભ કર્મમાં, યત્ન કરો સૌ કોય. ૨

**પુણ્ય કર્મ**—પુણ્ય બંધાવાનાં મૂળ નવ કારણો છે. **કર્મ**ના ઘણા પ્રકાર છે. જીવની સાથે કર્મનો જે સંબંધ થાય છે તેમાં સારાં કર્મ તે પુણ્યકર્મ કહેવાય છે. તે મુખ્યત્વે કરી નીચે દર્શાવેલા કામો કરવાથી બંધાય છે.

૧ ભૂખ્યા પ્રાણીને પ્રેમવડે અન્ન આપવાથી.

૨ તરસ્યા પ્રાણીને પાણી પીવા આપવાથી.

૩ રહેવા માટે આશ્રય વગરનાને સ્થાન આપવાથી.

૪ સૂવાને બિછાના વગરનાને બિછાનું આપવાથી.

૫ દરદીને ઓસડ-ભેષજ આપી વ્યાધિ ટાળવાથી.

૬ દુઃખી પ્રાણીઓનાં દુઃખ મટાડવા માટે સારા વિચાર કરવાથી.

૭ દુઃખી પ્રાણીનાં દુઃખ દૂર થાય તેવાં પ્રિય ને મધુર વચનો બોલવાથી.

૮ પ્રાણીનાં દુઃખને મટાડવા શરીરની મદદ આપવાથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૯ વસ્ત્ર વિનાના પ્રાણીને પહેરવા વસ્ત્ર આપવાથી.

એવી રીતે બીજાં પણ વિશેષ કારણોથી પુણ્યકર્મ બંધાય છે. સાધુસંતોને તથા સુશ્રાવક બંધુઓને એ બધું પૂજ્યભાવ અને વિનય સહિત બહુમાનપૂર્વક આપવું, તેથી સવિશેષ પુણ્ય બંધાય છે. પુણ્યકર્મથી જીવને સુખ–શાતાની પ્રાપ્તિ થાય છે.

## પુણ્યકર્મ વિશે ચોપાઈ

સારા વિચારો મનમાં થાય, સત્યપણે નિત્ય વાણી વદાય;
ભૂખ્યાને ભોજન અપાય, તરસ્યા જનને પાણી પાય. ૧
નિરાશ્રયને આપે સ્થાન, વસ્ત્રરહિતને વસ્ત્રનું દાન;
ભૂમિ પડેલું દેખી અંગ, આપે બિછાનું રાખી ઉમંગ. ૨
દરદીનાં દુઃખ દેખ્યાં ન જાય, ઔષધ આપી દૂર કરાય;
પરદુઃખ દેખી આપ દુભાય, તે દૂર કરવા સત્વર ધાય. ૩
જીવદયાનો દિલમાં વાસ, સમતાકેરો નિત્ય પ્રકાશ;
ધર્મ વિષે જે પૂરણ પ્રીત, પુણ્યકર્મતણી એ રીત. ૪

## પાપકર્મ સંબંધી ટૂંક સમજ

જેમ સારાં કર્મ તે પુણ્યકર્મ કહેવાય છે તેમ નબળાં–નઠારાં–હીણાં કર્મ તે પાપ કર્મ કહેવાય છે. તે વડે જીવો દુઃખી થાય છે. નીચે દર્શાવેલાં કામો કરવાથી પાપકર્મ બંધાય છે.

૧ કોઇપણ જીવને પ્રમાદવશ મારી નાખવાથી કે દુઃખ દેવાથી.
૨ કોઈપણ પ્રકારે (ક્રોધ–લોભ–ભય–હાસ્યવડે) જૂઠું બોલવાથી.
૩ પારકી કોઇપણ વસ્તુ ખરાબ દાનતથી છૂપી રીતે લઇ લેવાથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૪ પુરુષે પરસ્ત્રી સાથે કે સ્ત્રીએ પરપુરુષ સાથે મૈથુન સેવવાથી.
૫ અનીતિ યા અન્યાયથી પૈસા વગેરેનો સંગ્રહ કરવાથી.
૬ ક્રોધાદિક ચાર કષાય કરવાથી.
૭ કોઈના પર જૂઠાં આળ મૂકવાથી.
૮ પારકી નિંદા કરવાથી. ૯ ચાડી ખાવાથી.
૧૦ જુગાર રમવાથી. ૧૧ કલેશ–કંકાસ કરવાથી.
૧૨ માયા–કપટ યુક્ત કરણી કરવાથી.

એ પ્રમાણે પાપકર્મ બંધાય તેવાં ઘણાં કારણો છે તે બધાનો અઢાર પાપસ્થાનકોમાં સમાવેશ થવા પામે છે અને તે વર્જ્ય છે. પાપકર્મોથી પ્રાણી દુઃખી થાય છે અને નરક-તિર્યંચાદિક દુર્ગતિ પામે છે; તેથી પાપકર્મ ન બંધાય અને સુખી થવાય તેવાં પુણ્યકર્મ કરવાં.

## પાપકર્મ વિષે

નઠારા વિચારો સદા ચિત્ત ધારે, મૃષાવાદ બોલે ગમે તે પ્રકારે;
બૂરી દાનતે પારકી ચીજ લેવા, ધરાવે હરામીપણું નીચ હેવા. ૧
અનીતિ કરી સંગ્રહે દ્રવ્ય પોતે, જુવે છિદ્ર છાનાં જૂઠા આળ ગોતે;
કરી કલેશ કંકાસ નિંદા દુઃખાવે, બની ચાડિયા ફંદમાંહે ફસાવે. ૨
જુગાર રમે ભોગવે અન્ય નારી, રિબાવી કરે જીવહિંસા જ ભારી;
અધર્મી બની ધર્મનો દંભ રાખે, પ્રભુ સર્વ તે પાપના કર્મ ભાખે. ૩

પુણ્યકર્મથી સુખ અને પાપકર્મથી દુઃખ મળે છે તે વચનો પરમેશ્વરનાં છે. [ જૈ. ધ. પ્ર. પુ. ૫૫, પૃ. ૨૭. ]

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## જીવન ઉજ્જ્વળ બનાવો !

૧ આટલી વસ્તુને બાધ ન અણાય તો જ વાસ્તવિક વિચક્ષણતા ગણાયઃ-૧ આરોગ્યતા, ૨ મહત્તા, ૩ પવિત્રતા અને ૪ ફરજ.

૨ કરજ એ નીચ રજ ( ક+રજ ) છે. એ અતિ ભયંકર છે. એ ( માથે ) હોય તો આજે ઉતારજે અને નવું કરતાં અટકજે.

૩ દેહની જેટલી ચિન્તા રાખે છે તેટલી નહીં પણ એથી અનંતગણી ચિન્તા આત્માની ( આત્મકલ્યાણ સાધવાની ) રાખ. કારણ અનંત ભવની પીડા એક ભવમાં ટલવી શકય છે.

૪ તારો દોષ એટલો જ કે અન્યને પોતાનું માનવું અને પોતે પોતાને ( નિજ આત્મ-કલ્યાણને ) ભૂલી-વિસરી જવું.

૫ તારી અંતરની લાગણી કલ્યાણ સાધવાની થઈ નથી, તેથી જુદે જુદે સ્થળે તેં સુખની કલ્પના કરી રાખી છે.

૬ હે મૂઢ ! એમ ન કર. એ તને મેં હિત અર્થે કહ્યું છે. સુખ અંતરમાં છે; તે બહાર શોધવાથી નહીં મળે.

૭ હે જીવ ! હવે ભોગથી શાન્ત થા; શાન્ત થા. વિચાર તો ખરો કે એમાં કયું સુખ છે ? સત્‌શીલ અને સદ્‌જ્ઞાનને સાથે જોડજે.

૮ એકથી મૈત્રી કરીશ નહીં. કર તો આખા જગતથી કરજે.

૯ પરહિત એ જ નિજ હિત સમજવું અને પરદુઃખ એ પોતાનું દુઃખ સમજવું, સુખ દુઃખ એ બંને મનની કલ્પના છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૦. ક્ષમા એ જ મોક્ષનો ભવ્ય દરવાજો છે. સઘળા સાથે નમ્રભાવે વર્તવું એ જ ખરું ભૂષણ છે. શાન્ત સ્વભાવ એ જ સજ્જનતાનું ખરું મૂળ છે. ખરા સ્નેહી( પ્રેમી )ની ચાહના એ સજ્જનતાનું ખાસ લક્ષણ છે. દ્વેષભાવ એ વસ્તુ ઝેરરૂપ માનવી. વિવેકબુદ્ધિથી સઘળું આચરણ કરવું. નીતિના બંધન ઉપર પગ ન મૂકવો. જિતેંદ્રિય થવું. ગંભીરતા રાખવી. પરનિંદા એ જ સબળ પાપ માનવું. દુર્જનતા કરી ફાવવું એ જ હારવું એમ માનવું. આત્મજ્ઞાન અને સજ્જનસંગતિ રાખવી–સેવવી. યોગાનુયોગે બનેલું કૃત્ય બહુ સિદ્ધિને આપે છે.

૧૧. હજારો ઉપદેશવચનો સાંભળવા કરતાં તેમાંનાં થોડાં વચનો પણ વિચારવાં એ વિશેષ કલ્યાણકારી છે.

૧૨. કુપાત્ર પણ સત્પુરુષના મૂકેલા વરદ હસ્તથી પાત્ર થાય છે; જેમ છારાથી શુદ્ધ થયેલ સોમલ શરીરને નીરોગી બનાવે છે.

૧૩. યથાર્થ વચન ગ્રહણ કરવામાં દંભ રાખશો નહીં. હિતશિક્ષા આપનારનો ઉપકાર ઓળવશો નહીં. ખરો માર્ગ ચૂકશો નહીં.

૧૪. મહાત્મા થવું હોય તો ઉપકારબુદ્ધિ રાખો. સત્પુરુષના સમાગમમાં રહો. આહાર–વિહારમાં અલુબ્ધ અને નિયમિત રહો. સત્શાસ્ત્રનું મનન કરો. ઉચ્ચ શ્રેણિમાં લક્ષ રાખો. એ ન હોય તો તેને સમજીને આનંદ( પ્રસન્નતા ) રાખતાં શીખો.

૧૫. વર્તનમાં બાળક બનો, સત્યમાં યુવાન થાઓ, જ્ઞાનમાં વૃદ્ધ થાઓ.



P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૬. રાગ કરવો નહીં, કરવો તો સત્પુરુષ પર કરવો; દ્વેષ કરવો નહીં, કરવો તો કુશીલ( દુરાચાર ) પર કરવો.

૧૭. અનંત જ્ઞાન–દર્શન–ચારિત્ર–વીર્યથી અભિન્ન ( એક-રૂપ ) એવા આત્માનો એક પળ ( થોડો વખત ) પણ વિચાર કરો.

૧૮. મનને વશ કરવું દોહિલું છે. મનને વશ કર્યું તેણે જગતને વશ કર્યું.

૧૯. આત્માનું સત્ય સ્વરૂપ એક શુદ્ધ સચ્ચિદાનંદમય છે, છતાં ભ્રાન્તિથી ભિન્ન ભાસે છે. ત્રાંસી આંખ કરવાથી ચંદ્ર બે દેખાય છે.

૨૦. એકાન્તિક કથન કરનાર જ્ઞાની ન કહી શકાય.

૨૧. એકનિષ્ઠાએ જ્ઞાનીની આજ્ઞા આરાધતાં તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે.

૨૨. જગત જેમ છે તેમ તત્ત્વજ્ઞાનની દૃષ્ટિથી જુઓ.

૨૩. ક્રિયાએ કર્મ, ઉપયોગે ધર્મ, પરિણામે બંધ અને ભ્રમે મિથ્યાત્વ છે.

૨૪. સમ્યગ્ નેત્રને પામી ગમે તે ધર્મશાસ્ત્ર વિચારતાં આત્મહિત પ્રાપ્ત થશે.

૨૫. કૃતઘ્નતા જેવો એકે મહાદોષ મને લાગતો નથી, તેથી વસ્તુને યથાર્થ જુઓ.

૨૬. ધર્મનું મૂળ વિનય–વિવેક છે, વીરના આ એક વચન-ને પણ સમજો.

૨૭. અહંપદ, કૃતઘ્નતા, ઉત્સૂત્રપ્રરૂપણા ને અવિવેકાચરણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ માઠી ગતિનાં લક્ષણ છે, એમ સમજી તેનો સદંતર ત્યાગ કરવો જરૂરનો છે.

૨૮. જ્ઞાનીઓ સ્વાદના ત્યાગને આહારનો ખરો ત્યાગ કહે છે.

૨૯. અભિનિવેશ ( કદાગ્રહ ) જેવું એકે પાખંડ નથી.

૩૦. પૂર્વનાં અશુભ કર્મ ઉદય આવ્યે વેદનનો શોચ (ખેદ) કરો છો તો હવે એ પણ ધ્યાનમાં રાખો કે નવાં કર્મ તેવાં તો બંધાતાં નથી ને ?

૩૧. જેમાં સાહસ થયું હોય તેમાંથી હવે તેવું ન થાય તેવો બોધ લ્યો.

૩૨. શ્રેષ્ઠ વસ્તુની જિજ્ઞાસા કરવી એ જ આત્માની શ્રેષ્ઠતા છે.

૩૩. નવાં કર્મ બાંધવા નહીં અને જૂનાં ભોગવી લેવાં એવી જિજ્ઞાસા એ કર્તવ્ય છે.

૩૪. જે કૃત્યનું પરિણામ સારું નથી તે કૃત્ય કરવાની ઇચ્છા જ તજવી જોઇએ.

૩૫. એક વાર જો સમાધિમરણ થયું તો સર્વ કાળનાં અસમાધિમરણ ટળી જશે.

૩૬. અલ્પ આહાર, અલ્પ વિહાર, અલ્પ નિદ્રા, નિયમિત વાચા, નિયમિત કામ અને અનુકૂળ સ્થાન એ મનને વશ કરવાનાં ઉત્તમ સાધન છે.

૩૭. પ્રમાદને લીધે આત્મા પ્રાપ્ત થયેલું સ્વરૂપ ભૂલી જાય છે.

૩૮. ઘણું જ સૂક્ષ્મ અવલોકન કરો. સત્યને તો સત્ય જ રહેવા દો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૩૯. કરી શકો તેટલું કહો, અશકયતા ન છુપાવો એક-નિષ્ઠિત રહો.

૪૦. સર્વોત્તમ પદ સર્વત્યાગીનું છે. ત્યાગનું મહત્ત્વ પિછાનો.

૪૧. આત્મ-લક્ષ ( ઉપયોગ ) તજી, પંચવિધ યા અષ્ટ-વિધ પ્રમાદ કહો કે સ્વચ્છંદે ચાલવું, મન આવે તેમ મોકળા મ્હાલવું-એવા સ્વેચ્છાચારથી જીવને રાગ-દ્વેષ ને મોહ-મમતા-વશ ઘણાં ચીકણાં કર્મ બંધાતાં રહે છે, તેથી જન્મ-મરણના ફેરા અગણિત કરવા પડે છે. મહાવીર પ્રભુ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના દશમા અધ્યયનમાં શ્રી ગૌતમ ગણધરને સંબોધી એક ક્ષણ પણ પ્રમાદ નહીં કરવા ઉપદેશે છે, તે સહુ કોઇ આત્માર્થી જનોને જરૂર આદરવા યોગ્ય છે. તે પ્રમાણે વર્તાય તો થોડા વખતમાં બેડો પાર થાય.

૪૨. માનવદેહાદિક દુર્લભ ધર્મસામગ્રી મહાભાગ્યયોગે સાંપડી છે, તેનો યથેચ્છ લાભ લઇ જાણનારની બલિહારી છે.

૪૩. ભોગો ભોગવવાની અતૃપ્ત વૃત્તિ તો દરેક જન્મના તે તે જન્મયોગ્ય શરીરદ્વારા આપણને રહ્યા જ કરે છે, માટે અલ્પકાળમાં અલ્પપ્રયાસે સદ્ધર્મ સેવી-આરાધી લેવાય તો કેવું સારું ?

૪૪. પ્રમાદ એ ભારે રોગ છે. પ્રમાદ એ જ દુ:ખ-દુર્ભાગ્ય છે, પ્રમાદને પરિહરી સદ્ધર્મ સાધી લેવા પુરુષાર્થ કરી લેવો તે જ સાચું અમૃત છે, તે જ સાચા સુખરૂપ છે તેમ સમજી અનાદિ અવળી ચાલ ( અસદ્વર્તન ) તજી દઇ, આત્મસાધના કરી લેવામાં જ ખરું ડહાપણ-ચતુરાઇ યા કૌશલ્ય રહેલું છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૪૫. જ્ઞાન એટલે આત્મ–પ્રકાશ. આ પ્રકાશ દરેક આત્મામાં ભર્યો છે. માત્ર તેને આચ્છાદન કરનારાં આવરણો નીકળી જવાં જોઇએ અને ઘટનાં દ્વાર ઊઘડી જવાં જોઇએ. શાસ્ત્રોનો અભ્યાસ આત્મશોધન માટે જ કરવાનો છે એમ સમજી, શાસ્ત્રોને ભણી, તેનો સાર ગ્રહણ કરી લેવા પ્રમાદ તજી, ખરી દિશામાં પુરુષાર્થ કરવો ઉચિત છે. એથી જ એની સાર્થકતા–સફળતા છે.

૪૬. તત્ત્વજ્ઞાનના પ્રકાશથી અહંકાર દોષ ગળી–ટળી જવો જોઇએ.

૪૭. અહંકાર એ જ્ઞાનનું અજીર્ણ લેખાય, તેને અવશ્ય ટાળવું જોઇએ.

૪૮. અહંકાર એ આત્મસાધનમાં ભારે અંતરાયરૂપ છે. અહંકાર ગયો–ટળ્યો એટલે અંતર ખજાનો ખુલ્લો થયો સમજવો. ખરા જ્ઞાનીની પરીક્ષા શીલ–સદાચારથી થાય છે; કેવળ શાસ્ત્ર અભ્યાસથી નહીં. કલ્યાણના અર્થીને માટે એટલો ઇશારો બસ લેખાય.

૪૯. જગતના લોકોની કામનાનો પાર નથી, તેઓ ચાળણી-માં પાણી ભરવાનો મિથ્યા પ્રયત્ન કરે છે. હે ધીર ! તું આશા અને સ્વચ્છંદને છોડી દે, તે બે શલ્ય સ્વીકારીને જ તું રખડ્યા કરે છે. સુખનું સાધન માનેલી વસ્તુઓ જ તારા દુઃખનું કારણ થઈ પડે છે.

૫૦. જેઓ કામગુણોને ઓળંગી જાય છે તેઓ ખરેખર મુક્ત થાય છે, અકામથી કામને દૂર કરતાં તેઓ પ્રાપ્ત થયેલા કામગુણોમાં પણ ખૂંચતા નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૫૧. કામભોગોમાં સતત મૂઢ રહેતો માણસ ધર્મને ઓળખી શકતો નથી. વીર ભગવાને કહ્યું છે કે–તે મહામોહમાં બિલકુલ પ્રમાદ( વિશ્વાસ ) ન કરવો. શાંતિના સ્વરૂપનો અને મરણનો વિચાર કરીને તથા શરીરને નાશવંત જાણીને કુશળ પુરુષ કેમ પ્રમાદ કરે ?

૫૨. પ્રમાદ અને તેને પરિણામે કામગુણોમાં આસક્તિ એ જ ખરી હિંસા છે, માટે બુદ્ધિમાને ' પ્રમાદથી જે મેં પહેલું કર્યું તે હવે નહિ કરું. ' એવો નિશ્ચય કરવો જોઇએ.

૫૩. જે માણુસ વિવિધ પ્રાણીઓની હિંસામાં પોતાનું જ અનિષ્ટ જોઇ શકે છે તે તેનો ત્યાગ કરવા સમર્થ થઈ શકે છે. જે માણુસ પોતાનું દુઃખ જાણે છે તે બહારનાનું દુઃખ જાણે છે. શાંતિને પામેલા સંયમીઓ બીજાની હિંસા કરીને જીવવા ઇચ્છતા નથી.

૫૪. ધર્મને જ્ઞાની પુરુષો પાસેથી સમજીને કે સ્વીકારીને સંઘરી ન રાખતો ( પ્રમાદ ન કરતો ), પરંતુ પ્રાપ્ત થયેલા ભોગ પદાર્થોમાં વૈરાગ્ય પામી લોકપ્રવાહને અનુસરવાનું છોડી દેજે.

૫૫. સુખ દુઃખમાં સમભાવ રાખી, જ્ઞાની પુરુષોના સંગમાં રહેવું અને અનેક પ્રકારનાં દુઃખથી દુઃખી એવા સ્થાવર જંગમ પ્રાણીઓને પોતાની કોઇ પણ ક્રિયાથી પરિતાપ ન આપવો. આમ કરનારો તથા પૃથ્વીની પેઠે બધું સહી લેનારો મહામુનિ **ઉત્તમ શ્રમણ** કહેવાય છે.

૫૬. ઉત્તમ ધર્મપદને અનુસરનારા, તૃષ્ણા રહિત, ધ્યાન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને સમાધિયુક્ત તથા અગ્નિની શિખા જેવા તેજસ્વી તે વિદ્વાન ભિક્ષુના તપ તથા પ્રજ્ઞા અને યશ વૃદ્ધિ પામે છે.

૫૭. એક બીજાની શરમથી કે ભયથી પાપકર્મ ન કરનાર શું મુનિ કહેવાય ? ખરો મુનિ તો સમતાને બરાબર સમજીને, પોતાના આત્માને નિર્મળ કરનાર હોય છે.

૫૮. જગતમાં જ્યાં ત્યાં સર્વત્ર આરામ છે, એમ સમજીને ત્યાંથી ઇંદ્રિયોને હઠાવીને, સંયમી પુરુષે જીતેંદ્રિય થઇને વિચરવું. જે પોતાના કાર્યો સાધવા ઇચ્છે છે તેવા વીરપુરુષે હંમેશા જ્ઞાનીના કહ્યા પ્રમાણે પરાક્રમ કરવું.

૫૯. મનુષ્યે અન્ય જીવની બાબતમાં બેદરકાર ન રહેવું. જે અન્ય જીવની બાબતમાં બેદરકાર રહે છે, તે પોતાની બાબતમાં પણ બેદરકાર ( Indifferent ) રહે છે, તથા જે પોતાની બાબતમાં બેદરકાર રહે છે તે અન્ય જીવની બાબતમાં પણ બેદરકાર રહે છે.

૬૦. જે અહિંસામાં કુશળ છે અને જે કર્મબંધથી મુક્તિ મેળવવાની જ તજવીજમાં રહે છે, તે સાચો બુદ્ધિમાન છે.

૬૧. વિષયના સ્વરૂપો જે બરાબર જાણે છે તે સંસારને જાણે છે, અને જે વિષયોનું સ્વરૂપ નથી જાણતો તે સંસારનું સ્વરૂપ પણ જાણતો નથી.

૬૨. મનુષ્યની પાસે જેમ વિશેષ કામ હોય છે તેમ તે વિશેષ કાર્યસિદ્ધિ કરી શકે છે; કારણ કે તેથી તે સમયની કરકસર કરતાં શિખે છે.

૬૩. સફળ અને નિષ્ફળ માણસો વચ્ચેનો મુખ્ય ભેદ માત્ર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એક ધૈર્યના તત્ત્વમાં જ રહેલો છે. જેઓ ધૈર્ય અને ખંત-પૂર્વક ઉદ્યોગ કરે છે તેમને જ ચિરસ્થાયી સફળતા મળે છે.

૬૪. ઉત્તમ મોતી કે ઝવેરાતની શોધમાં નીકળેલા માણસ-ને જ કુદરતરૂપી ઝવેરી તરફથી ભારે કિંમતનાં મોતી બતા-વવામાં આવે છે.

૬૫. બીજા શબ્દોમાં કહીએ તો માનસિક અને શારીરિક પરિશ્રમમાં સફળતા પ્રાપ્ત કરાવી આપનાર ત્રણ મુખ્ય તત્ત્વો **કાર્ય, ધૈર્ય** અને **ખંત** છે. તેમાં સૌથી મોટું તત્ત્વ ખંત છે.

૬૬. ચાલો ત્યારે આપણે જાગૃત થઇને પરિણામ જાણ-વાની કંઇ પણ ઉતાવળ રાખ્યા વિના કામ કરીએ; કામ કરીએ; આગ્રહપૂર્વક કામ કરીએ અને પરિશ્રમ કરતાં તથા ધૈર્ય ધરતાં શીખીએ.

૬૭. પુખ્ત ઉંમરે પહોંચેલા તરુણમાં પણ શિક્ષણથી સારો ફેરફાર થઈ જાય છે તો બાળકને નાનપણમાંથી નિયમપૂર્વક શારીરિક, માનસિક અને નૈતિક ઉમદા શિક્ષણ આપવામાં આવે તો તે કેવાં ચમત્કારિક કાર્યો કરી શકે ?

૬૮. ગુણસાગર એવા ( માર્ગદર્શક ) ગુરુ વગર, વિચક્ષણ માણસ પણ યથાર્થ ધર્મ-રહસ્યને જાણી-પામી શકતો નથી. જેમ મોટી આંખવાળો મનુષ્ય પણ દીવા વગર અંધકારમાં દેખી શકતો નથી તેમ.

૬૯. મંત્ર, દેવ, ગુરુ, તીર્થ, નિમિત્તજ્ઞ, સ્વપ્ન, ઔષધ, ભેષજમાં જેને જેવી ભાવના તેવી તેને સિદ્ધિ સાંપડે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૭૦. દ્રવ્યથી દાન, વાણીથી સત્ય, જિંદગીથી ધર્મ-કીર્તિ તેમજ કાયાથી પરોપકાર એમ અસારમાંથી સાર કાઢી લેવો જોઇએ.

૭૧. જળકલ્લોલ જેવી લક્ષ્મી ચપળ છે, ઈષ્ટ સંયોગો સ્વપ્ન જેવા ક્ષણભંગુર છે અને પવનના ઝપાટાથી ઊડેલા રૂ જેવું કારમું યૌવન છે એમ સમજી તેમાંથી બની શકે તેટલી સુકૃત કમાણી કરી લેવી.

૭૨, કૃપણનું ધન માત્ર નિષ્ફળ જાય છે–તેનો લાભ લઇ શકાતો જ નથી.

૭૩. વાણી સાચી વદવી, જળ છણેલું–ગળેલું પીવું, પગ જોઇને મૂકવો અને કામ વિચારીને કરવું.

૭૪. મૃત પશુ–પંખીઓનાં ચર્માદિક કામમાં આવે છે, પરંતુ મનુષ્યના મૃત શરીરમાંનું કશું કામમાં આવતું નથી; તેથી શાણા મનુષ્યોએ જીવતાં જીવતાં બને તેટલો સ્વપરનો ઉપકાર કરી લેવો.

૭૫. મોહાતુર જનોને ઇન્દ્રિય–દમન દુષ્કર જણાય છે, પરંતુ મોહ-મમતા તજનાર મન ઇન્દ્રિયોને, વિષય–કષાયને સુખે દમી શકે છે.

૭૬. હાથી જેવા મોટા પ્રાણીનું માંસ ખાનારો બળવાન સિંહ પણ આખા વર્ષમાં ફક્ત એક જ વાર રતિક્રીડા કરે છે તો બુદ્ધિવાન માનવીએ ડહાપણથી મન–ઇન્દ્રિયો પર કેટલો બધો કાબૂ આત્મકલ્યાણાર્થે રાખવો જોઇએ ?

૭૭. વિષય-કષાયને જીતનાર દુઃખ માત્રને જીતી સુખી થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૭૮. મોહાદિકને વશ પડેલા જીવો બેહાલ થાય તેમાં આશ્ચર્ય નથી.

૭૯. ધર્મપ્રેમી સજ્જનોના મનોરથો કલ્પવૃક્ષની પેઠે ફળે છે.

૮૦. પવિત્ર ધર્મસામગ્રી માનવભવમાં જ સાંપડી શકે છે, તેવો દુર્લભ માનવ જન્મારો પામી તેને વૃથા ગુમાવી દેવો નહીં.

૮૧. પ્રમાદ સમો કોઈ દુશ્મન નથી, તેમ સદુદ્યમ સમો કોઈ સુબંધુ નથી.

૮૨. વિષય-કષાય-વિકથાદિક સ્વચ્છંદને તજ્યા વગર મુક્તિ નથી, એમ સમજી આત્માર્થી ચકોર સજ્જનો ઉત્તમ પુરુષાર્થ-યોગે પ્રમાદને જીતી લઈ જન્મમરણના અનંતાં દુઃખત્રાસથી સર્વથા છૂટી જાય છે.

૮૩. બાળક પાસેથી પણ હિતવચન ગ્રહણ કરી લેવું, તેમજ નીચ પાસેથી પણ ઉત્તમ વિદ્યા ગ્રહણ કરી લેવી.

૮૪. દયા, દાન અને વૈરાગ્ય, વિધિયુક્ત જિનપૂજન અને વિશુદ્ધ ન્યાયવૃત્તિ એ સર્વ પુન્યાનુબંધી પુન્ય કમાવા માટે થાય છે.

૮૫. પ્રયત્ન અનુસારે વિદ્યાની પ્રાપ્તિ, પુન્યાનુસારે લક્ષ્મીની પ્રાપ્તિ, દાન અનુસારે યશ કીર્તિ અને પૂર્વકર્માનુસારે સારી નરસી બુદ્ધિ થવા પામે છે.

૮૬. પુષ્પની પાંખડી તથા કાચી કળીને છેદવી-તોડવી નહી.

૮૭. નાસ્તિકપ્રાય આચરણથી નરકગતિમાં જવા તૈયાર થયેલા પરદેશીરાજાએ આચાર્યશ્રી કેશીગણધરના પ્રભાવથી તેમના હિતકારી ઉપદેશને અનુસરવાથી દેવભવવાળી સદ્ગતિ મેળવી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૮૮. સુવર્ણ, ગૌ તથા પૃથ્વી પ્રમુખનું દાન દેનારા જગતમાં કંઇક મળે છે, પરંતુ પ્રાણીઓને અભય આપનારા--રક્ષા કરનારા પૃથ્વી ઉપર કોઈ વિરલા મળી આવે છે. અભયદાન સર્વ દાનમાં શ્રેષ્ઠ છે.

૮૯. પશુઘાતકો આગામી ભવે બહુ લાંબો વખત દુઃખી હાલતમાં રીબાયા કરે છે.

૯૦. દાનવૃત્તિયોગે દારિદ્ર નાસે છે, શીલયોગે દુર્ગતિ નાસે છે, સમ્યગ્જ્ઞાનયોગે અજ્ઞાન નાસે છે અને સદ્ભાવનાયોગે ભવ–ભ્રમણનો જલ્દી અંત આવે છે.

૯૧. જે સુબુદ્ધિ જનો સદાય રાત્રિભોજનનો ત્યાગ કરે છે તેમને માસે માસે પક્ષ (૧૫) ઉપવાસ જેટલું તપફળ મળે છે.

૯૨. ઉત્તમ સતા--સતીઓનાં શીલપાલનમાં ઉદાહરણરૂપ અતિ અદ્ભુત ચરિત્રો વાંચી–સાંભળી આત્માર્થી ભાઇ--બહેનોએ શીલવ્રતનું સેવન--પાલન કરવા બહુ સારો આદર કરવો ઘટે છે.

૯૩. દેવપૂજા, ગુરુસેવા, સ્વાધ્યાય (પઠન--પાઠન), સંયમ, તપ અને દાન એ છ નિત્યકૃત્યો ગૃહસ્થ ભાઇ--બહેનોને કરવા યોગ્ય છે.

૯૪. શ્રી તીર્થંકર પ્રભુની પૂજા–ભક્તિનું ફળ વર્ણવી ન શકાય તેટલું અમાપ જાણી ભવ્યજનોએ તેમાં અત્યંત આદર કરવો ઘટે છે.

૯૫. બ્રહ્મચર્યપાલન વગર જેમ સાધુના બીજા બધા ગુણો નિષ્ફળ કહ્યા છે, તેમ ઉચિત ઉદારતા વગર ગૃહસ્થની બધી કળાઓ નિષ્ફળ કહી છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૯૬. સ્ત્રી અને લક્ષ્મીને જેઓ વશ (પરાધીન) બન્યા છે તે મનુષ્યોને અધમ અને સ્ત્રી તથા લક્ષ્મી જેમને વશ વર્તે છે તેઓને ઉત્તમ કોટિના લેખ્યા છે.

૯૭. **વિનય**—જિનશાસનમાં વિનયને સર્વ ગુણના મૂળ-આધારરૂપ કહેલ છે. સંયત-સાધુ સુવિનીત હોય. વિનય રહિત-અવિનીત-વિનય ગુણનો અનાદર કરનારને ધર્મ કેવો ? તપ કેવો ? અવિનીત જીવ ધર્મ ને તપ કરવા માટે લાયક ન લેખાય.

૯૮. **પાંચ પ્રકારના શૌચ**—સત્ય શૌચ, તપ શૌચ, ઇન્દ્રિયનિગ્રહરૂપ શૌચ, સર્વ પ્રાણીદયારૂપ શૌચ અને પાંચમો જળ શૌચ કહ્યો છે.

૯૯. **પાત્રપરીક્ષા**—કેવળ વિદ્યાવડે અને તપવડે પાત્રતા લેખાય નહીં. જેનામાં વિદ્યા સાથે સદ્‌વર્તન હોય તેને જ પાત્ર તરીકે વખાણ્યો છે.

૧૦૦. **ઉદાર ભાવના**—આ પોતાનો અને આ પારકો એવી ગણના ક્ષુદ્ર જીવોની હોય છે. ઉદારચરિત્રીઓને સારી દુનિયા કુટુંબરૂપ હોય છે.

૧૦૧. **દેવાંશી કોણ લેખાય ?**—દેવપૂજા, દયા, દાન, દાક્ષિણ્યતા, દક્ષતા (ડહાપણ) અને દમ (ઇન્દ્રિયનિગ્રહ) એ છ દકારો જેને વર્યા હોય તેવા નરને દેવાંશી કહ્યો છે. એ છ દેવાંશીનાં લક્ષણ છે.

૧૦૨. **ચાર પ્રકારનો ધર્મ**—૧ સુપાત્રમાં દાન (નિષ્કામ સેવા-ભક્તિ), ૨ નિર્મળ નૈષ્ઠિક શીલનું પાલન, ૩ વિવિધ તપવડે આત્મનિગ્રહ અને ૪ મૈત્રી-કરુણાદિક શુભ ભાવના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ ચાર પ્રકારના ધર્મને સંસારસાગરને પાર પામવા ઉત્તમ પ્રવહણુ તુલ્ય મુનિઓ કહે છે.

૧૦૩. **અભયદાનની પ્રશંસા**—કોઈ એક સુવર્ણમેરુનું દાન દે અથવા સારી પૃથ્વીનું દાન દે, પરંતુ એક જીવને જીવિતદાન દેનારને તોલે ન આવે.

૧૦૪. **દયાનું વિશાળ ક્ષેત્ર**—દાન દેનારા ઉદારદિલને પાત્રાપાત્રની ચિન્તા શી હોય ? જુઓ મહાવીર પ્રભુએ યાચના કરવા આવેલા દીન–યાચક બ્રાહ્મણને અર્ધું દેવદૂષ્ય વસ્ત્ર અનુકંપાવડે આપી દીધું. અપરાધી જીવો ઉપર પણ જ્ઞાની-વિવેકી જનો વિશેષે દયા વર્ષાવે છે. જુઓ ! દંશ દેતા એવા ચંડકૌશિક સર્પને મહાવીર પ્રભુએ બુઝવ્યો.

૧૦૫. **પવિત્ર વસ્તુની પિછાણુ**—ભૂમિગત જળ પવિત્ર, પતિવ્રતા નારી પવિત્ર, ધર્મી રાજા પવિત્ર અને બ્રહ્મચારી જનો સદા પવિત્ર કહ્યા છે.

૧૦૬. **વ્રત-ભંગ કદી ન કરવું**—જ્ઞાની ગુરુની સાક્ષીએ આદરેલું વ્રત પ્રાણાંતે પણ ભાંગવું–તોડવું નહીં, કારણ કે વ્રતભંગ કરવાથી નરકાદિકનાં અતિ તીવ્ર દુઃખો સહન કરવાં પડે છે અને પ્રાણો તો ભવોભવમાં મળ્યા કરે છે. મતલબ કે સ્વીકારેલા વ્રતને પ્રાણથી પણ અધિક પ્રેમથી સદોદિત પ્રયત્નવડે સાચવી રાખી તેની જ પુષ્ટિ કરવી.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૪, પૃ. ૪૩, ૧૧૨ ]

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## સ્વજીવનની સફળતા કેમ થાય ?

### "જાણો તેટલું વિવેકથી આચરો અને બોલો તેટલું પાળો"

૧. આપણે જાણીએ તેટલું વિવેકથી આદરવા અને બોલીએ તેટલું પાળવા સાવધાન રહીએ તો સ્વપરહિતમાં કેટલો બધો વધારો થાય ?

૨. ડહાપણભરી દયાથી સહુ કોઇને આપણા આત્મા તુલ્ય લેખવા; સર્વ સાથે પરમ મૈત્રીભાવ રાખવો; દુઃખી જનો પ્રત્યે અનુકંપા બુદ્ધિ રાખવી; સદ્ગુણી જનો પ્રત્યે પ્રમોદ-પ્રસન્ન ભાવ રાખવો અને દુષ્ટ, દુર્બુદ્ધિ, પાપી, નિંદકજનો પ્રત્યે પણ રાગ-દ્વેષ નહીં કરતાં ઉદાસીનતા રાખી, અંતરથી સહુ કોઇનું એકાન્ત હિત ઇચ્છવું અને બને તેટલું સ્વપરહિત કરવું. એવો શુદ્ધ અહિંસકભાવ હૃદયમાં જાગૃત રાખવાથી સર્વત્ર કેટલી બધી શાન્તિ વધે અને અશાન્તિ-વૈરવિરોધાદિક દૂર ટળે ? આવા સદ્બુદ્ધિભર્યા વ્યાપારથી સ્વપરને કેટલો બધો ફાયદો થવા પામે ?

૩. ગમે તેવો આકરો શસ્ત્રાદિકનો ઘા યોગ્ય ઉપાયવડે રૂઝાય છે પરંતુ કઠોર વચનરૂપી ઘા તો કેમે કરી રૂઝાતો નથી અને મરણ પર્યન્ત સાલ્યા કરે છે એમ નિશ્ચયપૂર્વક સમજી રાખી, સામાને પ્રિય લાગે અને હિતરૂપ થાય એવું જ સમયોચિત સત્ય વચન બોલવાની ટેવ પાડવાથી કેટલો બધો લાભ થવા પામે, અનર્થ થતો અટકે અને સુખ-શાન્તિ સચવાય ?

૪. ચોરીનો માલ સીંકે ચડે નહીં, ચોરની મા કોઠીમાં મોં ઘાલીને રોવે, અને પાપીનું ધન પલ્લે ( નાશ ) થાય વગેરે હિતવચનો અંતરથી સાચા સમજ્યા જ હોય તો અનીતિ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અન્યાય–અપ્રમાણિકતા તજી, નીતિ–ન્યાય–પ્રમાણિકતા શુદ્ધ ભાવે આદરતાં શી વાર લાગે? અને એવા ઉમદા વ્યવહારથી સહુ કોઈ કેટલા બધા સુખી થઈ શકે?

૫. આપણી માતા—બહેન—દીકરી સાથે ખોટો વ્યવહાર રાખનાર જન પ્રત્યે આપણને કેટલો બધો તિરસ્કાર છૂટે છે? તેવી જ રીતે પરાઈ માતા બહેન કે સ્ત્રી સંગાતે ખોટું કામ કરનાર હીનાચારી જીવ પ્રત્યે પરને પણ તેવો જ તિરસ્કાર છૂટે એમાં આશ્ચર્ય શું? ત્યારે પવિત્ર મન–વચન–કાયાથી સુખી રહેતા સ્વપરને કેટલો બધો ફાયદો થાય? એવા વિચારશીલ ભાઈ બહેનોએ સ્વજીવન પવિત્ર બનાવી લેવા કેટલું બધું લક્ષ રાખવું જોઈએ? શીલને જ સાચો શણગાર લેખવો જોઈએ.

૬. લોભ સમાન દુઃખ નથી અને સંતોષ સમાન સાચું સુખ નથી એ સાચેસાચું સમજાયું હોય તો ખોટો બેહદ લોભ તજી સાચો સંતોષ સેવવો અને ખોટી લાલચો છોડવી; જેથી ખરું વાસ્તવિક સુખ સહેજે પ્રાપ્ત થઈ શકે.

૭. નકામી વાતો કરવાથી કશું વળવાનું નથી. રૂડી રહેણી-કરણીથી જ કલ્યાણ થશે.

૮. પ્રમાદી જીવને નરી વાતો જ કરી કાળક્ષેપ કરવો ગમે છે, પારકી વાતો કરવી મીઠી લાગે છે; રહેણીકરણી કડવી ઝેર જેવી લાગે છે.

૯. જ્યારે ભાગ્યોદયે રૂડી રહેણી–કરણી કરવી સાકર સમી મીઠી લાગશે અને નકામી વાતો ઝેર જેવી લાગશે ત્યારે જ જીવનું કલ્યાણ થશે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૩, પૃ. ૪૨૮ ]

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## સંવર ભાવના.

**આશ્રવથી** ઊલટો શબ્દ **સંવર** છે.

આશ્રવનો નિરોધ કરવાથી સંવરનો લાભ મળે છે, એટલે પાપરૂપ આશ્રવને આવવાનાં ગરનાળાં સમાન જે ૫૭ આશ્રવ-દ્વાર તેને સર્વથા રોકવાં એટલે નવાં આવતાં કર્મના સમૂહને અટકાવવા તે **સંવર** જાણવો. સમુદ્રમાં રહેલી નાવને છિદ્ર પડયું હોય તો પાણી અંદર ભરાય ને નાવ બૂડી જાય, પણ છિદ્રને બંધ કરી દીધું હોય તો તેમાં પાણી આવતું નથી અને નાવ બૂડતી પણ નથી. તેમ પાપ-આશ્રવને આવવાનાં પ્રનાળને રોકવાથી નવાં કર્મ આવતાં બંધ થાય છે. તે આવી રીતે-સમ્યગ્દર્શન( સમકિત ) થી મિથ્યાત્વ આશ્રવ બંધ થાય છે. પાંચ ઇન્દ્રિયો અને મનને રોકવાથી ઇન્દ્રિયો અને મનદ્વારા આશ્રવ થતા બંધ થાય છે. છકાય જીવનો ઘાત કરવાવાળા આરંભના ત્યાગથી તથા અવિરતિરૂપ કર્મ આવવાનાં દ્વાર રોકવાથી વિરતિરૂપ સંવર થાય છે, આત્માને ખાસ અહિતકર તે તે પાપ-આશ્રવને બરાબર સમજીને તજવાથી અને આગળ બતાવાશે એવા દોષોનો ત્યાગ કરી સદ્ગુણોનું સેવન કરતા રહેવાથી સહેજે સંવરનો લાભ મળે છે. સોળ કષાય અને તેના સહચારી નવ નોકષાયોને જીતી દશ લક્ષણ-યુક્ત યતિધર્મને ધારણ કરવાથી સર્વવિરતિરૂપ સંવર થાય છે. મન, વચન અને કાયાના યોગ-વ્યાપારથી કર્મનું આવવું થાય છે પણ તેને ધ્યાન, સ્વાધ્યાય અને તપાદિકવડે રોકવાથી યોગ-સંવર થાય છે. વળી પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ પાળવાથી,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દશ પ્રકારનો યતિધર્મ ધારણ કરવાથી, બાર ભાવના ભાવવાથી, સત્તર પ્રકારે સંયમ પાળવાથી તથા બાવીશ પરિસહો સહન કરવાથી નવાં કર્મ આવતાં બંધ થાય છે; એટલે સંવર થાય છે. પાંચ પ્રકારના પ્રમાદને તજી યતનાથી વર્તવું તે **સમિતિ** કહેવાય છે. તેમાં અહિંસા એટલે દયા મુખ્ય છે. મન, વચન, કાયાના યોગને રોકવા તે **ગુપ્તિ** છે. સ્વતત્ત્વ એટલે આત્મ-તત્ત્વનું ચિન્તવન કરવું તે **ભાવના** છે. પૂર્વકર્મના ઉદયથી પ્રાપ્ત થતાં ક્ષુધા, તૃષાદિ પરિસહને કાયરતા રહિત સમભાવથી સહેવા તે પરિસહનો જય છે. રાગાદિક દોષરહિત પોતાના આત્મસ્વભાવમાં પ્રવૃત્તિ કરવી તે **ચારિત્ર** છે. એવી રીતે જે વિષય-કષાયાદિકથી વિમુખ થઇને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવમાં પ્રતિબંધ રહિતપણે પ્રવર્તે છે તેને સમિતિ અને ગુપ્તિ આદિ ઉપર જણાવેલ ધર્મોવડે **નવીન કર્મનો આશ્રવ નહીં થતાં સંવર થાય** છે. જુઓ ! પુંડરીક અને કંડરીક એ બે ભાઇ-ઓમાં કંડરીકે પ્રથમ ચારિત્ર ગ્રહણ કર્યું હતું પણ પાછળથી તેનું મન વિષયવિવશ ડોલાયમાન થવાથી તેણે ચારિત્ર તજીને રાજ્ય લીધું તેથી મરીને સાતમી નરકે ગયો. તેના ભાઈ પુંડરીકે કંડરીકને રાજ્ય સોંપી તેના ચારિત્રનાં ઉપકરણો લઇ નિશ્ચય કર્યો કે ' કોઈ મહર્ષિ ગુરુ પાસે જઇ મારે દીક્ષા અંગીકાર કરવી ત્યારપછી જ મારે આહારપાણી ગ્રહણ કરવાં ' આવો અભિ-ગ્રહ ધારી ઘેરથી અલવાણે પગે તે ચાલી નીકળ્યા. રસ્તે ચાલતાં પગમાં કાંટા વાગ્યા તેથી લોહીની ધારાઓ ચાલી તો પણ ઉત્તમ ગુરુયોગે ચારિત્ર અંગીકાર કરી પારણે નીરસ આહાર લેવાવડે



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અજીર્ણ થવાથી, કાળ કરી સર્વાર્થસિદ્ધ વિમાને દેવપણે ઉપજ્યા. આશ્રવથી કંડરીકની કેવી દુર્દશા થઇ અને સંવરથી પુંડરીકની કેવી શુભ દશા થઇ તે સમજી જાગૃત થવું જોઇએ.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૪, પૃ. ૨૬ ]

## " એક અવિચળ લક્ષ્ય "

( ભાગ્યના સ્રષ્ટામાંથી )

૧. એક જ મુખ્ય લક્ષ્ય રાખવું અને તેને જ પ્રાપ્ત કરવાની તાલાવેલી તથા પ્રયત્ન સેવવા એ આપણા જીવનની મહત્ત્વની બાબત છે.

૨. માત્ર આત્મસમર્પણથી જ વિજય પ્રાપ્ત થાય છે.

૩. ઊંડા અભ્યાસનું નામ જ કુશાગ્ર બુદ્ધિ છે. કાર્યમાં કારણનો ઉપચાર છે.

૪. પ્રત્યેક માણસે પોતાના લક્ષ્યને બંધબેસતો ખાસ માર્ગ યાને પ્રવૃત્તિ નિશ્ચિત કરવી જોઇએ અને જો તેમાં સફળ જ થવાની ઇચ્છા હોય તો તેને જ વળગી રહેવું જોઇએ.

૫. એક તરુણ મનુષ્યના જીવનમાં અસ્થિરતા એ અકિંચતા જેટલી જ ભયંકર નીવડે છે.

૬. સાવધાનતાપૂર્વક અવલોકન કરનાર અને દૃઢતાપૂર્વક નિશ્ચય કરનાર પ્રત્યેક માણુસ અજાણતાં બુદ્ધિમાન બની જાય છે.

૭. જે માણસો આ જગતમાં એક જ કામને સર્વભાવે હાથમાં ધરી રાખે છે તેઓ જ તેને બહુ સારી રીતે પાર પાડી શકે છે, અને તેઓ જ આ જગતમાં મોખરે આવે છે; માટે એક જ વિષયને વળગી રહો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૮. એક જ સારું નિશ્ચિત લક્ષ્ય ઉદ્દેશરહિત જીવનની હજારોગમે ખરાબીઓને અટકાવે છે.

૯. માત્ર શક્તિ હોવી જોઇએ એટલું જ પૂરતું નથી, પરંતુ તેને કોઈ દૃઢ-સ્થિર લક્ષ્ય પર એકાગ્ર કરવી જોઈએ.

૧૦. એક જ નિશ્ચિત ઉદ્દેશ જેવી ઉત્તમ વસ્તુ દુનિયામાં બીજી કોઈ છે જ નહીં.

૧૧. આ ટૂંકા માનવજીવનમાં જેને કાંઇપણ મહત્ત્વવાળું કાર્ય કરવું હોય તેણે પોતાની સર્વ શક્તિઓવડે એવું તો એકાગ્રપૂર્વક કામ કરવું જોઇએ કે આ દુનિયામાંના મોજશોખ કરવાને માટે જન્મેલા આળસુ માણસોને તો તે ગાંડા માણસ જેવો જ લાગે.

૧૨. એક અડગ લક્ષ ધરાવનાર તરુણ પુરુષ કરતાં વિશેષ ભવ્ય દૃશ્ય આ જગતમાં કોઈ જ નથી.

૧૩. સીધા પોતાના લક્ષ્ય તરફ ધસી જતા, વિઘ્નોમાંથી પોતાનો માર્ગ કાપી કાઢતા અને બીજા માણસોને હંફાવી-હતાશ બનાવી દે એવાં વિઘ્નોને જીતી લેતા એકાદ તરુણ પુરુષને જોવાથી આપણને કેવો આનંદ પ્રાપ્ત થાય છે?

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૪, પૃ. ૨૭ ]

## જીવાજીવાદિ નવ તત્ત્વોનું સંક્ષિપ્ત વર્ણન.

૧. જીવ-શુભ અશુભ કર્મનો કર્તા, શુભાશુભ કર્મનો હર્તા તથા શુભાશુભ કર્મનો ભોક્તા, ચેતના લક્ષણ યુક્ત અને દશ પ્રાણ ધારે તે **જીવ** કહેવાય. તેના ચૌદ ભેદ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૨. અજીવ-એનાથી વિપરીત જડ લક્ષણવાળો, ચેતના રહિત હોય તે **અજીવ** કહેવાય. તેના પણ ચૌદ ભેદ છે.

૩. શુભ કર્મના પુદ્ગલ વેદવા તે **પુણ્ય**. તેના ૪૨ ભેદ છે.

૪. અશુભ કર્મના પુદ્ગલ વેદાય તે **પાપ**. તેના ૮૨ ભેદ છે.

૫. નવાં નવાં કર્મ આત્મામાં આવવાના દ્વાર તે **આશ્રવ**. તે શુભ-અશુભ આશ્રવના ૪૨ ભેદ છે.

૬. આવતાં કર્મ જેનાથી રોકાય તે **સંવર**. તેના ૫૭ ભેદ છે.

૭. પૂર્વે બાંધેલાં કર્મનો અંશેઅંશે ક્ષય થાય તે **નિર્જરા**. તેના બાહ્ય-અભ્યંતર તપના સેવનરૂપ ૧૨ ભેદ છે.

૮. જીવને કર્મની સાથે બંધાવું તે **બંધ**. તેના ચાર ભેદ છે.

૯. જીવ સાથેનો કર્મનો સર્વથા વિયોગ થાય તે **મોક્ષ**. તે જાણવાના નવ પ્રકાર છે.

આત્માર્થી-કલ્યાણાર્થી-તત્ત્વજિજ્ઞાસુ જનોએ ઉક્ત નવે તત્ત્વોનું સવિસ્તર સ્વરૂપ સમજવાની જરૂર છે. તેમાંનાં **જીવ** અને **અજીવ** એ બે તત્ત્વ **જ્ઞેય** એટલે ખાસ જાણવા યોગ્ય છે. પુન્ય, સંવર, નિર્જરા અને મોક્ષ એ ચાર તત્ત્વો **ઉપાદેય** એટલે આદરવા યોગ્ય છે. તથા પાપ, આશ્રવ અને બંધ એ ત્રણ તત્ત્વો **હેય** એટલે તજવા યોગ્ય છે. ગુરુગમ્ય બોધ મેળવી નવતત્ત્વાદિ વિસ્તારથી જાણનારની તત્ત્વશ્રદ્ધા દૃઢ ને નિર્મળ થવા પામે છે, તેથી જ તેને માટે પ્રેરણા કરવામાં આવે છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૪, પૃ. ૨૮ ]

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

## " સ્વાશ્રય "

૧. શક્તિની પ્રતીતિમાં જ સર્વ વસ્તુસ્થિતિનો સમાવેશ થઇ જાય છે. જે માણસ સૌથી વિશેષ સ્વાશ્રયી હોય તે જ સૌથી વિશેષ બળવાન છે.

૨. તારી શકિતની આત્મપ્રતીતિમાં જ તારા વિકાસ માટેનું ઉત્તમોત્તમ સાધન કુદરતે મૂકેલું છે.

૩. મોટો હોદ્દો કે ભારે પગાર મળવાથી જ કંઇ મહાપુરુષ બની જવાતું નથી. પોતાનામાં જો કંઈ સત્ત્વ હશે તો તે કામથી જ પ્રગટ થશે.

૪. જે માણસોએ પોતાની જાત ઉપર સૌથી વિશેષ આધાર રાખ્યો છે તેમણે જ સૌથી વિશેષ ઉન્નતિ પ્રાપ્ત કરી છે.

૫. માત્ર એક જ બાબત પાછળ મંડી પડવાથી સાધારણ બુદ્ધિ ધરાવનાર ઘણા માણસો મહાબુદ્ધિમાન તરીકે કીર્તિ પામ્યા છે.

૬. માણસે પોતાની જાતની જેટલી કિંમત આંકી હોય છે તેટલી જ કિંમત બીજા તેની ગણે છે.

૭. ઇચ્છા ( પ્રબળ ) હોય તો માર્ગ અવશ્ય જડી આવે છે.

૮. ગોખણપટ્ટીદ્વારા મેળવેલું અપકવ જ્ઞાન પાછળથી આપોઆપ જ ભૂલાઇ જવાનું અને તે પોતાની શ્રદ્ધા અને આત્મભાન બંનેને ગુમાવી દેવાનો. હદપારની ગોખણપટ્ટીથી સ્મરણશકિત બગડે છે.

૯. બીજા માણસો કેવા થયા છે અને એમણે શું કર્યું છે તે વિષે વાંચવું તથા વિચારવું તથા વિચાર કરવો એટલું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જ બસ નથી, પરંતુ તેવા થવું અને તેવાં કામ કરવાં તે જરૂરી છે. તરુણ પુરુષો જીવનનો મહાન ઉદ્દેશ વિસરી જાય એવો ઘણો સંભવ છે.

૧૦. રૂસોએ કહ્યું હતું કે 'તેને જ્ઞાન આપવું એ મારો ઉદ્દેશ નથી, પરંતુ તેને જરૂર પડે ત્યારે તે કેવી રીતે પ્રાપ્ત કરવું એ રીત શીખવવાનો મારો ઉદ્દેશ છે.'

૧૧. સર્વ જ્ઞાન આત્મશિક્ષણથી પ્રાપ્ત થાય છે. વિદ્યાર્થીની માનસિક ક્રિયા પર જ તેના જ્ઞાનની પ્રગતિનો આધાર રહે છે. 'શિષ્યને પોતાની જાતને ઓળખતા શીખવવું એ જ ગુરુનું મહાન કાર્ય છે.'

૧૨. માનસિક વિકાસ આપણને મનુષ્યત્વ અર્પણ કરે છે એટલા માટે તમારું માનસિક બળ વધારો.

૧૩. જે થોડા માણસો ચિન્તનશાલી હોય છે તેમાંથી પણ કેટલાક થોડા માણસો યોગ્ય રીતે ચિન્તન કરે છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૪, પૃ. ૨૮ ]

## "ધૈર્ય અને ખંતથી શુભ કામ કરો"

'સઘળા કાર્યોમાં તેનો આરંભ કર્યા પૂર્વે ઉત્તમ તૈયારી કરી રાખવી જોઇએ.'

'અધીરાઈ એ અત્યંત ખરાબ પ્રકારની ઝડપ છે.'

'ઉતાવળ ગોથાં ખવરાવે છે અને બંધન તથા અંતરાય ઉત્પન્ન કરે છે.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'આ સમયમાં એવા માણસોની જરૂર છે કે જેઓ જગતની નિંદા કે સ્તુતિની કંઇ પણ દરકાર રાખ્યા વગર કામ કરવાની અને ધૈર્ય રાખવાની હિંમત અને શક્તિ ધરાવતા હોય.'

'પ્રત્યેક સફળ જીવનનો મોટો ભાગ પાયો નાંખવામાં જ વ્યતીત થાય છે અર્થાત્ સફળતા એ પરિશ્રમ અને ખંતનું જ ફળ છે.'

'સ્વામી બનવાને ઉતાવળ કરે છે તે ગુલામ બની જાય એવો વધારે સંભવ છે. પોતાને બુદ્ધિમાન ધારીને આળસુ બનો તેના કરતાં તમારી જાતને મૂર્ખ ધારીને કામ કરો એ વધારે સારું છે.'

'અતિ સાધારણ એવા ઘણા છોકરાઓ કુશળ શિક્ષકની બીક ને રસભરી દેખરેખથી અસાધારણ પુરુષ બન્યા છે.'

[ જૈ. ધ પ્ર. પુ. ૫૪, પૃ. ૨૯ ]



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## કુલકાદિ-સંગ્રહ

[ આ વિભાગમાં સાધુ તેમજ શ્રાવક સમાજ યોગ્ય હિતશિક્ષારૂપ કુલકોનું ભાષાંતર તેમજ અન્ય ઉપયોગી ઉપદેશસપ્તતિકા, મૃત્યુ-મહોત્સવ, શ્રાવકવિધિ, પુષ્પમાળા, સિદ્ધિસોપાન વિગેરે અતીવ ઉપયોગી વિષયોનું ભાષાંતર આપવામાં આવ્યું છે. ]

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આચાર્ય મહારાજશ્રી સોમસુંદરસૂરિ-ઉપદેશિત

## સંવિજ્ઞ સાધુ યોગ્ય નિયમકુલક.

૧. ત્રણ ભુવનને વિષે એક ( અસાધારણ ) પ્રદીપ સમાન શ્રી વીરપ્રભુને અને નિજ ગુરુનાં ચરણકમળને નમીને સર્વ-વિરતિવંત-સાધુજનો યોગ્ય ( સુખે નિર્વહી શકાય એવા ) નિયમો હું ( સોમસુંદરસૂરિ ) કહીશ.

૨. યોગ્ય નિયમોનું પાલન કર્યા વગરની પ્રવ્રજ્યા ( દીક્ષા ) ફક્ત નિજ ઉદરપૂર્તિ કરવારૂપ આજીવિકા ચલાવવા માત્ર ફળવાળી કહી છે. અને એવી દીક્ષા ( તો ) હોળીના રાજા-( ઇલાજી )ની જેવી સહુ કોઈને હસવા યોગ્ય બને છે.

૩. તે માટે પંચાચાર ( જ્ઞાન–દર્શન–ચારિત્ર–તપ–વીર્ય–આચાર )ના આરાધન હેતે લોચાદિક કઠણ નિયમો ગ્રહણ કરવા જોઇએ કે જેથી ( આદરેલી ) પ્રવ્રજ્યા સફળ થાય.

### જ્ઞાનાચાર સંબંધી નિયમો.

૪. જ્ઞાન આરાધન માટે મ્હારે હંમેશા પાંચ ગાથાઓ ભણવી, કંઠાગ્ર કરવી, અને પરિપાટીથી ( ક્રમવાર ) પાંચ પાંચ ગાથાનો અર્થ ગુરુસમીપે ગ્રહણ કરવો.

૫. વળી હું બીજાઓને ભણવા માટે હંમેશાં પાંચ ગાથાઓ લખું; અને ભણનારાઓને હંમેશાં પરિપાટીથી ( ક્રમવાર ) પાંચ પાંચ ગાથા આપું. ( ભણાવું–અર્થ ધરાવું વિગેરે. )

૬. સિદ્ધાંત–પાઠ ગણવાવડે વર્ષાઋતુમાં પાંચ સો, શિશિર-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ૠતુમાં આઠ સો અને ગ્રીષ્મૠતુમાં ત્રણ સો ગાથા પ્રમાણ સજ્ઝાય ધ્યાન સદાય કર્યા કરું.

૭. પરમેષ્ઠી નવપદ( નવકાર મહામંત્ર )નું એક સો વાર સદાય રટણ કરું.

## દર્શનાચારના નિયમો.

હવે દર્શનાચારમાં નીચે મુજબ નિયમો હું સમ્યગ્ (યથાર્થ) ભાવે ગ્રહણ કરું છું.

૮. પાંચ શક્રસ્તવવડે સદાય એક વખત દેવવંદન કરું અથવા બે વખત, ત્રણ વખત પહોરે પહોરે યથાશક્તિ આળસ રહિત દેવવંદન કરું.

૯. દરેક અષ્ટમી, ચતુર્દશીને દિવસે સઘળાં દેરાસરો જુહારવાં તેમજ સઘળાય મુનિજનોને વાંદવા; ત્યારે બાકીના દિવસે એક દેરાસર ( તો ) અવશ્ય જાવું.

૧૦. હંમેશાં વડીલ સાધુને નિશ્ચે ત્રણ વાર ત્રિકાળ વંદન કરું અને બીજા ગ્લાન ( વ્યાધિગ્રસ્ત ) તેમજ વૃદ્ધાદિક મુનિજનોનું વૈયાવચ્ચ યથાશક્તિ કરું.

## ચારિત્રાચાર સંબંધી નિયમો.

૧૧. હવે ચારિત્રાચાર વિષે નીચે મુજબ નિયમો ભાવપૂર્વક અંગીકાર કરું છું. ઇર્યાસમિતિ ( ૧ )-વડી નીતિ, લઘુ નીતિ કરવા અથવા આહારપાણી વહોરવા જતાં ઇર્યાસમિતિ પાળવા માટે ( જીવરક્ષા અર્થે ) વાટમાં વાર્તાલાપ વિગેરે કરવાનું હું વર્જું-ત્યાગ કરું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૨. યથાકાળ પુંજ્યા-પ્રમાર્જ્યા વગર ચાલ્યા જવાય તો, અંગ પડિલેહણા પ્રમુખ સંડાસા પડિલેહ્યા વગર બેસી જવાય તો અને કટાસણા( કાંબળી ) વગર બેસી જવાય તો (તત્કાળ) પાંચ નમસ્કાર મંત્રનો જાપ કરવો.

૧૩. ભાષાસમિતિ (૨)-ઉઘાડે મુખે ( મુહપત્તિ રાખ્યા વગર ) બોલવું જ નહિ. તેમ છતાં ગફલતથી જેટલી વાર ખુલ્લા મુખે બોલી જાઉં તેટલી વાર ( ઇરિયાવહીપૂર્વક ) લોગસ્સનો કાઉસ્સગ કરું.

૧૪. આહારપાણી કરતાં તેમજ પ્રતિક્રમણ કરતાં કોઈ મહત્ત્વના કાર્ય વગર કોઈને કાંઇ કહું નહિ એટલે કે કોઇ સંગાથે વાર્તાલાપ કરું નહિ. એ જ રીતે આપણી ( સુખે નિર્વહી શકાય અને ઉપયોગમાં લઇ શકાય એટલી બધી ) ઉપધિની પડિલેહણા કરતાં હું કદાપિ બોલું નહિ.

૧૫. એષણાસમિતિ-(૩) બીજા નિર્દોષ પ્રાસુક ( નિર્જીવ ) જળ મળતાં હોય ત્યાં સુધી પોતાને પ્રયોજન ( ખપ ) છતાં ધોણ( વાળું જળ ) હું ગ્રહણ કરું નહિ. વળી અણુગળ ( ગાળ્યા વગરનું ) જળ હું લઉં નહિ અને જરવાળી-( રક્ષાવાળું પાણી) તો વિશેષે કરીને લઉં નહિ.

૧૬. આદાન નિક્ષેપણાસમિતિ (૪)-આપણી પોતાની ઉપધિ પ્રમુખ પુંજી-પ્રમાર્જીને તેને ભૂમિ ઉપર સ્થાપન કરું તેમજ ભૂમિ ઉપરથી ગ્રહણ કરું. જો તેમ પુંજવા-પ્રમાર્જવામાં ગફલત થાય તો ત્યાં જ નવકાર મહામંત્રનો ઉચ્ચાર કરું ( નવકાર ગણું ).

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૭. દાંડો પ્રમુખ પોતાની ઉપધી જ્યાં ત્યાં ( અસ્તવ્યસ્ત, ઢંગધડા વગર ) મૂકી દેવાય તો તે બદલ એક આયંબીલ કરું અથવા ઊભા ઊભા કાઉસગ્ગ મુદ્રાએ રહી એક સો શ્લોક વા ગાથા જેટલું સજ્ઝાય ધ્યાન કરું.

૧૮. પારિઠાવણિયા સમિતિ-( ૫ )-લઘુનીતિ, વડીનીતિ કે બેળાદિકનું ભાજન પરઠવતાં કોઇ જીવનો વિનાશ થાય તો નિવિ કરું અને અવિધિથી ( સદોષ ) આહાર પાણી પ્રમુખ વહોરીને પરઠવતાં એક આયંબિલ કરું.

૧૯. વડીનીતિ કે લઘુનીતિ કરવાના કે પરઠવવાના સ્થાને અણુજાણહ જસ્સુગ્ગહો પ્રથમ કહું તેમજ તે લઘુ-વડી નીતિ, પાણી લેતાં અને ડગલ પ્રમુખ પરઠવ્યા પછી ત્રણ વાર ' વોસિરે ' કહું.

૨૦. મન-વચન-કાયગુપ્તિ ( ૬-૭-૮ )-મન અને વચન રાગમય-રાગાકુળ થાય તો હું એક એક નિવિ કરું. અને જો કાયકુચેષ્ટા થાય- ઉન્માદ જાગે તો ઉપવાસ અથવા આયંબિલ કરું.

## મહાવ્રત સંબંધી નિયમો.

૨૧. અહિંસા વ્રતે-બેઇંદ્રિય પ્રમુખ જીવની વિરાધના (પ્રાણહાનિ) મારા પ્રમાદાચરણથી થઇ જાય તો તેની ઇંદ્રિયો જેટલી નિવિઓ કરું. સત્યવ્રતે-ભય, ક્રોધ, લોભ અને હાસ્યાદિકને વશ થઇ જઇ જૂઠું બોલી જાઉં તો આંબિલ કરું.

૨૨ અસ્તેય વ્રતે-પઢમાલીયા(પ્રથમ ભિક્ષા ?)માં આવેલા જે ઘૃતાદિક પદાર્થ ગુરુમહારાજને દેખાડ્યા વગરના હોય તે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હું લઉં નહિ (વાપરું નહિ) અને દાંડો, તર્પણી વિગેરે બીજાની રજા વગર લઉં-વાપરું તો આયંબિલ કરું.

૨૩. બ્રહ્મવ્રતે-એકલી સ્ત્રી સંગાતે વાર્તાલાપ ન કરું અને સ્ત્રીઓને (સ્વતંત્ર) ભણાવું નહિ. પરિગ્રહપરિહારવ્રતે-એક વર્ષ યોગ્ય (ચાલે તેટલી જ) ઉપધિ રાખું, પણ એથી અધિક ન જ રાખું.

૨૪ પાત્રાં અને કાચલી પ્રમુખ પંદર ઉપરાંત ન જ રાખું. રાત્રિભોજન વિરમણવ્રતે-અશન, પાન, ખાદિમ અને સ્વાદિમરૂપ ચાર પ્રકારના આહારનો (લેશ માત્ર) સંનિધિ (સંચય?) રોગાદિક કારણે પણ રાખું-કરું નહિ.

૨૫ મહાન્ રોગ થયો હોય તો પણ કવાથ ન કરું-ઉકાળો પીઉં નહિ, તેમજ રાત્રિસમયે જળપાન કરું નહિ. અને સાંજે છેલ્લી બે ઘડીમાં (સૂર્યાસ્ત પહેલાંની બે ઘડીના કાળમાં) જળપાન પણ કરું નહિ તો પછી બીજા અશનાદિક આહાર કરવાની તો વાત જ શી?

૨૬ અથવા સૂર્ય નિશ્ચે દેખાતે છતે જ ઉચિત અવસરે સદાય જળપાન કરી લઉં. અને સૂર્યાસ્ત પહેલાં જ સર્વ આહાર સંબંધી પચ્ચખ્ખાણ કરી લઉં અને અણાહારી ઔષધનો સંનિધિ પણ ઉપાશ્રયમાં રાખું-રખાવું નહિ.

## "તપ આચાર સંબંધી નિયમો"

૨૭ હવે તપ આચાર વિષે કેટલાક નિયમો શક્તિ અનુસારે ગ્રહણ કરું છું. છઠ્ઠ (સાથે બે ઉપવાસ) આદિક તપ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કર્યો હોય તેમજ યોગ વહન કરતો હોઉં તે સિવાય મને અવગ્રાહિત (?) ભિક્ષા લેવી કલ્પે નહિ.

૨૮. લાગલાગાં ત્રણ નિવિઓ અથવા બે આયંબિલ કર્યા વગર હું વિગઈ (દૂધ, દહીં, ઘી પ્રમુખ) વાપરું નહિ અને વિગઈ વાપરું તે દિવસે ખાંડ પ્રમુખ સંબંધી વિશિષ્ટ (સાથે ભેળવી નહિ વાવરવાનો) નિયમ જાવજ્જીવ સુધી પાળું.

૨૯. ત્રણ નિવિ લગોલગ થાય તે દરમીયાન તેમજ વિગઈ વાપરવાના દિવસે નિવિયાતાં ગ્રહણ કરું નહિ–વાપરું નહિ. તેમજ બે દિવસ સુધી લાગટ કોઇ તેવા પુષ્ટ કારણ વગર વિગઈ વાપરું નહિ.

૩૦ પ્રત્યેક અષ્ટમી અને ચતુર્દશીને દિવસે શક્તિ હોય નહિ તો તે બદલ બે આંબિલ અથવા ત્રણ નિવિઓ પણ કરી આપું.

૩૧. પ્રતિદિન દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવગત અભિગ્રહ* ધારણ કરવા કેમકે અભિગ્રહ ન ધારીએ તો પ્રાયશ્ચિત્ત આવે એમ જીતકલ્પમાં ભાખ્યું છે.

## " વીર્યાચાર સંબંધી નિયમો "

૩૨. વીર્યાચાર સંબંધી કેટલાક નિયમો યથાશક્તિ હું ગ્રહણ કરીને મનન કરું.

૩૩. આખા દિવસમાં સંયમ માર્ગમાં (ધર્મકાર્યમાં)

---

* અમુક વસ્તુ, અમુક સ્થળે, અમુક વખતે અને અમુક રીતે મળે તે જ ભિક્ષા વખતે લેવી–એવા પ્રકારની વિશિષ્ટ પ્રતિજ્ઞા ધારવી તે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રમાદ કરનારાઓને હું પાંચ વાર હિતશિક્ષા (શિખામણ) આપું અને સર્વ સાધુઓનું એક માત્રક (પરઠવવાનું ભાજન) પરઠવી આપું.

૩૪. પ્રતિદિવસ કર્મક્ષય અર્થે ચોવીશ કે વીશ લોગસ્સનો કાઉસગ્ગ કરું, અથવા એટલા પ્રમાણમાં સજ્ઝાય ધ્યાન કાઉસગ્ગમાં રહી સ્થિરતાથી કરું.

૩૫. નિદ્રાદિક પ્રમાદવડે મંડળીનો ભંગ થઈ જાય (મંડળીમાં બરાબર વખતે હાજર ન થઇ શકું) તો એક આંબિલ કરું. અને સહુ સાધુ જનોની એક વખત વિશ્રામણા-વૈયાવચ્ચ નિશ્ચે કરું.

૩૬. સંઘાડાદિકનો કશો સંબંધ ન હોય તો પણ લઘુ શિષ્ય (બાળ) અને ગ્લાન સાધુ પ્રમુખનું પડિલેહણ કરી આપું તેમજ તેમના ખેળ પ્રમુખ મળની કુંડીને પરઠવવા વિગેરે કામ પણ હું યથાશક્તિ કરી આપું.

## "સામાચારી વિષે નિયમો."

૩૭. વસતિ(ઉપાશ્રય-સ્થાન)માં પ્રવેશતાં નિસીહી અને તેમાંથી નિકળતાં આવસ્સહી કહેવી ભૂલી જાઉં તેમજ ગામમાં પેસતાં કે નીસરતાં પગ પુંજવા વિસરી જાઉં તો (યાદ આવે તે જ સ્થળે) નવકાર મંત્ર ગણું.

૩૮-૩૯. કાર્ય પ્રસંગે વૃદ્ધ સાધુઓને 'હે ભગવાન્! પસાય કરી' અને લઘુ સાધુને 'ઇચ્છકાર' એટલે તેમની ઇચ્છા અનુસારે જ કરવાનું કહેવું ભૂલી જાઉં, તેમજ સર્વત્ર જ્યારે જ્યારે ભૂલ પડે ત્યારે ત્યારે 'મિચ્છાકાર' એટલે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મિચ્છામિ દુક્કડં એમ કહેવું જોઇએ તે વિસરી જાઉં તો જ્યારે મને પોતાને સાંભરી આવે અથવા કોઈ હિતસ્વી સંભારી આપે ત્યારે તત્કાળ મ્હારે નવકાર મંત્ર ગણવો.

૪૦. વૃદ્ધ( વડીલ )ને પૂછ્યા વગર વિશેષ વસ્ત્ર (અથવા વસ્તુ ) લઉં દઉં નહિ અને મ્હોટાં કામ વૃદ્ધ( વડીલ )ને પૂછીને જ સદાય કરું, પણ પૂછ્યા વગર કરું નહિ.

૪૧. જેમનો શરીરનો બાંધો નબળો છે એવા દુર્બળ સંઘયણવાળા છતાં પણ જેમણે કંઇક વૈરાગ્યથી ગૃહસ્થવાસ છાંડ્યો છે તેમને આ ઉપર જણાવેલા નિયમો પાળવા પ્રાયઃ સુલભ છે.

૪૨. સંપ્રતિ કાળે પણ સુખે પાળી શકાય એવા આ નિયમોને જે આદરે-પાળે નહિ, તે સાધુપણાથકી અને ગૃહસ્થપણાથકી-ઉભયથકી ભ્રષ્ટ થયો જાણવો.

૪૩. જેના હૃદયમાં ઉકત નિયમો ગ્રહણ કરવાનો લગારે ભાવ ન હોય તેમને આ નિયમ સંબંધી ઉપદેશ કરવો એ સિરા-સર વગરના સ્થળે કૂવો ખોદવા જેવો નિરર્થક-નિષ્ફળ થાય છે.

૪૪. નબળા સંઘયણ, કાળબળ અને દુષમા આરો એ આદિ હીણાં આલંબન પકડીને પુરુષાર્થ વગરના પામર જીવો આળસ-પ્રમાદથી બધી નિયમ-ધૂરાને છંડી દે છે.

૪૫. ( સંપ્રતિકાળે ) જિનકલ્પ વ્યુચ્છિન્ન થયેલો છે. વળી પ્રતિમાકલ્પ પણ અત્યારે વર્તતો નથી તથા સંઘયણાદિકની હાનિથી શુદ્ધ સ્થવિરકલ્પ પણ ( પાળી શકાતો ) નથી.

P. P. Ac. Gunratansuriji M.S.                                                  Jin Gun Aaradhak Trust

૪૬. તોપણ જો મુમુક્ષુઓ આ નિયમોના આરાધન-વિધિવડે સમ્યગ્ ઉપયુક્ત ચિત્ત થઈ ચારિત્ર-સેવનમાં ઉજમાળ બનશે તો તે નિયમા (નિશ્ચે) આરાધક ભાવને પામશે.

૪૭ આ સર્વે નિયમોને જે (શુભાશયો) વૈરાગ્યથી સમ્યગ્ રીત્યા પાળે છે-આરાધે છે તેમની ગ્રહણ કરેલી દીક્ષા સફળ થાય છે એટલે તે શિવસુખ ફળને આપે છે. ઇતિશમ્

[ શ્રી જૈ. ધ પ્ર. પુ. ૩૦, પૃ. ૧૫૩ ]

## સુગુરુસ્તુતિરૂપ ગુરુપ્રદક્ષિણા કુલકની સંક્ષિપ્ત વ્યાખ્યા.

સાધક શિષ્યજનોએ દેવગુરુને સમાનભાવથી આરાધવા જોઈએ. જેવા ભાવ-ઉલ્લાસથી શુદ્ધ દેવની સ્તુતિ-ભક્તિ કરવી તેવા જ ભાવ-ઉલ્લાસથી શુદ્ધ મહાવ્રતધારી સુગુરુની પણ સેવા-ભક્તિ ને બહુમાન સાથે સ્તુતિ કરવી ઘટે. આજકાલ મોહ-અજ્ઞાનવશવર્તી જીવો બહુધા આ શાસ્ત્રમર્યાદા ભૂલી ગયા છે. હજુ કંઇક રૂઢિ કે પરંપરાથી દેવનો થોડો ઘણો વિનય કરાતો જોવાય છે, તેના સોમા અંશે પણ સુગુરુનો વિનય જળવાતો ભાગ્યે જ દેખાય છે. જો કે શાસ્ત્રમાં તો શુદ્ધ દેવની પેઠે શુદ્ધ ગુરુની સેવા-ભક્તિ બહુમાનપૂર્વક કરવા સ્પષ્ટપણે જણાવેલું છે; પરંતુ આજકાલ તેમાં ઘણો જ અનાદર થતો જોવાય છે. એ ગંભીર ભૂલનું ભાન ભવ્યજનોને થાય અને સુગુરુ પ્રત્યે પણ બહુમાન જાળવવા તેઓ ઘટતું લક્ષ્ય રાખતાં શીખે એ જરૂરનું હોઇ પૂર્વ મહાપુરુષરચિત ગુરુપ્રદક્ષિણા કુલકની વ્યાખ્યા તરફ તેમનું લક્ષ્ય ખેંચવામાં આવે છે. ઉક્ત કુલક



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વ્યાખ્યા સહિત કુલકસંગ્રહમાં પણ સંગ્રહિત કરવામાં આવેલ છે. બની શકે તેમણે તો આ કંઠાગ્ર કરી લેવા યોગ્ય છે.

'गोयम सुहम्म जंबू, पभवो सिज्जंभवाइ आयरिआ।
अन्नेवि जुगप्पहाणा, पइं दिट्ठे सुगुरु ते दिट्ठा ॥ १ ॥'

અહો સુગુરો! આપનો દેદાર દીઠે છતે શ્રી ગૌતમસ્વામી, સુધર્માસ્વામી, જંબૂસ્વામી, પ્રભવસ્વામી, શય્યંભવાદિક આચાર્યોનાં અને બીજા પણ યુગપ્રધાન મહામુનિઓનાં દર્શન થયા માનું છું.

'अज्ज कयत्थो जम्मो, अज्ज कयत्थं च जीविअं मज्झ।
जेण तुह दंसणामय-रसेण सित्ताइं नयणाइं ॥ २ ॥'

આજે મારો જન્મ સફળ થયો અને આજે મારું જીવિતવ્ય સાર્થક થયું, કારણ કે આપના દર્શનરૂપ અમૃતરસવડે મારાં નેત્રો ભીનાં (પાવન) થયાં.

'सो देसो तं नगरं, सो गामो सो आसमो धन्नो।
जत्थ पहु तुम्ह पाया, विहरंति सया वि सुपसन्ना ॥३॥'

હે પ્રભો! સદાય સુપ્રસન્ન છતાં આપ જ્યાં વિચરતા રહો છો તે દેશ, તે નગર, તે ગામ ને તે આશ્રમ ધન્ય-કૃતપુન્ય-પ્રશંસનીય છે.

'हत्था ते सुकयत्था, जे किइकम्मं कुणंति तुह चलणे।
वाणी बहु गुणखाणी, सुगुरुगुणा वन्निआ जीए ॥ ४ ॥'

જે હાથ આપના ચરણકમળને સ્પર્શી દ્વાદશાવર્ત્ત વંદન કરે છે તેને ખરેખર કૃતાર્થ માનું છું અને જે વાણીવડે

P. P. Ac. Gunratansuriji M.S.                                        Jin Gun Aaradhak Trust

આપ સુગુરુના ગુણગ્રામ કરાય છે તે વાણી બહુ ગુણની ખાણરૂપ સમજું છું.

'अवयरिया सुरधेणु, संजाया मह गिहे कणयवुट्टी ।
दारिद्दं अज्ज गयं, दिट्ठे तुह सुगुरुमुहकमले ॥ ५ ॥'

આપ સુગુરુનું વદનકમળ દીઠે છતે આજે મને કામધેનુ મળી, મારા ઘરે સુવર્ણની વૃષ્ટિ થઇ અને મારું દુઃખ–દારિદ્ર દૂર ગયું–પલાયન થયું માનું છું.

'चिन्तामणि सारिच्छं, सम्मत्तं पावियं मए अज्ज ।
संसारो दूरीकओ, दिट्ठे तुह सुगुरुमुहकमले ॥ ६ ॥'

આપ સુગુરુના વદનકમળના દર્શન કર્યે આજે મને ચિન્તામણિ રત્ન સરખું સમકિત લાધ્યું અને ભવભ્રમણ દૂર કર્યું.

'जा ऋद्धि अमरगणा, भुजंता पियतमाइ संजुत्ता ।
सा पुण कित्तिय मित्ता, दिट्ठे तुह सुगुरुमुहकमले ॥ ७ ॥'

જે ઋદ્ધિ દેવતાઓ પોતાની દેવાંગનાદિ સાથે ભોગવી રહ્યા છે તે આપ સુગુરુના પાવન દર્શનના લાભ પાસે કોણ હિસાબમાં છે ?

'मण–वय–काएहिं मए, जं पावं अज्जियं सया ।
तं सव्वं अज्ज गयं, दिट्ठे तुह सुगुरुमुहकमले ॥ ८ ॥'

મન, વચન ને કાયાવડે જે પાપાર્જન મારાથી નિરંતર થયેલું તે સઘળું આજે આપ ગુરુના સુદર્શને નષ્ટ થયું માનું છું.

'दुल्लहो जिणिंदधम्मो, दुल्लहो जीवाण माणुसो जम्मो ।
लद्धेवि मणुअजम्मे, अइदुल्लहा सुगुरुसामग्गी ॥ ९ ॥'

જીવોને જિનેશ્વરભાષિત ધર્મની પ્રાપ્તિ થવી દુર્લભ છે,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેમજ મનુષ્યજન્મની પ્રાપ્તિ પણ દુર્લભ છે. તેવો મનુષ્ય જન્મ પ્રાપ્ત થયે છતે પણ સુગુરુની જોગવાઇ પામવી અતિ દુર્લભ કહી છે.

'जथ्थ न दिसंति गुरु, पच्चुसे उठ्ठिएहिं सुपसन्ना ।
तथ्थ कहं जाणिज्जइ, जिणवयणं अमिय सारिच्छं ॥१०॥'

જ્યાં વસતાં પ્રભાતમાં ઊઠતાં સુપ્રસન્ન ગુરુનું દર્શન થઈ નથી શકતું ત્યાં રહેતાં અમૃત સમાન જિનવચનનો બોધ શી રીતે થવા પામે ?

'जह सरइ सुरहि वच्छो, वसंतमासं च कोइला सरइ ।
विंझं सरइ गइंदो, तह अम्हमणं तुमं सरइ ॥ १२ ॥'

જેમ ગાય ચારો ચરતાં વાછડાને સંભારે છે, કોયલ વસંત માસને સંભારે છે અને વનગજ–હાથી જેમ વિંધ્યાચળને સંભારે છે તેમ અમે આપને સંભારીએ છીએ–આપના પવિત્ર દર્શન માટે તલસીએ છીએ.

[ 'बहुयां बहुयां दिवसडां, जइ मइं सुहगुरु दिठ्ठ ।
लोचन बे विकसी रह्या, हियडइं अमिय पइठ्ठ ॥ १३ ॥' ]

'अहो ते निज्जिओ कोहो, अहो माणो पराजिओ ।
अहो ते निरकिया माया, अहो लोहो वसीकओ ॥१४॥'

'अहो ते अज्जवं साहु, अहो ते साहु मद्दवं ।
अहो ते उत्तमा खंती, अहो ते मुत्ति उत्तमा ॥ १५ ॥'

અહો ! આપે ક્રોધ–કષાયને કેવો જીતી લીધો છે ? માન–અહંકારનો કેવો પરાજય કર્યો છે, માયાને કેવી દૂર કરી છે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને લોભને કેવો વશ કર્યો છે? અહો! આપની સરલતા! આપની મૃદુતા-નમ્રતા! આપની ક્ષમા અને આપની સંતોષ-વૃત્તિ કેવી ઉત્તમ છે?

'इहंसि उत्तमो भंते, इच्छा होहिसि उत्तमो।
लोगुत्तं उत्तमं ठाणं, सिद्धिं गच्छसि नीरओ ॥ १६ ॥'

હે ભગવન્! આપ અહીં ઉત્તમતા દાખવી રહ્યા છો, વળી આપ ઉત્તમ પદવીની ઇચ્છાવાળા છો, તેથી આપ સકળ કર્મ-મળથી મુક્ત થઇ, લોકના અંતે વખાણેલ સર્વોત્તમ મોક્ષસ્થાનને પ્રાપ્ત થશો-પામશો.

'आयरिय नमुक्कारो, जुवं मोएइ भवसहस्साओ।
भावेण क्रिरमाणो, होइ पुणो बोहिलाभाए ॥ १७ ॥'

આચાર્ય ભગવંતને ભાવપૂર્વક કરાતો નમસ્કાર જીવને હજારોગમે જન્મ મરણનાં દુઃખથી મૂકાવે છે અને જિનોક્ત ધર્મ પણ પમાડે છે.

'आयरिय नमुक्कारो, सव्वपावप्पणासणो।
मंगलाणं च सव्वेसिं, तइयं हवइ मंगलं ॥ १८ ॥'

ભાવાચાર્યને કરેલો નમસ્કાર સર્વ પાપનો સર્વથા નાશ કરનાર થાય છે અને તે સર્વ મંગળોને વિષે ત્રીજું મંગળ કહેવાય છે.

એ રીતે ભવ્યાત્માઓએ ઉત્તમ ૩૬ ગુણાલંકૃત ભાવાચાર્યને નિરંતર પ્રેમોલ્લાસપૂર્વક વંદી, સ્તવી, પોતાના આત્માને નિર્મળ કરવા ખપ કરવો.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૨, પૃ. ૧૨ ]

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ગુણાનુરાગ કુલક.

૧. જેના હૃદયમાં ઉત્તમ ગુણાનુરાગ સદાય વસે છે તેને તીર્થંકર પર્યન્ત કોઇપણ ઉત્તમ પદવી પ્રાપ્ત થવી દુર્લભ નથી; વળી સર્વ ઋદ્ધિ-સિદ્ધિ પામવી તેને સુલભ છે.

૨. જેના હૃદયમાં અકૃત્રિમ ગુણાનુરાગ પ્રગટ્યો છે તેને ધન્ય છે. તેને સદાય નમસ્કાર હો.

૩. બહુ ભણવાથી, તપ કરવાથી કે દાન દેવાથી પણ ગુણાનુરાગનું ઘણું અધિક મહત્ત્વ કહ્યું છે.

૪. ગુણાનુરાગ આદર્યા વગરની જપ, તપ કે દાનાદિક સકળ કરણી ફોક થઈ જાય છે.

૫. અન્યના ગુણોત્કર્ષને સાંભળી મચ્છર ધરીશ તો તું સંસારમાં સર્વત્ર પરાભવ પામીશ.

૬. ઇર્ષ્યા દોષવડે ગુણવંત જનોના ગુણ લોપીને અવગુણ દાખવીશ તો તું બહુ દુઃખી થઈશ.

૭. આ જન્મમાં ગુણ-દોષનો જેવો અભ્યાસ જીવ કરે છે તેવો તેને પરભવમાં પ્રાપ્ત થાય છે.

૮. પોતે બહુ ગુણપૂર્ણ છતાં જે પરદોષ કહેતો ફરે છે તે વિદ્વાનોની પંક્તિમાં તદ્દન હલકો પડે છે.

૯. જે દુષ્ટ આશયથી પારકા છતા અછતા દોષ ગ્રહે છે તે નિરર્થક પાપબંધન કર્યા કરે છે.

૧૦. જેથી કષાયઅગ્નિ ઉપજે તે કામ જરૂર તજવું ને જેથી કષાય શાન્ત થાય તે આદરી લેવું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૧. જો સર્વત્ર પ્રભુતા પામવાની ઈચ્છા જ હોય તો તું પરદોષ ગાવાની કુટેવ જરૂર તજી દે.

૧૨. ચાર પ્રકારના પુરુષો–સર્વોત્તમોત્તમ, ઉત્તમોત્તમ, ઉત્તમ અને મધ્યમ પ્રશંસા યોગ્ય છે, સ્તુતિપાત્ર છે, અને અધમ તથા અધમાધમ એ બે પ્રકારના જીવો ભારેકર્મી ને ધર્મરહિત છતાં તેમની નિંદા કરવી યોગ્ય નથી. તે બાપડાને દયા–પાત્ર જાણવા.

૧૩. દોષવંત જીવોને સુધારવાની બુદ્ધિથી તેમને રુચે તો એકાન્તમાં પ્રેમથી કહેવું, પણ જો તેને તે ન રુચે તો તેને કર્મવશવર્તી જાણી મધ્યસ્થ રહેવું.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૨, પૃ. ૧૫ ]

---

## સંજ્ઞા–કુલક.

૧ **આહાર** સંજ્ઞા, ૨ **ભય** સંજ્ઞા, ૩ **મૈથુન** સંજ્ઞા અને ૪ **પરિગ્રહ** સંજ્ઞા–એ ચાર સર્વ સાધારણ સંજ્ઞા છે. તેમજ ક્રોધાદિક દશ સંજ્ઞા અને સોળ સંજ્ઞા પણ શાસ્ત્રમાં કહી છે. તે નીચેના ભાવથી સમજાશે.

૧. આહારસંજ્ઞાવડે સર્વે વૃક્ષો આહાર કરે છે, **સંકોચણી**–લજામણી વેલ ભયસંજ્ઞાવડે સંકોચ પામે છે અને પરિગ્રહ-સંજ્ઞાવડે પોતાના તંતુઓવડે વેલડી વૃક્ષને વીંટાઈ રહે છે.

૨. મૈથુનસંજ્ઞાવડે સ્ત્રીના આલિંગન–યોગે **કુરુબક** વૃક્ષ ફળે છે; તથા ક્રોધસંજ્ઞાવડે **કોકનદનો** કંદ હુંકારા મૂકે છે.

૩. માનસંજ્ઞાવડે **રૂદંતીમાંથી** પાણી ઝર્યા કરે છે, માયા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સંજ્ઞાવડે વેલડી ફળો ઢાંકી દે છે, અને લોભસંજ્ઞાવડે બિલ્વ અને પલાસ(ખાખરા)નાં ઝાડ પોતાનાં મૂળ દાટેલા નિધાન (ભંડારેલાં દ્રવ્ય-ધન) ઉપર નાંખે છે.

૪. લોકસંજ્ઞાવડે રાત્રિમાં કમળો સંકોચાઈ-બીડાઇ જાય છે, અને ઓઘ સંજ્ઞાવડે વેલડીઓ માર્ગ મૂકીને વૃક્ષો ઉપર ચઢે છે.

૫. એ દશ સંજ્ઞા સ્થાવર એકેન્દ્રિય જીવોમાં પણ હોય છે. એ ઉપરાન્ત સુખ, દુઃખ, મોહ, શોક, ધર્મ ને દુગંછા-એ છ મળી સોળ સંજ્ઞા ત્રસ જીવોમાં હોય છે.

## કંઇક વક્તવ્ય.

શાન્ત, દાન્ત, મહન્ત મુનિજનો ઉક્ત સંજ્ઞાને તજી લોકોત્તર સંયમમાર્ગમાં પ્રવેશેલા હોય છે. તેઓ પાંચે ઇન્દ્રિયોનો નિગ્રહ કરી મનવચનકાયાવડે કૃત, કારિત અને અનુમોદિત ભેદે દશવિધ જીવવિરાધનાથી વિરમી દશવિધ યતિધર્મને રૂડી રીતે પ્રમાદ રહિત પાળતા રહે છે; તેથી તેમને અઢાર હજાર શીલાંગ-રથના ધોરી કહેવામાં આવે છે. અપ્રમત્ત દશાવાળા અણગાર સાધુઓને ઉક્ત સંજ્ઞા કશો પરાભવ કરી શકતી નથી, તો પછી ઉપરની દશાવાળા શ્રેણિગત મુનિઓનું તો કહેવું જ શું ? સર્વજ્ઞ કેવળી અને સિદ્ધ પરમાત્માઓ ઉક્ત સકળ સંજ્ઞાઓથી સર્વથા મુક્ત જ હોય છે.

[ જૈ. ધ. પ્ર. પુ ૪૨, પૃ ૧૪૬. ]

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## શ્રી મુનિચંદ્રસૂરિ-સંકલિત
## શ્રી ધર્મોપદેશ કુલક–અનુવાદ.

૧. ત્રિભુવન જનને વંદનિક એવા માન તથા મત્સરવર્જિત વીરપ્રભુને વંદન કરી સંક્ષેપથી કંઈક ધર્મોપદેશનો સાર જણાવીશ.

૨. આ ભયંકર ભવ–અટવી મધ્યે સમ્યગ્ જ્ઞાનના વિયોગ-વાળો આ જીવ ઘણું ઘણું ભમ્યો છતો કયાંય પણ વીતરાગ–સર્વજ્ઞદેશિત ધર્મને નથી પામ્યો.

૩. તે હવે અશુભ કર્મના ક્ષયોપશમવડે દ્રહગત કાચબાએ ડોક બહાર કાઢી દૈવયોગે દેખેલા ચંદ્રમાના ઉજ્વળ પ્રકાશ સમાન ધર્મને ભાગ્યવશાત્ પામ્યો છે.

૪. આ ધર્મ જિનેશ્વરોએ મનોવાંછિત પૂરવા કલ્પવૃક્ષ સમાન કહ્યો છે; તેથી કલ્યાણ સાધવાના અર્થી જનોએ એનું જ સેવન–આરાધન કરવું.

૫. એનો મૂળ હેતુ જીવદયાદિક દશ પ્રકારે પ્રરૂપ્યો છે, તેથી ઉક્ત ગુણગણનો સંચય કરવા સદાય સક્રિય પ્રયત્ન સેવવો જોઇએ.

૬. જેમ સર્વ પર્વતોમાં સુમેરુ, સર્વ સમુદ્રોમાં સ્વયંભૂ-રમણ અને જ્યોતિષચક્રમાં જેમ ચંદ્રમા સાર–પ્રધાન છે તેમ ધર્મમાં દયા સાર છે.

૭. સત્યવડે લોકપ્રસિદ્ધિ થાય છે તેમ સત્યવડે ધર્મવિશુદ્ધિ પણ થવા પામે છે અને સદ્ગતિનો લાભ થાય છે; તેથી સત્ય સમાન બીજું કોઈ વ્રત નથી.

૮. પરદ્રવ્યનું અપહરણ કરવામાંથી જેમનું મન તદ્દન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિરક્ત થયેલ છે તેમને અહીં સુખની શી કમીના છે ? તેમજ યશ અને કલ્યાણ તો તેમને વરે છે.

૯. જે પુરુષો બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવામાં દ્રઢબદ્ધ છે તેમને બ્રહ્મા પણ પ્રણામ કરે છે. ત્રણે ભુવનમાં તેમને કશું અસાધ્ય નથી.

૧૦. બાહ્ય–અભ્યંતર સકળ પરિગ્રહથી જે સર્વથા મુક્ત થયા છે, તે સકળ દુઃખજાળથી મુક્ત થયેલ હોવાથી તેમને કોઇ પ્રિય કે અપ્રિય ( શત્રુ મિત્ર ) નથી.

૧૧. વિષધરના વિષ સમાન અને મહારોગ સમાન મિથ્યાત્વ જેમણે વમ્યું છે, તે ધન્ય કૃતપુન્ય જનો જ ખરા નરકોટિના છે; બીજા તેવા નથી.

૧૨. અતિ આકરાં દુઃખોને પેદા કરનાર, કાદવના કોઠલા જેવો ક્રોધવિકાર વિસ્તાર પામ્યો છતો કોને ઉદ્વેગકારક થતો નથી?

૧૩. અહંકાર વિનય ગુણનો વિનાશ કરે છે, દુઃખવૃક્ષને સિંચવા જળ જેવો છે અને અપાર આપદારૂપ છે; એથી જ્ઞાનાદિ સદ્‌ગુણની હાનિ થવા પામે છે.

૧૪. માયા–દંભવૃત્તિ ઉદ્‌ભ્રામક વાયરાની જેમ દોષરૂપી ધૂળને ખૂબ ઉછાળે છે, જેને પરવશ થયેલા જીવો દોષ કે ગુણને જોઇ શકતા નથી.

૧૫. લોભ ભુજંગમ(સર્પ)ની પેઠે પ્રસર્યો છતો જગતમાં તીવ્ર દોષરૂપ વિષવેગથી દૂષિત એવા કોને સત્ત્વહીન (શિથિલ) નથી કરતો ?

૧૬. એવી જાતના સર્વે કષાયોને નિર્મળ સમાધિયોગથી

P. P. Ac. Gunratansuriji M.S.                                        Jin Gun Aaradhak Trust

જેમણે મન ઘરમાંથી સદંતર કાઢી મૂકયા છે, તે મહાનુભાવો જગતમાં સુખે જીવે છે.

૧૭. ઉકત ગુણના સેવન–આરાધનથી જે મહાનુભાવ જે જે ધર્મસાધન જ્યારે જ્યારે કરે છે, તે તે ધર્મસાધન પરિણામે અમૃતની પેઠે તેને સુખદાયી થાય છે.

૧૮. ત્રણ ભુવનના જનોવડે નમન કરવા લાયક એવા જિનેશ્વર પ્રભુ પરમ ભક્તિવંતોએ સદાય વિધિપૂર્વક પૂજવા, નમવા ને સંભારવા યોગ્ય છે.

૧૯. પંચવિધ આચાર પાળવામાં સાવધાન અને સદાકાળ પરોપકાર કરવામાં ઉજમાળ એવા ગુણી મુનિજનને મનમાં ગુરુપણે સ્થાપવા.

૨૦. ઉભય કાળ સ્વાધ્યાય અને ધ્યાન અને ક્ષણે ક્ષણે કલ્યાણકારી પચ્ચખ્ખાણ સાથે મનના મળ દૂર કરી પાવન કરનારી મૈત્રી પ્રમુખ ભાવનાઓ ભાવવી.

૨૧. દુર્દાન્ત ઇન્દ્રિયોને દમવી, કામવિકારાદિક વૈરીવર્ગને શમાવવો, પ્રિય ને પથ્ય (હિતકર) એવું તથ્ય (સત્ય) અને સહજ સજ્જનપણું આદરવું.

૨૨. સ્વામીવત્સલ, યથાશક્તિ તપ અને સુપાત્રદાન, શીલવિશુદ્ધિ તથા સદાય સદ્ધર્મસેવન કરવામાં શ્રદ્ધા–આસ્થા–પ્રીતિ રાખવી.

૨૩. નવાં નવાં શાસ્ત્રનો અભ્યાસ કરવો, નવા નવા ગુણ ઉપાર્જન કરવાનો લોભ રાખવો તથા આત્માને સમાધિ ઉપજે

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

એવા ગુણીજનો મધ્યે નિવાસ કરવો, અનેક સદ્ગુણશાળી જનો સાથે સમાગમ રાખવો.

૨૪. અઢાર હજાર શીલાંગ યોગે સુખદાયક સાધુપણું અપ્રમત્તભાવે કયારે મારાથી સેવાશે ? એ પ્રમાણે ક્ષણે ક્ષણે વિચાર્યા કરવું.

૨૫. શ્રી મુનિચંદ્રસૂરિએ પ્રકાશેલા ઉપરોક્ત ઉપદેશક વચનોને ભાગ્યશાળી ભવ્ય જનો ઝીલી-અવધારીને તેમાંથી કોઈક વિરલ જનો તે મુજબ વર્તી નિર્મળ ગુણના ધારક થઈ શકે છે. [ જૈ. ધ. પ્ર. પુ. ૪૨, પૃ ૧૪૭ ]

## ઉપદેશ કુલક.

૧. અહો ભવ્યજનો ! કોઈક પુન્યના ઉદયથી આ ઉત્તમ માનવ ભવ મેળવી, તેમાં પણ તીર્થંકર દેવોએ પ્રકાશેલા પવિત્ર ધર્મનો લાભ પામીને, નિર્મળ ચંદ્ર સમાન અતિ ઉજ્વળ મનવડે ત્રિલોકના નાથ શ્રી જિનેશ્વર દેવનું તમારે મોટા આદર સાથે પૂજાપૂર્વક સન્માન કરવું યોગ્ય છે.

૨. પ્રતિક્ષણ લક્ષ્યપૂર્વક વ્રત પચ્ચખ્ખાણ કરવું તથા કામક્રોધરૂપ દાવાનળને શમાવવા જિનોક્ત વિધિવડે સ્વર્ગ ને અપવર્ગ (મોક્ષ) મેળવી આપનાર સ્વાધ્યાયનો અભ્યાસ કરવો, સંપૂર્ણ વ્રત-નિયમોને આદરી તેનું બરાબર પાલન કરનાર મહાનુભાવોનો અત્યંત આદર કરવો અને દીન-અનાથોને પણ ઉદ્ધરવા બનતો પ્રયત્ન કરવો.

૩. નિર્મળ હારની જેવી ઉજ્વળ ન્યાયપરાયણતા સાચવી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાખવામાં દઢ રુચિ-પ્રીતિ, મૂર્છા ત્યાગરૂપ અપરિગ્રહ પ્રત્યે અધિક આદર તેમજ પરનાં હિતનાં કાર્ય સાધી આપવામાં ભારે દાક્ષિણ્યતા અને નિત્ય મૃત્યુપ્રવાહ તરવાને પ્રેરણા કરવાના સાધનરૂપ શાસ્ત્રમાં જે માર્ગ ઉપદિશ્યો છે તેનું સાદ્યન્ત સમયોચિત સારી રીતે સમજાય તેમ નિરૂપણ કરવું.

૪. સાધર્મી જનો પ્રત્યે પરમ પ્રેમ (ભક્તિભાવ), જીવોની દઢ રક્ષા, દુર્ગતિના માર્ગમાં વિવિધ લાલચો આપી ખેંચી જતા વિષયોમાં વૈરાગ્ય, તેમજ સુપવિત્ર સંપદા આપનાર-આત્માની સમુન્નતિ કરનાર બ્રહ્મચર્યાદિક સંબંધી બીજો જે કંઇ વિધિ જૈનશાસનમાં દાખવેલ છે તેનો સદાય આદર કરતાં રહેવું.

૫. ઇચ્છિત ફળદાયક કલ્પતરુ, ચિન્તિત સુખદાયક ચિંતામણિ રત્ન, કામિતને દેનારી કામધેનુ, નિર્દોષ દ્રવ્ય નિધાન અને દિવ્ય ઔષધિઓ પણ મળી શકે પરંતુ ઉત્તમ જ્ઞાનના દરિયા, સદા શુદ્ધ આચારનું સાવધાનપણે પાલન કરનારા, સત્ય પ્રરૂપણા કરનારા, સુખના ભંડાર અને રોષ વગરના એવા ધર્મગુરુઓ સહેજે મળતા નથી; કવચિત જ મળે છે.

૬. જેઓ ગોશીર્ષ ચંદન સમાન શીલસુગંધે ભર્યા છે, જેઓ લીલામાત્રમાં કામ-ઉન્માદને તોડી નાંખનારા છે અને જેઓ શુદ્ધ આગમ-રહસ્યના જાણ છે તેવા રાગાદિક દોષોને ગાળનારા અને મહામહિમાવંત સંત સાધુજનોનો અને સાધર્મીજનોનો સમાગમ કલ્યાણના અર્થી એવા તમારે ન જ તજવો.

૭. ભવસાગરથી અત્યંત નિર્વેદ (વૈરાગ્ય) પામેલા મોક્ષાર્થી જનોને ગુણજ્ઞ સુજનના દર્શન થયે, મનમાં જેવો પ્રમોદ પ્રગટે

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

છે તેવો પ્રમોદ રાજપદ મળતાં, રોગ નાશ પામતાં, દેવાલયમાં દર્શન કરતાં તેમજ ચિન્તામણિ રત્ન અને કલ્પતરુનો લાભ મળતાં પણ પ્રગટતો નથી.

૮. જેમણે યથાર્થ આગમ રહસ્યો જાણ્યા નથી, શુદ્ધ સાધુમાર્ગાનુસારે ગુરુકુળવાસ સેવ્યો નથી અને તથાવિધ ઉગ્ર સ્વભાવને લીધે ઉપશમ ભાવ (વૈરાગ્ય યા સમભાવ) જેમણે સેવ્યો–આદર્યો નથી તેવા ઉપદેશદાનને અયોગ્ય મૂઢમતિ જનોને ઉપદેશ દેવાનું દાવાનળથી દગ્ધ થયેલી મહાઅટવીની જેમ તજી દેવું; કેમકે તેવા અયોગ્ય જીવોને અપાયેલો ઉપદેશ ઊલટો અનર્થ કરે છે.

૯. મિથ્યા આગ્રહથી કુમતિજનોવડે વિપરીતપણે વર્ણવાતો જિનોકત સિદ્ધાન્ત જેવા અનર્થ ઉપજાવે છે તેવા અનર્થ શસ્ત્ર, વિષ, શાકિની–ડાકિનીનો વળગાડ, ભૂત–પ્રેતનો વળગાડ, દુષ્કાળ, જુલ્મી રાજ્ય અને પ્રકોપેલો અગ્નિ પણ ઉપજાવતા નથી.

૧૦. આ ધર્મોપદેશ અત્યંત નિબિડ અજ્ઞાન અંધકારને ફેડવા જ્વલંત પ્રદીપ( સૂર્ય ) સમો છે, મદ મદન( કામ–વિકાર )રૂપ મહાવ્યાધિનો નાશ કરવા ઔષધિ સમાન છે, તેમજ મોક્ષમહેલ ઉપર ચઢવાને સુંદર નિઃસરણી સમાન છે; તેથી હે ભવ્યજનો ! આ ધર્મોપદેશ તમારે મનમાંથી દૂર ન કરવો. સ્વહૃદય–મંદિરમાં સાવધાનપણે અવધારી રાખવો.

[ જૈ ધ પ્ર. પુ ૪૨, પૃ. ૧૪૯ ]

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## પ્રવ્રજ્યા વિધાન કુલક–ભાષાનુવાદ.

૧. જેને હમણાં જ આ જૈનીદીક્ષા લીધી–પ્રાપ્ત થઇ એવા હે મહાત્મન્ ! તને ધન્ય છે; કેમકે આગમમાં જૈનીદીક્ષા પ્રાપ્ત થવી અતિ મુશ્કેલ કહી છે, કોઈક વિરલને જ તે પ્રાપ્ત થાય છે.

૨. પંચેંદ્રિયપણું, નર ભવ, આર્ય દેશ, ઉત્તમ કુળ, નિરોગી શરીર અને આયુષ્યનો સંબંધ હોવા છતાં સદ્‌ગુરુ-સંગ, શાસ્ત્રશ્રવણ તથા નિર્મળ શ્રદ્ધાનો લાભ થયા પછી સર્વવિરતિ પ્રાપ્ત થઇ શકે છે.

૩. તેથી ચિંતામણિ રત્ન, કામધેનુ તથા કલ્પવૃક્ષ સમાન આ દીક્ષા પામીને એક ક્ષણમાત્ર પણ તેનું પાલન કરવામાં તારે પ્રમાદ ન જ કરવો ઘટે.

૪. હવે તારે ગ્રહણ શિક્ષા (જ્ઞાન) અને આસેવન શિક્ષા (કરણી) વિષે સદા ઉદ્યમ સેવતાં રહેવું અને ધર્મવૃક્ષના મૂળસમાન વિનયનો આદર કરવામાં ખૂબ પ્રીતિ રાખવી–સુવિનીત બની જવું.

૫. પાંચ મહાવ્રતોરૂપ અમૂલ્ય રત્નોની સદાય રક્ષા કરવી અને પૃથ્વીકાય પ્રમુખ છ પ્રકારના જીવોની આપણા પોતાના જીવની જેમ રક્ષા કરવી.

૬. અસત્ય અને પરને પીડાકારી એવું પાપવચન ન બોલવું, ને થોડું પણ પરનું અણદીધેલું કંઈ લેવું નહિ. એ રીતે બીજું ને ત્રીજું મહાવ્રત પાળવું.

૭. શ્રી સ્થૂલિભદ્ર મહામુનિની જેમ નિર્દોષ બ્રહ્મચર્ય પાળવું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને અનેક દોષોના ભંડાર જેવો મૂર્છા–પરિગ્રહનો સર્વથા ત્યાગ કરવો.

૮. વળી સર્વ પ્રકારનું રાત્રિભોજન શાસ્ત્રમાં કહ્યા મુજબ સાવધાનપણે સર્વદા વર્જવું અને મૂળગુણો તથા ઉત્તરગુણોનું યથાર્થ સ્વરૂપ સમજવા અને તેનું યથાવિધિ આરાધન કરવા તારે સર્વદા યત્નશીલ થવું.

૯. દશ પ્રકારની ( ઈચ્છા–મિચ્છાદિક ) સામાચારી પાળવાનો પરમ આદર–પ્રેમ રાખવો; અને દશવિધ ચક્રવાલ સમાચારી સદાય સેવવી.

૧૦. પ્રવચન જે ચારિત્રધર્મ તેની માતા જેવી પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તિરૂપ આઠેનું આરાધન કરવું અને અઢાર હજાર શીલાંગને ધારણ કરવા.

૧૧. વળી આહાર, સ્થાન, વસ્ત્ર ને પાત્રાદિક સંબંધી શુદ્ધિ કરવી ( નિર્દોષતા સાચવવી ) તથા ગામ, કુળ ને સ્વજનાદિક ઉપરનો મમત્વ–રાગ સર્વથા તજવો.

૧૨. જ્ઞાન, દર્શન, ચારિત્રાદિક સદ્ગુણોની વૃદ્ધિ થવામાં મૂળ હેતુરૂપ ગુરુકુળવાસને કદાપિ નહિ મૂકવો; તથા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવરૂપ ચાર પ્રકારના નવા નવા અભિગ્રહ ધારવાની ઈચ્છા રાખ્યા કરવી.

૧૩. દૂધ, દહીં પ્રમુખ વિગઇઓનો ત્યાગ કરવો અને છઠ્ઠ અઠ્ઠમ પ્રમુખ કઠણ તપ આચરવું. વળી ક્ષુધા, તૃષા પ્રમુખ બાવીશ પરિષહોની ફોજને જીતી લેવી ને મહાઉપ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સર્ગો સહન કરવા. દેવકૃતાદિક ગમે તેવા ઘોર ઉપસર્ગો આવી પડે તે સર્વ મહાવીરની પેઠે શૂરવીરપણે સહી લેવા.

૧૪. એક જ સ્થાને સ્થિરવાસ નહીં કરતાં ફરતાં રહેવું. નિર્દોષ આહારાદિકની ગવેષણા કરવાનો ખપ કરવો. વળી, તળી, તાવેલી માદક વસ્તુ વાપરવાની તજવી; તથા ટાઢ, તડકો ને ડાંસ પ્રમુખથી થતી પીડાને સહન કરવી.

૧૫. સ્નાન, વિલેપન ને અલંકાર સજવાની મનથી પણ ઇચ્છા ન કરવી. ઊંચી નીચી ભૂમિ ઉપર જયણાપૂર્વક શયન કરવું અને દુષ્કર એવું કેશલુંચન પણ કરવું.

૧૬. સાધુ યોગ્ય ભિક્ષુપ્રતિમા વહન કરવાનો અભ્યાસ, કાયોત્સર્ગ તથા મનની સ્થિરતા વધે એવા જુદા જુદા યોગ સંબંધી આસનનું સેવન કરતા રહેવું. ઇત્યાદિક અનેક પ્રકારનો કાયક્લેશ તપ કરવો.

૧૭. ખૂબ ક્ષમાવંત થવું, ક્રોધ, માનાદિક ચારે કષાયને શત્રુની જેમ વશ કરવા તથા પાંચે ઇંદ્રિયોને દમવી.

૧૮. ખરો સાધુ સદા શાન્તચિત્તે જયણાપૂર્વક ચાલે, ઊભો રહે, બેસે, સૂવે, ભોજન કરે તથા ભાષણ કરે; માટે તેમ વર્તવું.

૧૯. માન કે અપમાન, લાભ કે અલાભ પ્રસંગે સમભાવી રહેવું. વળી દુર્જનનાં કઠોર વચનથી થતી પીડાને સમભાવે સહન કરવી.

૨૦ વધારે શું પણ શાસ્ત્રોક્ત (વણિકે સાધેલા) વેતાલની



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વાત તથા કુળવધૂની કથા લક્ષ્યમાં રાખી સદાય સંયમયોગવડે નિત્ય આત્માને જ રક્ષવો–આત્માની રક્ષા કરવી.

૨૧–૨૪. બે હાથે સમુદ્ર તરવો, ગંગા જેવા જળપ્રવાહમાં સામે પૂરે જવું, વેળુના કોળીઆ ભરવા, અગ્નિની શિખાનું પાન કરવું, મેરુપર્વતને ત્રાજવે તોળવો, રાત્રે તીક્ષ્ણ ખડ્ગની ધારા ઉપર ચાલવું, શત્રુના સૈન્ય સાથે એકલા લડવું તેમજ રાધાવેધ સાધીને જયપતાકા વરવી; ઇત્યાદિક ઉપમાનોવડે મુશ્કેલ એવી જિનદીક્ષા પાળવી–સંયમયોગ સાધવો તે કઠણ છે.

૨૫. અથવા આ જૈનીદીક્ષા કાયર નરોને પાળવી અતિ દુષ્કર છે, પણ મોક્ષસુખના ઇચ્છક શૂરવીર જૈનોને પાળવી બહુ સહેલી છે.

૨૬. વળી સઘળાં ધર્મકૃત્યો ભાવસહિત કર્યા સતા સફળ થાય છે, તેથી આ જિનદીક્ષા ભદ્રિકજનોએ સદા ભાવવિશુદ્ધિવડે સાવધાનપણે પાળવી.

૨૭. એ રીતે જે ભવ્યાત્મા આ જિનદીક્ષાનું સેવન ભાવ સહિત કરે છે તે સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રરૂપ રત્નત્રયીનો ધારક પરમાનન્દભાગી બને છે. ( આ ગાથામાં ગ્રંથકર્તા પરમાનંદસૂરિ પોતાનું નામ પણ આપે છે. )

૨૮. ઉક્ત રીતે રત્નત્રયીનું આરાધન કરનાર તે જ ભવમાં કે મનુષ્ય સંબંધી ભવાંતરમાં મોહનીયકર્મને હણી, કેવળજ્ઞાન પામીને મોક્ષપદ પામે છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૪, પૃ. ૮૯. ]

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# उपदेश सप्ततिका–अनुवाद.

૧. સમસ્ત સુખના મૂળ કારણરૂપ સર્વ તીર્થંકરોના ચરણકમળને નમન કરીને મંદબુદ્ધિવાળો એવો પણ હું ( ક્ષેમરાજ મુનિ ) જેથી સુકૃત કરણીમાં પ્રવેશ થાય એવો હિતોપદેશ કહું છું તે હે ભવ્યજનો ! તમે શ્રવણ કરો.

૨. વિશાળ ( અન્ય સર્વ કરતાં ચઢિયાતા ) સર્વજ્ઞ શાસનનો આશ્રય કરવો, સદાય સુશીલતા રાખવી અને કોઈને કદાપિ કુડું આળ ન દેવું. એમ કરવાથી ભવદુઃખ–સંસાર–જાળને છેદી સુખી થઈ શકાશે.

૩. કદાપિ પરાયાં છિદ્ર ( દોષ ) જોવાં નહિ, રૌદ્ર–ભયંકર એવાં પાપકર્મ કરવાં નહિ, અને એક ક્ષુદ્ર–હલકામાં હલકા દોષવાળા પ્રાણીને પણ મિત્ર તુલ્ય ગણવો કે જેથી જીવ ! તારું ભદ્ર–કલ્યાણ થઇ શકે.

૪. હજારો વ્યાધિઓના સ્થાનરૂપ ( આ ) દેહ, અનેક પ્રકારના રોગ અને શોકવડે જ્યાંસુધી લેપાય–પીડાય નહિ ત્યાં સુધી અહો બુદ્ધિવંત જનો ! તમે ધર્મપંથમાં વિચરો અને દિવસોને વ્યર્થ ગુમાવી ન દ્યો.

૫. જ્યારે શરીરમાં કોઇ પણ વ્યાધિ ઉદય પામે–રોગોત્પત્તિ થાય ત્યારે ચિત્તની સ્વસ્થતા વગર ધર્મબુદ્ધિ શી રીતે ટકે ? અને દુઃખ માત્રનો અંત શી રીતે આવે ?

૬. વૈરાગ્ય પામેલા આત્માને સદા સુખ હોય છે અને વિષયરાગથી રંગાયેલા આત્માને અત્યંત દુઃખ હોય છે. એવી

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

રીતે પરમ તત્ત્વ–પદાર્થ સમજીને વૈરાગ્યમાર્ગમાં ચિત્તને સ્થાપન કરો.

૭. જે કોઈ બહુવિધ પરિગ્રહ અને આરંભનું સેવન કરે છે, અન્યના સુવર્ણરૂપાદિક દ્રવ્યનું હરણ કરે છે અને સર્વજ્ઞ–વીતરાગોક્ત ધર્મનું સારી રીતે આચરણ કરતા નથી તે ભવ-સાયરને શી રીતે તરી શકે ?

૮. જિનેશ્વરદેવની આજ્ઞાને જેઓ મસ્તક ઉપર ધારે છે–પ્રમાણ કરે છે, ઘોર ઉપસર્ગોને સહન કરે છે અને ધર્મના માર્ગને સ્પષ્ટ બતાવે છે તે નિશ્ચે સંસારનો પાર પામે છે.

૯. અસત્ય ભાષણ ન જ કરવું, વિષયસુખની લાલસા ન જ કરવી, પરની આશાનો ભંગ ન જ કરવો–એ રીતે વર્તતાં ધર્મ અને કીર્ત્તિ પ્રગટ પ્રાપ્ત થાય.

૧૦. ચોતરફ પ્રસરેલા અને અતિ દુર્વાર એવા અપાર મિથ્યાત્વ મહાન્ધકાર છતાં જે શુદ્ધ ધર્મથકી ચલાયમાન નથી થતા તે ત્રિભુવનમાં પ્રશંસાપાત્ર થાય છે.

૧૧. જે પાપમતિ અસાર સંસારસુખને અર્થે પાપકાર્યમાં રાચે છે તે પોતાના આત્માને કલેશમાં નાંખે છે. તેને સ્વર્ગ અને મોક્ષનાં સુખ ક્યાંથી હોય ?

૧૨. નરેન્દ્ર અને દેવેન્દ્રવડે પૂજિત એવા જિનેશ્વરની દ્રવ્યભાવથી પૂજા કરનાર શુભ કર્મ(પુન્ય)નો સંચય કરે છે, તેમજ મિથ્યાત્વમોહનો અંત કરે છે.

૧૩. નરક વિષે આકરાં દુઃખ સહન કરી (કવચિત્) પંચે-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ન્દ્રિયપણું પામીને જે પ્રમાદાચરણવડે કાળ ગુમાવે છે તે મહા-મોહજાળમાંથી શી રીતે છૂટી શકે ?

## સાધુ અને શ્રાવક યોગ્ય મનોરથ.

૧૪. તપ ઉપધાનાદિક કરણી કરવાપૂર્વક અને ( વાંચના અવસરે ) ગુરુમહારાજને વંદન કરવાપૂર્વક સૂત્ર અને અર્થને મધુર સ્વરવડે અતિ ભારે આદરથી હું કયારે પઠન કરીશ ?

૧૫. આઠ કર્મરૂપી વ્યાધિને હરવા ઔષધિ સમાન સામાયિકાદિ ષડ આવશ્યક અને પૌષધ વિનયાદિ સર્વ ધર્મકરણી શાસ્ત્રોક્ત વિધાન(વિધિ)પૂર્વક કયારે હું વિનય બહુમાન સહિત આચરીશ ?

૧૬. વળી કયારે હું ગુરુમહારાજની આજ્ઞા મસ્તકે વહન કરીશ ? સૂત્ર અને અર્થ સંબંધી વિશાળ શિક્ષા કયારે હું ગ્રહણ કરીશ? સકળ ક્રોધ અને વિરોધને કયારે ત્યજીશ? અને મૃદુતાને કયારે ધારણ કરીશ ?

૧૭. સુખદાયક સમકિત મૂળ પાંચ અણુવ્રતોને હું કયારે ધારીશ ? અને ત્યારબાદ કાયર જનોએ પાળવા અતિ કઠીન એવા પાંચ મહાવ્રતોનો ભાર હું કયારે વહન કરીશ ?

૧૮. એવી રીતે મોક્ષમાર્ગમાં વહેતા રથ જેવા ધર્મના મનોરથ કરતા અને જીવાજીવાદિક તત્ત્વમાં કુશળ એવા સુશ્રાવકો અથવા સાધુજનો પુન્ય ઉપાર્જન કરે છે-કરી શકે છે.

## ઉત્સૂત્રપ્રરૂપણાથી થતો મહાદોષનો સંભવ અને આજ્ઞારાધનથી થતી સુખસિદ્ધિ.

૧૯. ગમે તેવી ભારે કષ્ટ કરણી કરનારા હોય, પરંતુ જો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેઓ સિદ્ધાન્તવિરુદ્ધ ભાષણ કરતા હોય તો તેમને શાસ્ત્રમાં સ્વચ્છંદાચારી કહ્યા છે. તેમનું મુખ જોવાની ઇચ્છા પણ અત્યંત પાપકારી છે.

૨૦. જિનેશ્વર દેવની આજ્ઞાનું અતિક્રમણ-ઉલ્લંઘન કરીને જે તીવ્ર-અતિ આકરાં તપ કરે છે, જ્ઞાન ભણે છે તેમજ દાન દે છે તે સઘળું તેમનું કરેલું અપ્રમાણ-અફળ-નકામું-ક્લેશરૂપ છે.

૨૧. જે મહાનુભાવો જિનેશ્વર દેવની આજ્ઞા પાળવામાં સદાય રક્ત-ઉજમાળ રહે છે, તેમના મનમાં કદાપિ પાપબુદ્ધિ જાગતી નથી. તપ વગર પણ તેમની વિશુદ્ધિ અને કર્મક્ષય-વડે સિદ્ધિ થાય છે.

૨૨. સદ્ગુણના સાગર એવા બહુશ્રુત (ગીતાર્થ) ગુરુનું શરણ પામી, સદાય તેમને પરમાર્થ પૂછી, મોક્ષમાર્ગને તથા ધર્મને યથાર્થ જાણી શ્રાવકે આત્માને યોગ્ય આચરણ કરવું.

૨૩. અગીતાર્થ (અલ્પશ્રુત)નું સેવન કરવાવડે, અરે જીવ! તું તારું ભદ્ર-કલ્યાણ નિશ્ચે ન સમજ. એથી તો તું અતિઘોર દુઃખદાયી સંસારમાં રખડીશ અને ક્યારે પણ મોક્ષ પામીશ નહિ.

૨૪. કુમાર્ગ (અન્યાય) સંસર્ગમાં બુદ્ધિ લાગવાથી જે મુગ્ધમતિ બુઝતો નથી, તેને (તેના જીવિતને) ધિક્કાર છે. જેણે લોકપ્રવાહ (અન્યાય માર્ગ) આદર્યો છે તેને જ આ પરમ અલાભ(હાનિ) છે. પ્રતિશ્રોત (શાસ્ત્ર-સિદ્ધાન્તસંમત ન્યાય) માર્ગ આદરવો એ તો અતિ દુષ્કર જ છે.

P. P. Ac. Gunratansuriji M.S.                    Jin Gun Aaradhak Trust

૨૫. સર્વ જીવસમૂહની આત્મસમાન રક્ષા કરીને, સમ્યક્ત્વ અને મિથ્યાત્વને સારી રીતે પરખીને, અને સિદ્ધાન્તરહસ્યને સારી રીતે અભ્યસીને સાધુ જ જગતમાં ખરેખર સુખી થાય છે.

૨૬. આ (પ્રત્યક્ષ અનર્થકારી) ક્રોધાદિક કષાયો જ્યારે તજાય છે ત્યારે જ ચિત્તગત વિષાદ(ખેદ) ટળે છે, અને ચિત્ત પ્રશાન્તભાવને પામે છે; અને ત્યારે જ ધર્મમાર્ગમાં સ્થિરતા થવા પામે છે.

૨૭. ધન અને અનેક પ્રકારનું ધાન્ય તથા આ સઘળું કુટુંબ ખરેખર અસાર છે એમ સમજીને અહો ભવ્યાત્મન્ ! તું સદાય ધર્મસાધન કર કે જેથી શીઘ્ર સકળ દુઃખનો પાર પામી શકાય.

૨૮. ક્ષણિક એવાં વિષયસુખમાં આસક્ત થયો છતો જે મુગ્ધ જીવ મિથ્યાપંથમાં મુંઝાય છે તે ચંદનને રાખ માટે બાળી નાંખે છે અને ચિન્તામણિ રત્નને કાચના કટકા માટે ગુમાવી દે છે.

## "વિશુદ્ધ એવો શ્રાવકનો આચાર"

૨૯. જિનેશ્વર દેવની પૂજા, સદ્દગુરુની સેવા, ધર્મશાસ્ત્રનું શ્રવણ, તેની વિચારણા, બાહ્ય અભ્યંતર તપનું સેવન, તથા સત્ક્ષેત્રમાં દાન આપવું અને અપાવવું એ સુશ્રાવકોને પુષ્કળ પુન્ય ઉપાર્જન માટે થાય છે.

૩૦. અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજવલન એવા ક્રોધ, માન, માયા અને લોભ એ સોળ પ્રકાર-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ના કષાય ખરેખર પ્રગટ પિશાચરૂપ છે. તે સમસ્ત જગને છળે છે અને ભારે દુઃખ ઉપજાવે છે.

૩૧. જેથી જીવની લઘુતા–હલકાઈ થવા પામે એવાં પરનાં મર્મ કદાપિ રાગદ્વેષવશ ઉઘાડવાં જ નહિ, અને પરાયા દોષમાં મન દેવું નહિ-દોષ તરફ દૃષ્ટિ જ કરવી નહિ. એ રીતે બુદ્ધિશાળી મનુષ્ય ધર્મની ધુરાને ધારણ કરે છે.

૩૨. જિનેશ્વર દેવ, સિદ્ધભગવાન્, આચાર્ય, ઉપાધ્યાય, ચિત્તને સમાધિ ઉપજાવનાર જિનપ્રતિમા, ચતુર્વિધ સંઘ, ક્ષમાદિક દશવિધ-યતિધર્મ, ધર્મમાર્ગદર્શક ગુરુ, શ્રુતજ્ઞાન અને સમ્યક્ત્વ એ દશનો વિનય કરવો.

## "કષાય ત્યાગ"

૩૩. પાપને પુષ્ટિ આપે એવો તીવ્ર રોષ મનમાં લગાર (લેશમાત્ર) પણ લાવવો નહિ, કેમકે તેથી પુન્યજળ સુકાઇ જાય છે-પુન્યનો લોપ થાય છે અને સ્વપર કોઇને પણ સુખ-શાન્તિ થવા પામતી જ નથી.

૩૪. મહામુનિઓએ પણ ધિક્કારવા લાયક શત્રુ જેવો મદ–અહંકાર મનમાં કદિ આણવો નહિ, કેમકે એથી જ્ઞાની પણ અજ્ઞાની જેવો બની જઈ, ધર્મઅધર્મનો વિવેક ભૂલી જાય છે. અધર્મને ધર્મ અને ધર્મને અધર્મ લેખી, સ્વચ્છંદપણે ચાલી, સ્વપરની ભારે ખુવારી નિપજાવતાં લગારે ડર ખાતો નથી.

૩૫. સુસાધુ જનોના મનમાં સ્થાન ન પામી શકે એવી દુષ્ટ માયાનો કાયમ ત્યાગ જ કરવો; કેમકે એ માયા ઓરમાન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માતાની પેઠે સમસ્ત લોકોને દુઃખ–ક્લેશ–આપદા જ ઉપજાવનારી થઈ પડે છે.

મતલબ કે આત્માર્થી જનોએ માયા ન જ કરવી–સરલતા રાખી આત્મસાધન કરવામાં તત્પર રહેવું.

૩૬. જેનાવડે સ્વજન વર્ગમાં વિરોધ થાય અને રાજ્ય તથા ધન મેળવવાનો મોહ વધે તેમજ જે પાપરૂપી વૃક્ષના અંકુર જેવો છે તેવો વિષમ લોભ સાધુજનોએ સેવવો જોઈએ નહિં.

૩૭. જે વચન સાંભળીને સામા જીવને દુઃખ થાય એવું તીખું–આકરું–કડવું વચન બોલવું જ નહિં. વળી આ લોક તથા પરલોક વિરુદ્ધ કાર્ય જે સર્વ કોઇએ વારેલું–નિષેધેલું હોય તે કદાપિ કરવું નહિં.

૩૮. દ્રવ્ય–સ્વસ્થિતિ અનુસારે વેષ–પોશાક રાખવો, પરાયા ઘરમાં પ્રસ્તાવ વગર પ્રવેશ ન જ કરવો, સજ્જન અથવા દુર્જનનો પટાંતર જાણવો–સમજવો, પરંતુ તેનો લેશમાત્ર દોષ બોલવો–ગાવો નહિ જ.

૩૯. જ્ઞાનદાતા એવા ગુરુની ભકિત હૃદયમાં ધરીને, વિનય બહુમાન સાચવીને તત્ત્વજ્ઞાની મુનિએ શાસ્ત્ર–જ્ઞાન શીખવું, તેનો અર્થ–પરમાર્થ સ્વમતિવડે સારી રીતે વિચારવો અને ક્ષમાદિક દશવિધ યતિધર્મને સારી રીતે અભ્યાસવો.

૪૦. હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય અને દુગંચ્છાને તજવાં અને અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અસંગ તથા રાત્રિભોજન–વિરમણરૂપ વ્રતોને ભજવાં. મદ્ય, વિષય, કષાય, નિદ્રા, આલસ્ય અને વિકથારૂપ પ્રમાદને વારવા તથા દાન,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લાભ, વીર્ય, ભોગ અને ઉપભોગરૂપ પાંચ અંતરાયોને પોતાનામાંથી દૂર કરવા.

૪૧. સ્વધર્મી બંધુઓને બહુમાન આપવું તેમજ તેને ભક્તિથી અન્નપાનાદિક આપવું. તે બદલે કોઈ પણ જાતનું નિયાણું ન કરવું. નિષ્કામ-નિઃસ્વાર્થપણે દાનાદિક ધર્મકૃત્ય કરવાં, જેથી પુન્યપ્રાપ્તિ થઈ શકે.

૪૨. સર્વ જીવોની અહિંસા-દયા એ પરમ ધર્મ છે અને તેમનો વિનાશ કરવો એ પરમ અધર્મ છે, એમ સમજી આત્મઉન્નતિ થવામાં અતિ અંતરાયકારી એવો પ્રાણીઘાત અવશ્યમેવ તજી દેવો. ( કોમળ પરિણામ રાખવા ).

૪૩. ક્રોધ, લોભ, ભય, હાસ્ય, રાગ અને મત્સરવડે મૃષાવાદ ન જ બોલવું કે જેથી લોકનો વિશ્વાસ ઊઠી જાય.

૪૪. નીચ જનોએ જે આદર્યું-સ્વીકાર્યું હોય એવું ચોરીનું ધન શાણા માણસે ગ્રહણ કરવું નહિ, કેમકે તેનો આદર કરવાથી આ લોકમાં તત્કાળ દુઃખ પ્રાપ્ત થાય છે અને સુખ તો કદાપિ પ્રાપ્ત થતું જ નથી.

૪૫. જે પરસ્ત્રીને સ્વમાતા સમાન લેખે છે તેનો લોકાપવાદ સર્વથા થતો જ નથી; પરંતુ જે મૂઢ જનો પરસ્ત્રીમાં ( રાવણની પેઠે ) લુબ્ધ થયા હોય તે તો આ લોકમાં જ-આ જન્મમાં જ જોતજોતામાં દુઃખના ભાગી થાય છે.

૪૬. જેઓ મોહ-અજ્ઞાનવશ અતિ દુઃખદાયક ( સંકલેશકારક ) ધન ધાન્યાદિક પરિગ્રહનો સંચય કર્યા કરે છે તેમને

P. P. Ac. Gunratansuriji M.S.  Jin Gun Aaradhak Trust

જગતમાં સુખ ક્યાંથી જ હોય ? ન હોય. અને મહાદુઃખ તો સદાય તેમને લાગ્યાં રહ્યાં જ હોય છે.

" ઇંદ્રિયનિગ્રહ. "

૪૭. મધુર ( ઇષ્ટ ) કે અનિષ્ટ ( કટુક ) શબ્દ સાંભળીને ચિત્ત રાગદ્વેષાકુળ ન જ કરવું; કેમકે સદા ગીત–ગાનના રસમાં રસિક બનેલો મૃગલો અકાળ મૃત્યુ પામી અત્યંત દુઃખી થાય છે.

૪૮. રમણી( સ્ત્રી )નું રૂપ જોઈને મનમાં કદાપિ પ્રેમ–રાગ કરીશ નહિ, કારણકે પતંગ દીવાની શિખા મધ્યે પડે છે અને તેના રૂપમાં આસક્ત બન્યો છતો બળીજળીને ખાખ થઈ જાય છે.

૪૯. જળમાં મચ્છ ( જિહ્વા )રસવડે લોભાયો, મૂર્છાયો છતો ભયને ગણતો નથી; તે રસદોષથી તેનું તાળવું વીંધાઈ જાય છે. એ રીતે રસગૃદ્ધિ પરમ દુઃખનું સ્થાન કહ્યું છે.

૫૦. હાથીના કુંભસ્થળના મદ–ગંધમાં લુબ્ધ થયેલો ભમરો ઘ્રાણ–વાસના ઇન્દ્રિયના રસવડે ગૃદ્ધ–આસક્ત બની, હાહા ઇતિ ખેદે ! વ્યર્થ મૃત્યુવશ થાય છે, એમ સમજી કોણ સહૃદય ગંધગૃદ્ધિ કરવા ઇચ્છશે ?

૫૧. જે મુગ્ધમતિ ( મૂઢાત્મા ) સ્પર્શેન્દ્રિયને ( નિજ કાયાને ) વશ રાખતો નથી, તે કામવશ મદોન્મત્ત થયેલો અજ્ઞાન હાથી જેમ પોતાના આત્માને મહાસંકટમાં નાંખે છે તેમ વધ, બંધનાદિક મહાકષ્ટને પામે છે–અનુભવે છે.

૫૨. એક એક પણ ઉદય પામેલા વિષયમાં આસક્ત થઈ જવાથી તે બેસુમાર દુઃખ આપે છે, તો જે કોઈ ઉક્ત પાંચે

P. P. Ac. Gunratansuriji M.S.		Jin Gun Aaradhak Trust

વિષયોમાં સર્વથા ગૃદ્ધ–આસક્ત બની ગયા હોય તે બાપડાઓની શુભ ગતિ શી રીતે થાય ? ન જ થાય.

૫૩. ઉક્ત શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શરૂપ પાંચ વિષયો વિષ કરતાં પણ અતિ વિષમ છે, કેમકે તેનું સેવન કરવાથી પરિણામે મહાવિષાદ પેદા થાય છે અને લોક પરવશ બની નિઃસત્ત્વ થાય છે, તેથી રસાસક્તિ–રસગૃદ્ધતા તજી દેવી જોઇએ, કે જેથી પરવશ થઇ દુઃખી થવું ન પડે.

## " જિનઆજ્ઞા–આરાધન. "

૫૪. જે કોઇ પ્રાજ્ઞજનો મનનો મેલ મૂકીને ( અહંકાર તજીને ) તીર્થંકર દેવની આજ્ઞા પ્રમાણે કરે છે તેમનું સમસ્ત ક્રિયાવિધાન તેમને હજારો જાતના દુઃખમાંથી રક્ષણ કરનારું થઈ પડે છે.

૫૫. અત્યંત પાપનો ઉદય જે થકી થાય એવા સંસાર-ભ્રમણથી જે ભવ્યાત્માઓ ભય પામે છે તે ભવભીરુ ભવ્ય-જનોને સુખપ્રાપ્તિનો ઉપાય સુલભ જ છે. તેમને ભવભ્રમણ કરવું પડતું નથી. પાપભીરુ પુરુષ પ્રાયઃ સંસારકૂપમાં પડતો જ નથી.

૫૬. ધન, ધાન્ય, રત્ન, સુવર્ણ, રૂપ, યૌવનાદિક અન્ય જે કંઇ પ્રાપ્ત થયું છે તે સઘળું ખરેખર વિજળીના ઝબકારા જેવું અસ્થિર છે એમ સમજી અહો ભવ્યજનો ! સ્વહૃદયમાં વિવેક ધારણ કરો.

૫૭. પુત્ર, સ્ત્રી, બાંધવ, મિત્ર અને સ્વજન એકચિત્ત છતાં પાપવશાત્ અવસાન વખતે એમાંનાં કોઇ પણ રક્ષણ કર-વાને સમર્થ થઇ શકતા નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૫૮. જેમના મનમાં પાપમતિ પેઠી છે અને જેમની નિર્વાહ( આજીવિકા )-વૃત્તિ પાપકર્મવડે સંકલેશવાળી છે તે દુષ્ટજનો કદાપિ હર્ષ-સંતોષને પામતા જ નથી, પરંતુ સર્વત્ર દુઃખ-સંતાપને જ પામે છે.

૫૯. જિનચૈત્ય, સંઘ અને ધર્માચાર્યાદિકની ગુણસ્તુતિ ( પ્રશંસા ) કરનારા ભવ્યજનો સુલભબોધી થાય છે, એટલે ભવાન્તરમાં સુખે ધર્મપ્રાપ્તિ કરી શકે છે, પરંતુ તેમના અવર્ણ-વાદ ( નિંદા ) કરનારા તો દુર્લભબોધી જ થાય છે, એટલે ધર્મની પ્રાપ્તિ તેમને તો દુર્લભ્ય થાય છે.

૬૦. અજ્ઞાનતા દોષને પરતંત્ર થઇ જવાથી પાપકર્મ કર-નારા પ્રાણીઓ કંઇ પણ તત્ત્વ-પરમાર્થ જાણતા નથી, અને દુઃખ દારિદ્રવડે દીન એવા તે આ લોકમાં તેમજ પરલોકમાં સુખથી દૂર જ રહે છે.

૬૧. પુણ્યોદયવડે જેનો સમ્યગ્જ્ઞાનરૂપી દીવો અત્યંત પ્રદીપ્ત થયો છે એવો કોઈ ભવ્યાત્મા મોહઅંધકારના પ્રસારને છેદી ભેદીને, પ્રયત્નથી નિર્વાણ મોક્ષમાર્ગને અવલોકે છે.

૬૨. તે મોક્ષમાર્ગમાં ચાલતાં ભવ્યાત્માઓને મહાબળવંત ક્રોધાદિક અનેક શત્રુઓ સ્પષ્ટતયા અંતરાય કરે છે, અને પુન્ય-રૂપી ધર્મધનને છળબળથી હરી લે છે. કોઇક જ સ્વબળથી તેમને જીતી શકે છે.

૬૩. અનેક પાપકર્મને નિઃશંકપણે સેવનારા, સર્વજ્ઞદેશિત ધર્મને નહિ જાણનારા અને અજ્ઞાનકષ્ટ કરી મનમાં અહંકાર લાવનારા પાપીજનો પોતાના આત્માને નરક-કૂપમાં નાખે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## " મદ–ત્યાગ" "

૬૪–૬૫. સુજ્ઞજનોએ હૃદયમાં જાતિ સંબંધી ગર્વ ન કરવો, તેમજ કુળ અભિમાન પણ ન કરવું, રૂપ અને નવું અપૂર્વ ઐશ્વર્ય પામીને તેનું ગુમાન ન કરવું, હું જ જગત્‌માં બળવાન્, તપસ્વી, શ્રુતાધિક ( અધિક જ્ઞાની ) અથવા યશસ્વી છું એમ ન ધારવું, વળી રાજ્યસમૃદ્ધિનો લાભ થયે છતે હરખાઈ ન જવું તથા પોતાનો ઉત્કર્ષ પણ ન જ કરવો.

૬૬. એક વાળના અગ્ર ભાગ જેટલું જગત્‌માં એવું સ્થળ નથી કે જ્યાં આ જીવ પાપલેશ્યાયુકત ઉત્પન્ન થયો ન હોય; પરંતુ તે કયાંય લગારે સુખ–શાન્તિ પામ્યો નહિ.

## " મનુષ્યભવની દુર્લભતા. "

૬૭. અતિ દુર્લભ એવું મનુષ્યપણું, પવિત્ર ઉત્તમ કુળ, તથા આર્ય ક્ષેત્ર પામીને, અને સદ્‌ગુરુએ કહેલું તત્ત્વવચન શ્રવણ કરીને, હવે પ્રમાદાચરણ કરવું તને ઘટતું નથી.

૬૮. બાળપણું ક્રીડા કરવામાં ગુમાવે, યૌવનવય ભોગસુખમાં વીતાવે ( યૌવનવયમાં વિષયક્રીડા કરે ) અને વૃદ્ધપણામાં શરીર-બળ ક્ષીણ થઇ જાય-એ રીતે મુગ્ધ જીવ વ્યર્થ રીતે કાળનો વ્યય કરે છે.

૬૯. બાળવયથી માંડીને જેણે સકળ ગુણસંયુકત એવું દાન, શીલાદિક સુકૃત્ય ઉપાર્જ્યું નથી, તેને જ્યારે વૃદ્ધ અવસ્થામાં શરીર જર્જરિત થઇ જાય છે ત્યારે ધર્મસાધન કરવા અવકાશ રહેતો નથી. ( તેથી જ શાસ્ત્રકારે ઠીક જ કહ્યું છે કે–જ્યાં સુધી જરાથી દેહ જર્જરિત થઇ જાય નહિ, વ્યાધિ વધીને ચોતરફથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઘેરી લે નહિ અને ઇન્દ્રિયે ક્ષીણ શકિતવાળી થઇ જાય નહિ, ત્યાં સુધીમાં ભો ભવ્યાત્મન્! તું ધર્મસાધન કરી લે. દવ બળે ત્યારે કૂવો ખોદવો શા કામનો ? )

૭૦. પૂર્વજન્મમાં જે ઉદાર ( અદ્ભૂત ) દાન, શીલ અને તપ પ્રમુખ સુકૃત્ય કર્યાં હતાં તેના ફળભૂત એવું મનુષ્યપણું તને પ્રાપ્ત થયું, જો હવે અહીં સુકૃત્ય નહિ કરીશ તો તું ઇચ્છિત રમણિક સુખ શી રીતે પામીશ ?

૭૧. બાહ્ય અભ્યંતર તપવડે જેણે કર્મલેપ સર્વથા ધોઇ નાંખ્યો છે તેવા જિનેશ્વર સિવાય બીજો કોઇ દેવ નથી, અર્થાત્ એ જ દેવાધિદેવ, સુસાધુ, એ જ ગુરુ અને સર્વજ્ઞ-પ્રભુભાષિત એ જ તત્ત્વ-ધર્મ. એ ત્રણ વસ્તુ-તત્ત્વમાં દૃઢ પ્રતીતિ એ જ સમ્યકત્વ. ( ઉકત સમ્યકૃત્વના પ્રભાવથી આત્માની શીઘ્ર ઉન્નતિ થવા પામે છે એ મહાલાભ છે ).

૭૨. જે તત્ત્વજ્ઞાની જનો રૂડા પરિણામને ધારે છે, સપ્ત ક્ષેત્રોમાં ન્યાયોપાર્જિત દ્રવ્ય વાવે છે અને ત્યારબાદ દીક્ષા અવસરે નિર્મોહપણાથી મમતાને છેદી નાંખે છે તે મહાનુભાવો આ દુર્લભ મનુષ્યજન્મને સાર્થક-પાવન કરે છે.

૭૩. આ ઉપદેશસપ્તતિનું પઠન કરીને તેનો પરમાર્થ-વિસ્તાર ( સાધનઉપાય ) ચિત્તમાં અવબોધે છે તે ભવ્યાત્મા જન્મ મરણાદિક દુઃખપૂર્ણ અને અતિ દુસ્તર ભવસાગરને તરી (પાર ઉતરી) ક્ષેમકુશળ સર્વોત્કૃષ્ટ(મોક્ષ)સુખને પ્રાપ્ત કરે છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૩૪, પૃ. ૧૬૩, ૨૩૯. ]

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## મૃત્યુ—મહોત્સવ અનુવાદ.

૧. મૃત્યુમાર્ગમાં પ્રવૃત્ત એવા મને જ્યાંસુધી મોક્ષનગરે પહોંચું ત્યાં સુધી વીતરાગ ભગવાન સમાધિ અને બોધરૂપ સુખસાધક ઉત્તમ ભાતું આપો. અપ્રમત્તભાવે રત્નત્રયીની પ્રાપ્તિ અને આરાધના મને હો ! એ જ અક્ષય સુખસાધક ભાતું છે.

૨. હે આત્મા ! કરમિયાના સમૂહથી ભરેલું આ જાજરું દેહપિંજર નષ્ટ થતું હોય ત્યારે તારે બ્હીવું નહીં, કેમકે તું તો જ્ઞાનસ્વરૂપ–જ્ઞાનના પિંડરૂપ( અરૂપી ) છે. દેહ નષ્ટ થયે તારું જ્ઞાનસ્વરૂપ કાંઇ નષ્ટ થતું નથી, એમ સમજી તું સ્વસ્થતાને ધારણ કર.

૩. હે જ્ઞાની આત્મા ! મૃત્યુ–મહોત્સવ પોતાને પ્રાપ્ત થયે છતે તારે બ્હીવાનું પ્રયોજન જ શું છે ? કેમકે જૂના–જીર્ણ દેહને તજી નવીન–ઉત્તમ દેહને ધારણ કરતો આત્મા પોતાના સ્વરૂપથી ચ્યુત થતો નથી. સમાધિમરણ કરનાર પોતાના જીર્ણ દેહને તજી રત્નત્રયીના આરાધનથી ઉત્તમ પ્રકારના ઉત્તરોત્તર સુખવાળા સ્થાનને જ પામે છે.

૪. મૃત્યુ પહેલાં વિવેકપૂર્વક જે કાંઇ સારું આચરણ કરાય છે, જીવજયણા, કષાયજય, ઇન્દ્રિયદમન, પાપત્યાગ અને યોગશુદ્ધિ પ્રમુખથી પોતાના આત્માને સુરક્ષિત કરાય છે, તેનું શુભ ફળ–પરિણામ સ્વર્ગલોકના સુખ ભોગવવારૂપ થાય છે; તો પછી જ્ઞાની એવા સત્પુરુષોને મૃત્યુનો ભય હોય જ શા માટે ?

૫. ગર્ભાધાન–ગર્ભાવાસથી માંડી દેહ–પિંજરમાં પડેલો દુઃખ સંતાપ આત્માનો મૃત્યુરૂપ [ન્યાયી] રાજાના પ્રસાદ વગર છૂટી

P. P. Ac. Gunratansuriji M.S.  Jin Gun Aaradhak Trust

શકતો નથી. સમાધિમરણ એ ભારે ન્યાયી રાજા છે. એનું શરણ સાવધાનતાથી કરનાર સર્વ પ્રકારનાં દુઃખથી મુક્ત થઈ અક્ષય સુખ સાધી શકે છે.

૬. આત્મદર્શી–આત્મજ્ઞાનીઓ સર્વ દુઃખને દેનાર દેહ–પિંડની મમતા દૂર કરીને મૃત્યુ(સમાધિમરણ)ની કૃપાથી યથાર્થ સુખસંપદા પ્રાપ્ત કરી શકે છે, એ વાત નિઃશંક છે.

૭. મૃત્યુરૂપી કલ્પવૃક્ષ સાક્ષાત્ પ્રાપ્ત થયે છતે જે આત્માર્થે કલ્યાણ સાધી શકતો નથી તે સંસારના ચીકણા કાદવમાં ખૂંચ્યો છતો પછી શું કરી શકશે? કાંઈ જ નહીં.

૮. જેનાથી જીર્ણ શરીરઆદિકનો નાશ થઈ બધું નવું જ થવા પામે છે તે મૃત્યુ ઉત્તમ જનોને હર્ષ–આનંદ માટે કેમ ન હોય? કેમકે તેઓ તો પરિણામદર્શી હોવાથી જેના અંતે સુખ–ઉન્નતિ થાય તે મૃત્યુને દુઃખરૂપ ન જ લેખે.

૯. જે આત્મા દેહ–પિંડમાં રહ્યો છતો સુખ દુઃખને સદા જાણે છે–જ્ઞાયક સ્વભાવથી સર્વ ભાવને જાણી શકે છે અને કર્મરચના અનુસારે પોતે પરભાવમાં પ્રયાણ કરે છે, ત્યાં પણ સ્વભાવની રક્ષા જેવી ને તેવી કરી શકે છે, તો પછી વસ્તુતઃ મરણનો ભય જ્ઞાનીને ન જ હોવો ઘટે.

૧૦. સંસારમાં જેમનું ચિત્ત ખૂંચેલું (લીન થયેલું) છે તેવા જીવોને મૃત્યુ ભય–ત્રાસરૂપે હોઈ શકે, પરંતુ જ્ઞાન અને વૈરાગ્યવાસિત જનોને તો તે આનંદ માટે થાય છે. સાવધાનપણે સ્વરૂપ-સ્મરણ કરનારને મૃત્યુ કશી હાનિ કરી ન જ શકે; પરંતુ એનામાં ઓર જાગૃતિને જ પ્રેરે.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૧. સુકૃતને ભોગવવાની ઇચ્છાથી જ્યારે આત્મા પરલોકમાં ગમન કરે છે ત્યારે દેહાદિક કોઈ તેને રોકી શકતાં નથી. એવે સમયે રત્નત્રયીની આરાધના કરવા અધિક સાવધાનતા રાખવી એકાન્તે હિતકારી છે.

૧૨. મૃત્યુ વખતે જ્વર, શ્વાસાદિક રોગજનિત જે દુઃખ થાય છે તે દેહ ઉપરની મમતા દૂર કરવા અને મોક્ષસુખ માટે રત્નત્રયીની સાધના ઉલ્લસિત ભાવે કરી લેવા બને તેટલી સાવધાનતાપૂર્વક પ્રયત્ન કરવા માટે છે, એમ જ્ઞાની મહાશયો હિતબુદ્ધિથી જણાવે છે.

૧૩. જગતને તાપ-સંતાપકારી જણાતું મૃત્યુ જ્ઞાની પુરુષોને તો મોક્ષ માટે થાય છે. કાચો કુંભ જો અગ્નિનો તાપ સહન કરે છે તો તે લોકમાં પાત્રતા પામે છે, તેમ સ્વભાવે મૃત્યુનો તાપ સહન કરનાર ભવ્યાત્મા અક્ષય સુખરૂપ મોક્ષને પાત્ર થઇ શકે છે.

૧૪. વ્રત નિયમ અર્થે ભારે ક્રિયાકષ્ટ સહન કરવાથી સત્પુરુષો જે શુભ ફળ મેળવી શકે છે તે મૃત્યુકાળે સમાધિ-ચિત્તની સ્વસ્થતા-પ્રસન્નતા સાચવી રાખવાથી સહેજે-વિના કષ્ટે મળી શકે છે.

૧૫. દીનતા રહિત-અદીન પરિણામે શાન્તિ-સમતા સહિત કાળ કરનાર મનુષ્ય નરક અને તિર્યંચરૂપ દુર્ગતિને પામતો નથી અને જે ધર્મધ્યાન ધ્યાતો છતો અનશન પ્રમુખની આરાધના કરીને કાળ કરે છે તે તો દેવલોકમાં ઇન્દ્રપણું કે મહર્દ્ધિકપણું પામી શકે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૬. તપસ્યા કરી હોય, વ્રત પાળ્યા હોય અને શ્રુત-જ્ઞાનનો અભ્યાસ કર્યો હોય એ બધા સદનુષ્ઠાન કર્યાનું ફળ સમાધિયુક્ત મૃત્યુ જાણવું. સમાધિમરણવડે એની સાર્થકતા છે, તેથી તેવે પ્રસંગે ખૂબ સાવધાનતા રાખવી ઘટે. સમાધિમરણવડે એ બધાંય લેખે થાય છે.

૧૭. લોકોક્તિ એવી છે કે 'જેનો અતિ ઘણો પરિચય થાય તેના પ્રત્યે અનાદર યા અરુચિ પ્રકટે અને બીજી કોઈ નવીન વસ્તુ ભણી આદર-રુચિ જાગે' એ વાત પ્રસિદ્ધ છે. તો પછી લાંબા વખતના પરિચયવાળા શરીરનો નાશ અને અભિનવ શરીરનો લાભ થતા શા માટે બ્હીવું ? બળહીન નિઃસત્ત્વ દેહ છૂટી જાય અને તપ, જપ, સંયમને ઉત્સાહિતભાવે સેવન કરવાથી ઉત્તમ સબળ દેહની પ્રાપ્તિ થાય તેમાં તો વસ્તુતઃ લાભ જ છે, હાનિ નથી જ; તો પછી તેવા ક્ષણવિનાશી દેહ ઉપરના ખોટા મમત્વથી ભય, શોકાદિક કરી બાજી શા માટે બગાડવી ? શાણા જનો તો સમય ઓળખી વધારે સાવધાનતા જ રાખે, જેથી ઉપર જણાવ્યા મુજબ બહુધા સ્વર્ગગતિને જ પામે.

૧૮. પછી સ્વર્ગલોકમાં આયુષ્યની સ્થિતિ પર્યન્ત દિવ્ય સુખ ભોગવી આયુષ્ય ક્ષયે ત્યાંથી ચ્યવી ઉત્તમ પવિત્ર કુળમાં અનેક જનોવડે ચિન્તવન કરતાં આવી અવતરે. ત્યાં ભક્તિ-કારક જનોને બહુ પ્રકારે વાંછિત ધન આપે. વળી પોતે ભોગ-વિલાસી આયુષ્યની સ્થિતિ પ્રમાણે પૃથ્વીમંડળમાં રહી નૃત્ય કરવાના સ્થાનમાં નૃત્યકાર જેમ લોકને આનંદ ઉપજાવી વિસર્જન થઈ જાય છે તેમ સંતજનો લોકોને આનંદ ઉપજાવી સંસારનો ત્યાગ કરી અપ્રમત્તભાવે ઉત્કૃષ્ટ તપ સંયમને આરાધી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉત્કૃષ્ટ વધતી જતી પરિણામની ધારાથી નિર્મળ ધ્યાનયોગે સકળ કર્મમળનો સર્વથા ક્ષય કરીને અક્ષય-અવિનાશી એવું મોક્ષ પણ પામે છે.

**ઉપસંહાર**—ઉપરોક્ત **મૃત્યુ મહોત્સવ** સંબંધી ઉલ્લેખ તેની ભાષા-ટીકા સહિત મૂળ સંસ્કૃત અનુષ્ટુપ્ શ્લોક અતિ શુદ્ધરૂપે આત્મહિતબોધ નામની એક જૂની બુકમાં જોવામાં આવ્યો. તે સ્વપરને હિતકારી જાણી સારરૂપે સ્વભાષામાં સહુને સરલતાથી સમજાય તેમ ઉતાર્યો છે. ભાઈ બ્હેનો ખચિત તે વાંચી વિચારી, મૃત્યુનો કલ્પિત ભય નિવારી, નિર્ભય બની, તેવે પ્રસંગે રાખવા યોગ્ય સાવધાનતાથી પવિત્ર રત્નત્રયીરૂપ નિજ-ધર્મનું આરાધન કરવા ઉજમાળ બને અને અનંત જન્મ જરા મરણજનિત અનંત દુઃખના પાશમાંથી સર્વથા મુક્ત થવા પામે, એટલે કલ્યાણ. હિંસાદિક પાપનો સર્વથા ત્યાગ કરી અહિંસાદિક નિર્દોષ માર્ગનું સેવન કરનારને મૃત્યુનો શા માટે ડર હોય? સહુને અભય આપે તે પોતે અભય જ બને અને નિર્ભયપણે નિર્દોષ મોક્ષમાર્ગમાં જ વિહરનારાઓ સ્વપરનું અનંત કલ્યાણ જ સાધે, તો પછી તેવા મહાપુરુષોને મન મૃત્યુ મહોત્સવરૂપ જ હોય એમાં આશ્ચર્ય જેવું શું છે?

[ શ્રી જૈ. ધ. પ્ર. પુ. ૩૮, પૃ. ૧૩૮. ]

P. P. Ac. Gunratansuriji M.S.
Jin Gun Aaradhak Trust

## ધનપાળ કવિવિરચિત
## પ્રાકૃત શ્રાવકવિધિની સંક્ષિપ્ત વ્યાખ્યા.

૧. જે નગરમાં જિનમંદિર હોય તથા સમય–સિદ્ધાન્તના જાણુ એવા સાધુ અને શ્રાવકો હોય, પાણી સરસ–નિરોગી હોય અને ઇંધનની છૂટ હોય ત્યાં ( ધર્મના અર્થી શ્રાવકે ) સદાય વાસ કરવો.

૨. પ્રભાતમાં જાગ્રત થઈ શ્રાવકે નવકાર મંત્રનું સ્મરણ કરવું. પછી શ્રાવક યોગ્ય પાંચે અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતોને સંભારવાં. ( વ્રત–નિયમમાં રહેતી ખામી સમજીને દૂર કરી લેવી. )

૩. હાથ પગ પખાળી ( સાફ–ચોખ્ખા કરી ), પવિત્ર થઈ, પંચિયું કાઢી, વસ્ત્ર બદલાવી લે અને ઉત્તરાસન નાંખી મુખ-કોશ કરીને ઘરદેરાસરમાંની જિનપ્રતિમાઓ ઉપરથી નિર્માલ્ય ( મોરપીંછીવડે ) દૂર કરે.

૪. ( તાજાં ને સુગંધી ) પુષ્પોવડે ભાવથી પ્રભુ–પૂજા કરી, ધૂપ ઉખેવી, વિધિપૂર્વક જિનેશ્વરને વંદે. પછી ( યથાશક્તિ ) પચ્ચખ્ખાણ કરે.

૫. ત્યારપછી વસ્ત્ર–અલંકાર સજી, ઘરનાં સઘળાં કામ તજી, હાથમાં ધૂપ, અક્ષત અને સુગંધી પુષ્પો રાખીને જિન-ભવને જાય.

૬. સર્વ અલંકાર પૈકી નિજ ભોગ્ય સચિત્ત પુષ્પમાલ્યા-દિક તેમજ વાહનાદિક સર્વ ( રાજચિહ્નો ) બહાર રાખી, ઉત્તરાસન કરીને, મુખ્ય પ્રવેશદ્વારમાં પ્રવેશ કરે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૭. જય, જય, જય કહેતો, ત્રણ પ્રદક્ષિણા ફરીને જિનેશ્વરને નમે. ત્યારપછી અષ્ટપટ( આઠવડો ) મુખકોશ બાંધીને પુનઃ પ્રભુની પૂજા કરે.

૮. પછી ધૂપ ઉખેવી, પાંચ શક્રસ્તવવડે ( ઉત્કૃષ્ટ ) ચૈત્યવંદન કરીને, શુદ્ધ સાધુ–પંથને અનુસરનારા [1] મુનિવરોને ( ભાવ સહિત ) વંદન કરે. તેમજ ( યથાશક્તિ ) પચ્ચખ્ખાણ પણ સંભારીને કરે.

૯. મુનિવરોને 'સુહરાઇ' વિગેરે બોલી સુખશાતા પૂછે. ત્યારપછી ( ઉત્તરાસનાદિકવડે ) ભૂમિને પૂંજી–પ્રમાર્જી સાધુ સમીપે બેસે.

૧૦. અપૂર્વ જિનવાણી સાંભળે અને જિનભવનની સંભાળ કરે. ત્યારબાદ પન્નર જાતનાં કર્માદાન વર્જીને ઘર વ્યવસાય ( વ્યાપાર ) કરે.

૧૧. ભોજનસમયે પુનઃ ઘરચૈત્ય–પડિમાની પુષ્પોવડે ( ભાવ સહિત ) પૂજા કરી, ધૂપ ઉખેવી, પ્રભુ સમીપે સઘળું ( શુદ્ધ ) નૈવેદ્ય ઢોકે ( ધરે ).

૧૨. પછી દુસ્થિત–દુઃખી બાળ–વૃદ્ધ સાધુ–શ્રાવકોને ભક્તિ સહિત યથાયોગ્ય દાન દે અને સ્વજન–પરિવાર સહિત ભક્ષ્ય-ભોજન કરે.

૧૩. પછી સાંજરે દિવસનો આઠમો ભાગ ( ચાર ઘડી ) બાકી રહેતાં જ ચીવટ રાખીને જમી લે. તેમજ આ વિધિ સ્વજનોને સદાય સમજાવે.

---

૧ જેઓ વિધિપૂર્વક ચૈત્યવંદન કરવા નિમિત્તે ત્યાં પધાર્યા હોય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૪. સાંજ પડતાં જિનપડિમા આગળ ભાવસહિત ધૂપ ઉખેવીને, સમભાવ-સમતા સામાયક આદરી, ભવભીરુ છતો સ્વસ્થપણે સજ્ઝાય ( સ્વાધ્યાય ) કરે.

૧૫. બે પગાં ( દાસ-દાસી ), ચઉપગાં ( જાનવર ), ધન, ધાન્ય, ખેતર, ઘર-હાટ, જવા આવવાની દિશા તથા ભોગ-ઉપભોગ સંબંધી દિવસ, વર્ષ કે જન્મ પર્યંતનો કરેલો નિયમ સંભારી ડહાપણથી પ્રતિદિવસ પાળે.

૧૬. તથા હૃષ્ટપુષ્ટ છતો દુ:સ્થિત-દુ:ખિત બાળ-વૃદ્ધ સાધુ-શ્રાવકોની સંભાળ ( ખબર-અંતર ) લેતો તેમનું વૈયાવચ્ચ ( સેવા-ચાકરી ) સારી રીતે કરે.

૧૭. શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ સંબંધી વિષયસુખ પરિમિત દિવસે તીવ્ર અભિલાષ રહિત છતો ભોગવે અને પાંચ તિથિમાં બ્રહ્મચર્ય બરાબર પાળે.

૧૮. સૂતી વખતે શુભ ધ્યાનગત ચિન્તવે. કે-આ ભવ-સમુદ્રમાં ભમતાં ભમતાં કોઇ રીતે ( મહાપુન્યયોગે ) મને સર્વજ્ઞદેશિત ( સાચો-સનાતન ) ધર્મ લાધ્યો છે.

૧૯. તો હવે જિન-ધર્મરૂપી ખરી નાવવડે આ સંસાર-સમુદ્રને તરી પાર જાઉં, જેથી અક્ષય નિર્વાણપુર( મોક્ષ ) પામીને, હું શાશ્વતાં સુખ મેળવું.

૨૦. '**ઉપસંહાર**'-ઉત્તમ ગુણના ભંડાર એવા ( પૂર્વ ) મહાનુભાવે રચેલી વિશાળ શ્રાવકવિધિમાંથી મંદમતિ-અલ્પ-બુદ્ધિ છતાં મેં ( ધનપાળે ) સંક્ષેપથી ઉદ્ધરી, આ શ્રાવકવિધિ રચી છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૨૧. આટલું (થોડું) પણ પાળવું જેને ભારે પડે (કઠણ લાગે) તેને કર્મની પ્રબળતા જાણવી, કેમકે થોડું પણ ધર્મ-કાર્ય ભારેકર્મી જીવને ભારે કઠણ લાગે છે.

૨૨. આ દારુણ (ભયંકર) દુઃખ–તાપવારક (આત્મ-કારક) શ્રી જિનેશ્વરોના ચરણકમળોની જે સદ્‌ભાગી પરમ-ભક્તિ કરે છે તે સંસારનો પાર પામે છે.

૨૩. જિનપૂજા–ભક્તિમાં, સુસાધુજનોની સેવામાં અને ઉત્તરોત્તર ગુણની વૃદ્ધિ થાય એવી શુદ્ધ આત્મશ્રદ્ધા કરવામાં આત્માર્થી શ્રાવકજનોએ ખૂબ સાવધાન–તત્પર રહેવું જોઇએ.

૨૪. અત્યારે પાપરૂપ કચરાથી વિશેષે લેપાયેલા મુગ્ધ લોકોને જિનધર્મોપદેશરૂપ જળવડે શુદ્ધ કરે એવા ધર્મી પુરુષો વિરલા દિસે છે.

આ લઘુ શ્રાવકવિધિ ગ્રંથ, મૂળ પ્રાકૃત ભાષામાં હોઈ, બાળજીવો તેનો ભાવાર્થ સુખે સમજી શકે તે માટે તેવો પ્રયાસ યથામતિ સેવ્યો છે. ઉક્ત મહાશયની આવી વિરલ ઉપકારી કૃતિ ઉપર કોઇ સજ્જન સાક્ષરે ટીકા બનાવેલી જોવામાં આવેલી નથી. તેથી તેમાં કોઈ સ્થળે કરેલા અર્થમાં ભૂલ–સ્ખલના થવી સંભવિત હોઈ જે શુભાશયી સહૃદયતાથી નિઃસ્વાર્થપણે સત્યાર્થ જણાવશે તો સુધારવા પ્રયત્ન થશે. જ્ઞાનસાર સૂત્ર (મૂળ) સાથે આ લઘુ ગ્રંથ છપાયેલ જોતાં તેની ઉપયોગિતા વિચારી, આ સંક્ષિપ્ત વ્યાખ્યા કરેલી છે. તેનો ક્ષીરનીર–ન્યાયે રાજહંસવત્ સજ્જનો લાભ લેવા ચૂકશે નહીં.

ગ્રંથકાર મહાશયે આધુનિક કાળના અલ્પ સત્ત્વવાળા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જીવોનો ખ્યાલ રાખી તેમનું હિત પણ સહેજે સધાય અને સુખે આદરી શકાય એવો સીધો-સરલ માર્ગ દાખવવા કોશીશ કરી છે. આટલું અલ્પ પણ સ્વહિત સાધ્ય કરવા જેઓ દરકાર ન કરે-ઉપેક્ષા કરે તે કેવળ નામના જ શ્રાવક લેખાય. જેમ **સંવિજ્ઞ નિયમ કુલકમાં** શ્રી સોમસુંદરસૂરીશ્વરે આધુનિક અલ્પ સત્ત્વવાળા સાધુજનો માટે સુખે આદરી શકાય એવો સીધો-સરલ સાધન-માર્ગ સ્પષ્ટતા સાથે સંક્ષેપથી દર્શાવ્યો છે તેમ અહીં આધુનિક શ્રાવક વર્ગના ઉપકારાર્થે કવિવરે ખાસ પ્રયત્ન સેવ્યો છે, તે સાર્થક કરી લેવાની જરૂર છે. આ લઘુ ગ્રંથ ઉપર કોઈ મહાશય વિશેષ પ્રકાશ પાડશે તો તે અધિક ઉપકારક થવા સંભવિત છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૩૮, પૃ. ૨૮૦ ]

## શ્રીમાન્ ચિદાનંદજીપ્રણીત પ્રશ્નોત્તરમાળા.

(સંક્ષેપમાં)

૧. દેવ-મહાદેવ કયા? રાગ-દ્વેષ-મોહવર્જિત શ્રી **અરિહંત.**

૨. પવિત્ર સર્વોત્તમ ધર્મ કયો? અહિંસા-સંયમ-તપ-લક્ષણ.

૩. હિતોપદેશક ગુરુ કયા? અપાર ને અગાધ ક્ષમાદિ ગુણધારક સુસાધુ.

૪. સાચું પારમાર્થિક સુખ કયું? સ્વરૂપરમણતા.

૫. પરમ દુ:ખ કયું? જન્મ-મરણ.

૬. ખરું હિતકારી જ્ઞાન કયું? જેથી આત્માની ઓળખાણ થાય તે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૭. પ્રબળ અજ્ઞાન કયું ? જે ભવાભિનંદીપણે ભવચક્રમાં ભમાવે તે.

૮. ઉત્તમ ધ્યાન કયું ? જેથી ચિત્તની એકાગ્રતા–સ્થિરતા થાય તે.

૯. ઉત્તમ ધ્યેય કયું ? વીતરાગ પરમાત્મા.

૧૦. ધ્યાતા કોણ ? જિનમતના તત્ત્વાર્થના જાણ એવા મુમુક્ષુ જનો.

૧૧. મ્હોટું સ્વમાન કયું ? મોક્ષની યોગ્યતાસાધક ભવ્યતા.

૧૨. મ્હોટામાં મ્હોટું અપમાન કયું ? મોક્ષપ્રતિબંધક અભવ્યતા.

૧૩. જીવનું લક્ષણ શું ? ચેતના–જ્ઞાન દર્શન ચારિત્રાદિક.

૧૪. અજીવ–જડનું લક્ષણ શું ? ઉક્ત ચેતના રહિતપણું.

૧૫. પુણ્ય તે શું ? જેથી પાવન થવાય તેવો પરઉપગાર.

૧૬. પાપ તે શું ? જેથી આત્મા મલિન થાય તેવી પરપીડા–નિર્દયતા.

૧૭. આશ્રવ તે શું ? નવાં નવાં શુભાશુભ કર્મ આવવાનાં કારણ.

૧૮. સંવર તે શું ? ઉક્ત આશ્રવને અટકાવે તેવાં સમતાદિ સાધનો.

૧૯. તપ કોને કહેવો ? જેથી કર્મ–નિર્જરા થાય ને આત્મા ઉજ્વળ થાય તે.

૨૦. દુઃખરૂપ બંધન કયું ? પ્રકૃતિ, સ્થિતિ, રસ ને પ્રદેશરૂપ ચાર ભેદે બંધાતાં કર્મ.

P. P. Ac. Gunratansuriji M.S.
Jin Gun Aaradhak Trust

૨૧. અનુપમ મોક્ષ કયું ? કર્મબંધનો સર્વથા અભાવ થાય તે.

૨૨. હેય–ત્યાજ્ય શું ? મોહ–મમતાદિક પરપરિણુતિ.

૨૩. જ્ઞેય શું ? સ્વપરભાવનો બરાબર બોધ થાય તેવા દ્રવ્ય–પદાર્થો.

૨૪. ઉપાદેય શું ? મહાસુખ–શાન્તિને આપનારા આત્માના જ્ઞાનાદિ ગુણો.

૨૫. પરમ બોધ કયો ? મિથ્યાત્વ–વિપર્યય–વિપરીત વાસના-ને અટકાવે તે.

૨૬. દુ:ખદાયક અબોધ કયો ? મિથ્યાત્વ–મિથ્યા દર્શન.

૨૭. સુવિવેક કયો ? આત્માનું ખરૂં હિત ચિન્તવાય તે.

૨૮. અવિવેક કયો ? જડ–પુદ્‌ગલની ચિન્તા કરાય તે.

૨૯. ચતુર કોણ ? પ્રમાદ તજી પરભવનું સાધન કરી લે તે.

૩૦. મૂર્ખ કોણ ? કર્મબંધ વધે તેવાં કારણો સ્વચ્છંદપણે સેવે તે.

૩૧. ખરો ત્યાગી કોણ ? જે નિ:સ્પૃહ બની અક્ષય મોક્ષ-પદ પામે તે.

૩૨. ખરો દુ:ખી કોણ ? લોભી–લોભાન્ધ. ગમે તેવો ધનાઢ્ય હોય પણ તે દુ:ખી જ છે.

૩૩. પોતે ગુણી ને ગુણાનુરાગી હોય તે જલ્દી ભવનો પાર પામે છે.

૩૪. ખરો યોગી મહાત્મા તે કે જેને લગારે માયા–મમતા ન હોય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૩૫. ખરો યતિ-સાધુ તે કે જે મન અને ઇન્દ્રિયોને કબજે રાખે.

૩૬. ખરા સંત-મહાત્મા તે કે જે ક્ષમા-સમતા રસના સાગર હોય.

૩૭. માન-અહંકાર તજી સ્વકર્તવ્યપરાયણ રહે તે મોટો-મહંત છે.

૩૮. ખરો શૂરવીર તે કે જે કામ-વિષય ઇન્દ્રિયોને જીતે.

૩૯. કામને વશ થઈ જઈ, સ્વસત્ત્વ ગુમાવી દે તે ખરો કાયર.

૪૦. વિવેક રહિત-અવિવેકીને પશુતુલ્ય જાણવો.

૪૧. ખરો માનવ તે કે જેના ઘટમાં આત્મજ્ઞાન પ્રગટયું છે.

૪૨. જેની ઇન્દ્રાદિકો સેવા સારે છે તેવા દિવ્યદષ્ટિના ધારક જિનદેવ છે.

૪૩. જેને બ્રહ્મજ્ઞાન-આત્મજ્ઞાન-પરમાત્મપિછાણ હોય તે ખરો બ્રાહ્મણ.

૪૪. ખરો ક્ષત્રિય-રાજપૂત તે કે જે અંતરંગ શત્રુઓને વશ કરી શકે.

૪૫. ખરો વૈશ્ય-વણિક તે કે જે લાભહાનિને બરાબર સમજી શકે.

૪૬. શૂદ્ર તેને જાણવો કે જેને ભક્ષ્ય અભક્ષ્યનો કશો વિવેક જ ન હોય.

૪૭. સંસારનાં દૃશ્ય સુખ દુઃખ ક્ષણિક હોવાથી તેમાં હર્ષ શોક ન કરો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૪૮. સ્થિર–શાશ્વત સુખ આપનાર પરમ હિતકારી સર્વજ્ઞોક્ત **જિનધર્મ** છે.

૪૯. પાંચ ઇન્દ્રિયોનાં દેખીતાં સુખને કેવળ તુચ્છ **જાણી** જ્ઞાની જનો તજે છે.

૫૦. ખરા સંત સાધુજનોનું સમતા–સમાધિનું સુખ વર્ણવી ન શકાય તેવું અગાધ છે.

૫૧. ઇચ્છારોધ (નિઃસ્પૃહતા–નિઃસંગતા) એ ઉત્તમ **પ્રકાર**નો **તપ** છે.

૫૨. પંચપરમેષ્ઠિ નમસ્કાર મંત્રના જાપ જેવો જગતમાં **ઉત્તમ જાપ** નથી.

૫૩. જેથી આત્મા સ્થિર–શાન્ત થઈ, ભવસાગરને **પાર** પામે તે જ ખરો **સંયમ.**

૫૪. છતી શકિત છુપાવે–દિલચોરી પણ કરે તેને **જ્ઞાની** જનો **ચોર** કહે છે.

૫૫. જે અપ્રમત્તભાવે (સર્વ પ્રમાદ પરિહરી) મોક્ષસાધના કરવા તત્પર રહે છે–રત્નત્રયીનું આરાધન કરે **છે તે** ખરા **ભાવસાધુ** છે.

૫૬. મનની ગતિ અતિ દુર્જય–જલ્દી હાથમાં ન **આવે** એવી કઠણ છે, તેથી જ 'મન જીત્યું તેણે સઘળું જીત્યું' એમ કહેવાય છે.

૫૭. સામાન્યતઃ સ્ત્રીજાતિમાં અધિક કપટ હોય છે **તેથી જ** તેનાથી ચેતતા રહેવું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૫૮. નીચ–ક્ષુદ્ર મનવાળા હોય તે પરનું અહિત–અનિષ્ટ ચિન્તવે છે.

૫૯. ઉત્તમ સ્વભાવવાળા હોય તે વિકથા નિવારી શુદ્ધ-પ્રેમ ધારે છે.

૬૦. નિઃસ્પૃહી સાધુ જનો ધનથી લોભાઇ જતા નથી–ધનવંતની શેહમાં તણાઇ જતા નથી. હર્ષ–શોકથી અલિપ્ત રહી તેઓ સ્વપરહિત કરી શકે છે.

૬૧ ક્રોધ-કષાય સમો કોઇ પ્રચંડ (અત્યંત-આકરો) અગ્નિ નથી.

૬૨. માન–અહંકાર એ મદોન્મત્ત હસ્તી સમાન છે.

૬૩. માયા જગતમાં જીવોના સત્ત્વને નષ્ટ કરનારી વિષવેલી છે.

૬૪. સ્વયંભૂરમણ સમુદ્ર કરતાં પણ લોભસમુદ્ર અપાર ને અગાધ છે.

૬૫. નીચ સંગથી ડરતા રહી તેના દુષ્ટ ચેપથી બચવા દૂર જ રહેવું.

૬૬. ઉત્તમ સંત-સાધુનો સમાગમ સદાય ઇચ્છવો ને કરવો.

૬૭. ઉત્તમ સંગતિયોગે આપણામાં સદ્ગુણની વૃદ્ધિ થાય.

૬૮. પરનારીનો સંગ-પ્રસંગ કરવાથી પોતાની પ્રતિષ્ઠા લોપાય.

૬૯. ચપળ આયુષ્ય ને ચપળ લક્ષ્મીનો ભરોસો નહીં કરતાં તેનો સદુપયોગ કરવો.

૭૦. નામ એનો નાશ છે જ–કેવળ મોક્ષ–પરમાત્માપદ જ અવિનાશી છે.

૭૧. ત્રણ ભુવનમાં સારભૂત એક જિનેશ્વરપ્રણીત શુદ્ધ ધર્મ જ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૭૨. તન, ધન, યૌવન એ સઘળાં ક્ષણવિનાશી ને ભયયુક્ત છે.

૭૩. દુર્ગતિથી બચવા ઈચ્છતા હો તો નારીથી સ્નેહ ન બાંધો.

૭૪. અંતરલક્ષ રહિતને અંધ સમજવો, કેમકે તે બંધ-મોક્ષને અણજાણતો અંધની જેમ અકાર્ય કરવા દોરાય છે; જેથી તે મુકત થઇ શકતો નથી.

૭૫. આપ્ત જનોનાં એકાન્ત હિતવચનોને સાંભળવા જે દરકાર નથી કરતો તેને બહેરો સમજવો. તેનો ઉદ્ધાર શી રીતે થઇ શકે ?

૭૬. અવસરોચિત સુભાષિત જે બોલી જાણતો નથી તેને જ્ઞાની પુરુષો મુંગો ગણે છે. તે સ્વકાર્ય સુધારી શકતો નથી.

૭૭. દયા–જયણા સકળ જગતની હિતકારી પ્રેમાળ માતા છે.

૭૮. ધર્મને આપણો ખરો પાલક પિતા સમજી પ્રેમથી તેને સેવવો.

૭૯. બારીકીથી અવલોકન કરતાં મોહ સમાન મોટો શત્રુ બીજો કોઇ જણાતો નથી.

૮૦. સુખમાં સહુ સગાં-મિત્ર થવા આવે છે, દુઃખ સમયે ખરી સહાય કરનાર, તેમાંથી ઉદ્ધાર કરી સન્માર્ગમાં સ્થાપનારને જ સાચો મિત્ર જાણો.

૮૧. પાપકાર્યોથી ડરી–અળગા રહી પુન્યકાર્યમાં પ્રવર્તે તે પંડિત.

૮૨. જે નિર્દયભાવે હિંસા કરે-કરાવે-અનુમોદે તેને મોહ-મૂઢ જાણો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૮૩. જગતમાં જેને કોઇ જાતની કામના–ઇચ્છા–વાંછા રહી નથી એવા પૂર્ણ સંતોષી સંત સાધુજનોને જ ખરા સુખી સમજો.

૮૪. જેને લોભ–તૃષ્ણાનો કંઇ પાર નથી તેને ભારે દુ:ખી લેખો.

૮૫. જેમણે કામને જીત્યો તેણે જગ જીત્યો-તે ભય રહિત થયો.

૮૬. જગતના જીવોને મોટામાં મોટો ભય મરણનો લાગે છે. તેમને સહુને અહિંસકભાવે અભય આપવાથી પોતે અભય થાય છે.

૮૭. લાંબો પંથ કરવાથી બહુ વસમું લાગી જાય છે ને વખતે નિત્યકર્મ અટકી પડે છે, તેથી જ લાંબી નજરથી નીતિ-શાસ્ત્રકાર કહે છે કે 'ચાર ચાર ગાઉ ચાલતાં, લાંબો પંથ કપાય.' પણ અધીરા થઇ અતિ ઉતાવળ કરી લાંબો પંથ કરવાથી વખતે બધું અટકી પડે છે.

૮૮. બધી વેદનામાં ક્ષુધાસંબંધી વેદનાને પ્રબળ કહી છે અને તેથી જ બાવીશ પરીસહોમાં પણ ક્ષુધાપરીસહ પહેલો કહ્યો છે.

૮૯. ઇન્દ્રિયોને વક્ર (અશિક્ષિત કે કુશિક્ષિત) અશ્વ જેવી લેખી તેમને જિનવચનરૂપી લગામવડે કેળવી, વશ રાખવા અને બને તેટલો તેમનો સદુપયોગ કરવા શાસ્ત્રકાર ફરમાવે છે.

૯૦. યથાર્થ સંયમ આત્માને કલ્પવૃક્ષની પેરે સુખશાન્તિ અર્પે છે.

૯૧. ખરૂં અનુભવજ્ઞાન ચિન્તામણિ રત્ન જેવું અમૂલ્ય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અનુભવજ્ઞાન થવાથી વસ્તુગત રસાસ્વાદન સુખ ઉપજે છે. યાવત્ એ જ્ઞાનને કેવળજ્ઞાનરૂપી સૂર્યનો અરુણોદય કહેલ છે.

૯૨. તત્ત્વવિદ્યા( આત્મ-અધ્યાત્મજ્ઞાન )ને શ્રેષ્ઠ કામધેનુ જેવી વખાણેલી છે. એથી લોકોત્તર( મોક્ષ )માર્ગની ચાવી હાથમાં આવી જાય છે, જેથી જન્મમરણની સર્વ જંજાળથી છૂટી અક્ષય સુખ પામી શકાય છે.

૯૩. સાચી ભક્તિને ચિત્રાવેલી જેવી દુર્લભ કહી છે, એથી જીવનનું સકળ દુઃખ દારિદ્ર સર્વથા ફીટે છે ને આત્મા અમર બને છે.

૯૪. સાચો સંયમ સર્વ દુઃખને ટાળી અક્ષય-મોક્ષસુખ મેળવી આપે છે.

૯૫. **શ્રવણશોભા,** નિર્મળ ગંગાજળ જેવી જિનવાણી સાંભળવાથી થાય છે.

૯૬. **નયનશોભા,** પ્રભુ સમી પ્રશાન્ત પ્રભુપડિમાને નિરખી બોધ લેવાથી થાય છે.

૯૭. **મુખની અદ્ભુત શોભા,** ગમે તેવા સંયોગો વચ્ચે પ્રિય, પથ્ય ને તથ્ય વદવાથી થાય છે.

૯૮. **હાથની ખરી શોભા,** સુવિવેકથી સત્પાત્રને દાન દેવાથી થાય છે.

૯૯. ભુજાબળે( પુરુષાર્થથી ) ભવજળ તરાય તેથી પુરુષાર્થ-શાળીની **ભુજાશોભા** સમજો.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૦૦ **નિર્મળ નવપદનું સ્થિર શ્રદ્ધાથી ધ્યાન ધરતાં હૃદયશોભા** લેખો.

૧૦૧. પ્રભુના અમૂલ્ય ગુણરત્નોને કંઠે ધારી, **કંઠની ભારે શોભા** કરી જાણો.

૧૦૨. સદ્‌ગુરુના ચરણની રજ શિર પર ધારી, એ રીતે **ભાલશોભા** કરીએ.

૧૦૩. અતિ ભારે મોહજાળને સમ્યગ્‌જ્ઞાન–ક્રિયાયોગે તોડી અક્ષયપદ વરીએ.

૧૦૪. દુનિયામાં સઘળા પાપનું મૂળ લોભ સમજી સંતોષ-વડે તેને જીતવો.

૧૦૫. સઘળા રોગ રસવિકારથી થતાં જાણી રસગૃદ્ધિ-લંપટતા તજવી.

૧૦૬. સકળ દુઃખનું કારણ સ્નેહ–રાગને સમજી, તેનાથી અળગા રહે તેની બલિહારી.

૧૦૭. નિજ કાયાને અશુચિભરી જાણી તેની મમતા તજવી.

૧૦૮. માયા–મમતાવર્જિત સરલ સ્વભાવી ભદ્રિક પરિણામીને પવિત્ર લેખો.

૧૦૯. આધ્યાત્મિક વાણી આત્માને શાન્ત–શીતળ કરનાર અમૃત સમી કહી છે.

૧૧૦. કેવળ પાપને પોષનારી કુથલી( વિકથા )ને જ્ઞાની-જનો વિષ સમી કહે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૧૧. જ્યાં બેઠા કંઈ પરમાર્થ (સન્માર્ગ) પામીએ તેને જ સત્સંગતિ કહીએ.

૧૧૨. જે સ્થળે જવાથી અવગુણ આવે-વધે તેને જ કાયમ કુસંગતિ કહીએ.

૧૧૩. દુર્જનનો સ્નેહ પતંગીયાના રંગની જેમ ચમક બતાવી ક્ષણમાં છેહ દે છે. એમ જાણી તેવા દુર્જનના ક્ષણિક સ્નેહથી અંજાઇ પોતાનું બગાડવું નહીં.

૧૧૪. સજ્જનનો સ્નેહ ચોળમજીઠના રંગ જેવો સદાકાળ અભંગ રહે છે. અને તેમનો સમાગમ કરવાથી કંઇ ને કંઇ સદ્ગુણનો લાભ થતો રહે છે.

ઉક્ત બોલોનો વિસ્તારથી અર્થ સમજી હૃદયે ધારતા મિથ્યાત્વ-અંધકાર નાશ પામે છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૫, પૃ ૨૩૪ ]

---

## *ઉપદેશમાળા અપરનામ પુષ્પમાળા પ્રકરણ.

મંગલાચરણરૂપે શ્રી મહાવીરના ગુણગાન યુક્ત પ્રણામ.

**સિદ્ધ**—સર્વથા મોક્ષપદને પ્રાપ્ત થયેલા, **અકર્મા**-સર્વથા કર્મબંધનોથી મુક્ત થયેલા, **વિગ્રહ**-સર્વ પ્રકારના દેહવિરોધથી

---

* આજથી લગભગ ૧૩૦૦ વર્ષ ઉપર થયેલા શ્રી જિનશાસનના અલંકારરૂપ નવાંગી ટીકાકાર શ્રીમાન્ **અભયદેવસૂરિજીના** શિષ્યરત્ન શ્રીમાન્ **હેમચંદ્રસૂરિજી** મહારાજે ભવ્યજનોના ઉપકાર અર્થે આ **પુષ્પમાળા** પ્રકરણ નામનો વીશ અધિકારોથી ભરેલો ગ્રંથ મૂળ પ્રાકૃત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મૂકાયેલા, **અસંગ**–સર્વ સંગ યા મૂર્છા પરિગ્રહથી સર્વથા મુક્ત થયેલા, **અક્ષય**–અવ્યાબાધ એવી મોક્ષસ્થિતિને ભજનારા અથવા **અક્ષદ**–ઇન્દ્રિયોનો સંપૂર્ણ નિગ્રહ કરનારા, **ધીર**–સમસ્ત આવરણ રહિત તત્ત્વાવબોધ શક્તિથી શોભતા અથવા અનંત શક્તિવાળા હોવાથી સમસ્ત પરિષહ–ઉપસર્ગોને સહન કરવા સંપૂર્ણ સમર્થ–નિષ્પ્રકંપ અને સદ્‌ગતિ પમાડવા સમર્થ પુરુષોમાં શિરોમણિ તથા જીવાજીવાદિ સદ્‌ભૂત ( સાચો ) અર્થ પ્રકાશવાવાળા અથવા સદ્‌ગતિ પમાડવા સમર્થ એવા પરમાર્થને પ્રકાશવાવાળા શ્રી વીરપ્રભુને હું ( હેમચંદ્રસૂરિ ) ત્રિકરણ શુદ્ધિથી પ્રણામ કરું છું.

## ' ગ્રંથ અભિધેયાદિ '

જિનવચન( પ્રવચન–આગમ )રૂપી બગીચામાંથી પ્રધાન પુષ્પની માળાની જેવી સુવર્ણ ( શોભનિક–ઉત્તમ અક્ષરોનાં વિન્યાસવાળી ) અને અસાધારણ જ્ઞાનાદિક ગુણોવડે ગુંથેલી–રચેલી આ ઉપદેશમાળા ( અપરનામ ) પુષ્પમાળા પ્રકરણની હું રચના કરું છું.

---

ભાષામાં રચેલો છે. તેના ઉપર સંસ્કૃત ભાષામાં શ્રી **જિનભદ્રસૂરિજીના** શિષ્યરત્ન મહોપાધ્યાય શ્રી સોમગણિજી મહારાજે ટીકા રચેલી છે. ઉક્ત સંસ્કૃત ટીકાના આધારે પ્રસંગ પામી અમે તેની સારભૂત સરલ વ્યાખ્યા ભાષારૂપે તૈયાર કરી જનતા આગળ ધરી છે. પોતાની સહજ સુગંધથી ભવ્ય પ્રાણીઓને સુવાસિત કરનારા સદુપદેશરૂપી ઉત્તમ અલૌકિક પુષ્પોથી ગુંથેલી આ પુષ્પમાળા એક નમૂનેદાર કંઠાભરણની ગરજ સારે તેવી હોય, ભવ્યાત્માઓ તેનો ઉચિત આદર કરો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## 'ધર્મસામગ્રીની અતિ દુર્લભતા'

સમુદ્રમાં પાડી નાંખેલા ( ચિંતામણિ ) રત્નની જેમ મનુષ્ય જન્મ ફરી પામવો અતિ દુર્લભ છે. તેમાં પણ રંકને નિધાન-પ્રાપ્તિની પેઠે જિનધર્મની પ્રાપ્તિ (અતિ અતિ) દુર્લભ છે. ઉત્તરાધ્યયન સૂત્ર પ્રમુખમાં चूल्लग, पासग પ્રમુખ દશ દૃષ્ટાંતે મનુષ્ય જન્મ પામવો દુર્લભ કહ્યો છે, તે દૃષ્ટાંતો વિશેષાર્થીએ ત્યાંથી જોઇ લેવાં. તેવો દુર્લભ મનુષ્ય જન્મ પામ્યા છતાં પણ રંકને રત્નનિધાનની જેમ જિનધર્મ પામવો અતિ દુર્લભ કહ્યો છે.

## 'તેને સાર્થક કરવા પ્રમાદ તજી ધર્મસેવન કરવું જોઇએ.'

એવું મનુષ્યપણું અને જિનધર્મ પમાય તેવા અનુકૂળ અદ્‌ભૂત કાર્યના ફળ તરીકે કોઇ રીતે મનુષ્ય જન્માદિક શ્રેષ્ઠ સામગ્રી પામીને શિવસુખ–સંપત્તિના હેતુરૂપ એવા જિનધર્મમાં સદા સાવધાનપણે વર્તવું. મોક્ષસુખદાયી વીતરાગપ્રણીત ધર્મ પામીને તેમાં ક્ષણ માત્ર પણ પ્રમાદ ન કરવો. મતલબ કે–શ્રી વીતરાગપ્રણીત તત્ત્વનું રુચિપૂર્વક શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરવા તત્પર રહેવું. જેમ તે ઉત્કૃષ્ટ ધર્મનું આરાધન થાય તેમ પ્રવર્તવું. તેમાં ગફલત ન કરવી.

## ( પ્રમાદરહિત ×પ્રાણરક્ષારૂપ ) અહિંસાનું માહાત્મ્ય.

તે ધર્મ રાગ, દ્વેષ અને મોહવર્જિત એવા જિનેશ્વરોએ અહિંસામૂલક કહેલો છે; તે માટે તે અહિંસા અર્થે અધિક ઉજમાળ રહેવું.

× દ્રવ્યભાવથી સ્વપર પ્રાણની રક્ષા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મેરુગિરિથી ( વધારે ) મ્હોટું કોણ છે ? સમુદ્રથી વધારે ગંભીર કોણ છે ? આકાશથી વધારે વિશાળ કોણ છે ? તેમજ અહિંસા સમાન બીજો કયો ધર્મ છે ?

કોટીગમે કલ્યાણને કરનારી, મહાદુઃખદાયી દુરિત ( પાપ )-રૂપ શત્રુવર્ગનો ક્ષય કરનારી અને સંસારસમુદ્ર તારનારી નૌકા એક કેવળ જીવદયા જ છે.

વિશાળ રાજ્ય, રોગોથી વર્જિત રૂપ અને દીર્ઘ આયુષ્ય તેમજ એવું બીજું કોઇપણ સુખ નથી કે જે જીવદયાથી સાધ્ય (પ્રાપ્ત) ન થાય. મતલબ કે–સર્વ પ્રકારનાં સુખ જીવદયાવડે સુખે પ્રાપ્ત થઇ શકે છે, માટે જીવદયાને વિષે અત્યંત આદર કરવો ઘટે છે.

જીવોને અભય આપીને અનંત જીવો દેવેન્દ્ર અને ચક્રવર્તી આદિના સુખને અનુભવી અનંત, અક્ષય એવા શિવસુખને પ્રાપ્ત થાય છે.

તે માટે આત્મહિતૈષી જનોએ ( સર્વ ) જીવોને સદાય અભયદાન દેવું જોઇએ; જેવી રીતે વજ્રાયુધના ભવમાં શ્રી શાન્તિનાથે અભયદાન આપ્યું હતું. શ્રી શાન્તિનાથના જીવે પૂર્વભવમાં એક પારેવા ઉપર ઉત્કૃષ્ટ કરુણા આણી આત્માર્પણ કર્યું હતું તે કથાનક સુપ્રસિદ્ધ છે.

જેમ આપણને દુઃખ પ્રિય નથી લાગતું તેમજ સકળ જીવોને પ્રિય ન જ લાગે. જાણીને કોઈ જીવને ન હણે, ન હણાવે તેમજ હણતાને રૂડું ન જાણે તે જ આત્મા ધર્મમાર્ગમાં સ્થિત–નિશ્ચળ જાણવો.

P. P. Ac. Gunratansuriji M.S.                                        Jin Gun Aaradhak Trust

તેમજ જે મન, વચન અને કાયાને કાબૂમાં નહિ રાખતાં છતાં અનુકંપા ( દયા ) રહિત બની, સર્વ જીવોનો વધ કરે છે ( કરાવે છે અને અનુમોદે છે ) તે લાખોગમે દુઃખોથી પરાભવ પામી સંસાર–અટવીમાં ભ્રમણ કરે છે. ( મન, વચન, કાયાથી જે અન્ય પ્રાણીઓને પરિતાપ ઉપજાવે છે તે અજ્ઞાની જનો અન્ય જન્મોમાં તેથી બહુગણો પરિતાપ પામ્યા કરે છે. )

વધ, બંધન અને મારવામાં રક્ત બની જે નિર્દય જનો જીવોને બહુ દુઃખ ઉપજાવે છે તે મૃગાવતીના પુત્ર મૃગાપુત્રની પેઠે સકળ દુઃખોનું ભાજન થાય છે.

## " મૃગાપુત્રનું સંક્ષિપ્ત ચરિત્ર. "

મનુષ્યભવમાં પણ નારકીની જેવાં દુઃખોને સાક્ષાત્ વેદનાર મૃગાપુત્રને ભગવંતના મુખથી જાણીને પ્રભુના વચનમાં દૃઢ પ્રતીતિ છતાં તેવાં દુઃખો સાક્ષાત્ જોવાના કૌતુકવાળા શ્રી ગૌતમસ્વામી શ્રી વીરપ્રભુની આજ્ઞા લઇને મૃગાવતીને ઘરે પધાર્યા. પોતાના આવાગમનનું કારણ નિવેદિત કર્યે છતે મૃગાવતી ગૌતમસ્વામીને નાસિકા સહિત મુખ મુહપત્તિવતી બાંધી લેવાનું જણાવી, જયાં ભૂમિગૃહ( ભોંયરા )માં મૃગાપુત્ર છે ત્યાં લઈ ગઈ. તે સ્થળે અનેક અસાધ્ય રોગોથી પીડાતા તે કુમારને સાક્ષાત્ દેખીને પછી શ્રી ગૌતમસ્વામીએ શ્રી વીરપ્રભુની સમીપે આવી અતિ નમ્રતાથી તેના પૂર્વભવ સંબંધી પૃચ્છા કરી. ત્યારે શ્રી વીરપ્રભુએ જણાવ્યું કે–

આ ભરતક્ષેત્રમાં પૂર્વે શતદ્વાર નામના નગરના ધનપતિ રાજાનો વિજયવર્ધન પ્રમુખ પાંચસો ગામનો અધિપતિ,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અધર્મી–અધર્મપ્રિય, અધર્મવડે પ્રસિદ્ધ થયેલો, બહુ જીવોને વધ, બંધન અને મરણ સંબંધી ત્રાસ આપવામાં જ રક્ત રઠઉડ (રાઠોડ) નામનો ક્ષત્રિય [ રાજપુત ] હતો. તે પોતાના ગામોના લોકોને આકરા કરોવડે સંતાપતો, નિર્ધન કરી મૂકતો, યાવત્ સ્થાનભ્રષ્ટ કરતો. એમ મદોન્મત્ત બની સ્વચ્છંદપણે વર્તતો. તેવામાં એકદા તેના શરીરમાં એકસાથે સોળ મહારોગ પ્રગટ થયા. ખાંસી, શ્વાસ, જ્વર, કુક્ષીશૂળ, ભગંદર અને અર્ષ પ્રમુખ મહારોગોથી તે બહુ પીડાવા લાગ્યો. અનેક ઉપાય કરતાં છતાં ઉક્ત મહારોગથી તે મુક્ત થઈ શકયો નહિ. તે મહારોગોથી ભારે વિડંબના પામતો, આર્ત્તરૌદ્ર ધ્યાનને ધ્યાતો અઢીશેં વર્ષનું ઉત્કૃષ્ટ આયુષ્ય પાળી, ત્યાંથી મરીને પ્રથમ નરકમાં ઉત્કૃષ્ટ આઉખે નારકી થયો. ત્યાં અનેક દુઃસહ દુઃખો સહી, અંતે ત્યાંથી ચ્યવીને અહીં મૃગાવતી રાણીની કુક્ષિમાં ઉત્પન્ન થયો. તેથી રાણીને અને રાજાને પણ ભારે કષ્ટ થયું. અંતે તે જન્મ્યો પણ બહુ વિડંબના પામતો છતો પોતાનો કાળ નિર્ગમન કરે છે. તે ૨૬ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરીને અનેક નીચ અવતારો લઇ ભવભ્રમણ કરશે. હિંસાનો આવો કટુક વિપાક સાંભળી ચતુર માણસોએ ચેતીને ચાલવું ઘટે છે. મતલબ કે–કોઈપણ પ્રાણીને કદાપિ કોઈપણ રીતે દુઃખ ઉપજે તેમ કરવું નહિ.

## સાર ( ઉપસંહાર ).

જીવહિંસા કરનારને અનંત દુઃખ થાય છે એમ સર્વજ્ઞ વીતરાગના ઉપદેશથી જાણીને જો ભવદુઃખથી નિર્વેદ–ત્રાસ થતો હોય તો જીવદયામાં રક્ત રહેવું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## અવતરણ.

પ્રથમ જ્ઞાન અને પછી દયા [ અહિંસા ] એમ શ્રી દશ-વૈકાલિક સૂત્રનું વચન પ્રમાણ લેખી હવે પછીના બીજા અધિ-કારમાં **જ્ઞાનની** પ્રરૂપણા કરાશે.

## અધિકાર બીજો : જ્ઞાન

૧. અહિંસાના લાભને ઇચ્છનારા ભાઇબ્હેનોએ સુગુરુ સમીપે જ્ઞાન મેળવવું જોઇએ, કેમકે જ્યારે તે અહિંસા ( દયા ) સંબંધી વિજ્ઞાન ( વિશિષ્ટ જ્ઞાન ). પ્રાપ્ત થાય છે ત્યારે જ તે અહિંસા રૂડી રીતે પળાય છે. તે વગર દયા સારી રીતે સેવી શકાતી નથી.

૨. જ્ઞાન તે શું ? જ્ઞાનદાતા કેવા હોય ? જ્ઞાન ગ્રહણ કરવાનો વિધિ શો ? તેના ગુણ–લાભ–ફાયદા શા શા ? આ દ્વારના અનુક્રમથી જ્ઞાનની પ્રરૂપણા કરશું.

૩. પહેલું મતિજ્ઞાન, બીજું શ્રુતજ્ઞાન, ત્રીજું અવધિજ્ઞાન, ચોથું મનઃપર્યવજ્ઞાન અને પાંચમું કેવળજ્ઞાન.

૪. અત્ર પ્રસ્તુત અધિકાર **શ્રુતજ્ઞાન**વડે છે, કેમકે શ્રુત-જ્ઞાનવડે જ બાકીનાં મતિજ્ઞાનાદિકનું તેમજ શ્રુતજ્ઞાનનું પણ વ્યાખ્યાન થઈ શકે છે–પ્રદીપની પરે. જેમ દીપક પોતાને તેમજ બીજા ઘટપટાદિક પદાર્થોને પ્રકાશે છે તેમ શ્રુતજ્ઞાન પણ સ્વપરને પ્રકાશી–જણાવી શકે છે.

૫. રાગદ્વેષાદિ દોષનો નાશ કરે એવા એક પણ મોક્ષ-સુખદાયક પદમાં જે અત્ર સદાય ઉપર્યુકત ( તદાકાર વૃત્તિવાળો )

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થઈ વર્તે છે તે તેનું સમ્યગ્**જ્ઞાન** કહેવાય છે અને તે વડે જ્ઞાનવાળા( જ્ઞાની ) દુ:ખજાળને છેદી નાંખે છે. ( ભાવનામય કરેલા એક પણ પદથી પ્રાણીનું કલ્યાણ થઇ શકે છે. ) તેવું જ ઉત્તમ જ્ઞાન અધિક પ્રમાણમાં હોય તો અધિક હિત કરે પરન્તુ જેટલું હોય તેટલું તો ભાવનામય હોવું જોઇએ—પછી ભલે તે થોડું જ હોય, ઘણા મોટા પ્રમાણને માટે અહીં જિનશાસનમાં કાંઇ આગ્રહ નથી.

૬. સંવિજ્ઞ–ભવભીરુ-મોક્ષને અનુકૂળ ક્રિયા કરનાર મુમુક્ષુ ( તીવ્ર વૈરાગી ), ગીતાર્થ ( સૂત્ર–અર્થ ઉભયનો જાણ ), મધ્યસ્થ, નિષ્પક્ષપાતી ( કેવળ ગુણરાગી ) અને દેશકાળનો જાણ છતો જે સાધુ શુદ્ધપ્રરૂપક હોય તે **જ્ઞાનનો દાતા** હોઇ શકે.

૭. કોઈ સાધુ સંયમમાર્ગમાં શિથિલ હોવા છતાં સર્વજ્ઞ વીતરાગકથિત પાંચ મહાવ્રતરૂપ મૂળગુણ અને પિંડવિશુદ્ધિ વિગેરે ઉત્તરગુણ–લક્ષણ **ચરણકરણની** પ્રશંસા–અનુમોદના અને શુદ્ધ પ્રરૂપણા કરતો છત... પાપકર્મને ખપાવે અને સુલભબોધિ પણ થવા પામે. મ...ર્ષિનું ...ની **ઉપદેશમાળા** પ્રમુખમાં કહ્યા મુજબ **સંવિજ્ઞ...પણું પાળનારા પણ સ્વહિત સાધી શકે,** પરંતુ ગુણ વિના ખોટો આડંબર કરનાર સ્વહિત સાધી ન જ શકે.

## જ્ઞાન ગ્રહણ કરવાનો વિધિ.

૮. સૂત્ર–અર્થ ગ્રહણ કરતી વખતે શિષ્યોએ **અસ્ખલિત** અને **અમીલિત** પ્રમુખ ગુણવાળાં ન્યૂનાધિક રહિત ઉચ્ચારતા સૂત્રોમાં, કાલગ્રહણાદિ વિધિ (ઉદ્દેશ, સમુદ્દેશ અને અનુજ્ઞા પ્રમુખ

P. P. Ac. Gunratansuriji M.S.                                        Jin Gun Aaradhak Trust

શાસ્ત્રપ્રસિદ્ધ ક્રિયા ) પ્રમાર્જન–ભૂમિશુદ્ધિ, જ્ઞાનદાતા ગુરુમહારાજ શાસ્ત્રવાચના દેવા સમાધિપૂર્વક બેસે–બેસી શકે એવા આસન-પ્રમુખની યોજના, તેમજ અક્ષ( ચંદનક )વડે સ્થાપનાચાર્યની સ્થાપના ઇત્યાદિક ક્રિયાક્રમ કરવાનો હોય છે.

૯. નિદ્રા અને વિકથાના પરિહારી બની, મન–વચન–કાયાના યોગને સારી રીતે કાબૂમાં રાખનારા શિષ્યોએ બે હાથ જોડી, ભક્તિબહુમાનપૂર્વક સાવધાન બનીને શાસ્ત્રવાચના લેવી જોઇએ.

૧૦. વળી તેમણે વિસ્મિત મુખે, હર્ષસહિત, આચાર્ય-મહારાજને હર્ષ ઉપજાવતા છતાં, ગુરુનાં ગંભીર અર્થવાળાં સુભાષિત–મિષ્ટ વચનો સાંભળવાના અભિલાષી થવું જોઇએ.

૧૧. ગુરુમહારાજને અનેક રીતે સુખસમાધિ ઉપજાવવાથી ગુરુપ્રત્યે સારો ભક્તિભાવ દાખવવાપૂર્વક વિનય બહુમાન કરવાથી શિષ્યો ઇચ્છિત સૂત્રાર્થનો પાર શીઘ્ર સારી રીતે પામે છે.

૧૨. શાસ્ત્રકથિત વિધિ મુજબ, વિદ્યાસાધકના દૃષ્ટાંતથી, યોગ્ય જીવને સૂત્ર અને અર્થ દેવા, અયોગ્ય જીવને તે દેવાથી ઉલટા અનેક દોષો ( અનર્થો ) પ્રગટે છે.

૧૩. જેમ કાચા ઘડામાં નાખેલું જળ તે ઘડાનો વિનાશ કરે છે તેમ શાસ્ત્રરહસ્ય પણ હીન સત્ત્વવાળા જીવનો વિનાશ કરે છે.

૧૪. જગતમાં કર્મવશવર્તી જીવોને બુદ્ધિ–ધારણાશક્તિ હોય કે ન હોય તો પણ જ્ઞાન અભ્યાસ કરવામાં ઉદ્યમ તો ન જ મૂકવો જોઇએ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૫. કદાચ આખા દિવસમાં એક જ પદ આવડે અથવા પંદર દિવસે અર્ધો શ્લોક જ આવડે તો પણ જો જ્ઞાન શીખવા ઈચ્છા જ હોય તો ઉદ્યમ મૂકવો નહીં.

૧૬. દૃષ્ટાન્ત બતાવી એ જ વાતનું ગ્રંથકાર સમર્થન કરે છે. શીતળ, મૃદુ અને ધીમે ધીમે વહેતું નીર અનુક્રમે નદીના સંબંધવાળું થઈને ગિરિ જેવા દુર્ભેદ્યને પણ ભેદી નાખે છે, તેમ શાન્તિથી વિનય બહુમાનપૂર્વક ગુરુસમીપે થોડું થોડું ભણતા પણ અનુક્રમે દુર્લભ એવા શ્રુત-રહસ્યને પામી શકાય છે. શુદ્ધ નિષ્ઠાથી સમતા અને ઉત્સાહપૂર્વક યત્ન કરનાર અવશ્ય ફતેહમંદ નીવડે છે, માટે નિરંતર અધિક ઉત્સાહ અને ધૈર્ય ધારણ કરી-રાખીને જ્ઞાન-અભ્યાસ કર્યા કરવો જોઇએ.

૧૭. જેમ સૂત્રમાં પરોવેલી સોય કચરામાં પડી ગઈ હોય તેમ છતાં પાછી હાથ આવે છે તેમ સૂત્ર અભ્યાસી જીવ પણ કદાચ કર્મવશાત્ સંસારમાં પડ્યો હોય તેમ છતાં તે પાછો ઠેકાણે આવી જાય છે, અજ્ઞાની જીવ તો ચારે ગતિમાં અરહોપરહો અથડાયા જ કરે છે.

૧૮. જેમ સૂત્ર વગરની સોય રજમાં પડી છતી હાથ આવતી નથી તેમ જ્ઞાન રહિત જીવ પણ સંસાર-કાદવમાં જ્યાં ત્યાં રગદોળાયા કરે છે. અનંત જન્મ-મરણનાં દુઃખ પામ્યા કરે છે.

૧૯. જેમ શાસ્ત્રજ્ઞાન રહિત અજ્ઞાની વૈદ્ય રોગ-ચિકિત્સા કેમ કરવી તે જાણતો નથી તેમ અજ્ઞાની જીવ પણ ચારિત્ર-શુદ્ધિ કરી જાણતો નથી.

P. P. Ac. Gunratansuriji M.S.　　Jin Gun Aaradhak Trust

## ' જ્ઞાનનો અતુલ મહિમા '

૨૦. આથી વધારે ઉત્તમ, આશ્ચર્યકારક કે સુંદરતર બીજું શું છે? સર્વ જનો બહુશ્રુત–જ્ઞાનીના મુખને ચંદ્રની જેમ અતિ આદરથી જુએ છે.

૨૧. છઠ્ઠ, અઠ્ઠમ, દશમ (૪) અને દુવાલસ (૫) ઉપવાસ જેવી આકરી તપસ્યાથી જેટલી શુદ્ધિ થાય તેથી અનેકગુણી શુદ્ધિ સંયમના ખપી નિત્યભોજી એવા જ્ઞાની-વિવેકી-ને થાય. એ પ્રભાવ જ્ઞાનનો જાણવો.

૨૨. જ્ઞાનવડે જગતમાં વર્તતા સર્વે સૂક્ષ્મ તથા સ્થૂલ ભાવો જાણી શકાય છે, તેથી બુદ્ધિવંતોએ અતિ આદરપૂર્વક જ્ઞાનનો અભ્યાસ કરવો, તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરી લેવું એ જ સદ્‌બુદ્ધિ પામ્યાનું ઉત્તમ ફળ છે.

૨૩. જ્ઞાન જીવનો નિષ્કારણ બંધુ (ઉપકારક) છે, જ્ઞાન મોહ અંધકારને દૂર કરવા સૂર્ય સમાન છે અને જ્ઞાન આ સંસાર–સમુદ્રથી પાર ઉતારવાને મજાનું જહાજ છે, દૃઢ આલંબનરૂપ છે.

૨૪. સેંકડો દુઃખથી દુઃખીયા જીવોને જ્ઞાન ઉત્તમ મિત્રની પેરે આશ્વાસન (દિલાસો) આપનાર છે અને પરભવમાં સાગરચંદ્રની પેરે શાશ્વત સુખને મેળવી આપનાર છે, તેનું ચરિત્ર નીચે મુજબ છે.

## સાગરચંદ્રનું સંક્ષિપ્ત ચરિત્ર.

આ ભરતક્ષેત્રમાં મલયપુર નગરને વિષે અમૃતચંદ્ર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજાની **ચંદ્રકળા** નામની રાણીની કુક્ષીથી ઉત્પન્ન થયેલા **સાગરચંદ્ર** કુમારે એકદા કોઈક પુરુષ પાસેથી પાંચસો દીનાર દઈને એક ગાથા ગ્રહણ કરી. તે ગાથા આ પ્રમાણે હતીઃ—

' अपथ्थियं चिय जहा, एइ दुहं तह सुहंपि जीवाणं ।
ता मुत्तुं सम्मोहं, धम्मे चिय कुणह पडिबंधं ॥१॥'

તેનો પરમાર્થ એવો છે કે–' જીવોને દુઃખ કે સુખ પણ જ્યારે અનાયાસે મળી આવે છે ત્યારે તેમાં મુંઝાયા વગર કેવળ ધર્મમાં જ પ્રતિબંધ કરવો જોઈએ. '

એકદા કુમાર ક્રીડા કરવા ઉદ્યાનમાં ગયો હતો ત્યાંથી તેને એકાએક અપહરી લઇ સમુદ્રમાં પાડેલો પોતાને જોયો. ભાગ્યયોગે પાટિયું હાથ આવતાં તેને અવલંબી તે સમુદ્રની પાર પહોંચ્યો. ત્યાં પૂર્વોક્ત ગાથાના સંસ્મરણથી સર્વ દુઃખને અસત્ લેખી ફરતા એવા તેણે કોઇક અરણ્યમાં ફાંસો ખાતી એક કન્યાને દેખી, તેનો પાસ છેદીને તેણે તેણીનું રક્ષણ કર્યું. તે કન્યા **ભાનુરાજાની** પુત્રી **કમળમાળા** નામની હતી. તે કન્યા પ્રથમથી જ કુમારના ગુણ સાંભળી તેને જ વરવા આતુર હતી. તે હકીકત કુમારને કોઇ વિદ્યાધરે કહી. પછી અનુકૂળ સંયોગને પામી કુમારે તે કન્યાનું તેમ જ બીજી અનેક કન્યાઓનું પાણિગ્રહણ કર્યું. તે સમવિષમ સ્થળે પૂર્વોક્ત ગાથાનું જ સ્મરણ કરી ધર્મમાં ચિત્ત સ્થિર રાખતો તેથી તે બહુ સુખી થયો. અનુક્રમે મહાવિશાળ રાજ્ય ભોગવી, સદ્ગુરુ સમીપે દીક્ષા ગ્રહણ કરી શાસ્ત્ર અભ્યાસયોગે મહાજ્ઞાની થયો અને દુષ્કર ચારિત્ર પાળી, સર્વ ઉપસર્ગને સમભાવે સહન કરી, સમસ્ત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કર્મમળને ખપાવી, કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયો. એક ગાથા જેટલા જ્ઞાનના પ્રભાવથી **સાગરચંદ્ર** કુમાર અનુક્રમે અક્ષયપદ પામ્યો એમ જાણીને આત્માર્થી જનોએ અવશ્ય જ્ઞાનાભ્યાસ કરવા સતત ખ્યાલ રાખવો, જેથી ઉભય લોકમાં હિત જ થવા પામે.

૨૫. પાપથકી નિવૃત્તિ, તેમજ પુન્યકાર્યમાં પ્રવૃત્તિ અને વિનયગુણની પ્રાપ્તિ એ ત્રણ વાના જ્ઞાનગુણ પ્રગટ થયે છતે જ પરિપૂર્ણ થાય છે.

૨૬. જો ગંગાનદીની રેતી માપી શકાય અને સમુદ્રનાં જળ બે હાથવતી ઉલેચવા કોઇ સમર્થ થાય તો જ તે જ્ઞાન-ગુણને વર્ણવી શકે. મતલબ કે જ્ઞાનના સંપૂર્ણ ગુણને વર્ણ-વવા કોઇપણ સમર્થ થઇ શકે એમ નથી.

## ત્રીજો અધિકાર : દાન

હવે ધર્મોપષ્ટમ્ભ યા આશ્રય દાન સંબંધી દ્વારની વ્યાખ્યા શાસ્ત્રકાર કહે છે. આહાર, વસતિ ( વસવાનું સ્થાન ) અને વસ્ત્રાદિકવડે જ્ઞાનીજનોને આશ્રય ( આધાર ) આપવો, કેમકે જીવોને જ્ઞાન દેહ વિના સંભવતું નથી.

દેહ પુદ્ગલમય છે તે દેહ આહારાદિક વિના ન નભી શકે. મતલબ કે દેહના નિર્વાહને માટે આહારાદિકની અવશ્ય જરૂર રહે છે તેથી જ તે ટકી શકે છે. તેના વિના જ્ઞાન સંભવતું નથી અને જ્ઞાન વિના સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ તીર્થ–સંઘ શી રીતે સંભવે ? માટે તેને આશ્રય દેવાની પૂરતી જરૂર છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જો પૂર્વોક્ત ઉપષ્ટંભ યા આશ્રય દાન વિના જ તપ, નિયમ પ્રમુખ સમગ્ર ગુણો સંભવતા હોય (સાધી શકતા હોય) તો પછી આહાર, વસ્ત્ર, પામાદિકનો કોણ (શા માટે) સ્વીકાર કરે ?

તે માટે વિધિપૂર્વક જ્ઞાની પુરુષોને સમ્યગ્ આશ્રય આપતાં છતાં ભવસમુદ્ર તરવાને યાન પાત્ર( જહાજ ) જેવું તીર્થ પણ પ્રવર્તાવ્યું ગણાય.

દાતાએ આવો આશ્રય કેવા ભાવથી આપવો ? અને તે વળી કેવા પાત્ર પુરુષોને આપવો એવી રીતે દાન, દાતા અને અદાતાના જે ગુણદોષ સંભવે તે કહેવા યોગ્ય છે.

સાંસારિક આ લોક પરલોક સંબંધી સુખની ઇચ્છા, યશ, માન, પ્રતિષ્ઠાદિકની ઇચ્છા રહિત થઈ અને શ્રદ્ધા તથા રોમાંચ( હર્ષોલ્લાસ )ને ધારણ કરી દાતાએ કેવળ કમનો ક્ષય કરવાને માટે જ સુપાત્ર દાન દેવું.

આરંભ ક્રિયાથી નિવૃત્ત થયેલા મૂલ્યવડે વસ્ત્ર આહારાદિક નહિં ગ્રહણ કરનારા તેમજ આરંભ અને ખરીદી નહિ કરાવનારા તથા ધર્મમાં જ ચિત્તને સ્થાપનારા સાધુજનોને ગૃહસ્થોએ ધર્મને માટે જ દાન દેવું.

આવું મોક્ષસુખ આપનારું સુપાત્ર દાન શાસ્ત્રમાં વર્ણવેલા વિધિ મુજબ દાતાએ દેવું. અનુકંપાદાનનો તો જિનેશ્વરોએ ક્યાંય પણ નિષેધ કર્યો જ નથી. અનાથ, અપંગ, નિરાશ્રિતને દયાથી અપાતું દાન અનુકંપા દાન છે.

કેટલાકનું ચિત્ત સુંદર ઉદાર ભાવનામય હોય ત્યારે કેટ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લોકનાં ચિત્ત અને વિત્ત બન્ને સુંદર હોય; પણ ચિત્ત, વિત્ત અને પાત્ર એ ત્રણે સુંદર તો કોઇક જ ભાગ્યશાળીને લાભે છે. મતલબ કે–ભાવનામય ઉદાર આશયવડે નીતિથી ઉપાર્જિત કરેલું દ્રવ્ય તથાપ્રકારના સુપાત્રમાં દેવાનો પુણ્ય પ્રસંગ વિરલ પુણ્યશાળીને જ સાંપડે છે.

આરોગ્ય, સૌભાગ્ય, આજ્ઞૈશ્વર્ય ( અન્ય જનો આજ્ઞા સ્વીકારી લે એવી ઠકુરાઇ ), મન ચિંતિત વિભવ( લક્ષ્મી ) તેમજ સુરલોક સંબંધી સંપદા એ સહુ સુપાત્ર દાનનાં મોક્ષસુખની અપેક્ષાએ અપર ( પ્રાસંગિક ) ફળ જાણવા.

સુપાત્ર દાન દઇને કેટલાક ભવ્ય જનો તે ભવમાં જ નિર્વૃતિ ( મોક્ષસુખ ) પામ્યા છે અને અનેરા કેટલાક ભવ્યો નરસુખ સંબંધી સુખ વિલસીને ત્રીજા ભવે સિદ્ધિપદને પામ્યા છે.

સુપાત્ર દાન દેવ અને મનુષ્ય સંબંધી સુખ–પ્રાપ્તિનું કારણ થાય છે તેમજ શિવસુખ( મોક્ષ )રૂપ ફળ પણ આપે છે. જેમ શૂરસેન નૃપના પુત્ર બન્ને ભાઇઓને સુપાત્ર દાનથી મહાસુખ પ્રાપ્ત થયું હતું. તેમનું સંક્ષિપ્ત ચરિત્ર આ પ્રમાણે છે—

## શૂરસેન રાજાના બન્ને પુત્રોનું સંક્ષિપ્ત ચરિત્ર

શૂરસેન રાજાના બન્ને પુત્રો–અમરસેન અને વયરસેન, એ બંને ભાઇઓ એકદા મહેલના ઝરુખામાં બેઠા હતા તેવામાં મુનિયુગલ( બે મુનિઓ )ને જોઇને, જાતિસ્મરણ જ્ઞાન પામી, ભક્તિભાવથી તે બન્ને મુનિઓને વંદન કરવાને ગયા, અવધિ-



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જ્ઞાની મહર્ષિ મુનિએ તે બંનેના પૂર્વભવનું સ્વરૂપ જણાવી કહ્યું કે-તમારામાંથી અમરસેને પૂર્વે મુનિને દાન દીધું હતું તે દાન–વૃક્ષના પુષ્પરૂપ આ રાજ્યની તેને પ્રાપ્તિ થઇ છે અને વયરસેને પાંચ કોડીના પુષ્પથી પ્રભુની પૂજા કીધી હતી તેથી તેને પાંચસો પાંચસો દિનાર( સોનૈયા ) પ્રાપ્ત કરવાની શક્તિ તથા ભોગની પ્રાપ્તિ થઈ છે અને મુખ્ય ફળ તો બન્નેને આ ભવથી પાંચ ભવ સુધી દેવલોક તથા મનુષ્ય લોકના ઉત્તમ ભોગ ભોગવીને છઠ્ઠે ભવે પૂર્વ વિદેહમાં રાજ્ય ભોગવી નિરાગ ( વીતરાગ ) ચારિત્રવડે મુક્તિની પ્રાપ્તિરૂપ થશે. આવી રીતે પૂર્વજન્મમાં દીધેલાં દાન અને કરેલી જિનપૂજાનું ફળ જાણી અનેક દાનશાળા તથા જિનચૈત્યો કરાવી તેમજ સાતે ક્ષેત્રોમાં પુષ્કળ ધન વાપરી પ્રવ્રજ્યા અંગીકાર કરી પાંચમા સ્વર્ગમાં દેવપણે તે બન્ને ભાઇઓ ઉપજ્યા. ત્યાંથી પૂર્વોક્ત ક્રમે મહાવિદેહે ક્ષેત્રમાં જન્મી મોક્ષે જશે.

પ્રશ્રાન્ત [ પર્યટન–વિહાર કરવાને અસમર્થ ], ગ્લાન (રોગી), આગમગ્રાહી ( શાસ્ત્રાભ્યાસી ) સાધુઓને લોચ કર્યા બાદ તેમજ ઉત્તર પારણાને પ્રસંગે શાસ્ત્ર( વિધિથી ) દીધેલું દાન ઘણા પ્રકારે ફળદાયી નીવડે છે.

બાહ્ય અને અનિત્ય એવું ધન [ સુ ]પાત્રમાં સ્થાપવાવડે કરીને જો નિત્ય [ શાશ્વત ] એવો અંતરંગ ધર્મ પ્રાપ્ત થતો હોય તો શું સિદ્ધ ન થયું? અર્થાત્ સર્વ સિદ્ધ થયું સમજવું.

દારિદ્રય, દૌર્ભાગ્ય, દાસત્વ, દીનતા, સરોગતા અને પરપરાભવનું સહન કરવાપણું એ સર્વ [સુપાત્ર] દાન નહીં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દેનારને પ્રાપ્ત થતી અવસ્થાઓ છે. [છતી સામગ્રીએ શ્રદ્ધા તથા વિવેકની ખામીથી, અનાદરથી કે કૃપણતાદિક દોષોથી સુપાત્ર દાન દઈ શકતા નથી. તેમના કેવા હાલ થાય છે તે ઉપરની ગાથામાં જણાવ્યું છે માટે સામગ્રી પામીને તેને સાર્થક–સફળ કરી લેવી.]

વ્યવસાય–ઉદ્યોગ કરવાનું પ્રયોજન (ફળ) લક્ષ્મી છે. લક્ષ્મી પામ્યાનું ફળ સુપાત્ર દાન છે. તેના અભાવે વ્યવસાય અને લક્ષ્મી બંને દુર્ગતિના કારણરૂપ થાય છે. ન્યાય–નીતિથી લક્ષ્મી કમાઈ તેનો સુપાત્ર દાનવડે લ્હાવો લેવો એથી સદ્ગતિ સહજે પ્રાપ્ત થઈ શકે છે, એમ પૂર્વે શાસ્ત્રકારે જણાવ્યું જ છે.

પ્રાયઃ દેવ, તિર્યંચ અને નારકીના ભવોમાં પૂર્વે દાન દીધેલું હોતું નથી અને મનુષ્યપણામાં પણ જો દાન ન દેવાય તો તેનો મનુષ્ય ભવ પણ ખરેખર નિષ્ફળ નીવડે છે.

અત્યંત લક્ષ્મીપાત્ર છતાં, ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયા છતાં, વસ્ત્ર અલંકારથી અલંકૃત છતાં અને સ્વરૂપવંત છતાં જે પુરુષ દાન [સુપાત્ર દાન] આપતો નથી તે મદવારિ વિના મયગળ-[હાથી]ની જેમ ખરેખર શોભા પામતો નથી.

બહુ દ્રવ્ય પામ્યા છતાં સુપાત્રરૂપ ઉત્તમ ક્ષેત્રમાં જેમણે તે વાવ્યું નથી તે મથુરા પુરીમાં વસનારા વણિકની પેઠે શોકનું ભાજન થાય છે. ઉક્ત દૃષ્ટાંત નીચે મુજબ—

## મથુરાપુરી વાસ્તવ્ય વણિકનું દૃષ્ટાંત.

મથુરાપુરીમાં ધનસાર નામે શ્રેષ્ઠી વસે છે. તે ૬૬ કરોડ

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

દ્રવ્યનો સ્વામી છે તો પણ એક કોડી માત્ર ધર્મકાર્યમાં આપતો નથી. બીજા દાતાર જનોને દેખીને પણ દિલમાં ઘણો બળે છે. વધારે શું? પણ ઘરનાં માણસ પણ તે બહાર ગયો હોય ત્યારે જમે છે. તેનું કૃપણપણું એવું તો જગજાહેર થયું કે–ભોજન કર્યા વગર કોઈ તેનું નામ પણ ગ્રહણ કરે નહિ. અન્યદા તેનું ભંડારેલું સમસ્ત દ્રવ્ય કોલસારૂપ થઈ ગયું, જળમાર્ગે રહેલું ડૂબી ગયું, સ્થળમાર્ગે રહેલું ચોરોએ લૂંટી લીધું એટલે બાકીનું દશ લક્ષ જેટલું દ્રવ્ય લઇને તે જળમાર્ગે ચાલ્યો. માર્ગમાં વહાણ ભાંગ્યું ત્યાંથી દૈવયોગે સમુદ્રના તીરે પહોંચ્યો છતો એક અટવીમાં પડ્યો પડ્યો વિચારવા લાગ્યો કે–હા ઇતિ ખેદે! મેં જાતે દ્રવ્યને ભોગવ્યું નહિ તેમજ તે સુપાત્રમાં ખરચ્યું પણ નહિ તેથી દાનભોગ રહિત મારા દ્રવ્યનો છેવટે દૈવયોગે વિનાશ થયો તેમજ વળી કુટુંબનો પણ વિરહ થયો. એટલામાં તત્કાળ કેવળજ્ઞાન પ્રાપ્ત થવાથી સુર, અસુરોએ અર્ચેલા એક મહર્ષિને દેખી, મનમાં ખુશી થઈ, તેમને વંદન કરી તેણે ધર્મદેશના સાંભળી. પછી જ્ઞાનીને દ્રવ્ય-વિનાશનું કારણ પૂછવા લાગ્યો. કેવળી ભગવાને કહ્યું કે–ધાતકી ખંડે ભરતક્ષેત્રમાં બે ભાઇઓ હતા તેમાં મોટો ભાઈ સરળ, ગંભીર અને દાનેશ્વરી હતો. તે સદાય દીનજનોને દાન દીધા જ કરતો હતો. નાનો ભાઇ ક્ષુદ્ર સ્વભાવી હતો, તેથી તે જો કે મોટાભાઇ ઉપર દ્વેષબુદ્ધિ રાખતો હતો તો પણ તે તો દાન દીધા જ કરતો હતો તેથી નાનો ભાઈ દ્રવ્ય વહેંચી લઇ જુદો થયો. જુદા થયા પછી તેનું ધન ક્ષીણ થઇ ગયું અને મોટાભાઈને તો તેના પુણ્યના પ્રભાવથી ધન વૃદ્ધિ પામ્યું ત્યારે નાનાભાઈએ દ્વેષબુદ્ધિથી રાજાની પાસે ખોટી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચાડી કરી તેની પાસેથી દ્રવ્ય પડાવ્યું, તેથી વૈરાગ્ય પામી મોટા ભાઇએ દીક્ષા ગ્રહણ કરી અને તેનું પાલન કરીને સૌધર્મ દેવલોકમાં ગયો. નાનો ભાઈ અજ્ઞાન તપ કરીને અસુર થયો. તે અસુર ત્યાંથી ચ્યવીને આ તું થયો. મોટો ભાઈ તામલિપ્તિપુરીમાં વ્યવહારીનો પુત્ર થયો. ત્યાં તે ભુક્તભોગી થઈ દીક્ષિત થયો. અનુક્રમે ઘાતીકર્મને ખપાવી કેવળજ્ઞાન પામ્યો તે હું પોતે જ છું. જે તેં પૂર્વભવમાં દાનનો દ્વેષ કર્યો હતો તે કર્મથી તું કૃપણ થયો અને ધન પણ સહસા નષ્ટ થઇ ગયું.

એ પ્રમાણે સર્વ હકીકત જ્ઞાનીના મુખથી શ્રવણ કરીને પૂર્વભવનું સ્વરૂપ જાણી વૈરાગ્યથી પોતે સમ્યક્ત્વમૂળ શ્રાવકના વ્રત ગ્રહણ કર્યાં. હવેથી વ્યાપારમાં જે લાભ મળે તેમાંથી ફક્ત ચોથો ભાગ જ પોતે રાખવો, બાકીના ત્રણ ભાગ ધર્મકાર્યમાં ( પરમાર્થમાં ) ખર્ચી દેવા, એવો અભિગ્રહ ધારણ કરી કેવળી ભગવાનને નમસ્કાર કરી તે તામલિપ્તિ નગરીમાં આવ્યો.

અન્યદા વ્યંતરે ઉજ્જડ કરી મૂકેલા કોઈ એક શૂન્ય ઘરમાં પોતે કાઉસગ્ગ ધ્યાને રહ્યો ત્યાં તેને તે વ્યંતરે આખી રાત્રિ ઉપસર્ગ કર્યો. તેમાં તે ક્ષોભ ન પામ્યો તેથી પ્રભાતે વ્યંતર તુષ્ટમાન થઇ બોલ્યો કે–વર માગ ! છતાં પોતે કંઇ માગ્યું નહિ. ત્યારે વ્યંતરે કહ્યું કે–તું મથુરામાં જા. ત્યાં તું પુનઃ ૬૬ ક્રોડ દ્રવ્યનો સ્વામી થઇશ. પછી મથુરામાં આવ્યા બાદ તેને તેવી જ રીતે નિધાનાદિ ૬૬ ક્રોડ દ્રવ્ય મળ્યું તેથી તે મહાદાન-પુણ્ય કરી, ધર્મને આરાધી સૌધર્મ દેવલોકે અરૂણાભવિમાનમાં ચાર પલ્યોપમના આયુષ્યવાળો દેવ થયો. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય થઈ સિદ્ધિપદને પામશે.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

એવી રીતે ત્રણે પ્રકારનો દાનધર્મ બતાવ્યો. હવે શીલ ધર્મ કહે છે.—

## ચોથો અધિકાર : શીલ

આ અનંતર કહેલું દાન જ સમસ્ત ગુણગણનું નિધાન છે અને જો કદાચ તેની સાથે શીલગુણ પણ હોય તો પછી તેમાં બાકી શું કહેવાય ? મતલબ કે–એ તો વળી સુવર્ણ અને સુગંધ સમાન છે.

ભિક્ષા ઉપજીવી છતાં જો શીલગુણથી સંપૂર્ણ હોય તો તે દેવતાને પણ પૂજનિક થાય છે અને એક પૃથ્વીપતિ પણ જો કુશીળ ( શીલ–વિકલ ) હોય તો તે પંડિત પુરુષોને પરિહરવા યોગ્ય બને છે.

વિશુદ્ધ શીલરત્ન પુરુષનું મરણ પણ કોને શ્લાઘા (પ્રશંસા) કરવા યોગ્ય ન થાય ? અને શીલવિકળ જનો જીવતા પણ કોને નિંદવા યોગ્ય ન થાય ?

જે સકળ પૃથ્વીના ભારને વહે છે અને શાસ્ત્રોની પીડાને ખુશીથી સહે છે પણ પાડાની પેઠે શીલ સંબંધી ભારનું ઉદ્વહન કરવામાં ખરેખર સીદાય છે. મતલબ કે કામાન્ધ જનો શીલ પાળવાને કેવળ કાયર હોય છે. આ પ્રસંગે રાવણાદિક દૃષ્ટાંત-રૂપ સમજવા. તેનું ચરિત્ર સુપ્રસિદ્ધ છે.

રતિસુંદરી, રિદ્ધિસુંદરી, બુદ્ધિસુંદરી અને ગુણસુંદરીએ શાસ્ત્રનીતિ મુજબ શીલ રક્ષણ કરવાનો કરેલો વિસ્મયકારી પ્રયત્ન સાંભળીને પોતાના પ્રધાન શીલરત્નને કોણ મલિન કરે ? તેમનું ચરિત્ર આ પ્રમાણે છે—

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## " રતિસુંદરી પ્રમુખ સતીઓના ચરિત્ર "

સાકેતપુરમાં જિતશત્રુ રાજા રાજ્ય કરે છે. ત્યાં રાજા, શ્રેષ્ઠી, મંત્રી અને પુરોહિતની પુત્રીઓ રતિસુંદરી, રિદ્ધિસુંદરી, બુદ્ધિસુંદરી અને ગુણસુંદરી નામની ચાર સખીઓ શ્રી જિનધર્મના મર્મને જાણનારી છે. તેમાં નંદપુરના રાજાની સાથે પરણાવેલી રાજાની પુત્રીને અત્યંત રૂપવાળી જાણીને હસ્તિનાપુરના સ્વામીએ સર્વબલથી તેના પતિને હણી તેણીને ગ્રહણ કરી લીધી. અનેક ચાટુ( પ્રિય ) વચનોથી પ્રાર્થના કરાતી તેણીએ મદનફળ-મીંઢળાદિકના યોગથી વમનાદિવડે સ્વદેહનું અશુચિપણું તેને જણાવ્યું અને વળી કહ્યું કે-' આ પ્રમાણે મારું આખું શરીર અશુચિમય છે તો પછી આવા અશુચિ દેહ ઉપર શા માટે અનુરાગ કરો છો ? ' ત્યારે રાજા બોલ્યો ' હે પ્રિયા ! તારાં નેત્ર ઉપર મને મહામોહ થાય છે. ' એ વાત જાણીને રતિસુંદરીએ શસ્ત્રવડે પોતાના બે નેત્રો ઉખેડી કાઢી રાજાના હાથમાં આપ્યાં. રાજા દેખીને વૈરાગ્ય પામ્યો. તે બનાવવડે રાજાનું મન ખિન્ન થવાથી રતિસુંદરીએ કરેલા કાઉસગ્ગવડે આકર્ષાયેલા દેવતાએ નવાં ચક્ષુ કરી દીધાં જેથી શિયળનો મહિમા વિસ્તર્યો. પછી રતિસુંદરી વૈરાગ્યવડે દીક્ષા ગ્રહીને સ્વર્ગે ગઇ.

શ્રેષ્ઠીપુત્રી રિદ્ધિસુંદરીને વ્યવહારી પુત્રની સાથે પરણાવી. તે દંપતી જે વહાણ ઉપર ચઢયા હતા તે વહાણ ભાંગી જવાથી પાટિયું પામીને તે દંપતી કોઇક બીજા દ્વીપમાં નીકળ્યાં. ત્યાં આવી ચઢેલા બીજા વણિકે તેમને પોતાના વહાણમાં લીધા. પછી રિદ્ધિસુંદરીના રૂપથી મોહિત થયેલા તેણે તેના પતિને સમુદ્રમાં પાડી નાંખી તેણીને વિષયભોગ માટે પ્રાર્થના કરી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્યારે તેણીએ કહ્યું કે–'પરવશ ઇંદ્રિયવાળા પુરુષો અનેક સ્ત્રીનો સમુદાય સ્વાધીન છતાં પણ તૃપ્તિ પામતા નથી, તેમજ તેવી કામી સ્ત્રી સમસ્ત પુરુષોવડે પણ તૃપ્તિ પામતી નથી, તો પછી તું મારા પર કેમ મોહ પામે છે ?' એવા વચનથી તે મૌન રહ્યો. તે વહાણ પણ ભાંગ્યું અને એક પાટિયું મળી આવવાથી ઋદ્ધિસુંદરી સમુદ્રમાંથી બહાર નીકળી, સોપારકપુરે પહોંચી. ત્યાં પૂર્વે આવી પહોંચેલા પોતાના ભર્તારને મળી. બન્નેએ એક બીજાના વૃત્તાંત કહી સંભળાવ્યા, તેથી જ બંને સંસારથી વિરક્ત છતાં ત્યાં રહે છે. પેલો વણિક પણ પાટિયે વળગીને ત્યાં જ આવ્યો. મચ્છાહારથી તે કોઢીયો થયો. દંપતીએ તેને દેખી ઓળખી લીધો. તેને પશ્ચાત્તાપ થવાથી પ્રતિબોધીને પરસ્ત્રીગમન નહિ કરવાનો નિયમ આપ્યો. ત્યાં ધન ઉપાર્જીને સહુ સ્વસ્થાનકે ગયા. રિદ્ધિ-સુંદરી અવસરે પ્રવ્રજ્યા (દીક્ષા) અંગીકાર કરીને સ્વર્ગે ગઈ.

મંત્રીપુત્રી બુદ્ધિસુંદરીને એક સાર્થવાહના પુત્ર સાથે પરણાવી. પિતાના ઘરે ગોખમાં બેઠેલી તેણીને રાજાએ દીઠી. તેણીમાં અનુરક્ત થવાથી ખોટો દોષ ચઢાવીને તેણીના પિતાને સહકુટુંબ રાજાએ પકડ્યો. છેવટે રાજાના કહેવા મુજબ બુદ્ધિ-સુંદરીને સાંકેતિક સ્થાનમાં મૂકવાથી મંત્રીને મુક્ત કર્યો. પછી રાજાએ તેણીને કામભોગ માટે પ્રાર્થના કરી, પરંતુ તેણીએ તે માન્ય કરી નહીં. અન્યદા તેણીએ એક પોતાના જેવી મીણની પૂતળી ચોતરફ વિષ્ટાવાળી કરાવી. તેને વસ્ત્રાભરણથી શણગારીને પોતાના સ્થાનમાં મૂકી અને પોતે છાની છુપાઈને રહી. રાત્રિએ રાજા ત્યાં આવ્યો. તે પૂતળીને બુદ્ધિસુંદરી જાણીને બોલાવવા લાગ્યો. નહીં બોલતી એવી તેણીને બોલાવવા માટે તેણીનું

P. P. Ac. Gunratansuriji M.S.                                                    Jin Gun Aaradhak Trust

મુખ ઊંચું કરે છે તેવામાં પહેલેથી જ જાણે ( તે પૂતળીનું ) અણુલાગેલું મોકળું ( ફૂટું ) માથું ભૂમિ ઉપર પડયું. તેમાંથી દુર્ગંધ છૂટી. રાજા મુખ મરડતો 'આ શું ?' એમ ચિંતવે છે, એવામાં બુદ્ધિસુંદરી પ્રગટ થઈને કહેવા લાગી કે-' જેવી આ તેવી જ હું, પણ દેખાવમાં રમણીક છતાં અંદર વિષ્ટાથી ભરેલી છું.' ઇત્યાદિક કહ્યા છતાં રાજા સમજ્યો નહિ. ત્યારે સહસા ગોખથી પડતું મૂકીને તે ભૂમિ ઉપર પડી. તેથી રાજાએ લજ્જિત થઈ ત્યાં આવીને ઉપચાર કરી તેણીને 'બહેન' કહીને બોલાવી, તેણીની ક્ષમા માગી. તેણીના વચનથી પરસ્ત્રીગમન નહિ કરવાનો નિયમ અંગીકાર કર્યો. લોકમાં ભારે યશ ગવાયો અને અવસરે તે બુદ્ધિસુંદરી દીક્ષા ગ્રહણ કરી સ્વર્ગે ગઈ.

પુરોહિતની પુત્રી ગુણસુંદરીને શ્રાવસ્તીમાં વિપ્રપુત્રની સાથે પરણાવી. સાકેતપુરના કોઇ બીજા વિપ્રપુત્રે ચોરપલ્લીમાંથી ભિલ્લોની ધાડ લાવીને સ્વરૂપવંત હોવાથી તેણીને પલ્લીમાં આણી. કામભોગ માટે જ્યારે તેણીની પાસે પ્રાર્થના કરી ત્યારે તેણીએ ચૂર્ણયોગથી પોતાના દેહમાં અતિસાર ( ઉપરાઉપર દસ્ત થાય તેવો રોગ ) પેદા કર્યો. અનેક ઉપચાર કર્યા છતાં તે નહિ મટવાથી તેમજ તેણીનું શરીર અશુચિથી ખરડાયેલું રહેવાથી તે નિર્વેદ ( વૈરાગ્ય ) પામ્યો. ત્યારે તેનો તેવો શુભ ભાવ જાણીને તેને તેણીએ પ્રતિબોધ આપ્યો. પછી તે વિપ્રે તેણીને શ્રાવસ્તીમાં તેણીના પિતાના ઘરે મૂકી. અન્યદા તે વિપ્રને સર્પ કરડ્યો. ત્યારે ઉપચારથી તેને સજ્જ કરી જિનધર્મ અને પરસ્ત્રીગમન નહિ કરવાનો નિયમ પ્રાપ્ત કરાવ્યો. ગુણસુંદરી પોતે પણ વૈરાગ્યથી પ્રવ્રજ્યા અંગીકાર કરી સ્વર્ગે ગઇ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એવી રીતે એ ચારે સતીઓ શીલના પ્રભાવથી સ્વર્ગસુખ ભોગવી ચંપાપુરીમાં મહેભ્ય(મહાન શ્રેષ્ઠી)ના ઘરે જુદી જુદી અવતરી. રૂપસૌભાગ્યયુક્ત છતી ત્યાંના શ્રેષ્ઠીપુત્ર વિનયંધર કુમારની સાથે પરણી. અન્યદા તેમનું મનોહર રૂપ સાંભળીને રાજાએ વિનયંધર સાથે કૂડી મૈત્રી કરી. તેના અંતેઉર ઉપર ખોટો આરોપ ચઢાવી તેનું ઘર મુદ્રિત (જપ્ત) કરાવીને (રાજાએ) પોતાના અંતેઉરમાં તે સર્વ સ્ત્રીઓને રખાવી. ત્યારે શીલના પ્રભાવથી દેવતાએ તેમને કદ્રૂપી કરી દીધી. તેથી ભય અને વિસ્મય પામેલા રાજાએ તેમને મૂકી દીધી. એટલે તે પાછી જેવી હતી તેવી સુરૂપવંત થઈ ગઈ. રાજાએ વિનયંધરનું પણ સન્માન કર્યું. લોકમાં શાસનપ્રભાવના થઈ. અવસરે રાજાએ કેવળી ભગવાન પાસે પૃચ્છા કરી તેથી તેમનો પૂર્વભવ અને દેવસાન્નિધ્ય સાંભળીને સંવેગ પામેલો રાજા અને વિનયંધર અંતેઉર સહિત પ્રવ્રજ્યા લઈ કર્મ ખપાવીને મોક્ષે ગયા.

જેમને શીલગુણની સહાય છે, તેમને સમુદ્ર પણ ખરેખર ગોષ્પદ ( ગાયનાં પગલાં ) જેવડો સુતર થાય છે, અગ્નિ પણ જળરૂપ થાય છે અને વિષ પણ અમૃત સમાન થાય છે. શીલના પ્રભાવથી શીલવંતને દેવતાઓ પણ સર્વત્ર સેવક થઈ રહે છે.

શ્રેષ્ઠ શીલ પાળનારને દેવ, મનુષ્યની રિદ્ધિ પોતાના ચાકરની જેમ સેવે છે, કલ્પવૃક્ષ તેના ઘર-આંગણે આવી રહે છે અને મોક્ષસુખ પણ તેના હસ્તગત જેવું જ થઈ રહે છે. મતલબ સમસ્ત સુખ શીલવંતને સુલભ છે.

વિશુદ્ધવર શીલરત્નને ધરનારી એવી સીતા અને દેવસિકા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(દેવસેના)ના જગતને ચકિત કરી નાંખે એવાં ચરિત્ર શાસ્ત્રમાં અને લોકમાં પણ પ્રસિદ્ધ છે. મહાસતી સીતાના પવિત્ર શીલના પ્રભાવથી ગગનતલસ્પર્શી અગ્નિ પણ જળરૂપ થઇ ગયો હતો. દેવસેનાએ પોતાનો પતિ પરદેશ ગયે છતે તેના પવિત્ર શીલનો ભંગ કરવા માટે આવેલા ચાર વ્યવહારીના પુત્રોને શીલના પ્રભાવથી ઉલટા છેતરી, સ્વશીલની રક્ષા કરી, પ્રસંગે તેમને પણ યુક્તિથી પ્રતિબોધી તેવા કુચ્છંદથી મુક્ત કર્યા હતા અને છેવટે પોતે પણ વૈરાગ્યથી પ્રવ્રજ્યા અંગીકાર કરી કેવળજ્ઞાન પામી મોક્ષે ગઇ હતી. તે વાત પ્રસિદ્ધ છે.

જેમણે વિષયાતુર બનીને મનથી પણ શીલરત્નને અનેક વાર મલિન કર્યું છે તે (બાપડા) મણિરથ રાજાની પેઠે નરકમાં દુઃસહ દુઃખને સહન કરે છે.

## મણિરથ રાજાનું દષ્ટાંત.

અવંતીદેશમાં સુદર્શન નામના નગરમાં મણિરથ નામનો રાજા છે. તેનો નાનો ભાઇ યુગબાહુ યુવરાજ છે. તેને મદનરેખા નામની સ્ત્રી છે. એકદા તેણીના રૂપમાં રક્ત થયેલા મણિરથે દૂતીદ્વારા તેણીની પ્રાર્થના કરી ત્યારે તેણીએ તેવા અકાર્યથી નિવર્તવા તેને જણાવ્યા છતાં તે વિષયાંધ મણિરથે પોતાના બંધુ યુગબાહુને છળથી શસ્ત્રઘાતવડે મારી નાખ્યો. તે વખતે તેણીએ હિમ્મતથી સ્વપતિને ધર્મમાં જાગૃત કર્યા ને ધર્મના પ્રભાવથી મરણ પામી બ્રહ્મ દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયો. પછી પોતાના પવિત્ર શીલની રક્ષા કરવા માટે તેણી સગર્ભા છતાં રાત્રિસમયે ત્યાંથી નાઠી. માર્ગમાં પુત્ર-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રસવ થયો. તે બાળકને વસ્ત્રમાં વીંટાળી તેના હાથમાં મુદ્રિકા પહેરાવીને અશુચિ ટાળવા જળાશય પાસે ગઇ. ત્યાં જળગજે તેણીને ગગનમાં ઉછાળી. તે વખતે ત્યાંથી નંદીશ્વર દ્વીપે જતા એક વિદ્યાધરે કામવિકારથી તેણીને વિમાનમાં ઝીલી લીધી. ત્યાં આવી ચઢેલો મિથિલાપુરીનો સ્વામી પદ્મરથ રાજા પુત્રને લઇ ગયો. તે વાત પ્રજ્ઞપ્તિ વિદ્યાના યોગે તે વિદ્યાધરે કહેવાથી તેણીને ધીરજ આવી. નંદીશ્વરમાં ચૈત્યો જુહારી ( તે વિદ્યાધરના પિતા ) જ્ઞાની મુનિને નમસ્કાર કર્યો. મુનિના ઉપદેશથી વિદ્યાધરનો વિકાર શમી ગયો. તેણીને ધર્મભગિની ( બહેન ) તરીકે સ્વીકારી. તે વખતે તેનો પતિ જે તરત બ્રહ્મ દેવલોકમાં ઉત્પન્ન થયો હતો તેણે આવીને અવસાન વખતે સહાય કરનાર પોતાની ધર્મપત્નીને પ્રણામ કર્યો. તે દેવે તેણીને ઉપાડીને તેના પુત્ર સમીપે મૂકી, પછી વૈરાગ્યવડે દીક્ષા ગ્રહણ કરી તે સદ્ગતિગામી થઇ અને મણિરથ રાજા તે રાત્રિમાં સર્પદંશથી મરીને નરકે ગયો.

જેમને અચિંત્ય ફળદાયી શીલરત્ન સ્વાધીન છે તેમને ચિંતામણિ કે કલ્પદ્રુમાદિક વસ્તુઓની શી જરૂર છે ?

એ પ્રમાણે શીલ ધર્મનું સમર્થન કર્યું.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૮. પૃ. ૩૬, ૭૨, ૧૧૦, ૧૩૯. ]

P. P. Ac. Gunratansuriji M.S.
Jin Gun Aaradhak Trust

## સિદ્ધિ-સોપાન (સિદ્ધભક્તિવિકાસ) અનુવાદ.

૧. જે વીરોએ સર્વ કર્મપ્રકૃતિઓનો સર્વથા ઉચ્છેદ, પૂર્ણ તપશ્ચર્યાના બળથી કરીને, સ્વઆત્મભાવને સાધી લીધો એ સિદ્ધોને, સિદ્ધિ-અર્થમાં એમના અનુપમ ગુણોવડે આકર્ષાઈ, અતિ સંતુષ્ટ થઈ, ભક્તિભાવને પ્રાપ્ત થઇ વંદન કરું છું.

૨. સ્વાત્મભાવનો પૂર્ણ વિકાસ થવારૂપ સિદ્ધિ, જ્ઞાનાદિક ગુણસમુદાયને આચ્છાદન કરનારા દ્રવ્ય-ભાવ કર્મમળોનો ઉચ્છેદ કરવાથી થવા પામે છે-જેમ યોગ્ય સાધનોને સારી રીતે સાવધાનપણે સેવવાવડે-અગ્નિયોગાદિકવડે સુવર્ણશિલામાંથી સુવર્ણ અલગ કરવામાં આવે છે તેમ.

૩. દીવો બુઝાયાની પેરે આત્માના અભાવમય જ્ઞાનાદિક વિશેષ ગુણોના અભાવરૂપ સિદ્ધિ અમને ઇષ્ટ નથી, કારણ કે શુદ્ધ પદવાળા સત્ પદાર્થનો કદાપિ નાશ થતો નથી અને ગુણી (આત્માદિ પદાર્થ) જ્ઞાનાદિ ગુણ વગર ખાલી રહેતો નથી. એમ છતાં જેમના મનમાં અભાવમય અથવા નિજ ગુણોના વિનાશરૂપ સિદ્ધિ ઈષ્ટ છે એટલું તપ-વિધાન નકામું બને છે. અરે ! કોણ પંડિત જન આત્મનાશ-નિજગુણ વિનાશવાળી અભાવમય સિદ્ધિ મેળવવા યત્ન કરે વારુ ?

૪. અસ્તુ ! સંસારી આત્મા અનાદિ કાળથી કર્મના પ્રવાહની અપેક્ષાએ બંધાયેલો છે અને પોતે કરેલાં કર્મના ફળનો ભોક્તા બને છે. ઉક્ત કર્મબંધ અને તેના ફળના ભોગનો નાશ, રત્નત્રયીના સંપૂર્ણ આરાધનવડે કરીને ભવ્યાત્માઓ તાત્ત્વિક મુક્તિને વરે છે-વરવા યોગ્ય બને છે. સર્વ ભાવના જ્ઞાતા ને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દ્રષ્ટા, નિજ શરીરપરિમિત સંકોચ અને વિસ્તારના સ્વભાવવાળા એ આત્માઓ સદા સ્વગુણયુક્ત છતાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યરૂપ દ્રવ્ય દૃષ્ટિથી સદા સ્થિર રહેવાવાળા એવા નિત્ય અને પર્યાયદૃષ્ટિથી અનિત્ય વર્તે છે.

૫. આ ઉપરોક્ત સિદ્ધાન્ત માન્યા વગર સાધ્યસિદ્ધિ ઘટમાન થતી નથી, તથા સ્વાત્મરૂપની લબ્ધિ-સિદ્ધિ તથા તદનુકૂળ વ્રતચર્યા સફળ બનતી નથી. એથી બંધ-મોક્ષફળની કથની સઘળી કથનમાત્ર રહી જાય છે. એવાં ભવભ્રમણનો અંત આવતો નથી અને સત્ય-અવિચળ શાન્તિ મળી શકતી નથી. શી રીતે તે મળી શકે તેનું નિરૂપણ આગળ જિજ્ઞાસુ જીવોના હિતાર્થે પ્રકાશવામાં આવેલ છે, તેનો ખૂબ આદર કરવો ઘટે છે.

૬. જ્યારે એ આત્મા, મોહાદિક મહાદોષો શાન્ત થયા હોય એવી અનુકૂળ તક પામીને તથા બહારથી ગુરુ ઉપદેશાદિક શ્રેષ્ઠ નિમિત્તને મેળવીને નિર્મળ દર્શન-જ્ઞાન-ચારિત્રમય આત્માની જ્યોતિ જગાવે છે અને એ સુશક્તિના પ્રબળ સાધનનો સાવધાનપણે ઉપયોગ કરવાથી જ્ઞાનાવરણીયાદિ ચાર ઘાતિ કર્મોનો નાશ કરે છે ત્યારે-

૭. એ આત્મા સ્થિર-અદ્ભૂત પરમ સુગુણ સમુદાયવડે દુષ્ટ ઘાતિકર્મોનો ક્ષય થવાથી, કેવળજ્ઞાન, કેવળ દર્શન, ક્ષાયિક વીર્ય, ચારિત્ર, સમકિત તથા દાન લાભાદિક શેષ અભ્યંતર લબ્ધિઓ અને તીર્થંકરયોગ્ય ભામંડલાદિક અચિન્ત્ય બાહ્ય વિભૂતિ સંપૂર્ણ પ્રગટ થવાથી સહુને મહાકલ્યાણક દેદારરૂપે ભાસમાન થાય છે તેથી હવે-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૮. સર્વ પદાર્થને સદા એકીસાથે જાણે દેખે છે અને કેવળજ્ઞાન-દર્શનથી સર્વ-વ્યાપ્ત અને સુતૃપ્ત છતાં સર્વ ભવ્ય આત્માઓના ગાઢ અજ્ઞાન-મોહરૂપ અંધકારને નિઃખેદપણે ટાળતા, સુવચનામૃતથી સભાજનોને તૃપ્ત કરતા, એવાં સર્વ પ્રજાજનોની ઈશ્વરતા ધારણ કરતા અને અન્ય કલ્પિત ઈશ્વરો-દેવતામન્યો-આપ્તાભિમાનીઓ વિગેરેની જ્ઞાનજ્યોતિ પ્રભાને ફેડી-નિસ્તેજ કરતા છતા વિચરે છે.

૯. હવે તે અતિશયસહિત મહાત્મા આત્માને આત્મસ્વરૂપવડે આત્મામાં પ્રતિક્ષણ ધ્યાતા છતાં તે અતિશય સહિત મહાત્મા સત્ય સ્વયંભૂપદને પામી વીતરાગ-અર્હત્-પરમેષ્ઠી-આપ્ત-સાર્વ-જિનનામ ને પરંજ્યોતિ-સર્વજ્ઞ-કૃતકૃત્ય પ્રભુ જીવનમુક્ત છતાં પામે છે. પછી તે-

૧૦. આયુ, વેદની, નામ ને ગોત્રરૂપ શેષ બંધનરૂપી અન્ય સકળ અઘાતિ પ્રકૃતિઓને પણ છેદી નાંખે છે જેથી એ અનંત જ્ઞાન, દર્શન, વીર્ય ને ચારિત્ર સહિત શેષ ક્ષાયિક ગુણોવડે, તથા અવ્યાબાધ, અગુરૂલઘુ, અરૂપી ને અક્ષય ગુણોવડે અને-

૧૧. ઉત્તરોત્તર કર્મપ્રકૃતિઓનો સમૂળગો ક્ષય થવાથી પ્રગટ થયેલા અન્ય ગુણસમુદાયવડે શોભમાન છતાં ક્ષણવારમાં ઊર્ધ્વગમન સ્વભાવથી, શુદ્ધ-કર્મમળરહિત થયા થકા નિરુપદ્રવ ને સ્વાધીન એવા લોકાગ્ર-મોક્ષધામમાં જઇ વસે છે.

૧૨. સકળ કર્મોનો મૂળોચ્છેદ થઈ જવાથી હવે બંધ, ઉદય ને સત્તા રહેતી નથી, જેથી વર્તમાન ચરમ શરીરથી ભિન્ન અન્ય આકાર ધારણ કરવાનું કંઈ પ્રયોજન રહેતું નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

फक्त चरम शरीरना प्रतिबिंब समान, त्रिभाग न्यून रुचिर આકૃતિ રહી જાય છે અને અમૂર્તિક એવા તે સિદ્ધાત્મા નિર્વિકાર પદને પામે છે.

૧૩. ક્ષુધા, તૃષા, શ્વાસાદિ, કામજ્વર, જરા, મરણના દુઃખો તથા ઇષ્ટવિયોગ–પ્રમોહ–આપદાદિક ભારે કષ્ટોનો, જન્મહેતુરૂપ આ સંસારપ્રપંચનો ક્ષય થઈ જવાથી, જેમાં લવલેશ પણ દુઃખ નથી એવા ઉત્પન્ન થયેલા સિદ્ધ–સુખનું પ્રમાણ કોણ કરી શકે છે ? ( કેમકે તે સાદિઅનંત અક્ષયરૂપ છે. )

૧૪–૧૫. તે સિદ્ધોને નિજ આત્માના ખુદ ઉપાદાનથી સિદ્ધ, સ્વયં, અતિશયવાળું, કોઇપણ જાતની બાધા–પીડા વગરનું, વિશાળ, ઇન્દ્રિયોના વિષયોથી મુક્ત, સદા સર્વ દુઃખથી રહિત, અન્ય દ્રવ્યોની કશી અપેક્ષા વગરનું, નિરુપમ, ઉત્કૃષ્ટ, અમિત, શાશ્વત, અનંત મહિમાયુક્ત, પરમ સુખ સર્વ કાળમાં અક્ષયપણે પ્રાપ્ત થાય છે. જે સિદ્ધો પરમેશ્વર પરમાત્મા દેહવિમુખ કહેવાય છે તેઓ સ્વાત્મસ્થિતિમાં કૃતકૃત્ય થયા થકા નિજ પૂર્ણ સ્વાર્થને સાધે છે.

૧૬–૧૭. કર્મનાશથી એ સુસિદ્ધોને ક્ષુધા–તૃષાનો લેશ નથી, અતઃ વિવિધ રસયુક્ત અન્નપાનનું તેમને કશું પ્રયોજન નથી. અશુચિ યોગ જ સર્વથા રહ્યો નથી, અતઃ ગંધમાલ્યનું પ્રયોજન નથી. નિદ્રાદિકનું નામનિશાન નથી, અતઃ કોમળ શય્યાનું કશું કામ રહેતું નથી. વળી જેમ રોગરહિતને રોગને શાંત કરનારી ઉત્તમ ઔષધિ વ્યર્થ–નકામી છે અને અંતરનું અજ્ઞાનતિમિર નષ્ટ થયે સર્વ વસ્તુ દૃશ્યમાન થાય છે ત્યારે જેમ

P. P. Ac. Gunratansuriji M.S.
Jin Gun Aaradhak Trust

દીપશિખા નકામી છે તેમ સિદ્ધ થયા પછી બાધિત-વિષમ-પરાશ્રિત-ક્ષણવિનાશી ને કર્મબંધના હેતુરૂપ-પરિણામે દુઃખ-રૂપ એવા વિષયસુખનું કશું કામ-પ્રયોજન રહેતું નથી.

૧૮-૧૯. વિવિધ સુનય, તપ, સંયમસેવનથી ઉત્પન્ન થયેલા અનંત જ્ઞાનાદિક ગુણોની સંપદાથી સદા યુક્ત જે કદાપિ વિકાર-ને પામતા નથી, સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રની પૂર્ણ આરાધનાથી જે સિદ્ધપદને પામે છે અને પૂર્ણ યશસ્વી છતાં જેઓ વિશ્વ દેવાધિદેવ કહેવાય છે. ફરી સંસારમાં આવાગમનથી મુક્ત થયેલા તેમને કંઈ કરવાનું બાકી નથી. આત્મલીન, સર્વ-દોષહીન એમને વિભાવનો લેશ નથી. રાગ-દ્વેષ-ભયમુક્ત, નિરંજન, અજર-અમરપદના સ્વામી, સ્વયં મંગળમય, પૂર્ણ વિકસિત, સચ્ચિદાનંદરૂપ અને સર્વ કામનાથી મુક્ત થયા છે.

૨૦. એવા અનંત સિદ્ધો ભૂતકાળમાં થયા, વર્તમાનકાળમાં અત્યારે મહાવિદેહ ક્ષેત્રાદિકમાં સિદ્ધ થતા જાય છે અને ભવિષ્ય-કાળમાં પણ સકળ જગતમાં સિદ્ધ થનારા અને જ્ઞાની-વિવેકી જનોવડે સ્તવાતા તે સર્વ સિદ્ધોને એમના અનંત જ્ઞાનાદિકરૂપ શુદ્ધ સ્વરૂપની શીઘ્ર પ્રાપ્તિનો અભિલાષી છતો સહર્ષ સદા ત્રિકાલ મસ્તક નમાવી હું નમસ્કાર કરું છું.

૨૧. કારણ ? જેવું એમનું સ્વરૂપ-અનંતજ્ઞાનાદિરૂપ છે તેવું જ શુદ્ધ સ્વરૂપ નિશ્ચયનયની દૃષ્ટિથી વિચારતાં આપણું પણ છે અને જે રીતે તેમણે સ્વરૂપની પ્રાપ્તિ કરી તેમ આત્માના સ્વગુણ-વિકાસવડે આપણે પણ કરી શકશું એમાં લેશ માત્ર શંકા કરવા જેવું નથી. એ સિદ્ધોનું ચિન્તવન-પ્રણામાદિક

૧૨

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિનય–બહુમાન કરવાથી નિજસ્વરૂપ સામું ખડું થાય છે તેમ નિજદેહમમતાદિક ભૂલાય છે અને નિજસ્વરૂપપ્રાપ્તિ ભણી પ્રેમ ઉપજતો–વધતો જાય છે.

૨૨. એવી સિદ્ધભક્તિ સર્વ કલ્યાણોને ઉપજાવનારી અને શુભ પરિણામો ઉપજાવવામાં હેતુરૂપ બની કલ્યાણમાર્ગ–મોક્ષ-માર્ગને સુલભ કરનારી છે. એથી **સિદ્ધિસોપાનરૂપ** સિદ્ધોની કરેલી સ્તુતિને પ્રૌઢ પંડિતજનો બહુમાનથી આદરે છે તેમજ પૂજ્યપાદથી સિદ્ધભક્તિરૂપ સંસ્કૃત સ્તુતિ અવગાહી **મુમુક્ષુ** ખૂબ હર્ષ અનુભવે છે.

તા. ક. ઉક્ત ભાષાનુવાદમાં સમજફેરથી કંઇ પણ વિરુદ્ધ લખાણ થયું હોય તે સુજ્ઞ જનો સુધારી લઇ હંસદૃષ્ટિથી તેનો આદર કરશે. [ જૈ. ધ. પ્ર. પુ. ૪૯, પૃ. ૩૯૦ ]

---

## પંચમ પંચાશકની સરલ સંક્ષિપ્ત વ્યાખ્યા.

પહેલાં જિનપૂજાવિધિ માર્ગ સમજાવ્યો અને ત્યારબાદ પચ્ચખ્ખાણ કરવું જોઇએ તેથી તેનો વિધિ દર્શાવતાં શાસ્ત્રકાર મંગળાદિક કરતા કહે છે.

**૧. શ્રી વર્ધમાન–મહાવીર પ્રભુને** પ્રણામ કરીને, મંદમતિવાળાં જીવોને પ્રબોધવા માટે પચ્ચખ્ખાણનો વિધિ સૂત્ર-નિર્યુક્તિ અનુસારે **સંક્ષેપથી** કહીશ; કેમકે પૂર્વાચાર્યોએ મહામતિવંતોને સમજાય એવો તેનો વિધિ સવિસ્તર કહ્યો છે.

હવે પચ્ચખ્ખાણને જ પર્યાયથી અને ભેદથી નિરૂપણ કરતા ગ્રંથકાર કહે છે.

P. P. Ac. Gunratansuriji M.S.　　　　Jin Gun Aaradhak Trust

૨. પ્રવૃત્તિને સમેટવા મર્યાદાવડે પ્રતિજ્ઞા કરવારૂપ **પચ્ચખ્ખાણ**, તજવા યોગ્ય અર્થ-વિષયથી વિરમવારૂપ **નિયમ**, અને મોક્ષ ભણી લઇ જાય તે **ચારિત્ર ધર્મ**-એ ત્રણે શબ્દો એક અભિન્ન અર્થવાચક જાણવા. ઉક્ત પચ્ચખ્ખાણ મૂળગુણ અને ઉત્તરગુણ વિષયક હોવાથી બહુ પ્રકારનું શાસ્ત્રમાં વર્ણવેલું છે. તેમાં સર્વથી **મૂળ ગુણો પાંચ મહાવ્રતો** અને દેશથી મૂળ ગુણો **પાંચ અણુવ્રતો** પાળવારૂપ તથા ઉત્તર ગુણો સર્વથી પિંડવિશુદ્ધિ પ્રતિલેખનાદિ અને દેશથી ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતરૂપ; અથવા અનાગતાદિ, નવકારસહિયં પ્રમુખ આગમપ્રસિદ્ધ દશવિધ પચ્ચખ્ખાણરૂપ ઉત્તરગુણ **પચ્ચખ્ખાણ નિર્યુક્તિ** પ્રમુખ આગમમાં વર્ણવેલ છે. તેમાં જેની ખાસ વિવક્ષા કરવાની છે તેની પ્રતિજ્ઞા કરતા શાસ્ત્રકાર કહે છે.

૩. આ પ્રકરણ મધ્યે સાધુ તથા ગૃહસ્થ બંનેને અશનાદિક આહાર વિષયક હોવાથી પ્રતિદિન ઉપયોગી નવકારસહિય પ્રમુખ દશવિધ અદ્ધા-કાળ સંબંધી પચ્ચખ્ખાણ કહે છેઃ—

૧ નવકારસહિય, ૨ પોરિસી, ૩ પુરિમડ્ઢ, ૪ એકાશન,
૫ એકલઠાણું, ૬ નીવી, ૭ આયંબિલ, ૮ ઉપવાસ,
૯ ભવચરિમ (અણસણ) અને ૧૦ (વિવિધ) અભિગ્રહ.

આ પ્રમાણે દશવિધ પચ્ચકખાણ જાણવા. આના આગાર પ્રમુખનું યોગ્ય મુદ્દાસર વર્ણન **ભાષ્યત્રય પૈકી પચ્ચખ્ખાણ ભાષ્યમાં** કરાયેલ છે. હવે પચ્ચખ્ખાણ **મધ્યે** વિધિનું પ્રતિપાદન કરવા ઇચ્છતા સતા ગ્રંથકાર તેનાં દ્વાર કહે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૪. પચ્ચખ્ખાણ અંગીકાર કરવામાં તેના આગાર રાખવા વિષે પચ્ચખ્ખાણ ઉચ્ચરતાં અશન પ્રમુખ આહારના પ્રકારમાં, ભોજનમાં, સ્વયં પાળવામાં અને કર્યા પછી પણ પચ્ચખ્ખાણના પરિણામ ટકી રહેવામાં વિધિ સમાયુક્ત પચ્ચખ્ખાણને વખાણશું, વર્ણવશું. તેમાં પ્રથમ ગ્રહણ વિધિનું પ્રતિપાદન કરવા માટે કહે છેઃ—

૫. પોતે જાણકાર છતો આત્મસાક્ષીએ કે ચૈત્ય અથવા સ્થાપનાચાર્ય સમક્ષ ગ્રહણ કરેલું પચ્ચખ્ખાણ યથાયોગ્ય સમયે બે હાથ જોડી વિનય–બહુમાનવડે સમ્યગ્ ઉપયોગ સહિત જાણકાર સમીપે તેમાંની દરેક વસ્તુનો અનુવાદ કરતો છતો ગ્રહણ કરે. પોતે જાણકાર છતો જાણકાર પાસે પચ્ચખ્ખાણ કરે એમ કહ્યું તે ગ્રહણવિધિના વિભાગમાં ચાર ભાંગા થાય છેઃ–

૬–૭. જાણકાર સમીપે જાણકાર, જાણકાર સમીપે અજાણ, અજાણ સમીપે જાણકાર અને અજાણ સમીપે અજાણ–એ રીતે થતાં ચાર ભાંગામાં પ્રથમ ભાંગો સમ્યગ્ જ્ઞાનયોગથી શુદ્ધ અને છેલ્લો ભાંગો જ્ઞાનના અભાવથી અશુદ્ધ જાણવો. તે વાતની જ સ્પષ્ટતા કરતા છતાં શાસ્ત્રકાર કહે છે કે—બીજા ભાંગામાં સામાન્ય રીતે સમજ અજ્ઞ જીવને આપી પચ્ચખ્ખાણ કરાવવાથી અને ત્રીજા ભાંગામાં પોતે જાણકાર છતો ખાસ પુષ્ટ કારણસર આચાર્ય પ્રમુખના સંબંધી વૃદ્ધ ગુરુભાઇ વિગેરે અજ્ઞ હોય તેમ છતાં તેમની પાસે પચ્ચખ્ખાણ કરવાથી કરનારને દોષ નથી; અન્યથા તો દોષ લાગે છે. એટલે સાવ અજાણને પચ્ચખ્ખાણનું સ્વરૂપ કંઈપણ સમજાવ્યા વગર પચ્ચખ્ખાણ આપવાથી અને કોઇ પુષ્ટ કારણ વગર અજાણની પાસે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પચ્ચખ્ખાણ લેવાથી દોષ લાગે છે. એ રીતે પચ્ચખ્ખાણ ગ્રહણ કરવાનો વિધિ કહ્યો, બાકીનો વિસ્તાર પૂર્વોક્ત પચ્ચખ્ખાણ ભાષ્યમાંથી તેમજ પાંચમા પંચાશકમાંથી જાણી લેવો.

[ જૈ. ધ પ્ર પુ. ૪૨, પૃ ૧૮૪. ]

## પંચસૂત્રનું પઠન-પાઠન ને શ્રવણ-મનન કરવાનું અપૂર્વ ફળ.

ચિરન્તન આચાર્યકૃત પંચસૂત્રને ખૂબ વૈરાગ્યપૂર્વક ભણનાર, સાંભળનાર અને ચિન્તવન કરનારનાં અશુભ કર્મના અનુબંધ ઢીલા પડે છે-ઓછા થાય છે અને ક્ષીણ થવા પામે છે; તેમજ શુભ કર્મના અનુબંધ સહેજે એકઠા થવા પામે છે-ભાવની વૃદ્ધિવડે ખૂબ દૃઢ ને સંપૂર્ણ થવા પામે છે તથા શુભ ભાવાર્જિત પ્રધાન ને નિશ્ચય ફળદાયી સાનુબંધ શુભ કર્મ, સારી રીતે પ્રયોજેલા સદૌષધની પેઠે એકાન્ત કલ્યાણકારી, શુભપ્રવર્તક અને પરંપરાએ પરમસુખદાયક મોક્ષસાધક થવા પામે છે. આવા હેતુથી પ્રતિબંધ રહિત ( નિયાણા રહિત ) અશુભ ભાવના નિરોધવડે શુભ ભાવના બીજરૂપ જાણીને આ સૂત્રને પ્રશાન્ત આત્માએ રૂડી એકાગ્રતા-સ્થિરતા રાખીને સારી રીતે ભણવું. વ્યાખ્યાનવિધિવડે વિનય-બહુમાનપૂર્વક સાંભળવું અને તેના અર્થ-રહસ્યનું ચિન્તવન કરવું.

**' પ્રથમ સૂત્રના અંતે પ્રકરણકારે ઉચ્ચારેલ ભાવમંગલ. '**

દેવર્ષિનંદિત ( વિશ્વવંદિત ) પરમગુરુ શ્રી વીતરાગ પરમાત્માઓને નમસ્કાર હો તેમજ શેષ નમસ્કાર કરવા યોગ્ય ગુણા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધિક ભાવાચાર્યાદિક પ્રત્યે નમસ્કાર હો ! સર્વજ્ઞ શાસન જયવંતું વર્તો ! પરમસંબોધિ–વરબોધિ–શુદ્ધ સમ્યક્ત્વના લાભવડે મિથ્યાત્વદોષની નિવૃત્તિયોગે પ્રાણીઓ સુખી થાઓ ! સુખી થાઓ ! ! સુખી થાઓ ! ! ! '

## 'પ્રથમ સૂત્રમાં ગુંફિત કરેલા મુખ્ય મુખ્ય વિષયો.'

૧ અરિહંત ભગવંતોને નમસ્કારરૂપ આદિ મંગલાચરણ.

૨ જીવ અને અનાદિકર્મસંયોગજનિત દુઃખરૂપ સંસારનું અનાદિપણું.

૩ શુદ્ધ ધર્મથકી તેનો અંત, પાપકર્મના નાશથી શુદ્ધ ધર્મની પ્રાપ્તિ અને ભવ્યત્વાદિ પરિપાક જોગે પાપકર્મનો નાશ થવા પામે છે.

૪ તથાવિધ ભવ્યત્વ પરિપાકનાં સાધનરૂપ અરિહંતાદિક ચારનાં શરણ, મોહ–અજ્ઞાનવશ કરેલાં દુષ્કૃત્યોની નિંદા–ગર્હા અને સુકૃત્યની સેવના–અનુમોદના આ વાતનો જ વિસ્તાર છે.

## દ્વિતીય સાધુધર્મ પરિભાવના સૂત્રઅંતર્ગત વિષયો.

### (૧) આદરવા યોગ્ય વ્રત–નિયમો પ્રત્યે પ્રેમ-ઉલ્લાસ વધારવો.

તથાવિધ કર્મના ક્ષયોપશમવડે શ્રાવકધર્મયોગ્ય અણુવ્રતાદિક આદરવાની શ્રદ્ધા થયે સતે તે ધર્મગુણોનું સ્વાભાવિક સુંદરપણું, ભવાન્તરમાં રૂડી વાસનારૂપે અનુસરવાપણું, પરપીડાદિની નિવૃત્તિવડે પરોપકારીપણું તથા પરંપરાએ મોક્ષસાધનરૂપે પરમાર્થહેતુપણું આત્માર્થી જનોએ વિચારવું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તથા નિરંતર અભ્યાસના અભાવથી દુઃખે પાળવાપણું, ભગવંતની આજ્ઞાને ખંડવાથી દારૂણપણું, ધર્મદૂષકપણાવડે મહામોહનું ઉત્પન્ન થવાપણું અને તેવા ધર્મગુણોને ફરી પામવાનું દુર્લભપણું ધર્મના અર્થીજનોએ વિચારવું. એ રીતે યથાશક્તિ શાસ્ત્રોક્ત વિધિવડે અત્યંત ભાવ-ઉલ્લાસપૂર્વક ધર્મવ્રતો આદરવાં. તે આ રીતેઃ—

૧ સ્થૂલપ્રાણાતિપાતવિરમણ, ૨ સ્થૂલમૃષાવાદવિરમણ, ૩ સ્થૂલઅદત્તાદાન-વિરમણ, ૪ સ્થૂલમૈથુનવિરમણ, ૫ સ્થૂલપરિગ્રહવિરમણ—પરિગ્રહત્યાગ.

## (૨) 'શાસ્ત્રોક્ત વિધિ મુજબ વ્રતપાલન મહાફળદાયક થાય છે'

ઉક્ત વ્રતોને અંગીકાર કરી તેનું પાલન કરવા પ્રયત્ન કરવો, સદા (આગમના અધ્યયન-શ્રવણવડે) આજ્ઞાગ્રાહક થવું, તેના જ અર્થ-ચિન્તનવડે સદા આજ્ઞાભાવક થવું અને આગમ-અનુષ્ઠાનને સદા આધીન થવું; કેમકે આપ્તવચનરૂપ આગમ મોહવિષને ટાળવા પરમ મંત્રરૂપ, દ્વેષ-અગ્નિને શમાવવા જળરૂપ, કર્મવ્યાધિને ટાળવા ચિકિત્સારૂપ અને મોક્ષફળ આપવાને કલ્પવૃક્ષરૂપ વખાણેલ છે.

(૩) **'આત્મનિરીક્ષણ'** અધર્મ-અકલ્યાણ મિત્રનો સંબંધ વર્જવો અને નવા પ્રાપ્ત થયેલ સ્થૂલપ્રાણાતિપાતવિરમણાદિ વ્રતોને ચિંતવવા, તેમજ સદા અવિરતિથી અનાદિ સંસારસંબદ્ધ દોષોને તથા ચાલુ પાપની અનુમતિવડે દોષોમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થવા પામતા વધારાને, ઉભયલોકવિરુદ્ધ અને ઉત્તરોત્તર પાપની પરંપરાવડે અશુભ યોગના પ્રવાહરૂપ વિચારી વર્જવા.

(૪) '**લોકવિરુદ્ધ તથા ધર્મવિરુદ્ધ કાર્ય સાવધાનતાથી વર્જવા.**' અન્યજનો અધર્મ ન પામે, એવી તેમના ઉપર કરુણા આણી લોકવિરુદ્ધ કાર્ય કાળજીપૂર્વક તજવું. અન્યને ધર્મની ઉપર દ્વેષ થાય, નિંદા-ખિંસા-હેલના થાય તેમ ન જ કરવું; કેમકે એ રીતે કરવું એ અશુભ ભાવનાવડે સંક્લેશરૂપ, ધર્મપ્રત્યે પ્રદ્વેષ થવાથી અબોધિ( મિથ્યાત્વ )ના બીજરૂપ અને લોકોને તેવા નિમિત્તરૂપ થવાથી પોતાને અબોધિફળરૂપ થવા પામે છે. વળી એમ વિચારવું કે-અબોધિફળરૂપ મિથ્યાત્વથી બીજો કોઈ વિશેષ અનર્થ નથી, તે જ હિતમાર્ગ જોઇ નહીં શકવાથી સંસાર-અટવીમાં અંધત્વ સમાન, નરકાદિક નીચ ગતિરૂપ અનેક અનિષ્ટ-અનર્થ ઉપજાવવાવડે અતિ ભયંકર અને અશુભ ( પાપ ) અનુબંધને અત્યંત ઉપજાવનાર છે; તેથી જ શાસ્ત્રકારે કહ્યું છે કે-' ધર્મ-સેવા કરનારા સર્વને ખરેખર લોકસમુદાય આધારરૂપ છે, તેથી સુજ્ઞ સાધુજનોએ લોકવિરુદ્ધ તેમજ ધર્મવિરુદ્ધ કાર્યનો બરાબર સાવધાનતાથી ત્યાગ કરવો '

(૫) '**ધર્મમિત્રોની યથાર્થ સેવા કરવી**'.—અંધ જેમ પડવાની બીકથી માર્ગે પોતાને દોરીને ચાલનારાને, રોગી જેમ વૈદ્યોને, નિર્ધન જેમ નિર્વાહાર્થે શ્રીમંતોને અને બીકણ જેમ મહાનાયકોને સેવે છે તેમ ભલી ભક્તિપ્રમુખ શાસ્ત્રોક્ત વિધિવડે ધર્મમિત્રોનું સેવન કરવું. એથી બીજું કંઈ વધારે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સારું હિતકારી નથી, એમ સમજીને ધર્મ–મિત્રો ઉપર બહુમાન રાખવું, એમની આજ્ઞા મેળવવાના અર્થી થવું, આજ્ઞાધારક થવું, આજ્ઞાના વિરાધક ન થવું, સ્વીકારેલી આજ્ઞાના પારગામી થવું, ધર્મગુણને લાયક સામાન્ય રીતે જ ગૃહસ્થયોગ્ય અનેકવિધ સદાચારો વિષે પરિશુદ્ધ મન, વચન ને કાયાના વ્યાપારમાં સાવધાન રહી પરિશુદ્ધ અનુષ્ઠાનવાળા થઈને રહેવું.

(૬) '**મન, વચન ને કાયાને કબજે રાખી જીવન ઉચ્ચ બનાવવું.**' અનેક જીવોની ઘાત કરનારા હોવાથી સ્વાભાવિક રીતે કવખોડવા યોગ્ય, બહુ કલેશ–સંતાપકારક તેમજ ભવિષ્યને બગાડનાર યંત્રપીલ્લણકર્માદિક મહાપાપ–આરંભનો સર્વથા ત્યાગ કરવો તેમજ પરજીવને પીડા ઉપજે એવું દુષ્ટ ચિન્તવન પણ ન કરવું. ઇચ્છિત વસ્તુ નહીં મળતાં કોઈની પાસે નકામી દીનતા ન દાખવવી તેમજ ઇષ્ટ વસ્તુનો ભેટો યા સમાગમ થતાં હર્ષ–ઉન્માદ પણ ન કરવો તથા ખોટો હઠ–કદાગ્રહ ન રાખવો; પરંતુ યથોચિત રીતે મનને પ્રવર્તાવવું. એ રીતે મનને કબજે રાખતા રહેવું.

વળી અસત્ય આળ ચડાવનારું અને કઠોર વચન પણ ન બોલવું, ચાડી–ચૂગલી ન કરવી તથા વિકથા–અહિત વાર્તાલાપનો ત્યાગ કરી, હિત–મિત વચન શાસ્ત્રાનુસારે જ બોલવાની ટેવ પાડવી.

એવી જ રીતે જીવહિંસાથી દૂર રહેવું, કોઈનું થોડું પણ અદત્ત–અણઆપ્યું સ્વેચ્છાથી ગ્રહણ ન કરવું. પરસ્ત્રી તરફ સરાગ દૃષ્ટિથી ન જોવું અને આર્ત્ત–રૌદ્ર ધ્યાનાદિરૂપ અનર્થ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દંડ ન સેવવો; પરન્તુ શાસ્ત્રમર્યાદાના પાલનથી શુભ કાયવ્યાપારમાં પ્રવર્તક થવું અને આત્માની ઉન્નતિ સધાય તેમ વર્તવું.

**( ૭ ) ‘શાસ્ત્રમર્યાદા સમજી સ્વાચાર-વિચારનું યથાયોગ્ય પાલન કરતા રહેવું.’** આવક પ્રમાણે દાન, ભોગ, કુટુંબ પરિવારનું પોષણ અને અર્થસંચયની વ્યવસ્થા કરનારા થવું. કહ્યું છે કે-‘ આવકથી અર્ધું કે તેથી અધિક ધન ધર્મકાર્યમાં વાપરવું ને બાકીનું ધન ઐહિક-સાંસારિક કામ કરવાનાં હોય તેમાં સાવધાનતા રાખી ડહાપણથી વાપરવું.’ આવકના પ્રમાણમાં એ બધું ઉચિત રીતિએ કરવું. સ્વજનાદિક અને આશ્રિત સેવક-વર્ગને સંતાપ ઉપજે એવું ન કરવું. તે સર્વનું શુભ ચિન્તવનવડે હિત કરનાર અને યથાશક્તિ દયા-અનુકંપા દાખવનાર પોતે પરમાર્થથી નિરભિમાની અને નિઃસ્પૃહી બને છે. એ રીતે ખરેખર જેમ અન્ય જીવોનું પાલન કરવામાં ધર્મ છે તેમ પોતાના પરિવારનું પાલન કરવામાં પણ તેમનો ઉપકાર થવાથી ધર્મ-કર્ત્તવ્ય છે; કેમકે સર્વે જીવોના સ્વલક્ષણ ભેદો જૂદા જૂદા છે. તેમાં ફક્ત સ્વાર્થ-લોભરૂપ મમત્વ કરવાથી સંસારબંધન ભવભ્રમણનું કારણ થાય છે. મમત્વબંધન દૂર કરવાથી સઘળો ઉચિત વ્યવહાર હિતરૂપ થાય છે.

**( ૮ ) ‘ સવિશેષ આત્મનિરીક્ષણ કરતા રહી, સ્વ-ઉચિત સદાચાર સેવવામાં સુદૃઢપણે સાવધાન રહેવું.’** ગૃહસ્થે ઉચિત સદાચારમાં પોતે સાવધાનપણે વર્તવું. તેણે વિચારવું કે-હું અમુક નામનો, અમુક કુળનો, અમુક ધર્મ-ગુરુનો શિષ્ય સતો અમુક ધર્મસ્થાનરૂપ વ્રત-મર્યાદામાં રહ્યો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છું. હું તે ધર્મસ્થાનની વિરાધના અત્યારે નથી કરતો તેમજ તેવી વિરાધનાનો આરંભ પણ નથી કરતો, પરંતુ મારા આ ધર્મસ્થાનની વૃદ્ધિ કંઈ ને કંઈ થયા કરે છે. આ ધર્મસ્થાન વ્રત–મર્યાદાનું સેવન અહીં સારભૂત છે, શુભ વાસનારૂપે ભવાન્તરમાં આવવાથી તે આત્મભૂત છે અને સુંદર ફળપરિણામવડે તે હિતરૂપ છે. બીજું બધું ધન–કણ–કંચનાદિક વિશેષતઃ અવિધિ–સેવનવડે અસાર છે. કહ્યું છે કે–' અનીતિ, અન્યાય અને અપ્રમાણિકતાદિક પાપદોષવડે જ અર્થરાગથી અંધ બનેલ જીવ જે કંઈ દૃશ્ય લાભ પામે છે, તે મચ્છને મારવા માટે કાંટામાં ભરાવેલા માંસના લાભની પેઠે તેનો વિનાશ કર્યા વગર પચતો નથી. એ પ્રમાણે પરમ બોધિબીજના લાભથી કોઇના ઉપદેશની અપેક્ષા વગર સારી રીતે સ્વયંબુદ્ધ થયેલા એવા ત્રિલોકના બંધુ, પરમ કૃપાળુ અરિહંત ભગવાન સ્વમુખથી પ્રકાશે છે. એમ સારી રીતે સમજી લઇને પ્રસ્તુત ધર્મસ્થાનરૂપ વ્રત–મર્યાદાની રક્ષા અને પુષ્ટિ કરનારા સદાચારો સેવવામાં સદા સાવધાનપણે વર્તવું. શાસ્ત્રમર્યાદા મુજબ વિધિપૂર્વક આવું વર્તન સેવવું એ પ્રસ્તુત સમાચાર–નિષ્પત્તિનું ભાવમંગળ છે.

( ૯ ) **મોહ–અજ્ઞાનરૂપ ભાવનિદ્રાનો ત્યાગ કરી તત્ત્વ આલોચનરૂપ ધર્મજાગરિકાવડે આત્માર્થી જીવે જાગવું.** અર્થાત્ વિવેકથી વિચારવું કે ' મારી કઈ કાળ અવસ્થા છે ? એને ઉચિત કયું ધર્મ અનુષ્ઠાન છે ? અંતે છંડી જનારા અને પરિણામે ભયંકર ફળ–વિપાકને આપવાવાળા શબ્દ–રૂપાદિક વિષયો તુચ્છ–અસાર છે તથા સર્વને હતા ન હતા કરી દેનારો, ઓચિંતો આવનારો, સ્વજનાદિકના બળવડે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નહીં રોકાવાવાળો અને અનેક યોનિઓમાં ભ્રમણભાવે ફરી ફરી લાગુ પડી પાછળ લાગનારો કાળ–મૃત્યુ મહાભયાનક છે. આ મૃત્યુરૂપ મહાવ્યાધિને દૂર કરવા અમોઘ ઔષધ સમો, નિવૃત્તિરૂપ એકાન્ત વિશુદ્ધ, તીર્થંકરાદિક મહાપુરુષોએ સેવેલો, મૈત્રી–પ્રમોદ–કરુણાદિકરૂપે સર્વ હિતકારી, ગ્રહણ કર્યા મુજબ સાવધાનપણે પાળવાવડે નિર્દોષ અને તેથી જ પરમાનંદરૂપ મોક્ષસંપદાને મેળવી આપનાર ઉપાય કેવળ એક ધર્મ જ છે.

## (૧૦) 'અનંતરોક્ત ધર્મ પ્રત્યે બહુમાનપૂર્વક પ્રગટ થયેલા સાધક દશાવાળા ભાવસાધુ–મુમુક્ષુના હૃદયોદ્‌ગાર'

ઉક્ત પરમાર્થ લક્ષણવાળા ધર્મને વિશુદ્ધ ભાવે નમસ્કાર હો ! ઉક્ત ધર્મના પ્રકાશક–પ્રરૂપક અરિહંત ભગવંતોને નમસ્કાર હો ! તેમજ ઉક્ત ધર્મનો યથાર્થ રીતે ઉપદેશ દેવાવાળા નિઃસ્પૃહી સાધુ–મહાત્માઓને નમસ્કાર હો ! તથા ઉક્ત ધર્મમાર્ગને અંગીકાર કરનારા શ્રાવકાદિક ભવ્યજનોને પણ નમસ્કાર હો ! હું પોતે ઉક્ત ધર્મને શુદ્ધ મન, વચન, કાયાથી અંગીકાર કરવા ઇચ્છું છું. પરમ કલ્યાણરૂપ વીતરાગ પરમાત્માની કૃપાથી પ્રસ્તુત ધર્મની પ્રાપ્તિરૂપ કલ્યાણ મુજને હો ! એ રીતે વારંવાર શુદ્ધ એકાગ્રતાથી ચિન્તવન કરતા રહેવું તથા મહાવ્રતોના પાલનરૂપ સાધુધર્મ પામેલા મુનિજનોનાં એકાન્ત–હિતવચનોને માન્ય કરવાં. એવા ઉત્તમ સાધુજનોની પવિત્ર આજ્ઞાને યથાર્થ અનુસરવા ખપ કરવો એ મોહનો ઉચ્છેદ કરવામાં પ્રબળ સાધનરૂપ છે.

**એ રીતે કુશળ અભ્યાસવડે પવિત્ર આજ્ઞાનું પાલન**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**કરનાર આત્મા શુભ ભાવનાબળે વિશુદ્ધ થતો થતો અનુક્રમે કર્મ-મળને ટાળી સાધુધર્મની યોગ્યતા પામે છે.**—એટલે તે સાંસારિક સુખથી વિરકત થયો સતો મોક્ષાર્થી, મમત્વ રહિત, કોઈને પીડા-પરિતાપ નહીં ઉપજાવનાર રાગ-દ્વેષની ગાંઠને ભેદવાવડે વિશુદ્ધ ભાવવાળો થાય છે.

એવી રીતે સાધુધર્મપરિભાવનાસૂત્રની સંક્ષિપ્ત ને સરલ વ્યાખ્યા શ્રીમાન્ હરિભદ્રસૂરિની ટીકાના આધારે યથામતિ લખી તૈયાર કરેલી અહીં દાખલ કરવામાં આવી છે.

## પ્રવ્રજ્યાગ્રહણવિધિ નામના તૃતીય સૂત્રની સંક્ષિપ્ત વ્યાખ્યા.

**૧ 'ભાગવતી દીક્ષા અંગીકાર કરવાની રીતિ-નીતિ.'** સાધુધર્મને સારી રીતે સમજી લીધા પછી ઉપરોકત ગુણવાળો ભાવિત આત્મા કોઈને ઉત્પાત-દુઃખ-પીડા યા અસમાધિ ન થાય તેવી રીતે ઉક્ત સાધુધર્મને અંગીકાર કરવા ઉજમાળ થાય; કેમકે કોઈને અશાન્તિ કે અસમાધિ ઉપજાવવી એ તેમાં વિઘ્નરૂપ થાય છે. વળી એ ધર્મપ્રાપ્તિનો ઉપાય નથી, કારણ કે પરોપતાપરૂપ અકુશલારંભ હિતકારક નથી. કદાચ માતપિતા કર્મયોગે પ્રતિબોધ પામ્યા ન હોય તો તેમને પ્રતિબોધવા માટે શાન્તિથી સમજાવવા. મહાસત્ત્વશાળીના માતપિતા પ્રાયે પ્રતિબોધ પામેલા હોય છે.

**૨ 'માતપિતાને નમ્રભાવે હિતોપદેશ.'** ઉભય લોક સુધરે એવું જીવિત પ્રશંસાપાત્ર લેખાય છે. સમુદાયે કરેલાં શુભ કામ સમુદાયે ફળે છે-સફળ થાય છે. એ રીતે ન કરાય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તો આપણે સહુને ભવપરંપરાએ બહુ લાંબો વિયોગ ખમવો પડે છે, અને એક વૃક્ષ ઉપર આવી રહેલાં પંખીતુલ્ય ચેષ્ટિત બને છે. મૃત્યુ નહીં રોકી શકાય એવું અને અલ્પ આયુષ્યવડે બહુ ટૂંકું છે. સમુદ્રમાં પડી ગયેલા રત્નને મેળવવા જેવું ફરીને મનુષ્યપણું પામવું અતિ દુર્લભ છે. બીજા પૃથ્વીકાયિકાદિક અતિ ઘણા ભવો, દુઃખભર્યા, મોહ–અંધકારવાળા અને પાપ અનુબંધના પરિણામવાળા હોવાથી શુદ્ધ ધર્મની પ્રાપ્તિ માટે યોગ્ય નથી. આ મનુષ્યભવ સંસારસમુદ્રમાં નાવ જેવો હોવાથી તેનો આત્મકલ્યાણ સાધી લેવામાં ઉપયોગ કરી લેવો જોઈએ; કેમકે આ જીવનરૂપ નાવ સંવરવડે હિંસાદિક દોષ વગરનું, જ્ઞાનરૂપ સુકાનવાળું, તપરૂપ પવનવેગથી ચાલનારું હોવાથી ખરેખર ઉપયોગમાં લઈ લેવા જેવું છે. સિદ્ધિ સાધુધર્મ સાધવામાં હેતુરૂપ હોવાથી આ તક દુર્લભ ને અનુપમ છે, અને આ સિદ્ધિ જ ભવ્યજનોને આદરવા યોગ્ય છે; કેમકે ઉક્ત સિદ્ધિ પ્રાપ્ત થયે છતે જન્મ, જરા, મરણ, ઈષ્ટવિયોગ, અનિષ્ટસંયોગ, ક્ષુધા, તૃષા કે બીજા કોઈ દોષ ( ઉપદ્રવ ) રહેવા પામતા નથી. અશુભ રાગાદિ રહિત, શાન્ત, નિરુપદ્રવ ને લગારે બાધા રહિત (અવ્યાબાધ) સર્વથા સ્વતંત્ર જીવનું અવસ્થાન સિદ્ધિગતિમાં હોય છે.

ઉક્ત સિદ્ધિથી વિપરીત અનવસ્થિત સ્વભાવવાળો સંસાર છે, કેમકે એમાં સુખી પણ અસુખી અને દૃશ્યસુખ પણ અસત્ સ્વપ્નની જેમ સર્વ આળપંપાળ દીસે છે; તેથી તેમાં પ્રતિબંધ (મમતા) કરવો યોગ્ય નથી.

આપ ( માતપિતા ) મારા પર અનુગ્રહ–કૃપા કરો. આ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સંસારનો અંત પામવા આપ ઉજમાળ થાઓ. હું પણ આપની અનુમતિવડે જન્મ મરણથી ઉભગ્યો છતો સંસારનો પાર પામું. ગુરુપ્રભાવે આ મારું ઇચ્છિત ફળે. એ રીતે બાકીના સ્ત્રીપ્રમુખ પરિવારને પણ ઉચિત રીતે સમજાવે. પછી પોતાના માતપિતાદિક સાથે સંયમ આદરી, ચારિત્ર–ધર્મને આ લોક તથા પરલોકની આશંસા રહિત સેવે અને ચારિત્ર–ઉચિત કરણી સદા કરે એવી વીતરાગની આજ્ઞા છે.

૩ '**માતપિતાદિક પ્રત્યે ઉચિત આચરણા.**' કર્મ-યોગે માતપિતાદિક પ્રતિબોધ ન પામે તો શકિત અનુસારે તેમના નિર્વાહ માટે સ્વમતિ મુજબ આવકના નિર્દોષ સાધન કરી આપે. ખરેખર એ કૃતજ્ઞતા છે અને આવી ભકિત લોકમાં શાસન–ઉન્નતિના કારણરૂપ થાય છે. (અનુકૂળતાએ) માત-પિતાની અનુમતિ પામી, પોતે ચારિત્ર ધર્મને અંગીકાર કરે. એમ કરતાં પણ ચારિત્રની આજ્ઞા ન મળે તો વાસ્તવમાં પોતે નિષ્કપટ છતાં હિત–પરિણામ વિચારી તેમને ધર્મ સન્મુખ કરવા માટે માયા કરે; કેમકે ધર્મનું આરાધન સર્વ જીવોને હિતકારી છે. દુઃસ્વપ્નાદિકના કથનવડે માતપિતાદિકને ધર્મ પમાડવા પ્રયત્ન કરે, છતાં જો તેઓ સર્વથા ધર્મ ન પામે તો 'અસ્થાને ગ્લનૌષધાર્થે ત્યાગ' ના દૃષ્ટાંતથી પોતાના માતપિતાદિકનો ત્યાગ કરે. તે મનન કરવા યોગ્ય દૃષ્ટાંત શાસ્ત્રકાર કહે છેઃ—

કોઇ એક પુરુષ માતપિતા અને ભાર્યાદિ સાથે કથંચિત કોઈ અટવીમાં પેઠો છતો તેમની સાથે ફરે છે. ત્યાં તે માત-પિતાદિકને પુરુષમાત્રથી અસાધ્ય છતાં જેનું ઔષધ સંભવી

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

શકે એવો પ્રાણુહારક મહાવ્યાધિ ઉત્પન્ન થયો, ત્યારે આ પુરુષ તેમની ઉપરના રાગવડે એમ વિચારે કે એ માતપિતા ઔષધ વગર જરૂર જીવી નહીં શકે અને ઔષધ કરતાં કદાચ તે જીવશે ખરા. એમ વિચારી તેમના રક્ષણુપૂરતી સઘળી ગોઠવણુ કરી, તેમના ઔષધ માટે અને પોતાના નિર્વાહનિમિત્તે તેમનો ત્યાગ કરી જનાર એ પુરુષ સારો લેખાય કેમકે એવો ત્યાગ પરિણામે સંયોગ કરાવનાર હોવાથી ત્યાગ ન લેખાય અને તેવે વખતે ત્યાં જ રહેવાનો આગ્રહ પરિણામે વિયોગ કરાવનાર હોવાથી ત્યાગરૂપ જ લેખાય. પંડિતજનો તત્ત્વદર્શી હોવાથી પરિણામને જ પ્રધાન લેખે છે.

આ પ્રમાણે પુરુષોચિત આચરણુ સફળ થવું સંભવે છે. એ રીતે કોઈક અલ્પ સંસારી મહાપુરુષ સંસાર–અટવીમાં પડયો છતો માતપિતા સંગાતે ધર્મ પ્રતિબંધથી વિચરે. ત્યાં તે માતપિતાને નિશ્ચય વિનાશક, બોધિબીજ વગરના પુરુષમાત્રવડે અસાધ્ય, સમ્યક્ત્વાદિક ઔષધોવડે સુધરી શકે એવો, જન્મમરણુાદિક ફળ–વિપાક દેવાવાળો કલિષ્ટ કર્મરૂપ મહારોગ ઉત્પન્ન થયો ત્યારે તે હળુકર્મી પુરુષ ધર્મ પ્રતિબંધથી એમ વિચારે કે 'એઓ સમ્યક્ત્વાદિ ભાવઔષધ વગર અવશ્ય મરણુ પામશે. પ્રયાસ કરતાં તે ઔષધ મેળવી પણુ શકાશે અને ત્યાંસુધી તેમનું જીવન ટકશે ખરૂં.' એમ વિચારીને તેમના જીવનનિર્વાહ પૂરતી સંભાળ માટે યોગ્ય ગોઠવણુ કરી, વિશિષ્ટ ગુર્વાદિક પાસેથી તેમને માટે સમ્યક્ત્વાદિક ભાવઔષધ સંપાદન કરી લેવા અને સ્વવૃત્તિનિમિત્તે ઘટિત આચરણુ કરવા સંયમ આદરી, તે માતાપિતાનો પૂર્વોક્ત રીતે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કાર્યસિદ્ધિને માટે ત્યાગ કરતો સતો ધર્મશીલ જ લેખાય; કેમકે તેવે પ્રસંગે તત્ત્વભાવથી ત્યાગ તે અત્યાગસમો અને મિથ્યાભાવનાથી ત્યાગ તે ત્યાગસમો જ લેખાય; કારણ કે નિકટ-ભવી (તરતમાં આત્મકલ્યાણ કરનારા) ધીર પુરુષો તત્ત્વદર્શી હોવાથી તત્ત્વફળ(પરિણામ)ને જ પરમાર્થથી પ્રધાન લેખે છે.

તે નિકટભવી મહાપુરુષ પોતાના માતપિતાને મોક્ષના અમોઘ બીજરૂપ સમ્યક્‌ત્વાદિક ભાવઔષધ મેળવી આપવાવડે તેમને જન્મ–મરણાદિકના હેતુરૂપ લેખાતા કલીષ્ટ કર્મરૂપ મહારોગથી સર્વથા મુક્ત કરે છે. સંભવિત રીતે સત્પુરુષને ઉચિત એવું એ આચરણ લેખાય. વળી માતપિતાનો ઉપગાર બીજી કોઈ રીતે વળી શકે એવો નથી, તેથી સજ્જનોનો એ ધર્મ છે કે માતપિતાને બનતી દરેક કોશીષ કરીને સમ્યક્‌ત્વાદિક વાસ્તવિક ધર્મ પમાડવો.

૪ '**તેના સમર્થનમાં ભગવાન્ મહાવીર પ્રભુનું દૃષ્ટાંત અને છેવટે વિધિયુક્ત દીક્ષા ગ્રહણ.**' ગર્ભાવાસમાં જ પ્રતિજ્ઞા લઇ, પ્રવ્રજ્યા લેવાથી માતપિતાને સંભવતો શોક અનર્થકારી જાણીને તેનો પરિહાર કરનારા મહાવીર પ્રભુ પોતે જ તેના દૃષ્ટાન્તરૂપ છે. જે રીતે માતપિતાદિક કોઇને ઉપતાપ ન થાય એમ સર્વથા ચીવટ રાખીને, વીતરાગ પરમાત્માની દ્રવ્ય-ભાવથી પૂજા કરીને, સંત–સાધુજનોનો પણ દ્રવ્યભાવથી સત્કાર કરી અને સ્વસંપત્તિ અનુસારે દીન–દુઃખીજનોને સંતોષ પમાડી, સમુચિત વેશ–વસ્ત્રાદિકને ધારણ કરી, સુવિશુદ્ધ નિમિત્ત જોઈ, પ્રસંગે પ્રસંગે ગુરુમહારાજના ગુરુમંત્રવડે સમભિવાસિત થઈ,



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિશુદ્ધમાન પરિણામે સુગુરુ સમીપે અત્યંત હર્ષ-પ્રમોદપૂર્વક પોતે સદોષ લૌકિક ધર્મનો ત્યાગ કરી, લોકોત્તર ચારિત્ર ધર્મને ગ્રહણ કરે, એવી મહાકલ્યાણકારી શ્રી વીતરાગદેવની આજ્ઞા છે. તે આજ્ઞાને મોક્ષસુખના અર્થી વિવેકીજનોએ મહા-અનર્થના ભયથી કદાપિ વિરાધવી( ખંડવી ) નહીં.

## ચતુર્થ શ્રી પ્રવ્રજ્યાપરિપાલનાસૂત્ર અંતર્ગત સરલ ભાષાનુવાદ

એ મુમુક્ષુ-સાધુ ઉક્ત વિધિવડે પ્રવ્રજ્યા-દીક્ષા આદરી, સુવિધિપૂર્વક સેવન કરવાથી સંયમક્રિયાનું ઉત્તમ ફળ પામે છે. વિશુદ્ધ ચારિત્રવંત તે મહાસત્ત્વશાળી મુમુક્ષુ મિથ્યાત્વજ્ઞાનરૂપ વિપર્યાસ ભાવને પામતો નથી. તેની સાધુદશાનું વર્ણન નીચે મુજબ છે:—

'પત્થર અને સુવર્ણને તથા શત્રુ અને મિત્રને સમભાવથી જોનાર તેમજ હઠ-આગ્રહરહિત ( સરલસ્વભાવી ) હોવાથી પ્રથમ વૈરાગ્યજનિત ખરા નિરુપાધિક સુખને વરેલો, તે મુમુક્ષુ ગ્રહણ અને આસેવના શિક્ષાને સારી રીતે અંગીકાર કરે છે. ગુરુકુળમાં વસનાર, ગુરુપ્રતિબદ્ધ, ગુરુ પ્રત્યે આદર-બહુમાન રાખનાર, વિનીત અને તત્ત્વાર્થદર્શી, શુશ્રૂષાદિક ગુણયુક્ત તથા તત્ત્વમાં દૃઢ આગ્રહવંત, વિધિરસીઓ તે ઉક્ત ગુરુકુળવાસથી અધિક સારું બીજું હિતતત્ત્વ માનતો નથી; કેમકે તે પવિત્ર શાસ્ત્રવચનોને અનુસરી ચાલનાર હોય છે. એવા આચરણથી જ્ઞાનના ભાગી થવાય છે તથા શ્રદ્ધા અને ચારિત્ર-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માર્ગમાં વધારે દૃઢ થવાય છે, એમ સમજી ઉત્તમ મુમુક્ષુઓ સારી જિંદગી પર્યન્ત ગુરુકુળવાસને તજતા નથી. (ગુરુકુળવાસને યથાર્થભાવે સેવી તેની સાર્થકતા કરે છે)'

૧ શુશ્રૂષા, ૨ શ્રવણ, ૩ ગ્રહણ, ૪ ધારણા, ૫ વિજ્ઞાન, ૬ ઇહા, ૭ અપોહ અને ૮ તત્ત્વનિશ્ચય-એ બુદ્ધિના આઠ ગુણ કહ્યા છે. તેને રાગ, દ્વેષ, મોહાદિક ભાવવિષ ટાળવા પરમમંત્ર સમાન સમર્થ જાણી, સાધ્યપ્રત્યે લક્ષ રાખી, આ લોક પરલોકાદિક સુખની સ્પૃહા તજી જે મોક્ષાર્થી સાધુ સૂત્ર-સિદ્ધાન્તના પઠન-શ્રવણવડે અભ્યસે છે તે તેને યથાતથ્યપણે સમજી શકે છે, તેથી તેનો સદુપયોગ કરે છે. એ પ્રમાણે જ્ઞાનીપુરુષોનું ફરમાન છે.

અવિધિપૂર્વક તેનો અભ્યાસ કરતાં અવિધિગૃહિત મંત્રના દૃષ્ટાંતે વિપર્યય-વિપર્યાસ થવા પામે છે. અનારાધનામાં એકાન્તે પ્રવૃત્તને વાસ્તવિક અભ્યાસના અનારંભથી ઇષ્ટ અનિષ્ટ (મોક્ષ, ઉન્માદાદિ) કશું ફળ મળતું નથી. સદનુષ્ઠાન મોક્ષ ફળદાયક જ છે. ચારિત્રનું પ્રધાન ફળ મોક્ષ જ છે. બાકી બીજું કૃષિ-પલાલના દૃષ્ટાન્તે અફળ જ જાણવું અને ચારિત્રભંગનું ફળ ઉન્માદાદિક જ છે. એટલે ઉન્માદ થાય અથવા લાંબો વખત ચાલે એવો રોગ લાગુ પડે અથવા કેવળીભાષિત ધર્મથી ચૂકવાનું-ભ્રષ્ટ થવાનું બને. આવા અનારાધનાવાળાને તાત્ત્વિક માર્ગદેશના સાંભળતાં દુઃખ, અવધીરણા, ઉપેક્ષા અને અનંગીકારપણું હોય છે; કેમકે શુદ્ધ માર્ગદેશના ક્ષુદ્ર સત્ત્વવાળાને, મૃગના ટોળાને સિંહનાદ જેવી વસમી (અતિ ત્રાસદાયક) લાગે છે, તથા કંઇક હળવાકર્મી જીવને અવધીરણા, ઉપેક્ષા થવા પામે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે; પણ દેશનાનું તેવું (વસમું) દુઃખ લાગતું નથી અને તેથી પણ વધારે હળવાકર્મી જીવોને અવધીરણા હોતી નથી, અનંગીકાર હોય છે.

એ રીતે અનારાધનાવડે અભ્યાસેલું સૂત્ર સમ્યગ્ અવબોધના અભાવે પરમાર્થથી અભ્યાસ કરેલું ન જ લેખાય. ઉક્ત અધ્યયન સંબંધી અનારાધનામાર્ગગામી જીવને એકાન્ત અનર્થકારી વિરાધનારૂપ થતી નથી; કેમકે તેના અભ્યાસના આરંભથી મોક્ષગમનનો જ આરંભ થતો હોવાથી તે પરંપરાએ મોક્ષના અંગરૂપ જ છે. અહીં વિરાધના છતે તત્ત્વમાર્ગની દેશનામાં સાંભળનારને ત્યાજ્યાત્યાજ્ય આશ્રી અભિનિવેશ-હઠાગ્રહ હોતો નથી; એટલું જ નહીં પણ અલ્પ, અલ્પતર વિરાધકને પ્રતિપત્તિ (માર્ગનો આદર) અને ક્રિયારંભ પણ થવા પામે છે. એ રીતે પણ વિરાધનાવડે અભ્યાસેલું સૂત્ર-અધ્યયન થોડા પણ સમ્યગ્ અવબોધયોગે ભાવથી અભ્યાસેલું જાણવું. આવો વિરાધક નિશ્ચે સમ્યક્ત્વયુક્ત હોય, કેમકે માર્ગગામી(સમકિતવંત)ને જ આવી વિરાધના હોવી સંભવે. તે પણ વગરભોગવ્યે ન છૂટે એવા ક્લિષ્ટ કર્મવાળા જીવને જ. જેને એવાં ક્લિષ્ટ કર્મ અવશેષ રહ્યા નથી એવા યથોદિત માર્ગમાગી-સમકિતવંત જીવ સૂત્રોક્ત મર્યાદાએ પાંચ સમિતિએ સમિત અને ત્રણ ગુપ્તિવડે ગુપ્ત છતો જ વર્તે એટલે આઠ પ્રવચનમાતાનું યથાવિધિ પાલન કરતો જ રહે. ચારિત્રપ્રાણનું રક્ષણ ને પોષણ કરનારી ઉક્ત પ્રવચનમાતાનો ત્યાગ અનર્થકારી થાય છે. કોને ? પરમાર્થથી બાળજીવને. કોની પેરે ? શિશુ જનનીના ત્યાગ દષ્ટાંતે. જેમ બાળક માતાના ત્યાગથી વિનાશ પામે છે તેમ અત્રે સમ-

P. P. Ac. Gunratansuriji M.S.                                                    Jin Gun Aaradhak Trust

જવું. ભાવચિન્તા વિષે આઠ પ્રવચનમાતાના પ્રગટ ફળરૂપ સર્વજ્ઞ ભગવાન બે પ્રકારની પરિજ્ઞાવડે આ ઉપર જણાવેલી સર્વ હકીકત સમ્યગ્ રીતે અર્થાત્ ભાવ-પરિણતિવડે સંપૂર્ણ જાણે છે, એટલે કે અવબોધમાત્રરૂપ જ્ઞપરિજ્ઞાવડે અને તદ્ગર્ભગત ક્રિયારૂપ પ્રત્યાખ્યાનપરિજ્ઞાનવડે.

## ' ખરા મુમુક્ષુ મહાત્માની આત્મદશા. '

તથા તે મુમુક્ષુ આ ભવસાગરમાં ખરૂં આશ્વાસન લેવા માટે દ્વીપરૂપ અને અત્યંત દુઃખદાયક અંધકારમાં ખરો પ્રકાશ આપનાર દીપકરૂપ ક્ષયોપશમિક (ચળ) અને ક્ષાયક (અચળ) ભાવવાળા ચારિત્ર અને જ્ઞાનને સારી રીતે જાણે છે. એટલું જ નહીં પણ તે સૂત્રોક્ત નીતિવડે સ્થિર-ક્ષાયકભાવ પેદા કરવા ઉદ્યમ કરે છે. શક્તિને ગોપવ્યા વગર ભ્રાન્તિરહિત અને ફળ-પ્રાપ્તિ માટે અધીરજ કર્યા વિના સૂત્રાનુસારે ઉત્કૃષ્ટ સંયમવ્યાપારને કરતો તે અસંગયોગનો આરાધક થાય છે. એ રીતે ઉત્તરોત્તર યોગની સિદ્ધિવડે તે તે ગુણનો રોધ કરનારા પાપ-કર્મથી મૂકાય છે અને સુનિર્મળ પરિણામને પામી જીવનપર્યંત મોક્ષસાધક ભાવક્રિયાને આરાધે છે. તે તપ-સંયમક્રિયાને સુખે સુખે કરતો અને વિવિધ પરીષહ-ઉપસર્ગોવડે લગારે ક્ષુભિત નહિં થતો શાન્તસુધારસનો આસ્વાદ કરતો છતો વિચરે છે. કોની પેઠે? વ્યાધિવાળાને શોભન ક્રિયાના દૃષ્ટાન્તે. તે આ રીતે-કોઇક માણસ કોઢ પ્રમુખ મહાવ્યાધિથી ઘેરાયો છતો તે વ્યાધિની વેદનાનો અનુભવ પામી, વેદનાના સ્વરૂપવડે જાણીતો થઈ, ખરેખર તે વેદનાથી ખિન્ન થઈ ગયા પછી સુવૈદ્યના વચનથી તે વ્યાધિને સારી રીતે ઓળખી, તેની સલાહ મુજબ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

યથાવિધિ તેનો ઉપાય કરવા લાગે છે અને વ્યાધિ ઉભળવાના ભયથી સ્વેચ્છાચાર તજી દઈ, હલકું અને પથ્ય ભોજન કરતો તે વ્યાધિથી મુક્ત થાય છે. પછી વેદનારહિત થઈ, આરોગ્ય સારી રીતે મેળવી તેમાં વધારો કરતો છતો, શિરાવેધ અને ક્ષારપાતાદિયોગે વ્યાધિ શમ્યાથી થયેલ આરોગ્યના યથાર્થ ભાન-વડે આરોગ્યસિદ્ધિ થયાથી તે આરોગ્ય સાચવી રાખવા સારૂ મનની અશાન્તિ દૂર થવા માટે ઇતિકર્ત્તવ્યતારૂપ ક્રિયા કરવાનો બોધ હોવાથી અપીડિતપણે તથાવિધ સ્થાન, આસન અને ઔષધપાનાદિક સેવતાં કંટાળો નહીં લાવતો છતો પ્રશસ્તભાવ-રૂપ શુભલેશ્યાવડે વૃદ્ધિ પામે છે અને વૈદ્યને મહાદુઃખનિવૃત્તિના હેતુરૂપ બરાબર સમજીને બહુમાને છે.

## ‘ ચઢતે પરિણામે ચારિત્રશ્રેણી આરોહણ ’

એ રીતે કર્મવ્યાધિથી ગ્રસ્ત થયેલો પ્રાણી જેણે જન્મ-મરણાદિકની વેદનાનો અનુભવ કરેલ હોય અને તેવી અનંત વેદના જેને સારી રીતે સમજાઇ હોય તે ખરી રીતે તેવી વેદનાથી વિમુક્ત થવા ઇચ્છે છે, પછી સુગુરુના વચનથી ઉચિત આચરણવડે સુગુરુને તથા કર્મવ્યાધિને ઓળખીને પૂર્વના ત્રીજા સૂત્રમાં કહેલા વિધાનવડે ભાગવતી દીક્ષારૂપ સંયમક્રિયાને આદરી, પ્રમાદાચરણનો ત્યાગ કરી, શુદ્ધ–અચિત્ત સાદા ખાન-પાનથી પોતાના સંયમનો નિર્વાહ કરતો તે જેમ જેમ કર્મ-વ્યાધિથી મુક્ત થતો ઇષ્ટવિયોગાદિકની વેદનાથી પણ છૂટતો જાય તેમ તેમ ચારિત્રશુદ્ધિરૂપ ભાવઆરોગ્ય સારી રીતે સંપાદન કરી ચઢતા ભાવે તેમાં વધારો કરતો જાય છે. એમ ઘણો કર્મ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિકાર શાન્ત થવાવડે ચારિત્ર લાભ થવાથી તેનો ખરો લાભ સાચવી રાખવા માટે ગમે તેવાં પરીષહો કે ઉપસર્ગો આવ્યે છતે પણ સમ્યગ્જ્ઞાનના પ્રભાવથી તથા ક્ષાયોપશમિક ભાવની વૃદ્ધિવડે ચિત્તની સ્થિરતા થવાથી તથા ધર્મોપયોગ–ઇતિકર્તવ્યતામાં બોધની જાગૃતિ રહેવાથી સદા સંકલ્પવિકલ્પરહિત પ્રશાન્ત સ્થિતિ અનુભવી શુભ પ્રભાવરૂપ તેજોલેશ્યાવડે વૃદ્ધિ પામે છે; અને ભાવવૈદ્યસમાન ગુરુમહારાજને બહુમાને છે. કેવી રીતે ? તે કહે છે—યથોચિત નિઃસંગપણે તેમના આશયને સમજી સહજ પ્રવૃત્તિ સેવવાવડે. આવી અસંગ પ્રવૃત્તિ ભગવંતોએ અતિશય ગુણવાળી કહી છે; કેમકે તે વિશેષતઃ નિઃસંગભાવે સેવાતી હોવાથી તેમજ અચિન્ત્ય ચિન્તામણિ સમાન તીર્થંકર પ્રભુના બહુમાન સહિત થતી હોવાથી પ્રધાન ભાવવાળી હોય છે.

## 'સદ્‌ગુરુની આજ્ઞા તીર્થંકર દેવની આજ્ઞા સમાન લેખી આરાધવાની જરૂર.'

જે વસ્તુતત્ત્વને સમજાવે છે તે ગુરુ. તેમની આજ્ઞા તીર્થંકર ભગવાનની આજ્ઞાસમાન સુખદાયક આરાધવી જોઈએ. તથાપ્રકારે ગુરુમહારાજ પ્રત્યે બહુમાન કર્યા વગર કરવામાં આવતી પડિલેહણાદિક ક્રિયા પણ કુલટા નારીના ઉપવાસાદિક ક્રિયાની જેવી મોક્ષફળ આપવાને બદલે સંસારપરિભ્રમણ કરાવનારી હોવાથી વિદ્વાન જનોએ અસત્‌ક્રિયારૂપ જાણીને તેને નિંદી–ગર્હી–તુચ્છકારી છે. વિષમિશ્રિત અન્ન ખાઈ તૃપ્તિ માનવા જેવી તે ક્રિયા વચનવિરાધનાથી સંસારભ્રમણરૂપ મહાઅનર્થ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ફળને દેનારી અને અધિકાધિક વિરાધનાથી પાપ–અનુબંધ કરાવનારી થાય છે. એથી જ તીર્થંકર દેવની આજ્ઞા જેવી કલ્યાણકારી ગુરુમહારાજની આજ્ઞા બહુમાનપૂર્વક આરાધવા યોગ્ય કહી છે. એ જ વાતને સમર્થન કરતાં શાસ્ત્રકાર કહે છે.

## ' ગુરુઆજ્ઞાના બહુમાનનું અતિ સુંદર પરિણામ. '

મોક્ષ પામવાનું અમોઘ ( સફળ ) કારણ હોવાથી ગુરુ-પ્રત્યેના શુદ્ધ પ્રેમને મોક્ષ કહી શકાય, કેમકે એથી પરમગુરુ તીર્થંકર દેવનો સંયોગ થવા પામે છે અને તેમ થતાં અવશ્ય મોક્ષપ્રાપ્તિ થાય છે. કારણમાં કાર્યના ઉપચારથી ગુરુનું બહુ-માન કરવું એ અત્ર શુભોદયરૂપ અને અધિકાધિક આરાધના-વડે અધિકાધિક શુભોદયનો અનુબંધ કરાવનાર થાય છે; તેમજ તે ગુરુનું બહુમાન જ સંસાર–વ્યાધિને ટાળવા સમર્થ થઇ શકે છે. અતઃ ગુરુ–બહુમાનથી બીજું કંઈ વધારે સુંદર સાધન નથી. વળી એ દ્વારા ભગવંત પ્રત્યે બહુમાન પ્રગટવાથી એને ઉપમા આપી શકાય એવી કોઈ વસ્તુ દેખાતી નથી. એ રીતે વિમળ વિવેકથી વિચક્ષણ અને વિવેક વગર પણ સહેજે સુંદર ભાવવાળો તેમજ ગુરુની ગેરહાજરીમાં પણ ક્ષયોપશમથી **માષતુષ મુનિની** પેરે શુભ પરિણામવાળો સંયમમાર્ગથી પતિત નહીં થયેલ દીક્ષિત સાધુ શુભ પ્રભાવરૂપ તેજોલેશ્યાવડે વૃદ્ધિ પામતો બાર માસ જેટલા દીક્ષાપર્યાયયોગે, સર્વ દેવની તેજો-લેશ્યાને અતિક્રમી–ઉલ્લંઘી જાય છે, એમ મહામુનિ ભગવાન શ્રી મહાવીર દેવે કહેલું છે. અહીં વિવક્ષેલી તેજોલેશ્યા ચિત્તસ્વાસ્થ્ય સુખલાભ લક્ષણવાળી જાણવી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ' શુદ્ધ ચારિત્ર પાળવાનું ઉત્તમ ફળ-પરિણામ ' યથાર્થ આરાધના.

ત્યારબાદ તે મહાનુભાવ મુનિ, શુક્લ-અખંડવ્રતી, અમત્સરી, કૃતજ્ઞ, સદારંભી અને હિતપરિણામી તથા શુક્લાભિજાત્ય-ઉક્ત પ્રધાન ગુણવાળો અને પ્રાયે છિન્નકર્મ-અનુબંધવાળો છતો, ઘણા ભવાભિનંદી જીવોને રુચે એવી ક્રિયામાં પ્રીતિવાળી લોકસંજ્ઞાનો સમૂળગો ત્યાગ કરે છે. રાજહંસની પેરે પ્રતિસ્રોતગામી (લોકસંજ્ઞારૂપ મહાનદીના પ્રવાહ સામે તરી પાર જનાર) અને લોકસંજ્ઞારૂપ અનુસ્રોતથી નિવર્તેલો સદા સંયમ-વ્યાપારને સાવધાનપણે સાધનાર મહાશયને તીર્થંકર દેવોએ યોગી તરીકે વખાણ્યો છે. ગ્રહણ કરેલી પ્રતિજ્ઞાને યથાર્થપણે પાળનાર તે મહાનુભાવ મુનિ ચારિત્રધર્મનો આરાધક બને છે. એ રીતે નિરતિચારપણે શુદ્ધ સરલભાવે ચારિત્રધર્મને સેવનાર મહાત્મા ઉત્તમ કરણી કરવાવડે શુદ્ધ-મોક્ષસાધક બને એવો જન્મ પામે છે. ભોગક્રિયા, સુરૂપાદિવંતને જેમ ઠીક પ્રાપ્ત થાય છે તેમ આવા વિશિષ્ટ જન્મવાળા મહાનુભાવને સંપૂર્ણ ભાગ્યના બળથી અસંકિલષ્ટ સુખદાયક સકળ ભોગસામગ્રી, રૂપ, વય, વૈચક્ષણ્ય, સૌભાગ્ય, માધુર્ય અને ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે. તે પણ પરને ઉપતાપ નહીં ઉપજાવનારી અને શુભ અનુબંધવાળી હોવાથી જેવી તે ભોગસામગ્રી સંપૂર્ણ હોય છે તેવી બીજી ભોગસામગ્રી સંપૂર્ણ હોતી નથી. ઉભયલોકની અપેક્ષાએ સંકલેશાદિકે થકી ભોગ-ક્રિયાના સ્વરૂપનું ખંડન થવાવડે ઈષ્ટવસ્તુતત્ત્વનો બોધ કરનારું આ જ્ઞાન કહેવાય છે. આ જ્ઞાન છતે સમ્યગ્ તત્ત્વાલોચનવડે ઉચિત પ્રતિપત્તિ-પ્રધાન શુભ યોગસિદ્ધિ થવા પામે છે. પ્રસ્તુત

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રવૃત્તિ મોહજનિત નથી પણ તે શુભ અંતઃકરણરૂપ ભાવ-પ્રવર્તક છે, તેથી જ તેમાં પ્રાયઃ વિઘ્ન આવતું નથી; કેમકે નિષ્પાપપણે તેમાં સદુપાયનું સેવન કરાય છે. જન્માન્તરે તેના બહુમાનાદિકવડે ભાવઆરાધનથકી આ સઘળા સુસંયમવ્યાપારો સ્વીકારેલાં હોય છે. તેના વારંવાર અભ્યાસ–પરિશીલનથી મુમુક્ષુ તેમાં યથાર્થ પ્રવર્તે છે અને પ્રસન્નભાવે ઇષ્ટફળને સાધે છે. એ પ્રમાણે કરાતી સુસંયમક્રિયા નિરતિચારપણે એકાન્ત નિષ્કલંક હોવાથી મોક્ષસાધક બનવા પામે છે, તથા ઉત્તરોત્તર સંયમ-ભોગની સિદ્ધિવડે તે શુભ અનુબંધવાળી થાય છે. તેવી સુક્રિયાથી સદા મોક્ષસાધનમાં કુશળ તે મુમુક્ષુ પ્રધાન સત્યાર્થને યથાર્થ રીતે સાધે છે. શી રીતે ? તે કહે છેઃ–

## " સંવેગ–સિદ્ધિ "

તે બોધિબીજ (સમ્યક્ત્વ) અને બીજ બીજ (તેનો સ્વીકાર યા અભ્યાસ કરનારની તથા શાસનની પ્રશંસાદિક)ના ન્યાસ–સ્થાપનાદિક પ્રકારોવડે પર અર્થે પરોપકારના સાધનથી મહાઉદયવાન, પરાર્થ પ્રત્યે કર્ત્તાના વીર્યાદિ યુક્ત અને અમોઘ શુભ ચેષ્ટાવંત, સર્વાકારસંપન્નતાવડે સર્વતોભદ્ર, કયાંય પણ અન્યૂનતાવડે સુપ્રણિધાનાદિકના હેતુરૂપ, મોહ–અંધકારને ફેડવા દીપકરૂપ, રાગરૂપ ચિરસ્થાયી રોગને ટાળવા સમર્થ વૈદ્યરૂપ તથા દ્વેષ–અગ્નિને બુઝાવવા મહાસાગરરૂપ અને સહુને સુખદાયક હોવાથી અચિન્ત્ય ચિન્તામણિ સમાન આ મહાનુભાવ મુનિ સંવેગ–તીવ્ર વૈરાગ્યની સિદ્ધિ–સફળતા કરનાર થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**'સિદ્ધ બુદ્ધ થઇ અંતે સાધ્યસિદ્ધ થવારૂપ મોક્ષપ્રાપ્તિ'**

તે મુમુક્ષુ, એવી રીતે ધર્મદાનવડે પરોપકારસાધક તથા કરુણાદિ અનેક ભાવથી અનેક ભવોપાર્જિત જ્ઞાનાવરણાદિક પાપકર્મથકી મુક્ત થતો અને સંવેગાદિક શુભ ભાવોવડે વૃદ્ધિ પામતો અનેક ભવમાં થયેલી સાચી આરાધનાવડે તીર્થંકરાદિકના જન્મ જેવો સર્વોત્તમ ભવ પામે છે. તે ભવ પણ છેલ્લો અને મોક્ષપ્રાપ્તિના હેતુરૂપ, સંપૂર્ણ પરોપકાર નિમિત્તે, ઉત્કૃષ્ટ પુન્યના સંચયવડે પ્રાપ્ત થયેલો હોય છે. તે ભવમાં મહાપુરુષને ઉચિત સમસ્ત કૃત્ય કરીને સમસ્ત (બંધાતા અને પૂર્વે બાંધેલાં) કર્મથી રહિત થયો છતો તે વ્યવહારથી સિદ્ધ, બુદ્ધ, મુક્ત અને પરિનિર્વાત થઈ સર્વ દુઃખનો અંત કરે છે. અત્ર સિદ્ધ થાય છે એટલે સામાન્ય રીતે અણિમાદિક ઋદ્ધિ, સિદ્ધિ, ઐશ્વર્ય પ્રાપ્ત કરે છે. બુદ્ધ એટલે સર્વજ્ઞ-કેવળી થાય છે. મુક્ત એટલે ભવોપગ્રાહી-અઘાતી કર્મથી પણ મૂકાય છે અને પરિનિર્વાત એટલે સર્વથા સર્વપ્રકારે કર્મ રહિત થાય છે તેમજ સદા પુનર્ભવનો અભાવ થવાથી સર્વ દુઃખોનો અંત કરે છે અથવા સર્વ કાર્યની પરિસમાપ્તિવડે સિદ્ધ થાય છે એમ સમજવું.

---

## પ્રવ્રજ્યા-ફળ નામના પંચસૂત્રના પાંચમા સૂત્રની સંક્ષિપ્ત વ્યાખ્યા

**'સ્વભાવસિદ્ધ શુદ્ધ જ્ઞાન-દર્શનપ્રાપ્તિ'**:-આ દીક્ષિત મહાત્મા ઉક્ત સુખની પરંપરાવડે અભિસિદ્ધ સિદ્ધિ વરવા તૈયાર થયો છતો, સદા શિવપણાવડે પરમબ્રહ્મ, ગુણોત્કર્ષના યોગવડે મહામંગળસ્થાન, જન્મ, જરા, મરણરહિત, જેનું અશુભ એકાન્ત ક્ષીણ થઇ ગયું છે તેથી જ તથાવિધ અનુબંધની શક્તિ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વર્જિત, જેણે પોતાનું શુદ્ધ સ્વરૂપ સંપ્રાપ્ત કર્યું છે એવો છતો અક્રિય–ગમનાદિ ક્રિયારહિત, સ્વભાવમાં સંસ્થિત, સ્વાભાવિક ધર્મવાળો, જ્ઞેયની અનંતતાથી અનંત જ્ઞાન અને અનંત દર્શનવાન થાય છે.

'**સિદ્ધસ્વરૂપ**' :–તે સિદ્ધપરમાત્માને શબ્દ નથી, રૂપ નથી, ગંધ નથી, રસ નથી, સ્પર્શ નથી કેમકે એ બધા શબ્દાદિક તો પુદ્‌ગળનો ધર્મ–સ્વભાવ છે. તે અભાવરૂપ પણ નથી, પરંતુ જ્ઞાનની પેઠે તેની સત્તા અરૂપી, અમુક જ પ્રકારના સંસ્થાન વગરની, સ્વભાવે જ અનંતવીર્ય–શક્તિવાળી, કૃતકૃત્યા, દ્રવ્યથી અને ભાવથી સર્વ અબાધારહિતા, સર્વથા નિરપેક્ષા–સ્વતંત્ર તેથી જ સ્થિરા (અત્યંત સુખના યોગથી અનુકૂળા) અને શાન્ત મહાસાગર જેવી પ્રશાન્તા વર્તે છે. આવી અરૂપી સત્તાનું જ પરમસુખલક્ષણપણું જણાવવા માટે શાસ્ત્રકાર કહે છે કે–આ અપૂર્વ સુખરૂપ આનંદ સ્વભાવસિદ્ધ છે અને એથી જ મનઇન્દ્રિયાદિક કોઇની અપેક્ષા વગરનો સ્વતંત્ર હોવાથી તે સુખરૂપ આનંદ પ્રધાન (ઇષ્ટ) મનાયો છે.

'**સંયોગજન્ય ઇન્દ્રિયપરતંત્રતા ખરા સુખ–આનંદ વગરની છે**' કેમકે તેમાં ઉત્સુકતાજનિત દુઃખ રહેલું છે. વળી અપેક્ષિત–કલ્પિત વસ્તુની પ્રાપ્તિ થયે તેનો વિરહ થતાં દુઃખ થવા પામે છે. સંયોગ વિયોગનું કારણ છે; એથી કંઈ સારું પરિણામાત્મક ફળ આવતું નથી, કેમકે તેવા સંયોગથી અધઃપાત જ થવા પામે છે, તેમ છતાં મોહવશ મુગ્ધજનોને તે બહુ ઇષ્ટ લાગે છે; કારણ કે જ્યારે બુદ્ધિવિપર્યાસ થાય છે ત્યારે અફળને વિષે ફળબુદ્ધિ થાય છે. એવા વિપર્યાસથી અસત્

પ્રવૃત્તિવડે અપાર અનર્થ (પારવગરના અનર્થો) થવા પામે છે. આ પ્રકારનો મોહ અંતરંગ શત્રુરૂપ છે, એમ ઉક્ત હેતુથી જ સર્વજ્ઞ ભગવાને જણાવેલ છે. જો સંયોગમાત્ર જ દુષ્ટ હોય તો સિદ્ધ પરમાત્માને આકાશ સાથેનો સંયોગ દુષ્ટ ખરો કે નહિં ? તેનો ઉત્તર આપે છે કે-સિદ્ધ પરમાત્માને આકાશ સાથે સંબંધ નથી, તે તો સ્વરૂપસંસ્થિત છે. ત્યારે આકાશરૂપ આધાર વગર તે કેવી રીતે રહી શકે ? ઉત્તર-આકાશનો ધર્મ કોઈને આધાર આપવાનો નથી, પણ અવકાશ આપવાનો છે, તેમાં કશો ફેરફાર થતો નથી, આ વાત અચિન્ત્ય છે. તત્ત્વ કેવળી-ગમ્ય છે. અને આ નિશ્ચય મત છે. **વ્યવહાર મત તો બીજી રીતે છે**-સંયોગસંબંધ થયે છતે પણ તે સંયોગશકિતના ક્ષયથી આ ઉપર કહેલું સઘળું સારી રીતે બંધ બેસે છે. એ જ કહે છે-**વિયોગવાળો સંયોગસંબંધ** છે, એ નિયમને વિચારતાં **સિદ્ધ** અને **આકાશનો** સંબંધ એવા પ્રકારનો નથી, તેથી પ્રસ્તુત યોગસંબંધનું લક્ષણ જુદું છે. **સિદ્ધને** અત્ર કશી અપેક્ષા નથી. ત્યારે **સિદ્ધ** લોકાન્ત આકાશ સુધી ગમન કેમ કરે છે ? ઉત્તરઃ-કર્મક્ષયથી પ્રગટ થયેલા અનંતસુખસ્વભાવ સમાન એ એનો સ્વભાવ જ છે. સિદ્ધનું અનંત સુખ કેવું છે ? ઉત્તરઃ-સિદ્ધના સુખને સરખાવવા માટે કોઈ ઉપમા વિદ્યમાન નથી. સિદ્ધસુખ પ્રાપ્ત થયે જ તેનો ખરો અનુભવ થવા પામે છે. એમ શાથી કહો છો ? ઉત્તરઃ-એવા સર્વજ્ઞ પરમાત્માના વચન છે, તેમજ તે સર્વથા સત્ય છે કેમકે રાગ, દ્વેષ, મોહાદિક દોષોનો સર્વથા ક્ષય કરેલો હોવાથી તેમને અસત્ય બોલવાનું કશું પ્રયોજન રહ્યું નથી, અને કારણવગર કાર્ય નીપજતું નથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેવી જિનાજ્ઞા છે. એ રીતે સિદ્ધસુખ સ્વસંવેદ્ય (સ્વાનુભવથી સમજાય તેવું) ઠરે છે, એવો આપ્તવાદ છે; બાકી આ આગળ કહેવાતા લક્ષણોવાળું સિદ્ધસુખનું નિદર્શન (દૃષ્ટાન્ત) માત્ર છેઃ–

## 'સિદ્ધસુખનું આછું ભાન કરાવનારું દૃષ્ટાંત નીચે મુજબ છે.'

સર્વ શત્રુઓનો ક્ષય થયે છતે તથા સર્વ વ્યાધિઓનો વિનાશ થયે છતે તેમજ સર્વ અર્થનો સંયોગ મળતાં અને સર્વ ઇચ્છા ફળિભૂત થતાં જેવું સુખ થાય તે કરતાં અનંતગણું સિદ્ધનું સુખ, ભાવશત્રુઓના તથા ભાવવ્યાધિઓના ક્ષયાદિકથી પ્રાપ્ત થાય છે. રાગ–દ્વેષ–મોહાદિક દોષો જીવને અપકારી હોવાથી ભાવશત્રુઓ છે અને જીવને પીડાકારી હોવાથી કર્મના ઉદયો ભાવવ્યાધિરૂપ છે. પરમાર્થના હેતુપણાવડે કરીને પરમલબ્ધિઓ અર્થરૂપ છે અને ઇચ્છારહિત થવાની (નિઃસ્પૃહપણાની) ઇચ્છારૂપ જ ઇચ્છા, તેની સર્વથા નિવૃત્તિવડે પ્રાપ્ત થતું એવું સૂક્ષ્મ સિદ્ધસુખ બીજા કોઈને ખરી રીતે પ્રાપ્ત થઈ શકતું નથી. કોની જેમ? સંયમમાર્ગમાં સાવધાનપણે ચાલનાર નિર્ગ્રંથ સાધુનું પ્રશમ સુખ જેમ બીજા સ્વચ્છંદી સાધુને સમજાતું નથી અને આરોગ્યનું સુખ જેમ રોગીને સમજાતું નથી તેમ. કહ્યું છે કે–રાગ, દ્વેષ અને મોહના અભાવે જે સ્વાભાવિક સુખ આત્માને થાય છે તે વીતરાગ પરમાત્મા જાણે છે. જેને સંનિપાત થયો હોય તેને નિરોગીપણાના સુખનું ભાન હોતું નથી તેમ સિદ્ધ પરમાત્માનું સુખ સ્વસંવેદ્ય હોવાથી જ જાણે વેદે; બીજા શું જાણે?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'કેવળ અનુભવગમ્ય સિદ્ધસુખ'–તેવી સિદ્ધદશા પામ્યા વગર તેવું સાક્ષાત્ સુખ બીજા કયાંથી જાણે–વેદે ? તે સિદ્ધસુખ સર્વથા અચિન્ત્ય (મતિથી કલ્પી ન શકાય તેવું) છે. એક સિદ્ધ-પરમાત્મા આશ્રી તે સુખ સાદિઅનંત (જેની આદિ છે પણ અંત નથી તેવું) છે અને સર્વ સિદ્ધ પરમાત્માઓનું સુખ પ્રવાહઆશ્રી અનાદિઅનંત (આદિ અને અંત વગરનું) છે. સિદ્ધ પરમાત્માઓ આશ્રી પણ એ જ રીતે ખુલાસો સમજી લેવાનો છે. એટલે એક સિદ્ધની અપેક્ષાએ સાદિઅનંત અને પ્રવાહની અપેક્ષાએ અનાદિઅનંત ભાંગો છે. ભવ્યત્વાદિ સમાન છતાં એવો ભેદ કેમ થવા પામે છે ? ઉત્તરઃ– તથાભવ્યત્વાદિક ભાવથી તથા ફળભેદે–કાળાદિક ભેદભાવી ફળભેદવડે તથાભવ્યત્વાદિક વિચિત્ર છે. ભવ્યત્વ સમાન છતાં સહકારીના ભેદથી ફળભેદ થાય એવી શંકા ટાળવા કહે છે કે–તથાભવ્યત્વાદિક સમાન છતે સહકારીભેદ ફળભેદાપેક્ષક નથી. અનેકાન્તવાદ તત્ત્વવાદ છે, તે ખરેખર તથાભવ્યત્વાદિક ભાવમાં એ રીતે જોવાય છે. અન્યથા સર્વથા ભવ્યત્વાદિકની તુલ્યતામાં એકાન્ત થાય અને આ એકાન્ત એ જ મિથ્યાત્વ. એ એકાન્તથી વ્યવસ્થા રહેતી નથી, તે માટે એકાન્તનો આશ્રય કરવો જિનોક્ત માર્ગ નથી.

**પ્રસ્તુત વાતના સમર્થનમાં બીજો દાખલો આપે છેઃ–** સંસારી જીવને જ સિદ્ધપણું પ્રાપ્ત થાય છે, બીજાને નહીં. શાથી ? તેનો ઉત્તર આપે છેઃ–અબદ્ધ જીવને વાસ્તવિક મુક્તિ હોવી ઘટતી નથી. હોય તો તે બંધના અભાવવડે શબ્દાર્થરહિત હોય છે, અને આ બંધ તો જીવને પ્રવાહઅપેક્ષાએ અતીતકા-

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

ળતુલ્ય અનાદિનો છે. વળી અબદ્ધને બંધનની કલ્પના કરતાં, અબંધપણાના હેતુવડે સિદ્ધ–મુક્તને ફરી પાછા બંધના પ્રસંગથી મુક્તિનો અભાવ થાય અને બદ્ધ તથા મુક્તનો તફાવત રહે નહીં, અનાદિનો બંધ માનતાં તે બંધના સ્વાભાવિકપણાથી મોક્ષનો અભાવ થશે. એ શંકાને ટાળવા શાસ્ત્રકાર કહે છે કેઃ– બંધ અનાદિ સંબંધવાળો હોવા છતાં કંચનોપલના દૃષ્ટાન્તે તેનો વિયોગ ( પૃથગ્ભાવ ) અવિરુદ્ધ–વિરોધરહિત લોકપ્રસિદ્ધ છે.

' **ઉક્ત બાબત ન્યાયઘટના** ':–ઇન્દ્રિય રહિતને દિદૃક્ષા-જોવાની ઇચ્છા ન હોય. અબદ્ધને ઇન્દ્રિયો ન હોય અને અણદીઠી–અણજાણી વસ્તુને જોવાની ઇચ્છા ન થાય, તેથી જોવાની ઇચ્છા સહજ સ્વાભાવિક જ હોય એ શંકાના સમાધાન માટે કહે છે. ચૈતન્યવત્ સહજ સ્વાભાવિક જોવાની ઇચ્છાની નિવૃત્તિ ન જ થાય અને જોવાની ઇચ્છાની નિવૃત્તિ માની લેતાં આત્માને સ્થાન જ ન હોય.

અન્યથા અણુસંબંધથી આત્માને આ દિદૃક્ષા ન હોય. ભવ્યત્વની જેમ દિદૃક્ષાની નિવૃત્તિ થયા છતાં દોષ નહીં આવે? એ શંકાના સમાધાનાર્થે કહે છે કે–ન્યાયથી જોતાં દિદૃક્ષા ભવ્યત્વને સરખી નથી, કેમકે ભવ્યત્વ કેવળ જીવરૂપ નથી અને દિદૃક્ષા તો કેવળ જીવરૂપ છે. ભાવી યોગની અપેક્ષાએ મહદાદિભાવે, તે વખતે કેવળીપણાથી દિદૃક્ષાનું ભવ્યત્વ સાથે સરખાપણું નથી, કેમકે સદા કેવળીપણું એક સરખું રહેવા પામે છે, તેમ કૈવલ્ય છતાં દિદૃક્ષાના ભાવાભાવ સ્વભાવની કલ્પના અપ્રમાણ જ છે. તેથી જ કહે છે દિદૃક્ષાને સ્વીકારતાં એ જ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રમાણાભાવ લક્ષણ દૂષણ આવે છે. એમ હોવાથી આત્માના પરિણામભેદથી બંધમોક્ષભેદ માનવો એ ઠીક પ્રમાણયુક્ત છે.

' **સિદ્ધસ્વરૂપ** ':—એ રીતે સિદ્ધિસુખ ( સિદ્ધઅવસ્થાનું સુખ ) સર્વથા પ્રશાન્તવાહિતાયોગે અનંતભાવે હોવાથી અક્ષય છે, તેથી જ આ નિર્દિષ્ટ સુખ સર્વોત્કૃષ્ટ છે. એ સિદ્ધ પરમાત્માઓ લોકના અંતે આવી રહેલી સિદ્ધશિલા ઉપર નિવાસ કરી રહેલા છે. જ્યાં એક સિદ્ધ પરમાત્મા છે ત્યાં નિયમા અનંત સિદ્ધ પરમાત્માઓ અન્યોન્ય આબાધારહિત પરમાનંદમાં ઝીલતા રહે છે. સિદ્ધની ગતિ અહીંથી લોકાન્તે પૂર્વપ્રયોગાદિ ચાર હેતુવડે બાણ, ધૂમ, એરંડફળ તથા તુંબડાના દૃષ્ટાન્તે જાણવી. એથી જ એક જ સમયમાં તેમની ઊર્ધ્વગતિ થવા પામે છે. તે અસ્પર્શમાનગતિવડે ગમન ઉત્કર્ષવિશેષથી જ સંભવે છે. એ રીતે સિદ્ધપ્રવાહ ચાલુ રહે છે, તેમ છતાં મોક્ષ–ગતિ યોગ્ય ભવ્ય જીવો અનંતાનંત હોવાથી તેમનો અંત–છેડો આવતો નથી–અનંતાનંત સમય–કાળની પેઠે.

[ જૈ. ધ. પ્ર. પુ ૪૮, પૃ. ૩૦૨, ૩૪૨, તથા પુ. ૪૯. ૬૭, ૧૦૪. ]

---

## સૂક્ત વચનો

૧. અહો ભદ્ર ! જે શુભ કૃત્ય કાલે કરવા ધાર્યું હોય તે આજે જ અને તે પણ બને તેટલી ઉતાવળે કર. વાયદામાં ને વાયદામાં અવસર વીતાવી દે છે, પછી તું તે ક્યારે કરી શકીશ ? કાળની ગતિ ગહન–અકળ છે.

૧૪

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

૨. લોભ–લાલચમાં લપટાયેલો જીવ તેમાંથી ભાગ્યે જ ઉગરી શકે છે.

૩. દુર્જન અને ચળચિત્તની કૃપા એ બૂરી, અને સજ્જનનો ત્રાસ ભલો.

૪. સજ્જન પુરુષોની સકળ સંપત્તિ પરમાર્થ–પરોપકાર અર્થે જ હોય છે.

૫. વહેતું પાણી નિર્મળ રહે છે અને બંધીયાર હોય તે બગડી જાય છે, તેમ સંતસાધુજનો પ્રતિબંધ રહિત ફરતા સારા રહે છે. એક ઠામે રહેતાં કંઇ ને કંઇ દોષ–કલંક લાગી બેસે છે. ગૃહસ્થનો પરિચય વધવાથી સંયમ ઠીક વધતો નથી.

૬. સદ્‌ગુણાનુરાગીને ભક્તિ, નિર્મોહી–અવિકળને તત્ત્વજ્ઞાન, રાગ દ્વેષ રહિત સમભાવીને મુક્તિ અને નિર્લોભી–સંતોષીને સુખ–શાન્તિ મળે છે.

૭. ખરેખરા ગંભીર–મોટા દિલના પોતાના મુખે આત્મપ્રશંસા કરતા નથી.

૮. ભણવા માત્રથી ખરી પંડિતાઇ આવતી નથી. ખરા વિશુદ્ધ શાસ્ત્રપ્રેમથી તે આવે છે.

૯. આત્મજ્ઞાનીઓનો સમાગમ થતાં શાન્તરસની લૂંટાલૂંટ થાય છે અને અજ્ઞાનીઓનો મેળાપ થતાં ભારે માથાકૂટ કરવા વખત આવે છે.

૧૦. શાણા ચતુરને બધી વાતનો વિચાર હોય છે. મૂર્ખને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લાજ–શરમ હોતી નથી. તેને ગર્દભની જેમ ગમે તેમ કરીને પેટ ભરવાથી જ કામ હોય છે.

૧૧. જેને લોભ–તૃષ્ણા ટળી–નિઃસ્પૃહતા આવી તે શાસનપતિ શાહ છે.

૧૨. પરમાત્મતત્ત્વમાં લે ( લય ) લાગી તે આખરે તદ્રૂપ થઇ જવા પામે છે. નિઃસ્વાર્થ પ્રેમની ગતિ અજબ છે, તેનો પ્રભાવ અચિન્ત્ય છે.

૧૪. મોક્ષસાધક–મુમુક્ષુને મન દેવગુરુ એકલા હિતકારી ભાસે છે અને મન, વચન, કાયાથી અભેદભાવે એકનિષ્ઠ બની તેમની જ તે ભક્તિ કરે છે.

૧૫. સંત–સમાગમ મળવો મહામુશ્કેલ છે, તેનું સુખ અપૂર્વ–અલૌકિક છે.

૧૬. સંત–મહાત્માનું હૃદય પાતાળી કૂવા જેવું અગમ–અપાર હોય છે. તેમાં અનંત–અખૂટ ( શાન્ત ) રસ હોય છે. ભાગ્યશાળી ભકતો તેનો લાભ પામે છે.

૧૭. સંતો પ્રત્યે ખરો વિનય–હૃદયનો અવિહડ પ્રેમ–આદર દાખવનાર સજ્જનો જ સાચો આત્મલાભ મેળવી શકે છે. મિથ્યાભિમાની જનો તેનાથી વંચિત રહે છે.

૧૮. ઊંચી કરણીથી જ કલ્યાણ છે. તેના વગર કેવળ ઊંચા કુળમાત્રથી શું વળે ?

૧૯. ચૈતન્યગુણવડે જગતના સર્વે જંતુઓને સમાન લેખવા યોગ્ય છે.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

૨૦. કનક, ચંદન અને શેલડીની પેઠે ગમે તેટલા છેદ્યા, ભેદ્યા કે પીડ્યા છતાં સંત–સજ્જનો પોતાનો ઉત્તમ સ્વભાવ તજી, વિકાર પામતા નથી.

૨૧. શુદ્ધ–નિઃસ્વાર્થ પ્રેમ નિભાવવો તે મીણને ઘોડે અગ્નિમાં ચાલવા જેવું કઠણ છે.

૨૨. ઝેર જેવું વિષમ વચન અંતર–હૃદયને બાળી ખાખ કરી નાંખે છે, જ્યારે અમૃતની ધારા જેવું સંત–વચન અંતર–આત્મામાં ખરી શીતળતા ઉપજાવે છે.

૨૩. કાગડો કઠોર–અનિષ્ટ વચનથી જગતમાં અળખામણો થયો છે અને કોયલે મિષ્ટ–મધુર વચન ઉચ્ચારવાવડે જગતને વશ કરી લીધું છે.

૨૪. એવું હિતકર, પ્રિય ને પથ્ય–સત્ય વચન બોલવું કે જેથી તે સહુને રુચિકર થાય.

૨૫. રહેણી–કરણી સુધાર્યા વગર કેવળ લૂખ્ખી કહેણી માત્રથી કશું વળનાર નથી.

૨૬. પરમાર્થને હેતે સંતજનો સકળ કષ્ટને પ્રસન્નમુખે સહન કરી લે છે.

૨૭. ગમે તેટલા સંતોનો સમાગમ થયા છતાં કપટીનો ઉદ્ધાર થઇ શકતો નથી.

૨૮. જ્યાં ગુણની કદર ન હોય ત્યાં રહેવાથી વિશેષ લાભનો સંભવ નથી.

P. P. Ac. Gunratansuriji M.S.

Jin Gun Aaradhak Trust

૨૯. 'માગવા કરતા મરવું ભલું' એવી સમજવાળા સજ્જનો પ્રાણાન્તે પણ સ્વાર્થ માટે માગતા જ નથી, બાકી પરમાર્થની ખાતર તો બેશક તેઓ માગે છે જ.

૩૦. એક અહંકારથી કર્યું કરાવ્યું બધું ધૂળ મળે છે, અને ભારે હાનિ થવા પામે છે.

૩૧. સત્યની ખાત્રી થતાં જ તે તરફ ઢળી પડવું. ખોટો કદાગ્રહ કરવો નહીં.

૩૨. સમયોચિત સઘળું સાવધાનપણે કરવું. પ્રસંગ વગરનું બોલવું કે મૌન રહેવું બંને શોભે નહીં તેમ લાભદાયક પણ બને નહીં. વિચારશૂન્યપણે અતિ ઘણું બોલવું તે વર્જ્ય છે.

૩૩. જેના અંતરમાં પ્રેમ વસે છે તેને આખી દુનિયા વશ થઈ રહે છે, પ્રેમ વગરની ભક્તિ પણ નિર્માલ્ય–રસવિહુણી–લૂખ્ખી લાગે છે.

૩૪. અંતરમાં ઊગેલો પ્રેમ છાનો ન રહે, મુખથી ન બોલે તો પણ નેત્રથી ખાત્રી થાય.

૩૫. ખરો વૈરાગ્ય ( જ્ઞાનગર્ભિત ) પ્રગટે તો પરમતત્ત્વ સાથે પ્રીતિ અવિચ્છિન્ન લાગી રહે. એક પળ પણ વિસરે નહીં. શુદ્ધતત્ત્વનો પ્રકાશ ત્યારે જ થવા પામે.

૩૬. જાણ્યાનું ફળ એ છે કે–શુદ્ધ આત્મતત્ત્વ આદરવું અને જડ–મલિન તત્ત્વ તજવું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## મુક્તિ અને તેનો ઉપાય.

મુકિત જીવની આ પર્યાયવિશેષનું નામ છે. જેના બાદ ફરી કોઇ સંસાર-પર્યાય નથી. મુકિત પર્યાય સાદિ-અનંત પર્યાય છે. આ પર્યાયમાં સૂક્ષ્મ-સ્થૂલ શરીરથી તથા અષ્ટ કર્મ-મલથી રહિત થયેલ આત્મા અનંતજ્ઞાન-અનંતદર્શન-અનંત સુખ તથા અનંતવીર્યરૂપ સ્વ-સ્વભાવમાં સ્થિર રહે છે. તેની વિભાવ-પરિણતિ સદાને માટે ચાલી જાય છે. તે પોતાના સ્વ-રૂપમાં લીન થઇને લોકના અગ્રભાગમાં રહે છે અને સંસારની જેટલી અવસ્થાઓ છે તે સર્વને જુએ દેખે છે; પરંતુ કોઈપણ અવસ્થારૂપ પરિણત નથી થતો અને ન તેમાં રાગ-દ્વેષ પણ કરે છે. જીવની આ અવસ્થાને પણ પરમ નિરંજન સિદ્ધપર્યાય કહે છે. આ પર્યાયને પ્રાપ્ત કરવાની શકિત પ્રત્યેક સંસારી આત્મામાં થાય છે, પરંતુ તેની વ્યકિત યોગ્ય કારણ-કલાપના મળવાથી ભવ્યાત્માઓને જ થઈ શકે છે.

મુકિતને પ્રાયઃ બધા બીજા દર્શન પણ માને છે, પરંતુ મુક્તિનું સ્વરૂપ અને તેવી પ્રાપ્તિના ઉપાય કથનમાં તે સર્વે પરસ્પર વિસંવાદ કરે છે અને યથાર્થ નિર્ણય નથી મેળવી શકતા. યથાર્થ નિર્ણય વીર ભગવાનના શાસનમાં જ મળી શકે છે. વસ્તુતઃ મુકિતની ઈચ્છા સર્વ પ્રાણીઓને હોય છે. બંધન તથા પરતંત્રતા કોઇને પણ ઇષ્ટ નથી, કારણ કે પરાધીનતામાં કયાંય પણ સુખ નથી. સ્વાધીનતા જ સાચી સુખ-અવસ્થા છે અને તે યથાર્થમાં મુકિત સ્વરૂપ જ છે. સંસારમાં અન્ય જેટલી પણ અવસ્થાઓ છે તે સર્વે પરાશ્રિત એવં દુઃખરૂપ છે અતઃ મુક્તિની પ્રાપ્તિનો ઉપાય કરવો એ સજ્જનોનું પરમ કર્તવ્ય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે. તે મુક્તિનો ઉપાય પરમ નિર્ગ્રંથોએ સંક્ષિપ્તમાં સમ્યગ્‌-દર્શન, સમ્યગ્‌જ્ઞાન, સમ્યક્‌ ચારિત્ર બતાવ્યો છે. સ્વ-દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવરૂપથી આત્માની વિનિશ્ચિતિને-યથાર્થ શ્રદ્ધાને-'સમ્યગ્દર્શન', તેના યથાર્થ બોધને 'સમ્યગ્જ્ઞાન' અને આત્મ-સ્વરૂપમાં સ્થિરતાને તેનાથી વિચલિત ન થવું અર્થાત્‌ વિભાવ પરિણુતિરૂપ ન પરિણમવાથી 'સમ્યક્‌ ચારિત્ર' કહે છે. આ રૂપે આત્માની પરિણુતિ થવાથી કોઈ પણ પ્રકારનું બંધન નથી થતું. જે શ્રી અમૃતચંદ્રાચાર્યના નિમ્નવાક્યથી પ્રકટ છે.

दर्शनमात्मविनिश्चितिरात्मपरिज्ञानमिष्यते बोधः ।
स्थितिरात्मनि चारित्रं कुत एतेभ्यो भवति बंधः ? ॥

पुरुषार्थसिद्धयुपाय, २१६

પારમાર્થિક દૃષ્ટિએ આ મોક્ષનો ઉપાય છે. વ્યવહાર મોક્ષ-માર્ગ એ નિશ્ચય મોક્ષ માર્ગનો સાધક છે. જે વ્યવહાર નિશ્ચયનો સાધક નહિ તે સમ્યગ્‌ વ્યવહાર ન બને, મિથ્યા વ્યવહાર છે અને ત્યાજ્ય છે.

લેખ સંગ્રહ-ભાગ નવમો
સમાપ્ત.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# નોંધ.

ભાગ નવમાની સમાપ્તિ સાથે સ્વર્ગસ્થ શાન્તમૂર્તિ મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજની લેખ-સામગ્રી પૂર્ણ થાય છે. સ્મારકસમિતિ તેમજ શ્રી આત્માનંદ જૈન સભા મુંબઇએ મળી જે નવ ભાગો પ્રગટ કર્યાં છે, તેમાંનાં ઘણા ભાગો આજે મળતા પણ નથી. સમયાદિની સાનુકૂળતા થયે એનું પુનઃ મુદ્રણ કરવા સભા અભિલાષા ધરાવે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust